This research has highlighted the importance of government initiatives in promoting youth entrepreneurship, drawing upon a comprehensive review of literature, best practices, case studies, and policy recommendations. Key insights include the need for tailored support mechanisms, inclusive approaches, capacity building, and continuous learning to maximize the impact of government interventions.

As we look to the future, embracing digital transformation, sustainable development, social entrepreneurship, and cross-sectoral collaboration will be essential for advancing youth entrepreneurship agendas. By investing in the next generation of entrepreneurs, governments can foster resilience, creativity, and leadership among young people, driving forward the global agenda for sustainable development and inclusive growth.

In closing, empowering young entrepreneurs is not only a strategic imperative but also a moral imperative for building a more equitable, resilient, and prosperous world. By harnessing the energy, creativity, and aspirations of youth, governments can unlock new opportunities, drive innovation, and shape a brighter future for generations to come.

10. References

APA Style:

AuthorLastName, AuthorInitials. (Year). Title of the article. *Journal Name, Volume*(Issue), Page numbers.

AuthorLastName, AuthorInitials. (Year). *Book Title*. Publisher.

MLA Style:

AuthorLastName, AuthorFirstName. "Title of the Article." *Journal Name*, vol. Volume, no. Issue, Year, pp. Page numbers.

AuthorLastName, AuthorFirstName. *Book Title*. Publisher, Year.

2

રાષ્ટ્ર નિર્માણમાં ગુજરાતી કવિતાની ભૂમિકા

કોશિયાણી વિલાસબેન રવજીભાઈ

સાહિત્ય મુખ્યત્વે બે ભાગમાં વહેંચાયેલ છે. ગદ્ય સાહિત્ય અને પદ્ય સાહિત્ય. પ્રારંભિક સાહિત્ય મોટે ભાગે પદ્ય સ્વરૂપે જ રચાયેલ જોવાં મળે છે. ભારતીય મીમાંશકોએ તો સંસ્કૃતમાં રચાયેલ ગદ્ય સાહિત્યને પણ **કાવ્ય** કહ્યું છે. રાષ્ટ્રના ઘડતરમાં સાહિત્યની મુખ્ય ભૂમિકા પ્રાદેશિક, ભાષાઓ, બોલીઓને જાળવી જે તે સમયનાં ઇતિહાસને, સંસ્કૃતિને જાળવી તેનું સંવર્ધન કરવાની ગણાવી શકાય. ભાષાના માધ્યમથી માનવી અન્ય પ્રાણીઓથી અલગ તરી શક્યો છે. ભાષાની અમુક મર્યાદાઓ જાળવી સાહિત્યકાર તેની પ્રતિભા દ્વારા સમાજમાં,રાષ્ટ્રમાં પરિવર્તન લાવવાનું કાર્ય કરે છે. સાહિત્ય અનેક પ્રકારની બાબતોથી માહિતગાર કરાવે છે. અમુક વાત સીધી રીતે ન કહી શકાય તેમ હોય તે સાહિત્યના માધ્યમથી કહેવાથી ધારી અસર પાડી શકે છે. સાહિત્ય સમાજમાં જાગૃતિ લાવી રાષ્ટ્રને સશક્ત બનાવે છે. સાહિત્ય લોકોમાં સમાનતાની ભાવના જગાવે છે. સંવેદનશીલતાં જગાવે છે. અનેક પ્રકારના પ્રશ્નોનું સમાધાન કરે છે તો વળી જરૂર જણાયે જે તે બાબતોને લઈને પ્રશ્નનો પણ કરે છે.

ગુજરાતી ભાષાના મૂળની સાથે જ ગુજરાતી કવિતાના મૂળ જોડાયેલા છે. સુવર્ણયુગ તરીકે ઓળખાતા સોલંકીયુગના રાજા સિદ્ધરાજ જયસિંહ ગુજરાતને હેમચંદ્રાચાર્યની ભેટ આપે છે. 'કલિકાલસર્વજ્ઞ'નું બહુમાન ધરાવતા આ જૈનાચાર્ય ગુજરાતી ભાષાની ગંગોત્રી સમાન 'સિદ્ધહેમ વ્યાકરણ' ગ્રંથ આપે છે. તે ઉપરાંત 'કાવ્યાનુશાસન' 'છંદાનુશાસન' આદિ ગ્રંથો આપેલ છે. ગુજરાતની સંસ્કૃતિ અને સાહિત્ય ઉપર તેમની ઘેરી છાપ પડેલ. તેરમી સદીના અંતભાગમાં અલાઉદ્દીન ખીલજી પાટણ (ગુજરાત) પર શાસન કરવા લાગે છે. એ સમય દરમિયાન અનેક જૈન સૂરીઓ ધર્મના જોરે રાષ્ટ્રને ટકાવવા સાહિત્ય રચનાઓ દ્વારા લોકોને ટકાવી રાખે છે. જૈન સાધુઓના ધર્મલક્ષી સાહિત્યની સાથે સાથે જૈનેતર કવિઓએ પણ વીરોની શૌર્યગાથાઓ, દેશપ્રેમ અને દેશભક્તિને રજૂ કરતી અનેક આનંદોલ્લાસથી સભર રચનાઓ આપેલ છે. ત્યારબાદ નરસિંહ યુગમાં નરસિંહ મહેતાથી દયારામ સુધીના કવિઓએ કૃષ્ણ ભક્તિની સાથે સાથે પ્રજાને સન્માર્ગે વાળવા ઉપદેશાત્મક તેમજ રહસ્યવાદ અને જ્ઞાનોર્મિના મર્મભેદક પદોની રચના કરેલ. આ રીતે રાષ્ટ્ર નિર્માણમાં મધ્યયુગીન કાવ્યોનું (પદોનું) યોગદાન રહેલ.

રાષ્ટ્ર નિર્માણમાં ખરી ભૂમિકા અર્વાચીન યુગની ગુજરાતી કવિતાની લેખી શકાય. સૌ કોઈ દલપત-નર્મદના રાષ્ટ્રપ્રેમને રજૂ કરતી રચનાઓથી વાકેફ છે. દલપતરામનું વ્યવહારિક ડહાપણ, ઇતિહાસલક્ષી દૃષ્ટિ આદિ તેમના કાવ્યોમાં જીલાયું છે. 'અંગ્રેજી રાજ્યપ્રકાશ', 'સ્વદેશ વાત્સલ્ય તથા કળાશૈલી', 'લક્ષ્મી સંબંધી', 'નામાંકિત જનો વિષે'વગેરે ટૂંકા કાવ્યોમાં કવિની રાજ્યભક્તિ, સ્વદેશ પ્રેમ તેમજ વ્યવહારુ ડહાપણભર્યું ગાંભીર્ય જોવા મળે છે.

અર્વાચીન યુગની કવિતાનો શુદ્ધ આવિર્ભાવ નર્મદથી થયેલ જોઈ શકાય છે. યુવાન કવિ નર્મદ સુધારાવાદી વલણ દાખવી અને રાષ્ટ્રમાં નવો જુવાળ ફેલાવતી રચનાઓ આપે છે. વિષયવૈવિધ્યની રીતે તેના ખૂબ જાણીતા કાવ્યોમાં જોઈએ તો – પ્રકૃતિ, આધ્યાત્મ, પ્રણયની સાથે સાથે સ્વદેશાભિમાન, શૌર્યભાવ આદિ આલેખાયેલ છે. 'સ્વતંત્રતા', 'સૂરત', 'જય જય ગરવી ગુજરાત', 'કોની કોની છે ગુજરાત?', 'આપણે ગુજરાતી' વગેરેમાં સ્વદેશાભિમાન પ્રગટે છે.

" સ્વતંત્રતા ને હક્કના જ ખોવા હું પણથી;
એ માણસનો ધર્મ, લો સાચું દ્રઢ મનથી."
('નર્મદની કવિતા' - રમેશ પારેખ, પૃષ્ઠ .૧૦૨)

અહીં કવિ સ્વતંત્રતા માટેની હાકલ કરી પ્રજાને પોતાનું ખમીર સાચવી રાખવાનું કહે છે.

" હાં હાં રૂડાં રણશૌર્ય દાખીશૂં
હાં હાં ભૂંડા શત્રુ આટી નાંખીશૂં
જય જય થતાં લગી જરી ન ઝંપીશૂં
કનક કુટુંબ પ્રાણ સંધુ અર્પીશું."
('નર્મદની કવિતા' - રમેશ પારેખ, પૃષ્ઠ .૧૨૫)

અહીં કવિ લોકોને ગમે તેવી કપરી પરિસ્થિતિમાં પણ આગળ વધવા માટેની હાકલ કરે છે. યુવાનોમાં શૌર્ય ભાવના જગાવી અન્યાય સામેની લડત આપવાનું પીઠબળ પૂરું પાડતી રચનાઓમાં 'ફરી જોબનિયું આપે', 'ડગલું ભર્યું કે ના હટવું', 'રણ તો ધીરનું', 'સહુ ચલો જીતવા જંગ', 'દેખી દારૂણ દેશીના દુઃખ', ધિઃક ધિઃક દાસપણું' વગેરેને જોઈ શકાય.

"ડગલું ભર્યું કે ના હઠવું ના હઠવુ,
વેણ કહાડ્યું કે ના લટવું ના લટવું."

.....

"ફતેહ કરીને આગળ વધશૂં ,અથવા અહિંયા મરશૂં,
પણ લીધેલૂં તે પાડીશું, રે વજ્જરનું કરશું."

.....

"સહુ ચલો જીતવા જંગ બ્યૂગલો વાગે,
યા હોમ કરીને પડો, ફતેહ છે આગે."

ઉપરની કાવ્ય પંક્તિઓમાં કવિની યુવાનોને હાકલ છે કે એકવાર કંઈક કરવાનો નિશ્ચય કરી લીધો પછી એમાં પાછી પાની કરવી એ તો મૂર્ખતા કહેવાય! સમજી વિચારીને ભરેલું પગલું જીવનમાં સફળતા અપાવે છે. તેમજ "યા હોમ કરીને.." કવિની ખૂબ જાણીતી આ કાવ્ય પંક્તિમાં કવિ રાષ્ટ્રના હિત માટે જ્યારે પણ જરૂર જણાયે રાષ્ટ્ર માટે હાકલ પડે ત્યારે લડત માટે તૈયાર

થઈ આગળ વધવાનું બળ પુરૂ પાડે છે. સુધારાવાદી કવિ અંગ્રેજોના શાસનથી અનેક રીતે થતા અત્યાચારોથી પીડાય છે, ત્યારે કવિ હૃદયથી કાવ્ય પંક્તિઓ સરી પડે છે –

"દેખી દારૂણ દેશીના દૂખ, નર્મદ દીલ દાઝે છે;
પેખી પરદેશીનાં ઊંચ સૂખ,નર્મદ દીલ દાઝે છે."

આ રીતે નર્મદની અનેક કવિતાઓ રાષ્ટ્ર નિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવતી જોવા મળે છે. નર્મદે **'જોમ'** અને **'જુસ્સો'** શબ્દો દ્વારા યુવાનોમાં રાષ્ટ્રહિતના કાર્યો માટે શૌર્ય, ઉત્સાહ, ઉમંગ પૂર્યો હતો.

નવલરામ પંડ્યાની 'નવલગ્રંથાવલી'માંના કાવ્યોમાં 'ઇતિહાસની આરસી' ઇતિહાસ અને ભૂગોળની બાબતો રજૂ થયેલ જોવાં મળે છે.

પંડિતયુગના અલ્પખ્યાત કવિ હરિલાલ પાસેથી રાષ્ટ્રભાવનાની રચનાઓ માત્રામેળ છંદોમાં મળી આવેલ છે. 'પ્રજારણગર્જન' તથા 'શૂરતરંગીણી'નાં કાવ્યો જોઈએ તો –

"સ્વદેશની ભક્તિ રે, કે કોઈ વિરલા જાણે!
સ્વતંત્રતાના રસની રે, લે'જત કોઈ પરમાણે!"

"શૂર સુભટો હો! રણે રગદોળવા જી!
વ્હેમ ગઢ તોડવ હો! ધસો જશે રોળવા જી!"

"જનની જયો શૂરા સામંતો! ધારા તીર્થે જે ન્હાયા!
કમળ પૂજા કરી કોડથી રણ જંગે ઝંપાયા!
('અર્વાચીન કવિતા'- સુન્દરમ્, પૃષ્ઠ .૧૫૯)

ઉપરની કાવ્યપંક્તિઓમાં કવિએ સ્વતંત્રતા, શૌર્ય, ઉત્સાહના ભાવો અસરકારક રીતે પ્રગટ કરેલ જોઈ શકાય છે.

બાલાશંકર કંથારિયા, કલાપી, કાન્ત, નરસિંહરાવ દિવેટિયા, બ.ક. ઠાકોર, ન્હાનાલાલ, ખબરદાર, વગેરેના કાવ્યોનું પણ કોઈને કોઈ રીતે રાષ્ટ્ર નિર્માણને લઈને મહત્ત્વનું યોગદાન રહેલું છે. બ. ક. ઠાકોર વિચાર પ્રધાન કવિતા પર ભાર મૂકે છે. તો વળી ન્હાનાલાલ ગાંધી પ્રેરિત બદલાયેલ પ્રજાનાં મિજાજને કવિતામાં મૂકી આપે છે.'વાવશો તેવું લણશો', 'ગુજરાતનો તપસ્વી' વગેરેમાં તે જોઈ શકાય.

"અમે વ્યંજન બધા જોયા,નજર ગગ્ગા પર સાંધી,

સ્વદેશ કાર્યમાં સ્નેહે શુરા છે – ગોખલે ગાંધી."

('અર્વાચીન કવિતા' - સુન્દરમ્ પૃષ્ઠ .૨૮૬)

પંડિત યુગના કવિ મણિકાન્તની આ કાવ્ય પંક્તિમાં રાષ્ટ્રને આઝાદી અપાવવા જેમનુ મહત્વનુ યોગદાન રહેલું છે તે ગાંધી અને તેમના રાજકીય ગુરૂ ગોખલેની વાત કાવ્યને અસરકારક બનાવે છે.

પોતાને પહાડનું બાળક તરીકે ઓળખાવતા ઝવેરચંદ મેઘાણીની કવિતાઓની રાષ્ટ્ર નિર્માણમાં મહત્વની ભૂમિકા રહેલી છે. **'યુગવંદના'** તેમનો રાષ્ટ્રભક્તિ અને પીડિતજનો પ્રત્યેના સંમસંવેદનો પ્રગટ કરતો મહત્વનો કાવ્ય સંગ્રહ છે. તેમની કવિતા મોટેભાગે ચાલુ કાળના બળોને ઝીલતી જોવા મળે છે. સ્વાતંત્ર્યની ચળવળ માટે યુવાનોને તેમજ લોકોને આઝાદી માટે પાનો ચડાવતી ભાવના પ્રગટાવતા ૧૫ સંગ્રામગીતોનો સંગ્રહ **'સિંધુડો'** ને તત્કાળ અંગ્રેજ સરકારને જપ્ત કરવાની ફરજ પડેલી. આ ગીતોના જોમે લોકોમાં પ્રબળ સ્વાતંત્ર્ય ઝંખના જગવેલી. અંગ્રેજ સરકારને ડર લાગે હતો કે જો આ કાવ્યસંગ્રહ રાષ્ટ્રનાતમામ લોકો સુધી પહોંચી જશે તો પોતાને ઘણી મુશ્કેલી પડશે. જેમાં **'કસુંબીનો રંગ'** કવિની કાવ્ય ભાવનાના પર્યાયરૂપે જોઈએ શકાય!

" લાગ્યો કસુંબીનો રંગ!
રાજ, મને લાગ્યો કસુંબીનો રંગ!
જનનીના હૈયામાં પોઢંતા પોઢંતા
પીધો કસુંબીનો રંગ;
ધોળાં ધાવણ કેરી ધારાએ ધારાએ
પામ્યો કસુંબીનો રંગ.... રાજ મને ..."

અહીં કાવ્યમાં કસુંબલ રંગનો કેફ છે. જેમાં સમર્પણ કે ન્યોછાવરીનો ભાવ હોય! કસુંબીનો રંગ એટલે પ્રેમ અને શૌર્યનો રંગ. કાવ્યનું ધ્રુવપદ ગીતને ઉઘાડ આપે છે. કવિએ વાપરેલા ક્રિયાપદો, અર્થસંદર્ભો, ભાવસંદર્ભો એ સર્વ કસુંબી રંગની જીવનલીલાની અભિવ્યંજકતાને નિરૂપે છે. અહીં જનેતાનું સમર્પણ છે. તેનાં ધોળાં ધાવણમાં શૌર્ય – વીરત્વ છે. બેનનાં હાલરડામાં આ રંગ ઘુંટાતો જાય છે. રાષ્ટ્ર માટે કે વતન માટે ખપી જાવાની એટલે કે બલિદાનની તાલાવેલી જગાતુ આ કાવ્ય રાષ્ટ્ર નિર્માણ માટે મહત્વનું બની રહેલ.

અંગ્રેજ સરકાર દ્વારા સંવૈધાનિક સુધારાઓ પર ચર્ચા કરવા માટે ઈ. સ.૧૯૩૧માં બીજી ગોળમેજી પરિષદ બોલાવાય ત્યારે લંડન ખાતેથી કોંગ્રેસ પક્ષ તરફથી સમગ્ર ભારતનું પ્રતિનિધિત્વ ગાંધીજી કરે તેવો અનુરોધ કરાયો હતો. આ બાજુ ગાંધીજી જાણતા હતા કે આ પરિષદ કોઈ રીતે સફળ થવાની નથી માટે તે આ પરિષદમાં જવા તૈયાર ન હતા. પક્ષના આગેવાનો તેમજ અન્ય મહાનુભાવોએ તેઓને મનાવવા ખૂબ પ્રયત્નો કર્યા, પણ તેઓ કોઈના

મનાવ્યા કેમે કરી માનતા નથી. આ સમયે ઝવેરચંદ મેઘાણી ગાંધીજીને 'છેલ્લો કટોરો' કાવ્ય અર્પણ કરે છે –

" છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ!
સાગર પીનારા! અંજલી નવ ઢોળજો, બાપુ!"

કવિતામાં કવિ ગાંધીજીને વાસ્તવિકતાથી અભિમુખ હોવા છતાં આ છેલ્લી વાર ઝેરનો ઘૂંટડો પી જવા તૈયાર કરે છે. કાવ્ય ગાંધીજીના મનોમંથનને હૂબહૂ ઝીલતું હોવાથી ગાંધીજી લંડન જવા તૈયાર થઈ જાય છે. મેઘાણીને **राष्ट्रीय शायर**નું બિરુદ પણ આપે છે. આ ઉપરાંત મેઘાણીની ઘણી રચનાઓ ગાંધી પ્રેરિત દેશભાવનાને પ્રગટ કરતી જોવા મળે છે. કોશિયા સુધી કવિતા પહોંચાડવામાં મેઘાણી સફળ રહ્યા છે.

મેઘાણીની જેમજ વિશ્વશાંતિના કવિ ઉમાશંકર જોશીની કવિતાઓની પણ રાષ્ટ્ર નિર્માણમાં આગવી ભૂમિકા રહેલી છે.

"હજી તો કાલ જામી'તી યુરોપે યાદવાસ્થળી
વર્ષી'તી કારમા ધોધે લોહીની, આંસુની ઝડી!

('સમગ્ર કવિતા' - ઉમાશંકર જોશી, પૃષ્ઠ .૧૭)

કાવ્યમાં કવિની રાષ્ટ્રભાવના અને વિશ્વભાવના પ્રગટ થયેલ જોઈ શકાય છે. માનવીને પ્રકૃતિ સાથે તાદાત્મય સાધવાનું કવિ કહે છે –

"વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી:
પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ!"
"માનવી, પ્રકૃતિ, સૌને वसुधैव कुटुंबकम्"

('સમગ્ર કવિતા' - ઉમાશંકર જોશી, પૃષ્ઠ .૨૧)

માનવી મટીને વિશ્વમાનવી બનવાની ભાવના વ્યક્ત કરતી રચના –

"વ્યક્તિ મટીને બનું વિશ્વ માનવી;
માથે ધરું ધૂળ વસુંધરાની."

('સમગ્ર કવિતા' - ઉમાશંકર જોશી, પૃષ્ઠ .૫૮)

આગળ કવિ ગાય છે કે –

"હું ગુર્જર ભારતવાસી

ઝંખો પલપલ સહુ જન મંગલ મન મારું ઉલ્લાસી."

(સમગ્ર કવિતા - ઉમાશંકર જોશી, પૃ.૬૯૪)

ભારત અરબસાગરની વચ્ચે ખડો દેશ છે. તેની ચારે દિશાઓમાં વિવિધ પ્રજાઓ વસવાટ કરે છે. એ ધન્ય ધરતી પર કૃષ્ણ, ગાંધી, અશોક જેવા સમ્રાટ વીર વગેરે રહેલા. સમયાન્તરે વિદેશીઓએ આક્રમણો કરેલાં છતા ભારત એક અખંડ રાષ્ટ્ર તરીકે ટકી રહેલ તે ગર્વ કરવા જેવી બાબત છે. તેથીજ કવિને ગુર્જર ભારતવાસી હોવાનો ગર્વ છે.

સુંદરમ્ ,સ્નેહરશ્મિ, સુંદરજી બેટાઈ, હરીશ્ચંદ્ર ભટ્ટ, કૃષ્ણલાલ શ્રીધરાણી, પ્રહલાદ પારેખ, પુજાલાલ, કરશનદાસ માણેક વગેરે કવિઓની અનેક રચનાઓ રાષ્ટ્ર નિર્માણમાં મહત્વની બની રહેલ. કોઈને કોઈ રીતે આ યુગની કવિતાની અસર તત્કાળ પરિસ્થિતિને પ્રભાવિત કરનારી બની રહે છે.

આમ, ઉપર જોયા મુજબ અનેક ગુજરાતી કાવ્યોને નજર સમક્ષ રાખીને રાષ્ટ્ર નિર્માણમાં તેની ભૂમિકા જોઈ શકાય. આ ઉપરાંત અનેક કાવ્યો અને કાવ્ય પંક્તિઓ આ સંદર્ભે મળી આવે છે. જુદાં જુદાં વિષયો,રૂપકો, પ્રતીકો, સ્પંદનો, વિચારો,ભાવો, વગેરેની દ્રષ્ટિએ ગુજરાતી કવિતા વૈવિધ્ય સભર છે. કવિતાના માધ્યમથી કવિઓએ યુગ પ્રવર્તક કાર્ય કરી ઉત્તમ કાવ્યો દ્વારા રાષ્ટ્ર નિર્માણમાં પોતાનું આગવું યોગદાન આપેલ છે. જે ગુજરાતી કવિતાનું જ નહીં, ગુજરાતી સાહિત્યનું પણ જમાં પાછું છે.

સંદર્ભ:

૧. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, ભાગ – ૧,૨,૩,૪,૫,૬, ગુજરાતી સાહિત્ય પરિષદ

૨. સુન્દરમ્ - 'અર્વાચીન કવિતા'

૩. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, ભાગ – ૧,૨,૩,૪, ઠાકર ધીરુભાઈ

૪. જોશી ઉમાશંકર - 'સમગ્ર કવિતા'

૫. પારેખ રમેશ - 'નર્મદની કવિતા'

3

નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં શિક્ષક અને શીખનારની ભૂમિકા

(New NEP:Role Of Teacher and Learner)

Dr SANDHYA MUKESHBHAI JOSHI

પ્રસ્તાવના:-

રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (RSMA)નો ઉદ્દેશ માધ્યમિક શિક્ષણના ધોરણોને વિસ્તારવાનો અને તેમાં સુધારણા કરવાનો છે — વર્ગો 9 થી 10. રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન પ્રત્યેક નિકટવર્તી માટે 5 કિ.મીના ક્ષેત્ર વિસ્તારની અંદર માધ્યમિક શાળા(વર્ગ 10 સુધીની)ચોક્કસ કરવા દ્વારા દેશના દરેક ખૂણામાં માધ્યમિક શિક્ષણને પણ લઈ જશે.રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન(RMSA) જે ભારત સરકારની માધ્યમિક શિક્ષણના સાર્વત્રિકરણના(USE)ધ્યેયને પ્રાપ્ત કરવા માટેની તાજેતરની પહેલ છે.

સરકાર દ્વારા સર્વ શિક્ષા અભિયાનની સ્થાપના લાખો બાળકો માટે પ્રારંભિક શિક્ષણને લાવવા માટે કરવામાં આવી જે મોટા પ્રમાણમાં સફળ થઈ છે અને તેથી દેશભરમાં માધ્યમિક શિક્ષણના માળખાંને મજબૂત બનાવવા માટેની આવશ્યકતા ઊભી કરી છે.એચઆરડી મંત્રાલયે આની નોંધ લીધી છે અને હવે માધ્યમિક શિક્ષણ યોજના જેને રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (RMSA) પણ કહેવાય છે 11મી યોજના દરમ્યાન Rs.20,120 કરોડના સંપૂર્ણ ખર્ચ પર તેનો અમલ કરવા માટેની યોજનાઓ શરૂ કરી છે.“સર્વ શિક્ષા અભિયાનના સફળ અમલ સાથે,મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉચ્ચત્તર પ્રાથમિક વર્ગોમાંથી ઉત્તીર્ણ થઈને માધ્યમિક શિક્ષણ માટેની વિશાળ માંગનું નિર્માણ કરી રહ્યા છે” એચઆરડી મંત્રાલય જણાવે છે.

નવી શિક્ષણનીતિના ધ્યેય:

માધ્યમિક શિક્ષણ માટેનો ધ્યેય 14-18 વર્ષની ઉંમરના તમામ યુવા વ્યક્તિઓ માટે સારા ગુણવત્તાકીય શિક્ષણને ઉપલબ્ધ,સુગમ અને રાજલ બનાવવાનો છે.આ ધ્યેયને ધ્યાનમાં રાખીને નિમ્નલિખિત સાધવાનું હોય છે:

- કોઈપણ રહેણાંકના યોગ્ય અંતરની અંદર માધ્યમિક શિક્ષણ પૂરું પાડવા માટે,જે માધ્યમિક શાળાઓ માટે 5 કિલોમીટર અને ઉચ્ચત્તમ માધ્યમિક શાળાઓ માટે 7-10 કિલોમીટરનું હોવું જોઈએ

- 2017થી(100% GER) માધ્યમિક શિક્ષણ માટેની સાર્વત્રિક પહોંચને નિશ્ચિત કરવી, અને 2020થી સાર્વત્રિક કાયમીકરણને આર્થિકપણે સમાજના નબળા વર્ગો,શૈક્ષણિકપણે પછાત,ગ્રામીણ વિસ્તારોમાં વસતી બાળાઓ અને અસમર્થ બાળકો અને અન્ય સીમાંત વર્ગો જેવા કે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાતવર્ગ અને શૈક્ષણિકપણે પછાત લઘુમતીઓ (EBM) માટેના વિશેષ સંદર્ભો સાથે માધ્યમિક શિક્ષણ માટેની પહોંચ પૂરી પાડવી.

  નવી શિક્ષણનીતિના મુખ્ય ઉદેશ્યો:-

- તે નિશ્ચિત કરવાનો કે તમામ માધ્યમિક શાળાઓ જેમ કે સરકાર/સ્થાનિક મંડળ અને સરકાર સહાયિત શાળાઓ અને અન્ય શાળાઓની બાબતમાં યોગ્ય નિયમન કાર્યપદ્ધતિમાં નાણાકીય ટેકા મારફતે ઓછામાં ઓછાં નિશ્ચિત ધોરણો મુજબ ભૌતિક સુવિધાઓ,સ્ટાફ અને પુરવઠાઓ ધરાવે છે.
- જાહેર શિક્ષણ સમાવિષ્ટ સ્થાનિક પરિસ્થિતિઓ પર આધારિત નિકટવર્તી સ્થાન(એટલે કે,માધ્યમિક શાળાઓ 5 કિ.મીની અંદર અને ઉચ્ચત્તમ માધ્યમિક શાળાઓ 7-10 કિ.મીની અંદર)/કાર્યક્ષમ અને સુરક્ષિત પરિવહન વ્યવસ્થાપનો/આવાસિક સુવિધાઓ મારફતે-ધોરણો મુજબ તમામ યુવાન વ્યક્તિઓ માટેના માધ્યમિક શિક્ષણ માટેના પ્રવેશને સુધારવા માટે. જોકે પર્વતીય અને મુશ્કેલ વિસ્તારોમાં આ ધોરણો શિથિલ હોઈ શકે છે.વિશેષપણે આવાસિક શાળાઓની સ્થાપના આવા વિસ્તારોમાં થઈ શકે છે.
- નિશ્ચિત કરવા કે કોઈપણ બાળક લિંગ,સામાજીક-આર્થિક અસમર્થતાઓ અને અન્ય અવરોધોના કારણે સંતોષજનક ગુણવત્તાકીય માધ્યમિક શિક્ષણથી વંચિત રહે નહી
- માધ્યમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે જેના પરિણામે વિકસિત બૌદ્ધિક,સામાજીક અને સાંસ્કૃતિક ભણતરની પ્રાપ્તિ
- નિશ્ચિત કરવા કે માધ્યમિક શિક્ષણને અનુસરતા તમામ બાળકો સારા ગુણવત્તાકીય શિક્ષણને મેળવે
- ઉપરના ઉદ્દેશોની પ્રાપ્તિ એ અન્ય વિષયોમાં સાર્વજનિક શાળા તંત્રની દિશામાંની વાસ્તવિક પ્રગતિનું વર્ણન પણ કરશે

શિક્ષક પોતાની ભૂમિકા અને જવાબદારીઓ પ્રત્યે સભાન હોવો જોઈએ. પ્રવર્તમાન સમયમાં શિક્ષકની ભૂમિકા બદલાઈ રહી છે. શિક્ષકે માત્ર ભાષણ સ્વરૂપે માહિતી જ આપવાની નથી, પરંતુ વિદ્યાર્થીઓને સમૃદ્ધ અને અસાધારણ શૈક્ષણિક અનુભવો પૂરા પાડવાના છે. આજના સમયમાં શિક્ષણ પડકારરૂપ છે, કારણ કે રાષ્ટ્રની સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક સ્વાસ્થયની જવાબદારી શિક્ષકની છે ત્યારે શિક્ષકે વિદ્યાર્થીના

guide, friend and philosopher તરીકેની ભૂમિકા અદા કરવી જોઈએ. શિક્ષણ એ શૈક્ષણિક વ્યવસાય જ છે.

આજે શિક્ષણ વર્ગની ચાર દીવાલોમાંથી બહાર આવીને ઘર, સમાજ અને વિશ્વમાં વિસ્તરી ચૂક્યું છે ત્યારે વિદ્યાર્થીઓ માત્ર નિષ્ક્રિય શ્રોતાઓ નથી. આજે શાળામાં વિદ્યાર્થી 'empty mind' સાથે આવતો નથી, કારણ કે વિવિધ માધ્યમો ટીવી, રેડિયો, news paper અને movie દ્વારા અનેકવિધ જ્ઞાન પિરસાઈ રહ્યું છે. ત્યારે વિદ્યાર્થીઓ વિવિધ પ્રશ્નો, મૂંઝવણ અને શીખવાના ઉત્સાહ સાથે શાળાએ આવે છે. આવા સંજોગોમાં શિક્ષકે માત્ર માહિતીના મશીનગનથી વિદ્યાર્થીઓના માનસિક ભારને વધારવાનો નથી, પરંતુ વર્ગખંડમાં એવું વાતાવરણ ઊભું કરવાનું છે જેમાં વિદ્યાર્થી જાતે શીખતો થાય એટલે કે શિક્ષકે અહીં facilitator તરીકે વર્તવાનું છે. તેના માટે શિક્ષકે ચીલાચાલુ lecture methodના બદલે પ્રોજેક્ટ, ચર્ચા, group work, ક્ષેત્રિય મુલાકાત, પ્રવાસપદ્ધતિ સ્વીકારવી જોઈએ. દા.ત. "આપણા વ્યવસાયકાર' પાઠમાં Pictureની મદદથી 'કુંભાર'ની માહિતી આપવાને બદલે કુંભારના ઘરે વિદ્યાર્થીઓને લઈ જવા અને નિરીક્ષણ અને જાતઅનુભવથી વિદ્યાર્થીઓ કુંભારનું કાર્ય, ઉપયોગ થતાં સાધનોથી વાકેફ બને અને તે જ્ઞાન ચિર સ્થાયી બનાવે. જો શિક્ષક Facilitator તરીકે વર્તશે તો વિદ્યાર્થીઓમાં શીખવાનો ઉત્સાહ અનેરો જોઈ શકાય છે.

વર્ગખંડ સંચાલક તરીકે શિક્ષક:-

દરેક વ્યક્તિના જીવનમાં શાળાનાં સંભારણાં યાદગાર બની રહે છે. આપણે જો યાદ કરીએ તો આપણા જીવનમાં કેટલાક શિક્ષક આપણને આદર્શરૂપ બને છે તેવા શિક્ષકો પોતાનામાં રહેલા ગુણોને કારણે વિદ્યાર્થીઓને પ્રભાવિત કરે છે. શિક્ષકે Counsellor તરીકે વિદ્યાર્થીઓના શિક્ષણ, શાળા પર્યાવરણ, મિત્રો અને કુટુંબને લગતા પ્રશ્નો જાણી તેને દૂર કરવા વિદ્યાર્થીઓનું Counselling કરવું. સલાહકાર તરીકે શિક્ષકે લાગણીશીલ, પ્રેમાળ બનવું અને વિદ્યાર્થીઓ સાથે આત્મીયતા કેળવી તેમના મિત્ર બનવું.

વર્ગખંડ વ્યવસ્થાપન:-

જો શિક્ષક વિદ્યાર્થીઓના વ્યક્તિગત ગુણો અને સ્વભાવથી પરિચિત બને તો કોઈપણ વિદ્યાર્થીના વર્તનમાં અપેક્ષિત ફેરફાર લાવી શકાય છે. ઉદાહરણ તરીકે તોફાની બાળકો તેમનાં તોફાનો માટે શાળામાં જાણીતાં હોય છે. એક વાર એક તોફાની વિદ્યાર્થી અન્ય વિદ્યાર્થીઓ સાથે શાળાએથી ભાગી જઈ ફિલ્મ જોવા ગયો. બીજા દિવસે શાળામાં પ્રાર્થના સમય દરમિયાન તે વિદ્યાર્થીને શાળામાંથી નાસી જવાનું કારણ પૂછવામાં આવ્યું. તે વિદ્યાર્થીએ સાચું જ કારણ આપ્યું. આવા સંજોગોમાં સામાન્ય રીતે શિક્ષકો વિદ્યાર્થીને સજા

ફટકારતા હોય છે, પરંતુ અહીં શિક્ષકે વિદ્યાર્થીને કોઈપણ પ્રકારની સજા કર્યા વિના તેની સાચું બોલવાની બાબતને જાહેરમાં બિરદાવી અને ત્યાર બાદ વિદ્યાર્થીને અંગત રીતે બોલાવી શાળાએથી ભાગી ન જવા માટે પ્રેમથી સમજાવ્યું. પરિણામ સ્વરૂપે વિદ્યાર્થીએ આજીવન સત્યનો રસ્તો અપનાવ્યો. શિક્ષકે હંમેશાં વિદ્યાર્થીઓની ભૂલ બદલ સજા ન કરતાં તેમને એક વાર સુધરવાની તક આપવી જોઈએ.વર્ગખંડ વ્યવસ્થાપન એટલે તમે શાળામાં વિદ્યાર્થીઓ સાથેનો સમય વધુ અસરકારક બનાવવો તે "અસરકારક વર્ગ વ્યવસ્થાપન માટે નીચેના steps ધ્યાનમાં લેવા જોઈએ.

નિયમિત રીતે બાળક સાથે સમય પસાર કરી, વાતચીત તથા તેના મનોભાવો જાણી બાળકમાં ઘડાતાં વિચારો, માન્યતાઓ અને ગ્રંથિઓથી પરિચિત રહી જરૂર પડ્યે યોગ્ય માર્ગદર્શનથી તેને ખોટાં વિચારો અને માન્યતાઓથી બચાવી શકાય છે, કારણ કે બાળકમાં શ્રેષ્ઠતમ ચારિત્ર્યનિર્માણના પાયામાં તેનાં વિચારો તથા માન્યતાઓ મુખ્ય હોય છે, જે તેના આખાયે જીવનનો આધાર છે. કહેવાય છે ને કે, પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય છે. જે વિચારો અને માન્યતાઓ બાલ્યકાળમાં રોપાય છે તે જ વિચારો અને માન્યતાઓના પાયા પર તેનું આખુંયે જીવન ઘડાય છે અને તે પ્રમાણે જ માણસ જીવન જીવવા કટિબદ્ધ થાય છે, કારણ કે કોઈપણ કાર્યના મૂળમાં વિચાર રહેલો છે. માણસનું કોઈપણ કાર્ય બે વખત આકાર લે છે, પ્રથમ તેના મનમાં અને પછી બાહ્ય કાર્ય સ્વરૂપે, તેથી સ્વસ્થ અથવા મજબૂત માનસિકતામાંથી એ વિચાર ઉદ્ભવ્યો નહીં હોય તો તેણે કરેલું કાર્ય પૂર્ણરૂપે ખીલી ઊઠશે નહીં, તેથી સૌ પ્રથમ માતાની જવાબદારી બને છે કે બાળકનાં વિચારો, માન્યતાઓ તથા ગ્રંથિઓને ધ્યાનમાં લઈ તેને સ્વસ્થ માનસ ઘડવામાં મદદરૂપ થવું જોઈએ.

બાળકના જીવનઘડતરમાં ઉપયોગી :-

બાળકના જીવનઘડતરમાં ઉપયોગી તેવી બીજી બાબત તેનામાં ઉત્તમ સર્જનશક્તિનું નિર્માણ કરવું તે છે. આ વિશ્વમાં ઘણી બધી બુદ્ધિપ્રતિભાઓ થઈ ગઈ, તે દરેકે કંઈક સર્જન કર્યું છે અને આ વિશ્વને પોતાના મહાન સર્જનથી શણગાર્યું છે. દરેક બાળકમાં પણ આ સર્જનતાના કોઈક ને કોઈક અંશો રહેલા જ છે. દરેક બાળકમાં આવી કંઈક ને કંઈક આગવી વિશિષ્ટતાઓ રહેલી છે. માતા બાળકની ખૂબ જ નજીક હોય છે તેથી ખૂબ કાળજીપૂર્વક તથા ધ્યાનપૂર્વક જોવામાં આવે તો માતા પોતાના બાળકમાં રહેલી આ વિશેષતાને ઓળખી તેને બહાર લાવવામાં કે ખિલવવામાં મદદરૂપ થઈ શકે છે. જેમ કવિ કોઈ સારી કવિતા લખે ત્યારે, લેખક કોઈ સારું પુસ્તક લખે ત્યારે, વૈજ્ઞાનિક કોઈ નવી શોધ કરે ત્યારે અથવા તો કોઈપણ સર્જક પોતાનું મહાન સર્જન આ વિશ્વને આપે ત્યારે આપણને અનહદ આનંદ થાય છે, તેવી જ રીતે એક માતાનું બાળક કંઈક

વિશિષ્ટતા ધરાવતું હશે તો માતાને ખૂબ આનંદ થશે. તેથી, દરેક માતાને પોતાના બાળકની આ સર્જનાત્મકતાને યોગ્યતમ રીતે ઓળખી અને તેને ખીલવવામાં મદદરૂપ થવું જોઈએ અને આ શક્તિને વિકસાવવા માટે તેને પૂરતું પ્રોત્સાહન, તક અને તાલીમ મળતા રહે તે ખૂબ જ જરૂરી છે. બાળકનાં ઉછેર કે કેળવણી ખામી ભરેલાં હોય તો તેની સર્જનશક્તિ મૂરઝાઈ જાય છે, મંદ પડી જાય છે, તેથી આ બાબતે ખાસ ધ્યાન આપવું જરૂરી બની જાય છે.

શાળાકીય પર્યાવરણમાં બદલાવ અને તેની જરૂરીયાત:-

શિક્ષક, શાળા શિક્ષણના વિશાળ માળખા અંતર્ગત કાર્ય કરે છે અને આ માળખામાં ધ્યેયો, અભ્યાસક્રમો, પદ્ધતિઓ અને શિક્ષક પાસેથી રાખવામાં આવતી અપેક્ષાઓનો સમાવેશ થાય છે. શિક્ષક-પ્રશિક્ષણ અભ્યાસક્રમનું માળખું શાળા અભ્યાસક્રમના માળખા સાથે સુસંગત હોવું જોઈએ. શિક્ષકોને શાળાની જરૂરિયાતો અને માગના સંદર્ભમાં તથા શાળામાં ઉદભવતા પ્રશ્નો, વિદ્યાથી અને અધ્યયનને લગતા પ્રશ્નો સાથે સતત સંકળાયેલ રહેવા માટે તૈયાર કરવાના છે. સમાજના વ્યાપક સામાજિક આર્થિક અને રાજકીય પરિવર્તનના સંદર્ભમાં શિક્ષક પાસેથી ઘણી અપેક્ષાઓ રાખવામાં આવે છે જે સમયાંતરે બદલતી રહે છે.

શિક્ષક માત્ર ભણાવવામાં જ નહિ પરંતુ વિદ્યાર્થીઓ અને વાલીઓના સમાજને સમજવા માટે પણ સજજ હોવો જોઈએ જેથી વિદ્યાર્થીઓ શાળામાં નિયમિત હાજરી આપી શકે અને શિક્ષા પ્રાપ્ત કરી શકે. આ કાયદા અન્વયે શિક્ષકે બાળકને શારીરિક સજા ન આપવી. આપેલ સમય મર્યાદામાં અભ્યાસક્રમ પૂર્ણ કરી નાખવો : વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવું વાલીઓની મીટિંગ બોલાવીને તેઓને બાળકની પ્રગતિ વિશે જાણ કરવી અને શાળા સંચાલન સમિતિના સભ્ય તરીકે શાલેય પ્રવૃત્તિઓનું સંચાલન કરવાનું ફરજીયાત બનાવાયું છે.

આ ઉપરાંત, શિક્ષક પાસેથી એવી અપેક્ષા રાખે છે કે તે બાળકોમાં જ્ઞાન અને તેનો અર્થ સમજ તે રીતે બાળકને શીખવવા સહાયકની ભૂમિકા પણ ભજવે. શિક્ષક પણ વિદ્યાથીની સાથે સાથે જ્ઞાન-નિમણની પ્રક્રિયામાં ભાગીદાર હોય છે. આને લીધે એક શિક્ષક માટે અભ્યાસક્રમ , પાઠય-પુસ્તકો અને અધ્યાપન અને અધ્યયન સામગ્રીના નિર્માણમાં સહભાગિતાનો માર્ગ પણ ખુલે છે. આ પ્રકારની ભૂમિકા માટે શિક્ષક પાસે એક તરફ અભ્યાસક્રમ માટેની સમજ, વિષય અંગેનું પર્યાપ્ત જ્ઞાન અને શિક્ષણશાસ્ત્રના કૌશલ્યો અને બીજી તરફ સમૂદાય અને શાળાના માળખા અને વ્યવસ્થાપનની સમજ પણ હોવી જરૂરી બને છે. ૨૦૦૨માં કાર્યાન્વિત થયેલ સર્વ શિક્ષા અભિયાન અને યુ.ઈ.ઈ. કાર્ય-યોજનાને

વેગ આપવા માટેની નાણાકીય જોગવાઈ અને શિક્ષણ માટેના કરની જોગવાઈઓએ ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે શિક્ષકો તૈયાર કરવાની બાબતને કેન્દ્રમાં લાવી દીધી છે. આવનારા વર્ષોમાં સંભવિત માધ્યમિક શિક્ષણના સાર્વત્રીકરણને ધ્યાનમાં લઈને પણ આ માંગ જરૂરી બની છે.

ઉપસંહાર:-

ઉપરોક્ત તમામ પ્રકારની તકો પ્રશિક્ષકને મળી રહે તે માટે અભ્યાસક્રમની રચના ખૂબ જ ધ્યાનપૂર્વક કરવી જોઈએ જે પ્રશિક્ષકના અનુભવગત જ્ઞાન અને સૈદ્ધાંતિક અને પ્રાયોગિક જ્ઞાન પ્રેરિત હોય. આ પ્રકરણ એ બાબતે નક્કર સૂચનો કરે છે કે કઈ રીતે શિક્ષક-પ્રશિક્ષણની એવી રીતે પુનઃરચના કરી શકાય કે જેથી તે વિદ્યાર્થી-કેન્દ્રિત બનેશિક્ષકના વ્યક્તિગતસામાજિક અને વ્યાવસાયિક વિકાસ માટે પૂરતો અવકાશ પ્રદાન કરે અને શિક્ષકને વિવિધ અધ્યાપન પદ્ધતિઓથી સજજ કરે અને એવા અભ્યાસુ વાતાવરણનું સર્જન કરે જે વિદ્યાર્થીની જરૂરિયાતોને પોષે. પ્રશિક્ષકની પોતાની અનુભવગત હકીકતો અને વિદ્યાર્થીઓના સામાજિક પરિપ્રેક્ષય સાથે વિવિધ વિદ્યાશાખામાં સૈધ્ધાંતિક જ્ઞાનને વણી લેવાની પ્રક્રિયા દ્વારા શિક્ષકોને ચિંતન માટેશીખવાની વૃત્તિ જગાડવા માટે અને મૌલિક વિચારણા માટે પ્રોત્સાહિત કરી શકાય છે. શૈક્ષણિક કાર્ય અને સિદ્ધાંતો સાથેના લાંબા ગાળાના સંસર્ગથી શિક્ષકમાં જ્ઞાન ઉપાર્જન અને વૈચારિક સ્પષ્ટતા માટેની ક્ષમતા ઉદભવે છે.

સંદર્ભો:-

1. Nandini, ed. (29 July 2020). "New Education Policy 2020 Highlights: School and higher education to see major changes". Hindustan Times. Archived from the original on 30 July 2020. Retrieved 30 July 2020.
2. Jebaraj, Priscilla (2 August 2020). "The Hindu Explains | What has the National Education Policy 2020 proposed?". The Hindu. ISSN 0971-751X. Archived from the original on 2 August 2020. Retrieved 2 August 2020.
3. Jump up to:[a] [b] Vishnoi, Anubhuti (31 July 2020). "No switch in instruction medium from English to regional languages with NEP '20: HRD". The Economic Times. Archived from the original on 15 July 2021. Retrieved 31 July 2020.
4. Chopra, Ritika (2 August 2020). "Explained: Reading the new National Education Policy 2020". The Indian Express. Archived from the original on 1 August 2020. Retrieved 2 August 2020.
5. "State education boards to be regulated by national body: Draft NEP". The Times of India. 30 October 2019. Archived from the original on 27 February 2021. Retrieved 21 November 2019.
6. "National Education Policy 2020: Cabinet approves new national education policy: Key points". The Times of India. 29 July 2020. Archived from the original on 29 July 2020. Retrieved 29 July 2020.

7. "NITI Aayog ties up with BYJU'S to provide study material to schools". The Indian Express. 17 September 2021. Archived from the original on 6 March 2022. Retrieved 6 March 2022.
8. "UGC ask varsities to create awareness about new education policy among students, teachers". Hindustan Times. 6 August 2020. Archived from the original on 6 August 2020. Retrieved 6 August 2020.
9. "PM Narendra Modi speech live on NEP: Policy to shift focus from 'what to think' to 'how to think'". India Today. 7 August 2020. Archived from the original on 9 August 2020. Retrieved 9 August 2020.
10. "UGC Allows Students To Pursue 2 Degree Courses Simultaneously". NDTV.com. Archived from the original on 5 May 2022. Retrieved 5 May 2022.
11. "Dharmendra Pradhan launches National Curriculum Framework for 3-8 years children". The New Indian Express. Archived from the original on 23 October 2022. Retrieved 23 October 2022.
12. Google.com
13. SODHGANGA
14. WIKIPIDIA .COM

4

New NEP: Role of Teachers

DR. RENUKA B. CHAVDA
Assistant professor
SMT.K.S.N. Kansagara Mahila College,
Rajkot.

ABSTRACT:-

Teachers play a crucial role in shaping students' futures and building the nations. In India, teachers are highly respected members of society, with only the most gifted and knowledgeable individuals being teachers. Society provides teachers with necessary knowledge, skills, and moral values. To revive the spirit of higher status and respect for teachers, it is essential to encourage better individuals to join their profession. Besides this Teachers play a fundamental and multifaceted role in education, influencing students, shaping society, and contributing to the development of the nation. In this too, according to the National Education Policy - 2020, the role of the teacher becomes very important. By the government, not only changes in the education of students but teachers also have many responsibilities related to the students and it is very important to be updated. So in that context, in the research paper presented, what is the role of the teacher in the National Education Policy 2020 and what changes have taken place in it and what qualities should the teacher have under this new National Education Policy.

KEY WORDS:- Teacher, NEP – 2020,Education,Qualities

INTRODUCTION:-

Chanakya, also known as Kautilya or Vishnugupta, was an ancient Indian philosopher, teacher, economist, and political strategist, his One of the main quotes attributed to Chanakya regarding teachers is:"A teacher is like a candle – it consumes itself to light the way for others."This quote encapsulates the selfless dedication and sacrifice that Chanakya believed teachers should embody. It emphasizes the role of teachers in guiding and illuminating the path for their students, often at the expense of their own comfort and well-being. Just as a candle burns itself to provide light, teachers invest their time, energy, and knowledge to educate and inspire others. Thus, from this it can be said that, Teachers play a crucial role in facilitating learning by imparting knowledge, skills, and values to students across various subjects. They serve as mentors, role models, and role models, inspiring students to reach their full potential and navigate challenges with resilience. Teachers create

inclusive, supportive learning environments, fostering a sense of belonging and collaboration. They provide personalized instruction, understanding individual students' unique strengths and needs, maximizing their potential and academic achievement. Teachers also play a pivotal role in character building and values education, instilling ethical values, moral principles, and responsible citizenship. Teachers design assessments, evaluate student progress, and provide constructive feedback, fostering holistic development. They model lifelong learning by continuously updating their knowledge, skills, and pedagogical practices. Teachers contribute to social change and nation-building by empowering students with education, knowledge, and critical thinking skills, fostering democratic values, civic engagement, and social justice. So it is very important.

OBJECTIVES OF THE RESEARCH

The main objectives of the research are as follows.

1) Purpose to know what is the role of a teacher as per NEP-2020.

2) Objective to know the changes in teacher education as per NEP-2020.

3) Objective to find out what qualities a teacher should possess as per NEP-2020.

RESEARCH METHDOLOGY:-

Descriptive research method has been used in the present research paper and secondary data i.e. various research papers, journals, government reports etc. have been used as sources of information.

The Role of a Teacher as per NEP-2020:-

The National Education Policy (NEP) 2020 is a comprehensive framework introduced by the Government of India to overhaul the country's education system. While the NEP 2020 does not explicitly define the role of teachers in detail, it outlines several key principles and objectives that impact the role of teachers in the education ecosystem. Here are some aspects highlighting the role of teachers in the NEP 2020:

Professional development:

The NEP advocates for continuous professional development for teachers, including in-service training, to equip them with the necessary skills and knowledge to adapt to evolving pedagogical practices and educational technologies.

Promotion of holistic learning:

The NEP promotes a holistic and multidisciplinary approach, requiring teachers to foster critical thinking, creativity, and problem-solving skills in students beyond rote memorization.

Facilitators of Multilingual Education:

The policy aims to ensure students have proficiency in at least two languages by the end of schooling, with teachers playing a crucial role in promoting this aspect.

Inclusive education:

The National Education Policy (NEP) emphasizes the significance of inclusive education, guaranteeing equal access to quality education for all students, including those from marginalized communities and those with disabilities, with teachers playing a crucial role.

Technology integration:

The National Education Policy acknowledges the transformative potential of technology in education, requiring teachers to utilize digital resources to enhance teaching experiences, promote personalized learning, and improve access to quality education, particularly in remote and underserved areas. Besides this

Assessment reforms:

The NEP advocates for competency-based learning and continuous assessment over traditional summative exams, with teachers playing a crucial role in implementing innovative assessment methods for holistic student development.

Providing support to learners:

Learning Support involves teachers providing additional support beyond content delivery, including clarifying concepts, orientation, and advice for administrative or personal questions. It also involves involving students for peer learning and assessment, and ensuring that users are covered to maintain motivation and engagement in learning.

Enhancing research and promoting research culture:

NEP 2020 mandates teachers to engage in research to develop knowledge and skills in learners. It proposes research-intensive, teaching-intensive, and autonomous universities, with varying research scopes, but all faculty members are required to participate in research.

Engage in on-going professional development:

Policymakers emphasize the importance of continuous professional development (CPD) for teachers, as knowledge about content, pedagogy, and technology evolves. CPD should occur externally or in the workplace, aiming to facilitate learning and the development of professional knowledge, skills, and values.

The changes in Teacher Education as per NEP-2020:-

The National Education Policy (NEP) 2020 proposes several significant changes in teacher education aimed at enhancing the quality, relevance, and effectiveness of teacher training programs. Some of the key changes include:

Four year integrated teacher education programme:

The NEP proposes a four-year integrated teacher education program, aiming to equip prospective teachers with a strong foundation in subject knowledge, pedagogical skills, and hands-on classroom experience, leading to a Bachelor of Education degree. By 2030, the minimum teaching qualification will be a 4-year integrated B.Ed degree, requiring a verification of knowledge content and pedagogy. This will include strong training in student-teacher roles at regional schools. Two-year B.Ed programs are offered by multidisciplinary institutions, while the 4-year integrated B.Ed program is intended for those with a Bachelor's degree in specialized subjects. All B.Ed programs will include time-tested and latest pedagogy techniques, including foundational literacy and numeracy, multilevel teaching, disabilities, special interest or talents, use of educational technology, and learner-centered learning. All B.Ed programs will practice the fundamental duties of the Indian constitution while teaching any subject. Local teacher education programs will be available at BITEs, DIETs, and school and college complexes as master instructors to impart local professions, knowledge, skills, and vocational crafts. By 2021, a new national curriculum framework for teacher education, NCFTE 2021, will be formulated by the NCTE in consultation with NCERT.

Multidisciplinary teacher education:

The NEP 2020 encourages teachers to develop a broad-based understanding of various subjects beyond their specialized area of expertise, including liberal arts, sciences, humanities, social sciences, and professional education. This broad knowledge base enables teachers to offer interdisciplinary perspectives and holistic learning experiences. The multidisciplinary approach involves designing integrated curriculum frameworks that connect concepts and skills across different subject areas, promoting cross-curricular learning. Teachers are encouraged to employ innovative pedagogical strategies that leverage insights from multiple disciplines, such as project-based learning, problem-solving activities, experiential learning opportunities, and inquiry-based approaches. The approach emphasizes the application of learning to real-world contexts and challenges, integrating examples, case studies, and projects that demonstrate the relevance of academic concepts to everyday life. The multidisciplinary approach fosters critical thinking, creativity, and analytical skills by exposing students to diverse disciplinary perspectives. Teachers play a crucial role in facilitating discussions, debates, and collaborative activities, encouraging critical thinking and innovative solutions to complex problems.

Teacher educator development:

The National Education Policy (NEP) 2020 emphasizes the importance of teacher educator development programs to enhance their skills, knowledge, research capabilities, and leadership abilities. These programs can include workshops, seminars, conferences, short-term courses, and online training modules. The NEP encourages teacher educators to engage in research and innovation to advance knowledge, inform practice, and contribute to evidence-based policymaking. It advocates for capacity building initiatives to strengthen competencies in areas like curriculum development, assessment practices, instructional design, educational technology integration, and inclusive education strategies. Quality assurance mechanisms are also emphasized, with accreditation standards, performance metrics, and evaluation criteria assessing the quality of teacher education institutions and programs. Collaborative networks are encouraged to facilitate dialogue and collective problem-solving among teachers. Policy advocacy and leadership roles are encouraged to influence educational policies, reforms, and initiatives at local, regional, and national levels. The NEP 2020 aims to elevate the professionalism, expertise, and impact of teacher

educators, strengthening the entire education ecosystem and ensuring quality teaching and learning experiences for all students.

Teacher recruitment and career development:

The National Education Policy (NEP) 2020 aims to modernize teacher recruitment and career development systems, focusing on merit-based recruitment, Teacher Eligibility Tests (TET), continuous professional development, career advancement opportunities, performance evaluation and feedback, and incentives for rural and remote areas. The policy emphasizes the importance of subject knowledge, teaching aptitude, communication skills, and other competencies through transparent and standardized recruitment processes. It advocates for the implementation of Teacher Eligibility Tests (TET) to assess candidates' knowledge of teaching methodologies, educational psychology, and subject-specific content knowledge. The NEP also emphasizes the importance of performance evaluation and feedback mechanisms to assess teachers' effectiveness and support their professional development. It proposes financial incentives, housing support, professional development opportunities, and career progression pathways to attract and retain teachers in underserved and remote areas, ensuring equitable access to quality education for all students. Overall, the NEP 2020 seeks to elevate the status and professionalism of the teaching profession and improve overall educational outcomes.

Inclusion and Diversity:

Teachers are expected to create inclusive learning environments that prioritize equity and provide equal opportunities for all students. This includes removing barriers to learning, accommodating diverse needs, and ensuring educational resources and support services are accessible to every student. Teachers should develop cultural competence and sensitivity to effectively engage with students from diverse backgrounds, understanding and respecting their identities, beliefs, and values. Inclusive pedagogies, such as differentiated instruction, universal design for learning (UDL), cooperative learning strategies, and personalized learning experiences, are expected to cater to the diverse needs and learning styles of students. Teachers play a crucial role in supporting students with special educational needs and disabilities (SEN/D), emphasizing the importance of inclusive education. Teachers should promote gender sensitivity and address stereotypes and biases in the classroom, creating an inclusive learning environment where all students feel respected, valued, and

empowered. Teachers should also collaborate with families, communities, and other stakeholders to promote inclusion and diversity in education.

Teacher Qualities as per NEP-2020:-

The National Education Policy (NEP) 2020 defines teacher educator development as initiatives aimed at improving the quality, competence, and effectiveness of individuals responsible for training and preparing future teachers. This includes faculty members, trainers, mentors, and administrators involved in teacher education programs at various levels.

From the above chart it can be said that, The National Education Policy (NEP) 2020 emphasizes the importance of teacher educator development programs to enhance their pedagogical skills, content knowledge, research capabilities, and leadership abilities. These programs may include workshops, seminars, conferences, short-term courses, and online training modules. The NEP encourages teacher educators to engage in research and innovation in education to advance knowledge, inform practice, and contribute to evidence-based policymaking. It promotes the establishment of research centers, academic collaborations, and funding opportunities to support these endeavours.

Capacity building initiatives are also advocated to strengthen teacher educators' competencies in areas such as curriculum development, assessment practices, instructional design, educational technology integration, and inclusive education strategies. Quality assurance mechanisms are also emphasized to ensure the effectiveness and relevance of these programs. The NEP advocates for the establishment of accreditation standards, performance metrics, and evaluation criteria to assess the quality of teacher education institutions and programs.

Collaborative networks are encouraged among teacher educators to share best practices, exchange ideas, and build professional networks. The NEP promotes the formation of professional learning communities and knowledge-sharing platforms to facilitate dialogue and collective problem-solving.

Policy advocacy and leadership roles are also encouraged for teacher educators to influence educational policies, reforms, and initiatives at local, regional, and national levels. The NEP 2020 aims to elevate the professionalism, expertise, and impact of individuals responsible for

preparing and supporting the next generation of teachers, strengthening the entire education ecosystem and ensuring quality teaching and learning experiences for all students.

CONCLUSION:-

The National Education Policy (NEP) acknowledges the importance of teachers in upholding the dignity, respect, and honour of the profession. To achieve this, politicians should consider creating self-governing institutions similar to India's administrative services and state civil servants, accelerating teacher recruitment, and providing perks and facilities to attract creative young people. However, it is crucial to supervise and be accountable for their actions to achieve desired results. The nation building task will be led by a brilliant set of teacher educators and master educators who will prepare teachers and develop the creative abilities of the millions of the country. The demand for qualified teachers is high, and India's long history of research and knowledge creation is needed to lead research and innovation in the 21st century. The policy envisions a comprehensive approach to transforming the quality and quantity of teacher educators in India.

REFERENCES:-

Jana and chattopadhayay(2023), “Education for Teachers: considering the significance of NEP-2020”,International journal of research publication and reviews ,IssnA no.2582-7421,august.

Amzad md(2023), “Role of teachers in NEP -2020”, International journal of multidisciplinary Educational Research, Issn-2277-7881,vol.12,august.

Kumar akhilesh and ‘etc’(2022), “Teachers role:in the reference to NEP-2020”,journal of emerging technologies and innovative research(JETIR),Issn -2349-5162,September.

Sharma narendra(2022)’ “NEP-2020 features,importance in education and role of teachers”,techno LEARN:an international journal of education technology, December

https://www.ijmer.in/

https://www.education.gov.in/

5

THE ROLE AND IMPACT OF SOCIAL MEDIA ON YOUTH

Dr. Pushpa R. Solanki
Assistant Professor
SMT. K. S. N. Kansagara Mahila College, Rajkot

Abstract:

Over the past few years, people of all age groups have become increasingly addicted to social media. Psychologists have warned then that excessive use of social media is one of the causes of mental health-related illnesses such as anxiety and depression, especially among young people. Prolonged use of social media can make young people feel isolated and lose self-confidence, which ultimately leads to anxiety and depression.

This article is based on the study of role and impact of Social media on youth.

Introduction:

What is social media?

Social media is a non-traditional medium. It creates a virtual world that can be accessed through the Internet. Social media is a vast network that keeps the entire world connected. It is a very good medium of communication. It exchanges information at a fast pace, containing news from every field.

Social media is a medium, which is different from all other media (print, electronic and parallel media). Social media creates a virtual world through the internet that a user can access using any of the social media platforms (Facebook, Twitter, Instagram etc.). In today's era, social media has become an important part of life, with many features, such as providing information, entertaining and mainly educating. Social media plays a positive role through which any individual, organization, group and country etc. can be enriched economically, socially, culturally and politically.

Composition Review:

Social media is a great platform in spreading popularity, where one can make himself or any of his products more popular. Today movie trailers, TV programs are also being broadcast through social media. Video and audio chats are also facilitated through social media, with Facebook, WhatsApp, Instagram being some of the major platforms.

While social media plays a positive role, often today's youth misuse it. By misusing social media, such people try to divide people by spreading ill will. Misleading and negative

information is shared through social media, which adversely affects the public. Sometimes the situation escalates to such an extent that the government becomes strict on the misuse of social media and we have seen that the government has even had to ban social media in states like Jammu and Kashmir. Social media was also banned in the farmers' movement in Madhya Pradesh and Maharashtra so that anti-social elements could not carry out any major incident under the guise of farmers' movement.

Problem Statement:

Social media has brought us closer to people but further away from ourselves. During the conversation with various phone calls and observation in Psychology department, it was found that the young generation, especially the 18 to 25-year-old people, were more obsessed with becoming famous in social media and feared that they would be lost somewhere if they did not get likes, Known as Fear of Missing Out (FOMO). After counseling several youths, Psychologist has come up with startling findings. In which 61% of the youth have become victims of FOMO.

A victim of FOMO is always afraid of being left behind. They will be constantly connected to the phone and social media. They constantly try to know what other people are posting, how many likes their posts get, what people respond to their posts etc. and later compare it with their own life. Sometimes, if you don't know anything, you get disappointed.

Social Media has both positive and negative impacts on Youth.

Positive Impacts Of Social Media:

A media platform can have many other negative consequences. As a recent study states that using a mobile phone while driving proves to be as dangerous as drunk driving. Typing text messages while driving can prove fatal. According to a survey, about 40 percent of motorists in the age group of 16 to 27 years use a mobile phone while driving.

An addiction center has been started in Ahmedabad's Government Mental Hospital in one and a half years to remove the obsession with social media. In which more than 30 patients per month come to the psychiatrist to get rid of social media addiction. So far more than two thousand patients have taken treatment to remove social media obsession. Regarding this, Superintendent of Government Hospital for Mental Health Dr. Ajay Chauhan said, 'Most of the patients who come for social media obsession are teenagers or young adults. These

patients start to feel restless due to the absence of social media at intervals. Some teenagers also come with the problem of becoming more aggressive towards their parents due to constant use of social media. He is treated with various sessions of psychiatrists. In some cases, the patient has to be admitted to the hospital. Parents also have an important role to play so that children do not become addicted to social media. If a small child does not take food, the parents hold the mobile in his hand. It is from here that the seeds of social media obsession are planted in most cases. If the parents use the mobile phone less, automatically the child will not get used to it.

Benefits to use social media:

There are number of advantages that we get with the use of social media, which includes providing platform for entertainers coming from all walks of life, discovery of passion and artistic talent. Major factor of using social media is social interaction, with 82% of teenagers agreeing that social media helps them to feel at-home.

Social Media can have various benefits as listed below:

I. Connectivity : Social Media let's you reconnect with people around the world. It helps you to explore other countries culture and art.
II. Education : Social Media provides plethora of resources for education and research.
III. Information and updates: It keeps you updated with important events surrounding us.
IV. Awareness: It helps us to raise awareness on important agendas.
V. Building Communities: Social media can play important role in finding new friends and communities, and easier dialog and communication.
VI. Mental Health: It helps in relieving stress by providing various content of entertainment and other motivational videos.
VII. Marketing: Biggest of businesses or brands are run by various marketing tools in which social media plays the most important role.

Social media a boon or curse to Today's youth:

In today's era of information technology, many revolutions are taking place, which cannot be counted, in which the special thing is that social media seems to be leading the way. Today, the advent of social media has proved to be beneficial as well as harmful. In which, with the

advent of applications like Google, Twitter, Facebook, WhatsApp, the people of this world have been able to get all kinds of facilities, along with it, it seems that a lot of obstacles have also been created.

A long time ago, our elders used to write letters to each other, they used to write their memories from their worries and the letters which are benefiting us today as historical evidences. And today, if there is any work or requirement, we are directly providing that requirement through email, WhatsApp, Facebook or Google, which is only sufficient for the necessity, no work can be done.

આમ, NEP-2020 એ શિક્ષણના તમામ સ્તરે પુષ્કળ સુધારાની ભલામણ કરે છે. જે ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવા માંગે છે. શાળાઓમાં 3-18 વર્ષના બાળકો માટે 5+3+3+4ના શિક્ષણના માળખાનો અમલ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણનું સાર્વત્રિકરણ કરવાની પણ ભલામણ કરવામાં આવી છે. તેમજ પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનનો પણ લક્ષ્ય રાખવામાં આવ્યો છે. આ માટે માતૃભાષામાં શિક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો છે. વ્યવસાયિક શિક્ષણ અને બહુભાષિતાને મહત્વ આપવામાં આવ્યું છે. આ માટે શાળામાં શિક્ષકો ને વિવિધ ભૂમિકાઓ ભજવવાની હોય છે જેવી કે રાષ્ટ્રનિર્માતા તરીકે શિક્ષક વ્યાવસાયિક શિક્ષણ, શિક્ષકોની ભરતી અને પદ નિયુક્તિ, સતત વ્યવસાય વિકાસ, કારકિર્દી વ્યવસ્થાપન અને પ્રગતિ, શિક્ષકો માટે વ્યાવસાયિક ધોરણ, વિશેષ જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓ માટે શિક્ષક વગેરે જેવી વિવિધ ભૂમિકાઓ ભજવવાની હોય છે. આમ, શિક્ષક દ્વારા મિત્ર, તત્વચિંતક અને એક આદર્શ માર્ગદર્શક તરીકેની ભૂમિકા ભજવવામાં આવે છે.

❖ **સંદર્ભ સૂચિ:-**

- Dahiya, N. (2020). ***Role of teachers of Higher Education in implementation of NEP 2020***. International research journal of Management Sociology & humanity (IRJMSH) ,

  Volume 11, issue 10. (Year 2020) ISSN -2277 9809 (online) 2348-9359 (print).

- https://cialive.in/new-education-policy-2020-new-system-of-education-nep
- https://gu.vikaspedia.in/education
- https://meadowjournal.org/index.php/mjamr/article/view
- https://www.education.gov.in
- https://www.kapilghosiya.in/2020/07/Education-policy-2020.html
- https://www.researchgate.net/publication/367339861_Changing_Role_of_Teacher_Educators_in_View_of_NEP_2020
- https://www.teacherplus.org/nep-2020-and-the-role-of-the-teacher/
- Kumar, A. & Others. (2022). ***Teachers role: In the reference to NEP 2020*** Journal of

  Emerging technology and innovative research (JETIR).September 2022, Volume 9 Issue 9.
- Lukose, M. & Sharma P. (2023). ***A study on the role of NEP 2020 : Skill development of***

  Students. Amity International Journal of teacher education (AIJTE), Volume 9 No.1.April 2023.
- Sakhare, S. (2020). NEP-2019: ***Features of NEP and role of teacher.*** Educational

  Resurgence journal, volume 2, Issue 3, Jan 2020.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020,ભારતીય શિક્ષણ મંત્રાલય, www.education.gov.in

22

યુવાનો પર સોશિયલ મીડિયાની ભૂમિકા અને અસર

ગોંડલિયા જીજ્ઞેશકુમાર અશોકભાઇ*, ડૉ. પારૂલબેન સતાશીયા[1]

પીએચ.ડી. સ્કોલર*, એસોસીએટ પ્રોફેસર[1], ઇતિહાસ વિભાગ, શ્રી વી.એમ.સાકરિયા મહિલા કોલેજ, બોટાદ.

પ્રસ્તાવના:-

સોશિયલ મીડિયા એવું સંચાર માધ્યમ છે જ્યાં વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેની દુરી ગમે તેટલી હોવા છતાં ઝડપી અને ઓછા ખર્ચે માહિતીની આપ-લે થઇ શકે છે. આજનું યુવાધન સોશિયલ મીડિયા જેવા કે, વોટ્સએપ, ફેસબૂક, ઇન્સ્ટાગ્રામ પર મોટાભાગે એક્ટીવ રહે છે. સોશિયલ મીડિયા એવું નેટવર્ક છે. જે લોકોને લોકોની નજીક લાવે છે. આ માધ્યમ દ્વારા પ્રચાર ઝડપી અને ઓછા ખર્ચે થાય છે. વળી દુનિયાના કોઇપણ દેશો વચ્ચેની ગમે તેટલી દૂરી સોશિયલ મીડિયા પર ઓછી થઇ જાય છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વેપાર પણ થઇ શકે છે. વેપાર માટે જાહેરાત આપવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ સરળ, ઓછુ ખર્ચાળ અને ઝડપી છે. યુવાનો પોતાના વેપારના પ્રચાર માટે મોટેભાગે આ જ માધ્યમનો ઉપયોગ કરે છે. વિવિધ ઓનલાઇન વેચાણ કરતી વેબસાઇટની મદદથી લોકો ઓનલાઇન ખરીદી કરે છે. સોશિયલ મીડિય એક એવું માધ્યમ છે જે વર્ચ્યુઅલ નેટવર્ક બનાવે છે. ઇન્ટરનેટની મદદથી કાર્ય કરી વિશ્વના દરેક ખૂણા સુધી ફેલાયેલુ છે. સોશિયલ મીડિયાની મદદથી લોકોનો એકબીજા સાથેનો સંપર્ક ઝડપી બન્યો છે. આજે મોબાઇલ, કમ્પ્યુટરની મદદથી દુનિયાના કોઇપણ ખુણે માહિતી, દસ્તાવેજો, ફોટોગ્રાફ્સ મોકલી તથા મેળવી શકાય છે. સોશિયલ મીડિયાના ફાયદા ઘણા છે તેની સાથે તેના કેટલાક ગેરફાયદા પણ છે જેના પ્રત્યે તકેદારી રાખવી જરૂરી, વળી છેતરપીંડીની ઘટનાઓ પણ સોશિયલ મીડિયા દ્વાર બહોળા પ્રમાણમાં થતી હોવાથી તેનો ઉપયોગ સાવધાનીથી કરવો જોઇએ.

>>> સોશિયલ મીડિયા શું છે?:-

સોશિયલ મીડિયા એ બિનપરંપરાગત માધ્યમ છે જેનો અર્થ સામાજિક સંચાર દ્વારા લોકો સાથે જોડાવું એવો થાય છે. સોશિયલ મીડિયા ઇન્ટરનેટની મદદથી પ્રસારિત થઇ એક વર્ચ્યુઅલ વિશ્વ બનાવે છે. જેની મદદથી ઓડીયો, વિડિયોગ્રાફી, ચેટની સુવિધા પ્રાપ્ત થાય છે. સોશિયલ મીડિયા અંતર્ગત વોટ્સએપ, ફેસબૂક, ઇસ્ટાગ્રામ વિગેરે જેવા કેટલાય માધ્યમો આવી જાય છે. સોશિયલ મીડિયાની મદદથી વ્યક્તિ દુનિયાના કોઇપણ ખૂણામાં બેસી આખા વિશ્વની માહિતી પ્રાપ્ત કરી શકે છે. સોશિયલ મીડિયા એક એવું માધ્યમ છે, જેણે દુનિયાની સંચાર વ્યવસ્થાને સરળ અને ઝડપી બનાવી છે. જેની મદદથી માત્ર એક બટન દબાવી માહિતી શેર કરવાથી તે આખી દુનિયા સુધી પહોંચી જાય છે. વર્તમાન યુગ ઓનલાઇન હોવાથી લોકો તેનો ઉપયોગ સંપર્ક વધારવા તથા મનપસંદ વસ્તુ તથા માહિતીની આપ-લે કરવા માટે કરે છે. સોશિયલ મીડિયાને સોશિયલ મીડિયા સર્વિસ પણ કહે છે જેનો અર્થ થાય છે એક વ્યક્તિએ બીજી વ્યક્તિ સાથે જોડાવા ઇન્ટરનેટનો ઉપયોગ કરવો. સોશિયલ મીડિયાને વેબસાઇટ

અને એપ્લીકેશનની સગવડ તરીકે સમજાવવામાં આવે છે. મુખ્યત્વે તેને બે ભાગમાં વિભાજીત કરવામાં આવે છે: આંતરિક સોશિયલ મીડિયા અને બાહ્ય સોશિયલ મીડિયા.

આંતરિક સોશિયલ મીડિયા મુખ્યત્વે ખાનગી સમુદાય અથવા ઓછા લોકો જોડાયેલા હોય તેમની વચ્ચેના સમુદાય જેવું છે જેમાં જોડાવા માટે આમંત્રણ જરૂરી છે અને આમંત્રણ મળ્યા પછી જ તેમાં જોડાય શકો છો. જ્યારે બાહ્ય સોશિયલ મીડિયા જાહેર અને પબ્લીક કમ્યુનિટી જેવું છે જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયેલા હોય છે. અહીં કોઇપણ આ નેટવર્કમાં જોડાય શકે છે. જેમાં જોડાવા માટે આમંત્રણની જરૂર રહેતી નથી. આ પ્લેટફોર્મ મોટેભાગે જાહેરાતકર્તાઓને આકર્ષે કારણ કે અહીં વધુ પ્રમાણમાં વપરાશકર્તાઓ જોડાયેલા છે જેથી જાહેરાત કરવી સરળ બને છે. આ સિવાય આ પ્લેટફોર્મ પર દુનિયાના મોટા ભાગના લોકો સાથે કમ્યુનિકેશન થઇ શકે છે.

>>> સોશિયલ મીડિયાની યુવાનો પર અસર:-

આજનો યુવાન સોશિયલ મીડિયાના ઉપયોગમાં મોટાભાગનો સમય પસાર કરે છે. પોતાના સ્વજનો તથા મિત્રો સાથે વાતચિત કરવા તથા પોતાના વિચારો રજુ કરવા માટે યુવાનો સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરતા થયા છે. યુવાનો પોતાના બિઝનેસ આઇડિયાસ પણ સોશિયલ મીડિયા પર શેર કરે છે તથા ઘણા યુવાનો સોશિયલ મીડિયા દ્વારા પોતાના વેપારને વિસ્તૃત બનાવી રહ્યા છે. અગાઉ જોયું તેમ સોશિયલ મીડિયા જાહેરાત માટેનું સરળ અને મજબૂત પ્લેટફોર્મ છે. જ્યાં એક જ પોસ્ટ દ્વારા કરેલ જાહેરાત મોટાભાગના જન સમુદાય સુધી ક્ષણવારમાં પહોંચી જાય છે.

બિઇઝનેસ મોડલના આધારે આજનો યુવાન સોશિયલ મીડિયા પોતાનો વેપાર વધારી રહ્યો છે, સોશિયલ નેટવર્ક પર પેજીસ અને ગ્રુપ્સનો કોન્સેપ્ટ પણ હાજર છે. જો કોઇ એકાઉન્ટ પર વધુ લોકો હોય તો તે વ્યક્તિ તેને પેજમાં કન્વર્ટ કરી શકે છે. આ સાથે જાહેરાતકર્તાઓ તે પૃષ્ઠો પર તેમની જાહેરાતો આપવા માટે તે વ્યક્તિનો સંપર્ક કરશે જેથી તે વ્યક્તિના સોશિયલ અકાઉન્ટ પર સારો બિઝનેસ સેટ થશે. આ રીતે આજનો યુવાન પોતાના વેપારને સોશિયલ મીડિયાની મદદથી વધારી શકે છે. મોટાભાગના યુવાનો સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ માહિતી મેળવવા, રિસર્ચ માટે, તબીબી સહાયતા, વ્યાપારના નવીન વિચારો માટે, વિચારોની આપ-લે માટે કરે છે. સોશિયલ મીડિયા સાથે થતા ઓનલાઇન કમ્યુનિકેશ કારણે જાહેરાતનો પ્રચાર કરવો સરળ બને છે. જેથી વ્યક્તિના સમયનો બચાવ થાય છે વળી આ પ્લેટફોર્મ પર બહોળા પ્રમાણમાં જન સમુદાય જોડાયેલો હોવાથી જાહેરાતકર્તાઓને પ્રસાર માટે વધુ મહેનત કરવાની જરૂર રહેતી નથી. આથી આજના યુવાનોમાં સોશિયલ મીડિયા પર જાહેરાત આપવાનો ક્રેઝ વધારે છે.

>>> સોશિયલ મીડિયાના ફાયદા:-

યુવાનોમાં સોશિયલ મીડિયાના વપરાશનો ક્રેઝ વધારે છે. કારણ કે આ પ્લેટફોર્મ પર સંચાર સરળ બને વળી સોશિયલ મીડિયાના ઘણા ફાયદાઓ પણ છે જે આ મુજબ છે.

* સોશિયલ મીડિયા ઉપયોગ દ્વારા જાહેરાત કરવી સરળ બને છે. શાળાની પ્રવૃતિઓ પણ સરળતાથી કરી શકાય છે. તેમાં સભ્યો જુદા જુદા પ્રદેશના હોવા છતા કોઇ ફરક પડતો નથી.

* વ્યક્તિ પોતાના સ્વજનો, મિત્રોથી દૂર રહેતો હોવા છતાં સોશિયલ મીડિયાની મદદથી સરળતાથી તેમનો સંપર્ક કરી શકે છે તે પણ ખૂબ ઓછા સમયમાં અને ઓછા ખર્ચે. વળી સોશિયલ મીડિયાના ઉપયોગ દ્વારા અન્ય શહેર, રાજ્ય કે દેશમાં સ્થિત લોકો સાથે વાતચીત કરી શકાય છે.
* સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ફોટોગ્રાફ, દસ્તાવેજો સરળતાથી મોકલી તથા પ્રાપ્ત કરી શકાય છે. અન્ય સંસ્કૃતિના લોકો સાથે કમ્યુનિકેશન બનાવી શકાય છે.
* આજકાલ તો રાજકીય પક્ષો પણ સોશિયલ મીડિયા પર ઓનલાઇન કેમ્પઇન દ્વારા પોતાના પક્ષો પ્રચાર કરે છે. વળી કોમર્શિયલ નેટવર્ક પોતાના ઉત્પાદનોને સોશિયલ મીડિયા દ્વારા લોકો સુધી પહોંચાડી શકે છે, જેનુ ઉદા. એમેઝોન, ફ્લીપકાર્ડ જેવા ઓનલાઇન પ્રોડક્ટ વેચતી વેબસાઇતો છે.
* સોશિયલ મીડિયા પોલીસને તેમની તપાસ(inquiry) કરવામાં સરળતાથી મદદ કરે છે. વ્યક્તિના ચરિત્ર અને તેની પસંદ અને નાપસંદને સોશિયલ મીડિયા દ્વારા સરળતાથી જાણી શકાય છે.
* સોશિયલ મીડિયા દ્વારા હાલ શિક્ષણ કાર્ય પણ સરળ બન્યુ છે. આજના યુગમાં વિદ્યાર્થી ઘર બેઠા યુટ્યુબ જેવી વેસાઇટની મદદથી સરળતાથી પોતાની પસંદગીની ફેકલ્ટી પાસેથી શિક્ષણ મેળવી શકે છે, વળી આ શિક્ષણમાં 3D એનીમેશનનો ઉપયોગ થતો હોવાથી શિક્ષણ કાર્ય ઘણું અસરકારક બને છે.
* લોકો સોશિયલ મીડિયાની મદદથી ઓનલાઇન ખરીદી કરતા થયા છે. પોતાના જીવન જરૂરિયાતની વસ્તુઓને ઓનલાઇન પોતાના ઘરે મંગાવી તેનો ઉપયોગ કરતા થયા છે.

>>> સોશિયલ મીડિયાના ગેરફાયદા:-

આજના યુગમાં સોશિયલ મીડિયાનો ઉપયોગ વધતો જાય છે. તેના ફાયદાઓના કારણે લોકો તેના પ્રત્યે આકર્ષિત થાય છે. પરંતુ તેના ફાયદાની સાથે તેના ઘણા ગેરફાયદા પણ જે આ મુજબ છે.

* વ્યક્તિનું ખાનગીપણું ગોપનિયતા એ સોશિયલ મીડિયાની સૌથી મોટી ખામી છે. ઘણી વખત વ્યક્તિની ખાનગી માહિતીનો દૂરુપયોગ થતો હોવાથી સોશિયલ મીડિયાનો આ સૌથી મોટો ગેરફાયદો છે.
* સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કોઇપણ અજાણી વ્યક્તિ અન્ય વ્યક્તિની માહિતી અંગત માહિતી મેળવી શકે છે અને તેનો દુરુપયોગ કરી શકે છે.
* આજનો યુવાન સોશિયલ મીડિયાનો વધારે પડતા ઉપયોગ કરતો થયો હોવાથી પોતાના ઘર પરિવારથી દૂર થતો જાય છે. વળી તેના વધારે પડતા ઉપયોગના કારણે વ્યક્તિનો સ્વભાવ ચિડચિડિયો બનતો જાય. ઘણી વખત સોશિયલ મીડિયાના વધારે પડતા ઉપયોગના કારણે લોકોને મનોચિકિત્સકની પણ જરૂર પડતી હોય છે. '
* ફેક અકાઉન્ટ બનાવવાની શક્યતા વધુ હોવાથી તથા લોકો પોતાની ઉંમરને ઘણી વખત નાની કે મોટી કરી રજુ કરતા હોવાથી છેતરપીંડીની ઘટના વધારે પ્રમાણમાં બનતી હોય છે.
* વળી સોશિયલ મીડિયાના ઉપયોગના સાધનો કમ્પુટર અને મોબાઇલ ગેઝેટ્સના વધુ પડતા ઉપયોગના કારણે તેની સ્વાસ્થ્ય પર વિપરિત અસર પડે છે.
* સોશિયલ મીડિયાના વધુ પડતા ઉપયોગથી તેની લત લાગે છે જેથી લોકોએ તેનો સમજદારીથી ઉપયોગ કરવો જોઇએ.

* ઓનલાઇન છેતરપીંડી ઘટનાઓ હાલ વધુ પ્રમાણમાં બનતી હોય છે. મોબાઇલ પર મળતા મેઇલ, મેસેજ દ્વારા અથવા ઓનલાઇન એપ્લીકેશનો પર મળતી લીંક ઓપન કરવાથી બેન્ક અકાઉન્ટમાંથી પૈસા ઉપડી જવાની ઘટના ઘણી વખત સમાચારમાં જોવા મળતી હોય છે.

>>> સમાપન:-

આમ, સોશિયલ મીડિયાએ દૂર દેશો વચ્ચેનું અંતર ઓછું, સરળ અને ઝડપી કર્યું છે. ત્યાં તેના વધારે પડતા ઉપયોગ તથા અસાવધાનીના કારણે ઘણી સમસ્યાઓ પણ ઉભી થાય છે. અગાઉ જોયું તેમ સોશિયલ મીડિયાના ફાયદાની સાથે તેના ગેરફાયદા પણ ઘણા છે. માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ સાવધાની સાથે જરૂરિયાત મુજબ જ કરવો જોઇએ. સોશિયલ મીડિયાના વધારે પડતા ઉપયોગના કારણે સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ પણ ઉભી થતી હોવાથી તેની તકેદારી રાખી સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવો જોઇએ.

સંદર્ભ સૂચિ:-

ડૉ. હિના બી. અંકુયા	ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, સોશિયલ મીડિયાની સામજિક અસરો
ડૉ. ભાગ્યશ્રી જે. રાજપુત	સોશિયલ નેટવર્કિંગની અસરો અંગેનો સમાજશાસ્ત્રીય અભ્યાસ
રાજપુત ભાગ્યશ્રી	સમુહ માધ્યમોનો યુવાનો પરનો પ્રભાવ(૨૦૧૮), ગ્રીન ફ્લેગ ફાઉંડેશન, સાબરકાંઠા.
મંગલ પંડ્યા	સોશિયલ મીડિયા પર લખેલ ચિત્રલેખા અહેવાલ
બૈરેટ બ્રાયન	Google Wants to Add Store Interiors to Maps, Gizmodo(2010)
વાઘેલા અનિલ	સમૂહ માધ્યમોનુ સમાજશાસ્ત્ર, અનડા બૂક ડેપો, ગ્રંથ સેતુ,૧૭૫૬, ગાંધીમાર્ગ,અમદાવાદ
ઇગ્નાટીયસ	મીટ ધ ગુગલ લાઇસ, ટાઇમ મેગેઝીન
Dr. Shailendra Singh Chuhan Dr. Pooja Bhatia Dr. Ved Prakash	Digital and Social Marketing

23

રાષ્ટ્રનિર્માણમાં યુવાનોની ભૂમિકા

ડૉ.વિમળાબેન એસ. ચૌધરી
ભક્તરાજ દાદા ખાચર વિનયન, અને વાણિજ્ય કોલેજ, ગઢડા

આ સર્વવિદિત રહ્યું છે કે, કોઈ પણ દેશનો યુવાન જ તેના રાષ્ટ્રનું ધન છે. રાષ્ટ્રના યુવાનોથી જ જાણી શકાય છે કે, રાષ્ટ્ર કેટલી પ્રગતિ કરી શકશે. યુવાનોની બુદ્ધિ અને કાર્યથી જ રાષ્ટ્ર સફળતાને પ્રાપ્ત કરે છે. યુવાન શબ્દ મૂળ ધાતુ **યુ** માં **કનિન્** પ્રત્યય લાગીને યુવા શબ્દ બને છે. અમરકોશમાં કહ્યું છે કે, **बालस्तु स्यान्माणवको वयस्थस्तरुणो युवा** ।[1] અર્થાત્ બાલ, માણવક આ બે નામ બાળકના છે, વયસ્થ, તરુણ, યુવન્ આ ત્રણ નામ યુવાનાં છે. **'युवन्' त्रि. यु – कनिन् 1. श्रेष्ठे 2. निसर्गबलवति मेदि.। "आषोडशाद्भवेद् बालस्तरुणस्तत उच्यते** ।[2] અર્થાત્ સોળ વર્ષ સુધી બાળક, સોળથી સિત્તેર વર્ષ સુધી યુવા, સિત્તેરથી વૃદ્ધ તથા નેવું વર્ષના વ્યક્તિને પરમ વૃદ્ધ કહેવાય છે. યુવાન બલિષ્ઠ અર્થાત્ અનેક પ્રકારના બળથી યુક્ત, વિદ્યુતના સમાન ચમકનાર, વિજયી હોય છે. શારીરિક બળ, માનસિક બળ, બૌદ્ધિક ક્ષમતાથી યુક્ત તેમજ પરિવર્તન લાવવા માટે યુવાનો જ સક્ષમ હોય છે. મેદિની અનુસાર યુવા, તરુણ, શ્રેષ્ઠ, સ્વાભાવિક રૂપથી બળશાળી હોય છે. એ રાષ્ટ્ર સુખી અને સમૃદ્ધ હોય છે, જે રાષ્ટ્રમાં યુવાનધનથી સમૃદ્ધ હોય છે. યુવાનો જ બધા ધર્મ નિભાવવા સક્ષમ હોય છે. યુવા કોઈ પણ વ્યક્તિ હોઈ શકે છે. ક્યારેક આપણે જોઈએ છીએ કે, એક આધેડ વયનો વ્યક્તિ ઉર્જાથી ઓતપ્રોત સ્વયંને યુવા માનતો હોય છે જ્યારે એક ૩૦-૪૦ વર્ષનો યુવાન પણ પોતાની અક્ષમતાથી સ્વયંને કોઈ પણ શ્રેણીમાં રાખતા અચકાતો જોવા મળે છે. જે વ્યક્તિએ પોતાના રાષ્ટ્રના નિર્માણમાં સતત પોતાનું યોગદાન આપે છે તે 'યુવાન' જ છે.

આપણું આર્ષ મહાકાવ્ય મહર્ષિ વાલ્મીકિ રચિત રામાયણમાં પણ યુવાશક્તિનો ઉપયોગ રાષ્ટ્ર માટે કર્યો હોય એ જોવા મળે છે. મહર્ષિ વિશ્વામિત્ર યજ્ઞ કરવા પ્રયત્ન કરે છે પરંતુ મારીચ અને સુબાહુ નામના રાક્ષસો યજ્ઞની વેદી પર રક્ત અને માંસની વર્ષા કરી વિઘ્ન ઉત્પન્ન કરે છે ત્યારે મહર્ષિ વિશ્વામિત્ર મહારાજ દશરથ પાસે મદદરૂપે સૈન્યબળ માગતા નથી પણ તેમના યુવાનપુત્ર રામને યજ્ઞ પૂર્તિ માટે આપવા કહે છે. મહર્ષિ વિશ્વામિત્ર કહે છે કે, **स्वपुत्रं राजशार्दूल रामं सत्यपराक्रमम्। काकपक्षधरं वीरं ज्येष्ठं मे दातुमर्हसि**।[3] અર્થાત્ નૃપશ્રેષ્ઠ ! તમે પોતાના

કાકપચ્છધારી, સત્યપરાક્રમી, શૂરવીર જ્યેષ્ઠ પુત્ર શ્રીરામને મને આપી દો. રામ-લક્ષ્મણ જેવા યુવાનો જ સક્ષમ છે સમાજમાં ફેલાયેલ રાક્ષસોરૂપી દુરાચારને દૂર કરી સમાજમાં શુદ્ધતાને પ્રસરવા માટે. મહારાજ દશરથ પણ રામના વિવાહ બાદ અયોધ્યાનું રાજય પોતાના યુવાન પુત્ર રામના હાથમાં આપવા ઈચ્છે છે. મહારાજ દશરથ જાણે છે કે, પોતાનો યુવાન પુત્ર રામ અયોધ્યાની પ્રજા માટે કાર્ય કરી એક આદર્શ રાજ્યવ્યવસ્થા પૂરી પાડશે. માત્ર રાજા દશરથ જ નહિ પણ રઘુવંશી તમામ રાજાઓ પોતાનું સમુદ્રપર્યન્ત શાસનની ધુરા પોતાના યુવાનપુત્રને સોંપતા હતા તેમજ આ યુવાધન જ એક શ્રેષ્ઠ શાસન કરી પ્રજાહિતના કાર્યો કરતાં હતા. મહર્ષિ વેદવ્યાસ રચિત મહાભારતમાં પણ મહારાજ શાન્તનુથી માંડી મહારાજ પરીક્ષિત સુધી તમામ રાજાઓ પોતાના રાષ્ટ્રનિર્માણમાં યુવાનોને મહત્વપૂર્ણ સ્થાન આપ્યું છે.

સંસારમાં પરિવર્તન લાવનાર કોઈ હોય તો યુવાન છે. કુરુક્ષેત્રના મેદાનમાં શ્રીકૃષ્ણ અર્જુનને **'श्रीमद्भगवद्गीता'** રૂપી અમૃતનું પાન કરાવે છે ત્યારે શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે, **"कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन। मा कर्मफलहेतुर्भूर्मा ते सङ्गोऽस्त्वकर्मणि।।"**[4] અર્થાત્ તારો કર્મ કરવામાં જ અધિકાર છે (તેના) ફળમાં નહિ. કર્મના ફળનો હેતુ ન હોય તથા કર્મ ન કરવામાં પણ આસક્તિ ન હોય. સંસારમાં ફેલાયેલ દુરાચાર, અવ્યવસ્થા, દબાયેલ, પીડાયેલ લોકોને પણ ન્યાય પ્રાપ્ત થાય, તેમના જીવન પણ સમૃદ્ધ બને તેમને ધર્મના માર્ગે ચલાવનાર અર્થાત્ જ્યાં મૂલ્યોથી યુક્ત પાંડવો છે તેમને શ્રીકૃષ્ણ રાષ્ટ્રનું યોગ્ય નિર્માણ થાય તે હેતુથી અર્જુનને જ્ઞાન આપે છે. પાંડવો સંસારના અનેક રાજ્યોને એક કરી ભારતવર્ષને જોડે છે. ધર્મ, નીતિ તેમજ પ્રજા માટે કાર્ય કરી શકે એવા સશક્ત યુવાનો પાંડવો હતાં તેથી જ્ઞાન, ભક્તિ કર્મ જેવા અનેક વિષયો પર અર્જુનને શ્રીકૃષ્ણ જ્ઞાન કરાવે છે. વેદોથી માંડી ઉપનિષદ્ તેમજ સંસ્કૃત જગતે યુવાનો કર્મના માર્ગે ચાલી પોતાની બુદ્ધિ શક્તિનો ઉપયોગ કરી શકે તે માટે સતત કર્મ કરવા માટે પ્રેરણા આપી છે. **कठोपनिषद्** માં પણ યુવાનને પોતાના લક્ષ્ય પ્રત્યે કટિબદ્ધ રહે તે માટે કહ્યું છે કે , **उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत** ।[5] અર્થાત્ ઉઠો, જાગો અને શ્રેષ્ઠ પુરુષોના સમીપ જઈને જ્ઞાન પ્રાપ્ત કરો. યુવાનો સતત પોતાના કર્મ પ્રત્યે જાગ્રત રહી અને કાર્યની પ્રાપ્તિ ના થાય ત્યા સુધી પોતાના લક્ષ્યને વળગી રહે અને પોતાના કર્મથી એક ઉજ્જળ ભારતનું નિર્માણ થાય એ જ અપેક્ષા ભારતવર્ષને હોય છે.

જયારે નંદવંશના રાજા ધનાનંદની નીતિ પ્રજા વિરોધી બને છે. તેનામાં રહેલ મૂલ્યોનો નાશ તેમજ પ્રજાહિતના કાર્યોને બદલે તે અધર્મના માર્ગે જાય છે ત્યારે आचार्य कौटिल्य એક યુવાન ચન્દ્રગુપ્ત મૌર્યના હાથે પ્રજાવિરોધી નંદવંશનો નાશ થઈ લોકકલ્યાણના કામ થાય તે માટે ચાણક્ય ચન્દ્રગુપ્ત મૌર્યને શિક્ષિત કરે છે. ચાણક્ય જાણતાં હતા કે, ભારતવર્ષની ધુરાને યોગ્ય યુવાનના હાથમાં આપવામાં આવે તો પ્રજાહિતના કાર્યો કરીને એક શ્રેષ્ઠ રાષ્ટ્રનું નિર્માણ થઈ શકે છે. જયારે યુવા શક્તિની વાત આવે છે ત્યારે 'આદિગુરુ શંકરાચાર્ય' જેમણે ૪ વાર ભારતભરની યાત્રા કરીને ધર્મનાં સાચા સ્વરૂપને લોકોને સમજાવ્યું છે. તેમને માત્ર ૩૨ વર્ષની ઉંમરમા 'જગદ્ગુરુ'ની ઉપાધી પ્રાપ્ત કરી હતી. જયારે મનુષ્ય ધર્મના સાચા સ્વરૂપને જાણી જાય છે, જીવનના સત્યોને સમજી લે છે ત્યારે પોતાનું યોગદાન પોતાના રાષ્ટ્રના હિતમાં જ આપે છે.

જયારે યુવાન પોતાની સભ્યતા અને સંસ્કૃતિને ભૂલી જાય છે ત્યારે એક માયાના એવા ચક્રમાં ફસાઈ જાય છે કે, જ્યાં એ પોતાના સ્વાર્થથી ઉપર કશું જ જોઈ શકતા નથી. જો એક સશક્ત રાષ્ટ્રનું નિર્માણ કરવું હશે તો ભારતીય યુવાનોને સાચા અર્થમાં ગુરુકુળમાં જે શિક્ષણ આપતું હતું કે, જ્યાં શિક્ષણનું લક્ષ્ય કેવળ પદવી માટે નહિ પણ જ્ઞાન પ્રાપ્તિ જ હતું. ગુરુકુળ એવા યુવાનો સમાજને આપતા હતાં કે, જે સાચે જ ભારતની દરેક સ્થિતિથી પૂરેપૂરાં અવગત હોય જેથી પ્રજાને ધ્યાનમાં રાખીને યુવાનો પોતાની શક્તિનો ઉપયોગ પોતાના રાષ્ટ્ર માટે કરતાં હતા.

યુવાન શબ્દને યાદ કરતા જ આપણને 'સ્વામી વિવેકાનંદના' સ્વપ્નનો યુવાન દેખાવા લાગે છે. સ્વામી વિવેકાનંદે માતા ભવાનીના એવા નવયુવકોનું અહ્વાન કર્યું હતું , "જે યુવાન માતા ભારતીના બલિદાન માટે તૈયાર હોય, જે શરીરથી મજબૂત હોય, જે વિદ્વાન હોય, જેમાં ઊર્જા અને સ્ફૂર્તિ હોય. આ શ્રેણીના યુવાન રાષ્ટ્રના ભાગ્ય વિધાતા બની શકે છે. કહેવાય છે કે, જો કોઈ એવી ભૂમિ જે મંગલદાયિની, પુણ્યભૂમિ કહેવાય, જ્યાં ઈશ્વરની તરફ અગ્રેસર થનારી પ્રત્યેક આત્માને પોતાના અંતિમ આશ્રય સ્થળ પ્રાપ્ત કરવા જ્યાં આવવું પડે તો તે માત્ર 'ભારતભૂમિ' છે. કહેવાય છે કે, દેવોથી પણ એ લોકો ધન્ય છે, જે સ્વર્ગ અને ઉપવર્ગના સાધનભૂત એવી ભારતભૂમિ પર ઉત્પન્ન થાય છે. **अथर्ववेद** માં કહ્યું છે કે, **माता भूमिः पुत्रो अहं पृथिव्याः**। અર્થાત્ આ પૃથ્વી આપણી માતા છે અને આપણે તેના સંતાનો છીએ. આટલી

પુણ્યશાળી ભારતભૂમિને મુક્ત કરાવા અનેક લોકોના બલિદાન પછી સ્વતંત્રતા પ્રાપ્ત થઈ છે. આપણે સ્વતંત્ર પ્રાપ્ત કરી અનેક ઉદ્યોગો તેમજ વૈજ્ઞાનિક રીતે વિકાસ કરવામાં એટલા બધા વ્યસ્ત થઇ ગયા કે, તેને જ રાષ્ટ્રની ઉન્નતિ માનવા લાગ્યાં. મહાન ભાષા સંસ્કૃત અને ભારતીય સભ્યતા અને સંસ્કૃતિથી દૂર જવા લાગ્યા. આપણે ભૂલી ગયા કે, રાષ્ટ્રની સુરક્ષા જેટલી જરૂરી છે એટલું જ જરૂરી છે, 'રાષ્ટ્રના યુવાનોનું ચરિત્ર.' કોઈ પણ રાષ્ટ્રના યુવાનોનું જો ચરિત્ર નિર્માણ ના થાય તો તે રાષ્ટ્ર ક્યારેય ઉન્નતિના શિખરોને પ્રાપ્ત કરી શકતું નથી. ચરિત્ર એક એવો પ્રકાશ છે, જે હર સ્થિતિમાં પ્રકાશિત થાય છે. આપણે જાણીએ છીએ કે, નવી પેઢી એક સારા સમાજ અને રાષ્ટ્રનું નિર્માણ કરી શકે છે. આજે આપણે જોઈએ છીએ કે, અમુક અંશે યુવાશક્તિને માત્ર ડિગ્રી આધારિત જાણકારી આપવામાં આવી રહી છે, જ્ઞાનનાં સાચા સ્વરૂપને તો યુવાનો પામી જ શકતા નથી. તેનું એ પરિણામ આવ્યું કે, સમાજમાં અનેક અયોગ્ય બનાવો બનવા લાગ્યાં. સમાજ-વ્યવસ્થા ધીમે-ધીમે અશક્ત થવા લાગી. યુવાશક્તિને નૈતિકતા તેમજ મૂલ્યો આધારિત શિક્ષણ આપવામાં કોઈ સચોટ પ્રયાસ ન કર્યા. જેનું પરિણામ એવું આવ્યું કે યુવાનો **'सत्यं वद, धर्मं चर, स्वाध्यायान्मा प्रमदः**।'[7] અર્થાત્ સત્ય બોલો, ધર્મનું આચરણ કરો, સ્વાધ્યાયમાં આળસ ના કરો. આવા આચરણથી અનેક યુવાનો દૂર જવા લાગ્યા. માત્ર કોઈ પણ ભોગે ડિગ્રી મેળવીને ભૌતિકતા પામવા માટે 'અર્થ'ને જ મહત્વ આપવા લાગ્યાં. દેશમાં વ્યાપી રહેલા ભ્રષ્ટાચાર, અનૈતિકતા, કામચોરી વગેરેના પ્રતિદિન આપણને અનેક કિસ્સાઓ જોવા મળે છે. મનુષ્યને મનુષ્ય પરનો વિશ્વાસ ઘટી રહ્યો છે. આપણે અર્થોપાર્જન અને રોજગારી પ્રાપ્ત કરવામાં એટલા બધા વ્યસ્ત થઈ ગયા કે, સાચું શિક્ષણ કેવું હોવું જોઈએ એ જ વિસ્મૃત થયું. જેનું પરિણામ એ આવ્યું કે, નવી પેઢીએ પોતાનું ભવિષ્ય તો સુધારી દીધું, પોતાનાં સ્વપ્નને સાકાર તો કર્યા પરંતુ નૈતિક શિક્ષણના અભાવમાં રાષ્ટ્રનું નિર્માણ ન કરી શકી.

રાષ્ટ્રનિર્માણનો સાચો અર્થ ત્યારે જ સિદ્ધ થાય, જયારે નાગરિકોનું 'ચરિત્રનિર્માણ' થયું હોય અને તેમના વ્યક્તિત્વનું યોગ્ય ઘડતર થયું હોય. કોઈ પણ બાળકનું નીતિયુક્ત ઘડતર તેનાં માતાપિતા કરે ત્યારબાદ તેના શિક્ષકો અને અધ્યાપકો દ્વારા ચારિત્ર્યનું ઘડતર થાય છે ત્યારે જ એક મજબૂત રાષ્ટ્ર બની શકે છે. "જે શિક્ષણ કેવળ પુસ્તકો પર આધારિત હોય તેમાં નૈતિકતાનો જો કોઈ જ અંશ ન હોય તો સાચે જ તે એક વેરાન રણ સમાન જ છે." શિક્ષણ જ્યારે માત્ર ભૌતિકતા પ્રાપ્તિ માટે જ નહી પરંતુ વ્યક્તિની અંદર રહેલ 'પરોપકાર' અને 'માનવતા'ને ખીલવે છે ત્યારે એ યુવાનો લોકહિતનાં કાર્યો કરી સ્વયં આનંદિત રહી અનેક

લોકોને પોતાના ગુણોથી કલ્યાણનો માર્ગ પ્રશસ્ત કરે છે. મહાત્મા ગાંધીજીના શબ્દોમાં કહીએ તો બાપુ કહેતાં હતાં કે, 'વિશ્વવિદ્યાલયના શિક્ષણનો ઉદ્દેશ્ય યુવાનોને એવા સાચા સેવક બનાવાનો હોવો જોઈએ કે, જેઓ દેશ માટે જીવશે અને દેશ મરશે.' સ્વામી વિવેકાનંદનું મિશન હતું કે, નવયુવાનોને જગાડી ભારતમાતાની ખોવાયેલી પ્રતિષ્ઠા પાછી લાવવી. તે માટે નવી પેઢી પર તેમને અનેક ઘણી શ્રદ્ધા હતી. સ્વામી વિવેકાનંદે યુવાધન માટે કહ્યું હતું કે, "મારી શ્રદ્ધા યુવા પેઢીમાં છે. યુવાનોએ રાષ્ટ્રનું નિર્માણ કરવાનું છે. મારી ભવિષ્યની આશા ચારિત્ર્યવાન યુવાનોમાં રહેલી છે." ભારતની યુવાપેઢીમાંથી સ્વામી વિવેકાનંદે ઈ.સ. 1893 ની અમેરિકાની શિકાગોની ધર્મસભામાં ભારતને રજૂ કર્યું હતું. ભારતનાં આ યુવાને કહ્યું હતું કે, મને એ વાતનો ગર્વ છે કે, હું એ ધર્મને અનુસરું છું, જેણે વિશ્વને સહિષ્ણુતા અને સાર્વભૌમિક સ્વીકૃતિનું જ્ઞાન આપ્યું છે. તેમને કહ્યું કે, સર્વ ધર્મો પ્રત્યે સહિષ્ણુતા દાખવવામાં અમે માનીએ છીએ. બધા ધર્મો સત્ય છે એવો પણ અમે સ્વીકાર કરીએ છીએ. સાંપ્રદાયિકતા, કટ્ટરતા અને તેના ભયાનક વંશજો ની ધાર્મિક હઠે આ સુંદર ધરતીને લાંબા સમયથી જકડી રાખી છે. તેમણે આ વિશ્વમાં પારાવાર હિંસા ફેલાવી છે અને અનેક વખત આ ધરતી લોહીથી લાલ થઈ ચૂકી છે. તેમાં સંખ્યાબંધ સંસ્કૃતિઓ તથા દેશોનો નાશ થયો છે. આ ખૌફનાક રાક્ષસો ન હોત તો માનવસમાજ અત્યાર કરતાં અનેક ઘણો બહેતર હોત, પણ એ રાક્ષસોનો સમય પુરો થઈ ગયો છે. મને આશા છે કે આ સભાના માનમાં સવારે વગેલો ઘંટ તમામ પ્રકારની કટ્ટરતા, હઠધર્મિતા અને દુઃખોનો વિનાશ કરશે. એ વિનાશ ભલે તલવાર વડે થાય કે કલમ વડે. "જે રીતે અલગ-અલગ સ્થળોએથી નિકળેલી નદીઓ અલગ-અલગ માર્ગોથી આગળ વધીને આખરે સમુદ્રમાં ભળી જાય છે તેવી જ રીતે મનુષ્ય પોતાની ઇચ્છાથી અલગ-અલગ માર્ગ પસંદ કરે છે" એ માર્ગો ભલે અલગ-અલગ દેખાય, પણ બધા રસ્તા આખરે તો ઈશ્વર ભણી જ જાય છે."[8] આવી સમસ્ત જગતની એકતા, દુરાચારનો નાશ તેમજ સમસ્ત માનવજાતિનું કલ્યાણ થાય તે માટેનો માર્ગ ભારતની યુવાશક્તિ જ આપી શકે. ભારતની યુવાશક્તિ માત્ર ભારતમાં જ નહી પરંતુ સમગ્ર જગતમાં ચમત્કાર કરી શકે છે. તેથી જરૂરી છે આપણી વિશાળયુવા શક્તિ સ્વયંની ઉર્જાથી પરિચય થાય અને તેમનામાં ઉર્જાનો વિકાસ થાય, તેને જાળવી રાખવાના પ્રયાસ કરવા જરૂરી છે. તેમની ઉર્જાનો ઉપયોગ રાષ્ટ્રનિર્માણ અને પ્રગતિમાં થાય તેવા પ્રયાસ જરૂરી છે.

આજે આપણે જોઈએ છે કે, આજે અનેક યુવાનો રોજગારીની સમસ્યાથી ગ્રસ્ત હોય છે તેમને જે શિક્ષણ પ્રાપ્ત કર્યું છે તે અનુરૂપ કાર્ય પ્રાપ્ત થતું નથી. આવા યુવાનોને રાષ્ટ્રનાં

નિર્માણનાં કાર્યમાં જોડવા જોઈએ. જેથી બેરોજગાર યુવાનોની જે રોજગારીની સમસ્યા છે તે અમુક અંશ સુધી દુર કરી શકાય છે. શિક્ષિત, ચારિત્ર્યવાન યુવાનોને ગામની વિદ્યાલય, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, કિસાન કેન્દ્ર પર રાખી રોજગારી આપી શકાય છે. ગામનાં જે સરકારી કેન્દ્રો છે ત્યાં યુવાધનને રાખી તેમને રોજગારી આપી તે કેન્દ્રોની કાર્યક્ષમતા પણ વધારી શકાય છે. અનેક એવા સરકારી કામો હોય છે જેમ કે જનગણના વગેરે જેવા કાર્યોમાં શિક્ષકો અને અધ્યાપકોને જોડવામાં આવે છે. તેની સીધી અસર વિદ્યાર્થીઓના શિક્ષણમાં પડે છે તેથી જો તેની જગ્યાએ જેમની પાસે રોજગારી નથી તેવા યુવાનોને જોડવામાં આવે તો તેમને રોજગારી પ્રાપ્ત થાય તેમજ કાર્યનો અનુભવ પણ પ્રાપ્ત કરી શકે. મતદાન જેવા કાર્યોમાં પણ અધિકારીઓની સાથે યુવાશક્તિને જોડવામાં આવે તો તેનો લાભ રાષ્ટ્ર અને યુવાનોને એમ બંન્ને પક્ષે થઈ શકે છે. કુંભમેળા જેવા અનેક મેળામાં પોલીસ કર્મચારીની સાથે જો યુવાશક્તિને જોડવામાં આવે તો સંચાલક સુચારુપૂર્ણ થઈ શકે છે. આવા અનેક કાર્યક્રમો હોય છે જેમાં યુવાશક્તિને રાષ્ટ્ર નિર્માણમાં જોડી શકાય છે.

રાષ્ટ્રના તમામ લોકોની ઉન્નતિ ત્યારે જ સંભવ છે જ્યારે સ્વયં પોતાના ચારિત્ર્યનું નિર્માણ કરી પોતાની પાત્રતા એટલી ઉજ્જ્વળ બનાવે કે, તે પોતાનાં ક્ષેત્રમાં અનેક ઘણી સફળતા પ્રાપ્ત કરી શકે. પોતાની સાથે સાથે અન્ય મનુષ્યના નિર્માણ તેમજ સફળતા માટે મદદરૂપ થાય છે.

❖❖❖

❋ **पादटीपः**

1. अमरकोशः - 2/6/42
2. वाचस्पत्यम् – पृ. 4779
3. श्रीमद्वाल्मीकीय रामायण – बालकाण्डे 19/8
4. श्रीमद्भगवद्गीता :- 2/47
5. कठोपनिषद् :- 1/3/14
6. अथर्ववेद - 12/1/12
7. तैत्तिरीयोपनिषद् – 1/11/1
8. સ્વામી વિવેકાનંદ (જીવન પ્રસંગો) – પૃ – 81,82

❋ **सन्दर्भ ग्रन्थाः**

1. अमरकोशः – अमरसिंह विरचितः – पण्डितरामेश्वरभट्टेन संशोधित 'लक्ष्मीवेंकटेश्वर' मुद्रालये प्रकाशित – सं 1964
2. वाचस्पत्यम् – षष्ठो भागः – चौखम्बा संस्कृत सीरीज आफिस, वाराणसी
3. श्रीमद्वाल्मीकीय रामायण – गीताप्रेस, गोरखपुर सं – 2080
4. श्रीमद्भगवद्गीता – गीताप्रेस, गोरखपुर
5. कथोपनिषद् – गीताप्रेस, गोरखपुर
6. अथर्ववेद – डॉ. गंगा सहाय शर्मा
7. तैत्तिरीयोपनिषद् – चौखम्भा पब्लिशर्स – कन्हैयालाल जोशी
8. સ્વામી વિવેકાનંદ – મધુકાન્ત પ્રજાપતિ, પ્રથમ આવૃત્તિ – વર્ષ 2011

24

વર્તમાન સમાજ અને સોશિયલ મીડિયા

જીગ્નેશકુમાર વિનુભાઈ વાઘેલા
રિસર્ચ સ્કોલર
અનુસ્નાતક સમાજશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સીટી,વલ્લભ વિદ્યાનગર

સારાંશ:-

આજનાં સમયમાં એક પણ દિવસ આપણે સોશિયલ મીડિયા વગર કલ્પના કરી શકો છો ? જવાબ હશે “ના” ... ખાસ કરીને શહેરના લોકો અને યુવાનો તેના સહકાર વિના રહી શકતા નથી.કારણકે આપણે તકનીકી વિશ્વમાં જીવીએ છીએ જ્યાં આપણે જે વસ્તુનો ઉપયોગ કરીએ છીએ તે બધીજ તકનીકીથી ભરેલી છે.તેથીજ social media નું ભવિષ્ય પણ ખુબજ ઉજ્જવળ છે.વર્તમાન પેપર આજનાં આધુનિક સમાજ અને સોશિયલ મીડિયા નાં સંબંધ વચ્ચેનો અભ્યાસ કરેલ છે.જે કેટલાક સંસોધન લેખો,નોધો ,સાહિત્યો નું વિશ્લેષણ કરી અને તેનું અભ્યાસ કરી લખાયેલ છે.પ્રસ્તુત સંશોધન પેપરમાં સોશિયલ મીડિયાનો અર્થ, તેના પ્રકારો, વિશેષ ઉપયોગ, સોશિયલ મીડિયાના ઉપયોગના જોખમો અને સોશિયલ મીડિયાની સામાજીક અસરો ની માહિતી વર્ણવેલ છે.

ચાવીરૂપ શબ્દો :- મીડિયા, સામાજીક અસરો,ટેકનોલોજી,યુવાન,સંબંધ

પ્રસ્તાવના :-

આજે આપણે સાયબર યુગમાં પ્રવેશી ચુક્યા છે.સંપર્ક અને સંચાર માધ્યમોની માયામાં મનુષ્ય એવી રીતે સપડાઈ ગયો છે કે તે સોશિયલ મીડિયાને,વર્ચ્યુઅલ વિશ્વને સાચું માની બેઠો છે.મીડિયાની લોકપ્રિયતાને કારણે સોશિયલ સાઈટોનો ઉપયોગ ખુબ મોટા પ્રમાણમાં થવા લાગ્યો છે.સંપર્ક અને સંચાર મીડિયાનાં આ યુગમાં અનેક પરિવર્તનો થયા છે.આપણો

સામાજીક,રાજનૈતિક આર્થિક, અને સાંસ્કૃતિક વર્ચસ્વ નો મુળ આધાર મીડિયા છે.આજે આપનો કોઈ વિચાર,વ્યક્તિ,સંસ્કૃતિ,મુલ્ય, સંસ્કાર વગેરેનું પરિવર્તન કરવું હોય તો મીડિયા વિના આ કાર્ય અશક્ય છે.મીડિયા નાં ફક્ત સંચાર પરંતુ સર્જક પણ છે.તે ફક્ત કોઈ ઉપકરણ કે પ્રત્યાયનનું માધ્યમ નથી,તે પરિવર્તન નું શસ્ત્ર પણ છે.

જો કોઈ વ્યક્તિઓનો સમૂહ,રાજનૈતિક પક્ષ,રાજ્ય ,અથવા કોર્પોરેટ હાઉસ એ નક્કી કરી શકતા નથી કે મીડીયાએ શું કરવાનું છે? આપને સમાજ સાહિત્ય,સંસ્કૃતિ,રાજનીતિ વગેરે ક્ષેત્રમ એકબીજાને ટકરાવ થાય એવા દ્રષ્ટીકોણથીજ વિચાર કર્યો છે.પ્રત્યેક મીડિયાનું પોતાનું આગવું ચરિત્ર હોય છે.આજનાં પ્રત્યાયનના યુગમાં મીડિયા સ્વાભાવિક રીતે વૈશ્વિક ગણાય છે.મીડિયાના વિભીન્ન સ્વરૂપમાં ઊંડો ભાઈચારો જોવા મળે છે.મીડિયા ટેકનીકમાં પણ હંમેશા નિરંતરતાનું તત્વ હોય છે.ટેકનીક પરંપરાને નવું મીડિયા જન્મ લે છે.મીડિયાને સ્વતંત્રતા સાથે અતિ પ્રેમ અને લગાવ છે.

પદ્ધતિશાસ્ત્ર :

વર્તમાન અભ્યાસ એક વિશ્લેષણાત્મક સંશોધન છે. માહિતી ગૌણ માહિતીના વિવિધ સ્ત્રોતોમાંથી લેવામાં આવી છે. પુસ્તકો, જર્નલ્સ, ઈ-પેપર્સ, સામયિકો, અખબારોના લેખો અને ઓનલાઈન સામગ્રીનો સમાવેશ થાય છે. સરકારી નીતિઓ અને કાર્યક્રમોનું વિવેચનાત્મક મૂલ્યાંકન કરવામાં આવે છે. પ્રસ્તુત લેખ સંશોધન અનુભવો, અવલોકનો અને સાહિત્ય સમીક્ષાના સમાજશાસ્ત્રીય આંતરશાખાકીય વિશ્લેષણ પર દોરે છે. લેખ માત્ર વર્તમાન સમાજ અને સોશિયલ મીડિયા બન્ને નો સમન્વય તપાસવાનો પ્રયાસ કરે છે. સોશિયલ મીડિયાની સમાજ પર કેવી હકારાત્મક - નકારાત્મક અસરો પડી શકે છે તે અંગેનો આ લેખ માત્ર વ્યવહારિક વિચારણા છે. આ કોઈ વ્યાપક સંશોધન પ્રક્રિયા અથવા સૈદ્ધાંતિક પરિપ્રેક્ષ્ય સાથે

તૈયાર કરાયેલો સંશોધન લેખ નથી, તેથી લેખની તમામ મર્યાદાઓ સંશોધકની વૈચારિક મર્યાદાઓ છે.

અભ્યાસ નો ઉપ્દેશ્ય :-

આ પેપરનો હેતુ વર્તમાન સમાજ પર સોશિયલ મીડિયાની હકારાત્મક અને નકારાત્મક અસરોનો વિશ્લેષણ કરવાનો છે. તે સોશિયલ મીડિયાની સમાજ નાં વિવિધ પાસાઓ જેવાકે રાજનૈતિક,સાંસ્કૃતિક,મુલ્યો,સંસ્કારો વગેરેમાં આવેલ પરિવર્તનની તપાસ કરે છે. આ પેપરનો ઉદ્દેશ્ય સમાજ પર સોશિયલ મીડિયાની વિવિધ પાસાઓ પર થતી અસરો તપાસી તેની નકારાત્મક અસરો તપાસી તેમાં ઘટાડો કરવાનો છે.

સોશિયલ મીડિયા એટલે શું ?

સોશિયલ મીડિયાને સોશિયલ મીડિયા સર્વિસ તરીકે પણ ઓળખવામાં આવે છે. આનો અર્થ એ છે કે તમારા મિત્રો અને સંબંધીઓ સાથે કનેક્ટ થવા માટે ઇન્ટરનેટનો ઉપયોગ કરવો. જ્યાં તમે એકબીજા સાથે મિત્રતા, સંબંધ, શિક્ષણ, રુચિઓની આપલે કરો છો.

આના દ્વારા આપણે દેશ-વિદેશમાં બનતી ઘટનાઓ વિશે જાણી શકીએ છીએ. આનાથી આપણે એકબીજાની રુચિઓ વિશે જાણી શકીએ છીએ અને તેમની શોધ પણ કરી શકીએ છીએ.

સોશિયલ મીડિયા એ તે વેબસાઇટ્સ અને એપ્લિકેશન્સની સગવડ તરીકે સમજવામાં આવે છે જે અમારા જેવા વપરાશકર્તાઓને આ સિસ્ટમ પ્રદાન કરે છે જેથી અમે અને તમે તમારી અને અન્યની સામગ્રી સરળતાથી બનાવી અને શેર કરી શકીએ.

તે જ સમયે, ચાલો આપણે સોશિયલ નેટવર્કિંગ ચેનલો દ્વારા એકબીજા સાથે જોડાઈએ અને ભાગ લઈએ.

સોશિયલ મીડિયાની વિશેષતા :

સામાજીક મીડિયા સેવા મુખ્યત્વે વેબ આધારિત સેવાઓ છે.જે લોકોને મર્યાદિત સિસ્ટમમાં સાર્વજનિક અથવા અર્ધ-જાહેર પ્રોફાઇલ બનાવવાની મંજુરી આપે છે.આ સાથે તેઓને તેમની સામગ્રી અન્ય લોકો સાથે કેવી રીતે શેર કરવી તેની સુવિધા મળે છે.

આ જોડાણની પ્રકૃતિ અને નામકરણ એક સાઈટથી બીજી સાઈટ પર બદલાય છે.આ સાથે તે આપણને એકબીજાને મળવામાં મદદ કરે છે અને જે વસ્તુઓ આપણે આપણા અવાજ દ્વારા કહી શકતા નથી,તેની મદદથી આપને તે સંદેશ અન્ય લોકો સુધી પહોંચાડી શકીએ છીએ.

સોશિયલ મીડિયાનો ઉપયોગ :-

વ્યવસાયમાં,સોશીયલ મીડિયાનો ઉપયોગ ઉત્પાદનોના બજારમાં કરવા,બ્રાન્ડ્સ ને પ્રોત્સાહન આપવા,વર્તમાન ગ્રાહકો સાથે જોડાયેલા રહેવા અને નવા વ્યવસાય ને પ્રોત્સાહન આપવા માટે થાય છે.સોશિયલ મીડિયા એનાલીટીક્ષ ઈ-બ્લોગ અને સોશિયલ મીડિયા વેબસાઈટ માંથી ડેટા એકત્રિત કરવાની અને વ્યાવસાયિક નિર્ણયો લેવા તે ડેટા નાં વિશ્લેષણની પ્રથા છે.

સોશિયલ મીડિયાના પ્રકાર :-

- Social Networks: Facebook, twitter, Linkedin
- Media Sharing Networks: Instagram, Snapchat, Youtube
- Discussion Forms: Reddit, Quora, Digg
- Bookmarking and Content Curation Networks: Pinterest, Flipboard

- Consumer Review Networks: Yelp, Zomato, Tripadvisor
- Blogging and Publishing Networks: WordPress, Tumblr, Medium
- Interest-Based Networks: Goodreads, Houzz, Last.fm

હવે આપને અહી કેટલાક મહત્વનાં સોશિયલ મીડિયાના પ્રકારો જોઈશું...

- **વ્યવસાયિક એપ્લીકેશન : સોશિયલ મીડિયાનો યોગ્ય રીતે ઉપયોગ કરવો એ ઉદ્યોગ સાહસિકો અને નાણા વ્યવસાયો માટે ખુબ જ ફાયદાકારક છે.આનાથી તેઓ ઘણાં લોકો સાથે સહયોગ કરીને પોતાનો બીઝનેસ વધારી શકે છે.તેઓ તેમના ઉત્પાદનની જાહેરાત કરવા માટે social media નો ઉપયોગ પણ કરી શકે છે કારણકે social media સમગ્ર વિશ્વમાં કાર્યરત છે.તેથી તેની મદદથી આપને વિશ્વમાં કોઇપણ દેશમાં સ્થિત લોકોનો સંપર્ક કરી શકીએ છીએ અને અમારો વ્યવસાય વધારી શકીએ છીએ.**
- **તબીબી કાર્યક્રમો:** ઘણા આરોગ્ય વ્યાવસાયિકો તેમના સંસ્થાકીય જ્ઞાનનું સંચાલન કરવા માટે social media નો ઉપયોગ કરે છે. આની મદદથી તેઓ તેમના ડોક્ટરો અને સંસ્થાઓને લોકોની સામે ઉજાગર કરી શકે છે. આનાથી તેઓ તેમના જ્ઞાનને અન્ય લોકો સાથે પણ શેર કરી શકે છે.

- **રિસર્ચ** :સોશિયલ મીડિયાસ્ટિંગ સેવાઓનો ઉપયોગ હવે ફોજદારી અને કાનૂની તપાસ માટે થઈ રહ્યો છે. MySpace અને Facebook જેવી સાઈટમાં આવેલી માહિતીનો ઉપયોગ પોલીસ તપાસ માટે કરે છે.
- **સામાજિક ભલાઈ માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ**:ઘણી સામાજિક સેવાઓ સોશિયલ મીડિયાનો યોગ્ય રીતે ઉપયોગ કરે છે કારણ કે તેઓ સારી રીતે જાણે છે કે ઘણા લોકો social media પર આવે છે અને સારી પોસ્ટ્સ શોધે છે. આ કારણે, જો તેઓ તેમની સાથે તેમની સમાજ સેવા વિશે વાત કરે, તો કદાચ કેટલાક લોકો તેમની સાથે આ સારા કાર્યમાં જોડાવા માટે સંમત થશે. જેના કારણે તેમના દર્શકોની સંખ્યા પણ વધી જાય છે અને તેમના અનુયાયીઓ પણ વધુ સમાન વિચારધારાવાળા લોકો (સમાન વિચારધારાના લોકો) સાથે મળીને કામ કરીને, તેઓ ઘણા અશક્ય લાગતા લક્ષ્યોને સરળતાથી પ્રાપ્ત કરી શકે છે. અને આ સમાજ માટે કંઈક અલગ અને સારું કામ કરી શકે છે.

સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવાના જોખમો :

જ્યાં સોશિયલ મીડિયાનો ઉપયોગ આપણને ઘણી બધી શક્યતાઓનો લાભ લેવામાં મદદ કરે છે, જેમ કે આપણા મિત્રો સાથે સંપર્ક વધારવો, વિશ્વને નજીકથી જાણવું, સંસ્કૃતિઓ વિશે જાણવું, લાંબા અંતરના સંબંધો વગેરે. તે જ સમયે, તે તેની સાથે ઘણા જોખમો પણ લાવે છે, જેના વિશે જાણવું આપણા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

તેઓ કહે છે કે એક સિક્કાની બે બાજુ હોય છે, તેવી જ રીતે social media નો ઉપયોગ પણ એટલો જ જોખમી બની શકે છે જો આપણે તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે જાણતા નથી. કારણ કે આપણે આવા ઘણા છેતરપિંડી કરનારાઓ અને છેડતી કરનારાઓ ઓનલાઈન શોધી

શકીએ છીએ જેઓ આપણને મિત્ર હોવાનો ઢોંગ કરીને ફસાવી શકે છે અને ખોટા કામો કરાવવા માટે મજબૂર કરી શકે છે. તો ચાલો જાણીએ આ વિશે વધુ કંઈક.

મુખ્ય જોખમો જે સોશિયલ મીડિયાના ઉપયોગને કારણે થઈ શકે છે:

1. **ગોપનીયતાની ખોટ** : અમે social media પર અપલોડ કરીએ છીએ તે તમામ ડેટા, માહિતી, ફોટો, વિડિયો અથવા ફાઇલ તેનો એક ભાગ બની જાય છે, જે પાછળથી એડમિનિસ્ટ્રેટરની ફાઇલોનો એક ભાગ બની જાય છે. બદલામાં, જો ક્યારેય કોઈ હેકર તે સિસ્ટમને હેક કરે છે, તો તે સરળતાથી આપણો તમામ ડેટા મેળવી શકે છે અને તેનો દુરુપયોગ પણ કરી શકે છે. એટલા માટે તમારી બધી માહિતી ક્યારેય કોઈ પણ social media પર સેવ ન કરો.
2. **અયોગ્ય (અનિચ્છિત) સામગ્રીની ઍક્સેસ** : અમારા નેટવર્ક પર અમારું ઓછું નિયંત્રણ હોવાથી, અમે ઇન્ટરનેટ પર જે માહિતી જોઈએ છીએ તેમાં ખરાબ અને અયોગ્ય સામગ્રી પણ હોઈ શકે છે, ભલે અમે તે ઇચ્છતા ન હોય. તે હિંસક, જાતીય અથવા કોઈપણ ડ્રગ સંબંધિત વસ્તુઓ વગેરે જેવી કોઈપણ સામગ્રી હોઈ શકે છે. આ વસ્તુઓ અન્ય લોકો દ્વારા પણ લિંક્સ, નોટિસના રૂપમાં social media પર પ્રકાશિત અથવા શેર કરી શકાય છે.
3. **સહકર્મીઓ, પરિચિતો અથવા અજાણ્યાઓ દ્વારા ઉત્પીડન** : અહીં બે મૂળભૂત કિસ્સાઓ જોઈ શકાય છે.
   - સાયબર ધમકાવવું: ધમકીઓ, અપમાન, વગેરે દ્વારા આ નેટવર્કમાંના કોઈપણ સાથીદારો અથવા અજાણ્યાઓ દ્વારા સતામણી કરવામાં આવે છે.

- સાયબરરૂમિંગ : આ મુખ્યત્વે સગીરો સાથે પુખ્ત વયના લોકો દ્વારા કરવામાં આવે છે જેથી તેઓ તેમની પાસેથી તેમના ફોટા અને માહિતી મેળવી શકે, જેનો તેઓ પાછળથી તેમના કાર્યને પ્રાપ્ત કરવા માટે ઉપયોગ કરી શકે.

સોશિયલ મીડિયાની સામાજીક અસરો :-

- મોબાઈલ ઈન્ટરનેટ ન કેવળ યુવા પેઢીને પ્રભાવિત કરી વ્હલે પ્રૌઢ અને વૃધ્ધ વ્યક્તિઓની સાથે સાથે ખેડૂત મજૂરથી લઈને મોટા મોટા વિદ્વાનો અને શાસ્ત્રો સુધી તે પહોંચી ગયું છે જે એ સાબિત કરે છે મીડિયા બધી જ જગ્યાએ પોતાનો પ્રભાવ જમાવી ચુક્યું છે.
- મીડિયામાં છવાયેલા સાંસ્કૃતિક વર્ચસ્વ નો વિકલ્પ શું છે? આ પરિસ્થિતિમાં સોપ્રથમ આજ સુધીની ટેક્નીક અને ભૌતિક વસ્તુસ્થિતિની જાણકારી, ઉચ્ચસ્તરના જ્ઞાન ના આધારે પસંદગી અને પોતાના દેશની સંસ્કૃતિ અને માહિતી સાથે સંલગ્ન કાર્યક્રમાને લોકપ્રિય બનાવવાની દ્રષ્ટીએ હંમેશા પ્રયાસ કરવા જોઈએ.
- લોકોની વચ્ચે ચર્ચા-વિચારણા, ચિંતન, વિશ્લેષણ અને મુલ્યાકન હમેશા શરુ કરવા જોઈએ.
- સંચાર અને સંસ્કૃતિ નીતિની આંતરવસ્તુને આંતરરાષ્ટ્રીય હોવી જોઈએ.
- માનવીય વિકાસન સૌથી મોટો વ્યાપાર માનવો જોઈએ.
- પર્યાવરણને જાળવી રાખવું જોઈએ
- મીડિયા ખાસ કરીને જનતાના અભિપ્રાય ના નામ પર પોતાનો અભિપ્રાય રજુ કરે છે, તે બહુસંખ્યાક જનતાને અભિપ્રાય નથી હોતો, પરંતુ અલ્પસંખ્યાંક જનતાનો અભિપ્રાય હોય છે.

- લોકજીવન અને સામાજિક વિકાસ માટે મીડીયાએ પૂર્વગ્રહરહિત એવું જોઈએ.
- મીડિયા પોતાની સત્તાની ક્ષમતા અનુસાર માહિતીનું વિતરણ કરે છે, તેના પર અંકુશ હોવો જોઈએ.
- મીડિયાની માનસિકતાનો શિકાર મનુષ્ય જયારે વર્ચ્યુઅલ વિશ્વને જ અસલી વિશ્વ માનીને તેમાં જ જીવિત રહેવા ઈચ્છે છે જે નિઃશંક ખોટું અને પ્રકૃતિના નિયમોની વિરુધ્ધ છે.
- મીડિયાની ભાષા નો અસર ન કેવળ લોકો પર થઈ રહ્યો છે પણ તેનાથી ભાષાનું સ્વરૂપ પણ બદલાઈ થયું છે. વિવિધ ભાષાઓના મિશ્રિત પ્રયોગથી પ્રાદેશિક ભાષાઓ મરવા લાગી છે. સોશ્યલ મીડિયાની સંવાદશૈલીની જો આપણે
- સુક્ષ્મતાથી જોઈએ તો આપણે વાગે છે કે સંવાદરીથી ના સ્વરૂપમાં રજૂ થયેલા શબ્દોને તોડી-મરોડીને રજુ કરેલા હોય.છે જેનાથી સંવાદશૈલી માં ઉપયોગમાં લેવામાં આવેલી ભાષાને અપણે મૃત્યુ તરફ ધકેલી રહ્યા છીએ વાસ્તષમાં ભારતમાં ૪૦ જેટલી ભોલીઓનું અસ્તિત્વ રહ્યું નથી. જયારે કોઈ ભાષા નાશ પામે ત્યારે તેની સાથે સાથે ભાષામાં ઉપયોગમાં લેવામાં આવતા શબ્દો, કહેવઓ મુહાવરાઓ,બધું જ નાશ પામે છે.ફેસબુક, ટ્વીટર અને એસ.એમ.એસની ભાષા પણ બીનજવાબદારીયુક્ત હોય છે, જેના કારણે તેના યુઝર્સ અંગ્રેજી ભાષાને પણ ક્ષતિ પહોંચાડી રહ્યા છે.એસ.એમ.એસ ની ભાષાના શબ્દો શોર્ટકટ સીસ્ટમ પર લખેલા હોય છે જેને આજની પેઢી 'લિંગો' કહે છે. મોબાઇલ પર મેસેજ ટાઈપ કરીને ટ્વીટર,ફેસબુક,પર અપડેટ્સ કરતા તેના શબ્દોને સંક્ષીપ્તશબ્દોમાં લખવામાં આવે છે. જેના કારણે ભાષાને બહુંજ મોટી ક્ષતિ પહોંચે છે.
- માહિતી ટેકનોલોજીના પ્રભાવને કારણે જે ઉપકરણોનો વિકાસ થયો,આ બધાં, ઉપકરણો સાથે સંવાદોને ઉત્તેજન મળ્યું.મોબાઈલ, સ્માર્ટફોન,ફેસબુક, વ્હોટસ એપ, એસ.એમ.એસ

એ અન્ય મીડિયા માધ્યમો સાથે જોડાઈને યુઝર્સ એક જ ક્ષણમાં બીજા સાથે સંવાદ કરી શકે છે. સંવાદની પ્રક્રિયા જેટલી ઝડપી થઈ એ જ રીતે ભાષાનું સ્વરૂપ પણ બદલાઈ ગયું. good moming નીજગ્યાએ gm થયુ, oh my god omg થયું અને thank you નું thy બની ગયું સંવાદોની ઝડપ રોકાઈ ન જાય તે માટે શબ્દોને સંકુચિત કરવામાં આવ્યા.વાક્ય એટલા નાના થઈ ગયા કે એમાં ક્રીયાપદોનો ક્ષય થઈ ગયો.શબ્દોના ચિહ્ન બની ગયા અને તેનાથી નવીન ભાષાનો જન્મ થયો.

- એમઝોન, નુક ફ્લીપકાર્ટ પર વેચાણ થતું જોવા મળે છે મીડિયાની માધ્યમથી ઈ-બુક રીડર પ્રણાલી અસ્તિત્વમાં આવી અને તેનાથી પુસ્તકોનું ભવિષ્ય ખતરામાં પડી ચુકયુછે.
- સોશ્યલ મીડિયા ભેપારી તલવાર છે જેનો ઉપયોગ કરતી વખતે એ પણ વિચારવું જોઈએ કે, ક્યાંક કોઇક દિવસે સોશ્યલ મીડિયા આપણી પર બોઝ ન બની જાય. તેને ઉપયોગ ક્યારેક ક્યારેક સામાજિક શાંતિ અને સુવ્યવસ્થાનો ભંગ કરી શકે.
- અભિવ્યક્તિ ની સ્વતંત્રતા અને તેનું નિયંત્રણ આ બન્ને પક્ષોનું ઉત્તમ સંતુલન કરીને એક સમાજ વ્યવસ્થાનું નિર્માણ કરવાનું આપણું ધ્યેય હોવું જોઈય અને સુસંસ્કૃત સમાજની સામે આ સૌથી મોટી કસોટી છે. પોતાને અભિવ્યક્ત કરવાની ઉતાવળમાં લોકો પ્રતિભાવ આપી દે છે અને એવા સમયે ગણીવાર વિવાદોનું નિર્માણ થાય છે અભિવ્યક્તિની સ્વંત્રતાનું બંધન આજે લગભગ પૂર્ણ થઈ ગયું છે.
- અભિવ્યક્તિના અનેક સ્વરૂપ છે જેમાં ચિત્ર,શિલ્પ, કળા, ક્રીડા ની સાથે સાથે ઈન્ટરનેટ પણ આવે છે. અર્થાત અખબારી અભિવ્યક્તિ, ચિત્રપટ,નાટક,ટી.વી સિરીયલથી ઈન્ટરનેટની અભિવ્યક્તિ અલગ હોય છે કેમકે બાકી બધા માધ્યમો ને પોતાની મર્યાદાઓ હોય છે. પરંતુ ઈન્ટરનેટ નું સ્વરૂપ વૈશ્વિક હોવાના કારણે તેની કોઈ જ મર્યાદા નથી અને એ જ કારણે આપણે રજૂ કરેલી અભિવ્યક્તિ વિશ્વમાં પહોંચી જાય છે અને તેનું

વ્યાપ-વર્તુળ પણ વધી જાય છે આપણે જે મીડિયા પર અભિવ્યક્તિ કરી રહ્યા છીએ તે પાછળથી આપણી સામે જ આવે છે.જે ભીષણ હોય છે.

- ઈ-મેઈલ, એસ.એમ.એસ. વ્હોટસ અપ, ફેસબુક,બ્લોગ અને ટ્વીટર જેવા ઇલેક્ટ્રોનિક મીડિયાની સાથેસાથે Instragram સહીત અનેક મીડિયામાં આપણે એ જોઈએ છીએ કે કોઈ પણ ઘટના થઈ જાય છે. ઉતાવળે થી તેનો શૂટ કરીને તેના પર કોમેન્ટ પોસ્ટ કરવામાં આવે છે.આપણે એ વિચારવું જોઈએ કે આપણે બીજાને શું આપી રહ્યા છીએ ? ઓછામાં આપણા અંતરાત્માની અવાજ ને પણ સાંભળવાની આપણી જવાબદારી હોવી જોઈએ તેના આઘાત અને પ્રત્યાઘાતને પણ સમજવા જોઈએ. એવા અનેક વિડીયોઝ સોશ્યલ મીડિયા પર અપલોડ થાય છે. જેનાથી સામાજિક પ્રદુષણ વધે છે બ્લેકમેઇલીંગ ના શિકાર પણ થઈ જવાય છે.
  - સોશ્યલ મીડિયા ની સ્થાનિક થી વૈશ્વિક સ્તર સુધી જોડવાનું એક માધ્યમ છે અને સેતુ પણ છે જે મનુષ્ય જાતીને હંમેશા કનેકટેડ રાખે છે શોલ મીડિયાના વધારે ઉપયોગ થી સમાજમાં એક અસ્વસ્થતા ફેલાઈ છે. લોકોનો જોડનારી આ લીંક ક્યાંક વિકૃતિને અસહિષ્ણુતામાં વધારો કરે છે. શોશ્યલ મિડીયાથી આજે માનવીય સંબંધોમાં મનોવૈજ્ઞાનિક તણાવ ઉભરી રહયા છે.
  - માહિતી ટેકનોલોજી એ આજે જીવનના પ્રત્યેક ક્ષેત્ર માં પ્રવેશ કરી લીધો છે. મોબાઈલ ના માધ્યમથી આજે આપણે એકબીજાના ઘરમા ઘુસી ગયા છીએ જે ધીમે ધીમે સ્લો પોઈઝનની જેમ આપણા જીવનમાં અસર કરી ચુક્યું છે. મોબાઈલ યુવા પેઢીના હાથનું રમકડું બની ગયું છે જેના ઉપયોગ પર કોઈ જ અંકુશ રહ્યો નથી.

- ઈન્ટરનેટ અને મોબાઈલ ધ્વારા વર્ચુઅલ વિશ્વની નજીક ભલે આપણે આવી ગયા હોય પરંતુ આપણે આપણા ખુદના પરિવારના લોકોથી પણ દૂર થઈ ગયા છીએ એ એક વાસ્તવિકતા છે.
- અશ્લીલ વેબસાઈટસ પર પ્રતિબંધ લગાવવો અને અનૈતિકતાને રોકવી તે દરેક નાગરિકની ફરજ છે અને આ મીડિયાની પણ જવાબદારી છે કારણકે મહિલાઓના સંદર્ભમાં આજના સમયમાં ગુનાઓ વધી રહ્યા છે તેની પાછળ પણ અશ્લીલ વેબસાઈટસનો ફાળો પણ વધારે હોઈ શકે તે માનવું ખોટું નથી.
- સોશ્યલ મીડિયા ,પ્રિન્ટ મીડિયા અને ફિલ્મોમાં મહિલાઓનું ચિત્રણ જે રીતે થઇ રહ્યું છે તેમાં માનવીય સંવેદનાઓને ભારે ક્ષતિ પહોંચી છે, અને છેલ્લે તો મહિલાએ જ ભોગવવાનું આવે છે માનવીય સંબંધોને પણ ક્ષતિ પહોંચી છે.
- મીડિયા ધ્વારા બૌધિક રીતે ગુમરાહ કરી શકાય છે.માધ્યમોનું ભૌધિક ભટકાવ ન કેવળ સમાજના અસ્તિત્વ માટે જ ક્ષતિ છે બલ્કે તેની સાથે સાથે પોતાના અસ્તિત્વ પર પણ પ્રશ્નચિહ્ન લાગે છે.
- આજે સાયબર એટેક પણ દિનપ્રતિદિન વધી રહ્યો છે જેનાથી સમાજ પણ આતંકિત થઈ રહ્યો છે સાયબર એટેક પ્વારા યુઝર્સની અંગત વાતો જાહેર થઇ જાય છે અને એકાઉન્ટ હેક થઈ જાય છે . સાયબર ગુનેગારોએ યુઝર્સના ઈ- મેઈલ એડ્રેસ ,જન્મદિન અને અન્ય અંગત માહિતી મેળવીને ઘણા ગુનાઓ આચર્યા છે પરિણામે ઘણું જ નુકશાન યુઝર્સને વેઠવાનું આવ્યું છે.
- સોશ્યલ મીડિયા આજે ફક્ત મનોરંજન અથવા સંપર્કનું માધ્યમ નથી રહ્યું પરંતુ તે પોતાના જીવનના મહત્વપૂર્ણ નિર્ણયોનું સામાજિક ગંભીરઆનું સાંસ્કૃતિક સંકલ્પનાઓનું ભાષાના વિકાસની સાથે સાથે અંગત જીવનની કેટલીક ખૂબસુરત

ક્ષણોનું પણ સાક્ષી બની રહ્યું છે .એ અલગ બાબત છે કે પોતાના અંગત જીવનની આપણે કેટલી પ્રસિદ્ધિ આપવી તે એક યુઝર્સ પર નિર્ભર કરે છે .

- ઈન્ટરનેટ અને સોશ્યલ નેટવર્કિંગને કારણે સંબંધો પણ બહુજ મોટી અસર પડી છે . સોશ્યલ મીડિયા માધ્યમથી કૌટુંબીક જીવનમાં પણ તણાવ વધ્યો છે. નિરંતર સોશ્યલ નેટવર્કિંગ ,ચેટીંગના માધ્યમથી લેખિત સંવાદ વગેરેના કારણે જીવનસાથીની સાથે મતભેદ થવો એ સામાન્ય બાબત બની ચૂકી છે એકબીજાની સાથે લાગણીથી, શારીરિક અને માનસિક સબંધો પણ બગડવા લાગ્યા છે તેની સાથે સાથે સબંધો પણ તૂટવા લાગ્યા છે અને પારિવારિક ભાવનાને પણ ક્ષતિ પહોંચે છે. . સોશ્યલ નેટવર્કિંગને કારણે ન કેવળ નવવિવાહિતો જ નહીં પરંતુ કોઈ પણ વયના વિવાહિત સબંધોમાં પણ તણાવ પેદા થયો છે તણાવના કારણે મતભેદો પણ ઉત્પન્ન થાય તે સાવ સામાન્ય બાબત છે .સોશ્યલ મીડિયા પર પોતાની કૌટુંબિક પોસ્ટ કરતી વખતે સો વખત વિચારવું જોઈએ.

સમાપન :-

વર્તમાન સમયમાં સમાજમાં પ્રત્યાયનનું જે મોડલ પ્રચલિત છે, તે લોકશાહી પ્રક્રિયાઓ અને લોકશાહીની શક્તિઓને મદદ કરે છે અને નાગરિકો તૈયાર કરે છે. પ્રત્યાયનમાં લોકશાહી પ્રક્રિયા ત્યારે જ પૂરી થાય છે, જ્યાં સુધી વ્યક્તિને પ્રત્યેક સ્તરે મોખરે કરવામાં આવે. ભારત જેવા વિવિધ ભાષી, વિવિધ ધાર્મિક, વિવિધ જાતિઓના સમાજમાં આ પ્રક્રિયા પ્રાસંગિક છે. નવી ટેકનીકનો સમગ્ર સામાજિક વિકાસના સ્વરૂપમાં સ્થાપિત થયેલ સામાજિક વ્યવસ્થાના પક્ષમાં અથવા તેનાથી અલગ ઉદ્દેશ્ય માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

આપણી મનોસ્થિતિ લગભગ મીડિયાની અભિવ્યક્તિ પર નિર્ભર કરે છે. સોશિયલ મીડિયા જેટલું લોકપ્રિય છે તેટલું વિવાદાસ્પદ પણ રહ્યું છે. આમ છતા, મીડિયા આપણને શું બતાવી રહ્યું છે તે મહત્વપૂર્ણ નથી પરંતુ આપણે શું જોઈ રહ્યા છીએ અને શું શું ઈચ્છી રહ્યા છીએ તે મહત્વનું છે. એ બાબત પણ ખુબ જ મહત્વપૂર્ણ છે કે, સોશિયલ મીડિયાના પર્યાવરણમાં મીડિયાની ઉત્તમ બાબતોનો જ સ્વીકાર કરવો વધારે ઉચિત અને તર્કસંગત રહેશે અને જ્ઞાન ઈચ્છતો સમાજ જ્ઞાન મેળવશે. સોશિયલ મીડિયાના માધ્યમથી અનેક સામાજિક આંદોલન મજબુત થયા છે કેમ કે સોશિયલ મીડિયા દ્વારા વિચારોનું જે આદાન-પ્રદાન થાય છે,તેને અવગણી શકાય તેમ નથી.સોશિયલ મીડિયા વૈશ્વિક ગામની જેમ ખુલ્લું છે.

સંદર્ભ :-

1. Jacobsen, W. C., & Forste, R. (2011). The Wired Generation: Academic and Social Outcomes of
2. Electronic Media Use Among University Students. Cyber Psychology Behaviour & Social Networking18,(5) pp.6, 275-285.
3. Junco, R., Heibergert, G. & Loken, E. (2010). The Effect of Twitter college students Engagement and
4. Grades, Journal of Computer Assisted Learning, pp 1-14
5. Kaitlin, C. (2010) Social Media Changing Social Interactions. Student Journal of Media
6. LiteracyEducation, Issue 1, Vol. 1. Pp. 1 - 11.

7. Karpinski, A, C. & Duberstein, A. (2009). A Description of Facebook Use and Academic Performance
8. among Undergraduate and Graduate Students. San Diego, California: American National Research
9. Association, pp 1- 19
10. Khan, U (2009). Facebook student underachieve in exams. Daily Telegraph, Retrieved on July, 2013, from
11. http://www.telegraph.co.uk/educationnews/5145243/Faceb ook-students-underachieve-in-exams.html
12. Kist, W. (2008). 1 gave up MySpace for lent: New teachers and social networking sites. Journal of
13. Adolescent & Adult Literacy" 52 (3) pp. 245.247
14. Kubey, R., Lavin, M.& Barrows, J. (2001). Internet use and collegiate academic performance decrements:
15. Early findings. J. Commum., 51 92): pp. 366-382.
16. Kumekpor, T. K. B. (2002) Research Methods and Techniques of Social Research. Accra: Sonlife, pp 117-118
17. Lewis, S. (2008). Where young adults intend to get news in five years. Newspaper Research Journal 39 (4), pp 36 - 52.
18. Lusk, B. (2010) Digital Natives and Social Media Behaviors: An Overview. The Prevention Research, Vol. 17. pp 3-6.

19. Martin, J.L.,& Yeung, K., (2006.) Persistence of close personal ties over a 12-year period.Social Networks; 28, pp 331-362.

25

ભારતમાં સ્વચ્છતાના પ્રચાર-પ્રસારમાં યુવાનોની ભૂમિકા

ચુડાસમા જયેશકુમાર આઠમભાઈ
ઈતિહાસ વિભાગ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી

(૧) પ્રસ્તાવના

મનુષ્ય જીવનમાં સ્વચ્છતા એ પાયાની બાબત છે. સ્વચ્છતાના પ્રચાર પ્રસારમાં યુવાનોની ભૂમિકા અગત્યની રહી છે. આજના યુવાનો જ આ ભાવિ રાષ્ટ્રનું ઘડતર કરી રહ્યા છે. ત્યારે યુવાનોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ હોવી ખૂબ જ આવશ્યક છે. ભારત દેશ સ્વચ્છતા ક્ષેત્રે ઘણા દેશો કરતા આજે પણ પાછળ છે. જાહેર સ્થળોમાં ગંદકી, પર્યાવરણીય પ્રદૂષણ, પાણી અને હવાનું પ્રદૂષણ, અવાજ પ્રદૂષણ, શૌચાલયનો અભાવ, ગંદા પાણીના નિકાલ નો અભાવ, આ પૂર્તિ સુવિધાઓ, રાસાયણિક ફેક્ટરીઓ, જંગલોનો અમર્યાદિત નાશ, અને સમાજમાં રહેલ માનસિક અસ્વચ્છતા ના કારણે આજે પણ ભારત દેશ સ્વચ્છતા ક્ષેત્રે ઘણો પાછળ જોવા મળે છે. ગંદકીના કારણે કોરોના જેવા નવા રોગોનો પણ ઉપદ્રવ થતો જોવા મળે છે. આવા મુશ્કેલી ભર્યા સમયે ભારતની મુખ્ય સંપતિ સમાન ભારતના યુવાનોએ જાગૃત થઈ અને સ્વચ્છતા ક્ષેત્રે વિકાસ સાધવો જરૂરી બન્યો છે. આમ માનવ જીવનમાં જ્યાં સુધી સ્વચ્છતાનું મહત્વ નહીં સમજાય ત્યાં સુધી રાષ્ટ્ર નિર્માણ અને વિકાસ ખૂબ જ દૂર છે.

ભારતના અમુક વિસ્તારોમાં પાણીની અવ્યવસ્થા જોવા મળે છે. આથી લોકો ખુલ્લા વિસ્તારમાં શૌચાલય જાય છે. સ્નાન કરવા માટે અને કપડાં ધોવા માટે પાણીની યોગ્ય વ્યવસ્થા નથી. કચરાના નિકાલની પણ વ્યવસ્થા નથી. ગામના કોઈ એક સ્થળે કચરાનો નિકાલ થાય છે જે સડીને રોગ પેદા કરે છે. વરસાદની ઋતુમાં ગંદુ પાણી નદી નાળામાં ભળે છે અને તેનાથી માખી મચ્છરનો ઉદભવ થાય છે. આવા પાણીના ઉપયોગથી ચામડીના વિવિધ રોગો ઉદ્ભવે છે, સ્વાસ્થ્ય જોખમાય છે. અને ક્યારેક મૃત્યુનો પણ સામનો કરવો પડે છે. આ પ્રકારના પ્રદૂષણના પરિણામે સામાન્ય વર્ગના મનુષ્યનું જીવન ખૂબ જ મુશ્કેલી ભર્યું બને છે. અમુક જગ્યાએ એટલી બધી ગંદકી હોય છે કે મનુષ્ય ત્યાં એક ઘડી પણ રહી શકતો નથી. પરંતુ પોતાની અમુક મુશ્કેલીઓ અને મજબૂરીના કારણે જીવન પસાર કરવું પડે છે અને ગંદકી અને રોગોનો સામનો કરવો પડે છે. આથી આજના યુવાધન દ્વારા આ પ્રકારના ક્ષેત્રમાં સ્વચ્છતા અંગેની જાગૃતિ ફેલાવવી જરૂરી બને છે.

ભારતના અમુક પુરાતત્વીય અને ખંડિત થયેલા વિરાસત સ્થળોની પણ આ પ્રકારની જ સ્થિતિ જોવા મળે છે. અહીંના લોકો તેમના મહત્વને જાણતા નથી, આથી ત્યાં શૌચાલય જાય છે પોતાના ઘરના કચરાનો નિકાલ ત્યાં કરે છે. ગંદા પાણી નો નિકાલ આવા સ્થળોએ કરે છે. વ્યસન કરતા અને જુગાર

રમતા લોકો પણ અહીં જોવા મળે છે. આવી ઘણી બધી અસ્વચ્છતા ફેલાવતા લોકો આવા સ્થળે જોવા મળે છે પરંતુ આ વિરાસતના મહત્વને સમજીને તેમનું રક્ષણ કરવું એ આજના યુવાનોની ફરજ છે આથી આજના યુવાનોમાં સ્વચ્છતા ક્ષેત્રે જાગૃતિ લાવીને આપણી વિરાસત સ્થળને બચાવવાની કોશિશ કરવી જોઈએ.

જેમ શરીર અને વસવાટની સ્વચ્છતા જરૂરી છે તેવી જ રીતે માનસિક સ્વચ્છતા પણ ખૂબ જ અગત્યની છે. જે વ્યક્તિનું મન સ્વચ્છ હશે તે જ વ્યક્તિ રાષ્ટ્ર નિર્માણમાં પોતાની ભૂમિકા ભજવી શકશે. આથી આજના યુવાનોમાં ડો. બાબાસાહેબ આંબેડકર અને મહાત્મા ગાંધી જેવી સ્વચ્છતા અંગેની સજાગતા હોવી જોઈએ. ડોક્ટર બાબાસાહેબ આંબેડકર સમાજમાં રહેલી કુપ્રથાઓ, અસ્પૃશ્યતા, અંધવિશ્વાસ, દોરા-ધાગાની માન્યતા, ભૂત-પ્રેતમાં વિશ્વાસ, સ્વર્ગ-નરકની ભાવના, ઉચ્ચ નીચના ભેદભાવ, વ્યસન, ચોરી-લૂંટફાટ, ભ્રષ્ટાચાર, સ્ત્રીનું નિમ્ન સ્થાન, શિક્ષણ અને નોકરીમાં ભેદભાવ અને વિકૃત વિચારધારા વગેરેને ભારતીય સમાજની માનસિક ગંદકી સ્વરૂપે ઓળખાવે છે. આ પ્રકારની જિંદગીને દૂર કરી અને સમાજમાં નૈતિકતા અને માનવ મૂલ્ય ફેલાવવાનું કાર્ય આજના ભાવિ યુવાનોએ કરવું જોઈએ. આ કાર્યથી જ ભારતના ભાવિ રાષ્ટ્રનું નિર્માણ થશે.

ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી પણ સ્વચ્છતાના હિમાયતી હતા. સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારતનું મિશન તેમને આપેલું. શારીરિક સ્વચ્છતા અને પર્યાવરણ સ્વચ્છતા જાગૃતિ અંગેનો ખ્યાલ તેમને આપેલ હતો. આપણા ઘર ગામ જીલ્લો રાજય અને દેશમાં સ્વચ્છતા જાગૃતિ ફેલાવવાનું કાર્ય તેમણે કર્યું હતું. આથી આપણે મહાત્મા ગાંધીને સ્વચ્છતાના પ્રતિક સ્વરૂપે ઓળખાવી શકીએ છીએ. સ્વચ્છતા જાગૃતિ અંગેના વિવિધ કાર્યક્રમો પણ તેમને આપેલા હતા. આજે પણ ભારત સરકાર સ્વચ્છતા અંગે જાગૃત છે. હવા પાણી જમીન અવાજના પ્રદૂષણને નિયંત્રિત કરવાનું કાર્ય આજના યુવાનોના ખભા પર રહેલ છે. આમ પ્રદૂષણ નિવારણ થી રાષ્ટ્ર નિર્માણ કરવા માટે આજના યુવાને નવા નવા કાર્યક્રમમાં ભાગ લઈ અને સ્વચ્છતા અંગેની જાગૃતિ ફેલાવવાનું ભગીરથ કાર્ય કરવું જોઈએ. સ્વચ્છતા ને મહત્વ આપીને વિકાસ સાધવાનો પ્રયત્ન કરવો જોઈએ.

(૨) સ્વચ્છતાનો ખ્યાલ

લેટિન ભાષાનો મૂળ શબ્દ Sanitas પરથી અંગ્રેજી શબ્દ સેનિટેશન ઉતરી આવ્યો છે. જેનું ગુજરાતી અર્થ સ્વચ્છતા તેઓ થાય છે. જે આરોગ્ય ક્ષેત્રે વ્યાપક પ્રમાણમાં સંકળાયેલ છે. સ્વચ્છતા અને આરોગ્યને એકબીજા સાથે ગાઢ સંબંધ છે. આરોગ્યને જોખમાતું અટકાવવા માટે સ્વચ્છતા ખૂબ જ જરૂરી છે. શારીરિક સ્વચ્છતાના કારણે શરીર પર રહેલ ગંદકી દૂર થાય છે. વસવાટનો કચરો સાફ કરવાથી વસવાટ શુદ્ધ બને છે. આથી ગંદકી ફેલાવનાર ઉપદ્રવો ઉદ્ભવ થતા નથી અને આરોગ્ય બન્યું રહે છે.

પરંતુ આજનું યુવાધન જ્યાં ત્યાં ગંદકી ફેલાવી રહ્યું છે. ગંદા પાણીનો નિકાલ નદી તળાવ નાળામાં ગટર મારફતે થાય છે. શૌચાલયની વ્યવસ્થા જોવા મળતી નથી આથી ખુલ્લામાં શૌચાલય થતું જોવા મળે છે. કચરાનો નિકાલ પણ જાહેર સ્થળો પર રસ્તા પર પાણીમાં અથવા પુરાતત્વીય સ્થળો પર કરવામાં આવે છે. અમુક વિસ્તારોમાં શૌચાલય ની વ્યવસ્થા છે પરંતુ શૌચાલય અને મૂત્રને સાફ કરવાની, નિકાલ કરવાની વ્યવસ્થા નથી. આથી પ્રદૂષણ ફેલાય છે. ગરીબ લોકો ઝુપડપટ્ટી બાંધીને રહે છે આથી અહીં સ્વચ્છતા અંગે કોઈ પણ પ્રકારની તકેદારી નથી. પ્લાસ્ટિક પોલીથીન નો કચરો વિઘટન પામતો ન હોવાથી જમીનમાં પ્રદૂષણ થાય છે અને તેને આગ લગાવવામાં આવે તો હવામાં પણ પ્રદૂષણ થાય છે. ફેક્ટરીઓનો ધુમાડો એસિડ વર્ષા માટે જવાબદાર છે જેનાથી ચામડીના રોગો થાય છે. જંગલોના નાશ પરિણામે વાતાવરણમાં ગરમીનું પ્રમાણ વધ્યું છે આથી બરફ આચ્છાદિત પ્રદેશોનો બરફ પીગળવાથી દરિયાની સપાટીમાં વધારો થયો છે આથી વેચાણ વાળા પ્રદેશો ડૂબી ગયા છે. જંગલી પશુ-પક્ષીઓના શિકારના પરિણામે તે લુપ્ત થયા છે તેમનો વસવાટ છીનવાયો છે. આથી ઘણા બધા સફાઈ કામદાર પશુઓ અને પ્રાણીઓ લુપ્ત થયા છે. મૃત પ્રાણીઓના નિકાલ માટેની કોઈપણ વ્યવસ્થા જોવા મળતી નથી જેથી પ્રાણીઓના શરીર સડીને પ્રદૂષણ ફેલાવે છે. આમ આવા પાણી અને જમીનનું પ્રદૂષણ થાય છે. જેના માટે આજના યુવા પેઢી જવાબદાર છે. આથી યુવાનોમાં સ્વચ્છતા અંગેની જાગૃતિ લાવીને આ પ્રકારની ગંદકી દૂર કરવાનો પ્રયત્ન કરવા માટે ભારત સરકાર નવા નવા કાર્યક્રમ યોજીને સ્વતંત્રતા અંગે જાગૃતિ ફેલાવવાનું ભગીરથ કાર્ય કરે છે. આમ યુવાનોને સ્વચ્છતાને પોતાની નૈતિક ફરજ સમજીને સ્વચ્છતા જાગૃતિ માટે આગળ વધવું જોઈએ.

(3) સ્વચ્છતાના પ્રચાર-પ્રસારમાં યુવાનોની ભૂમિકા

સ્વચ્છતા ના પ્રચાર પ્રસારમાં યુવાનોની ભૂમિકા અગત્યની રહી છે. ભારતના યુવાનો રાષ્ટ્રનિર્માણ માટે પોતાનું મહત્વનું યોગદાન આપી રહ્યા છે. સુલભ ઇન્ટરનેશનલ સંસ્થાન દ્વારા યુવાનોમાં સ્વચ્છતા જાગૃતિ લાવવા માટેના કાર્યક્રમો હંમેશા યોજાતા રહ્યા છે. ડો. બિંદેશ્વર પાઠકજી દ્વારા ચલાવવામાં આવેલ સ્વચ્છતા જાગૃતિની પહેલ ભારતના મોટા ભાગના યુવાધનોએ સ્વીકારી છે. અને સ્વચ્છતા ના મહત્વને સમજ્યું છે. સ્વચ્છતા ના સમાજશાસ્ત્રને શિક્ષણમાં સ્થાન આપ્યું છે. સ્વચ્છતા અંગેના નવા નવા અભ્યાસક્રમો તૈયાર કરી આજના યુવાધનોને સ્વચ્છતા નું અગત્યનું જ્ઞાન આપવામાં આવી રહ્યું છે. આજનો યુવાધન સ્વચ્છતા નું જ્ઞાન લઈને આવનાર ભવિષ્યમાં સ્વચ્છતાના સ્વપ્નને સાકાર કરવાની તૈયારી કરી રહ્યો છે. આથી ભારત સરકાર દ્વારા સ્વચ્છતા અંગે જે કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે તે યોજનાને અનુલક્ષીને આજનું યુવા ધન સ્વચ્છતાના પ્રચાર પ્રસારમાં પોતાની યોગ્ય ભૂમિકાઓ રજૂ કરી રહ્યો છે. આજની ટેકનોલોજીના યુગમાં સ્વચ્છતા જાગૃતિ અંગેના ઓનલાઇન સેમીનાર અને વેબીનાર કાર્યક્રમ દ્વારા સ્વચ્છતાના મહત્વને સમજી રહ્યો છે. નદી તળાવ અને સમુદ્રનો

અમુક વિસ્તાર ની સ્વચ્છતા અંગેના કાર્યક્રમો યોજાયા છે. પશુ પક્ષીઓના સરક્ષણ માટે પણ નવા નવા પ્રોજેક્ટ તૈયાર થયા છે. પર્યાવરણ અને સ્વચ્છતા અંગે નુકસાન પહોંચાડનારને સજા અંગેની જોગવાઈ કરવામાં આવી છે. પ્રદૂષણને અટકાવવા અને પ્રદૂષિત વિસ્તારને સ્વચ્છ કરવાની પહેલ આજના યુવાધન દ્વારા ચાલુ થઈ છે. વિવિધ સભા સરઘસો અને ટેકનોલોજી મીડિયા દ્વારા સ્વચ્છતા નું પ્રચાર પ્રસાર આજના યુવાધન દ્વારા થઈ રહ્યું છે. આમ સ્વચ્છતા જાગૃતિ અને તેમાં યુવાનોની ભૂમિકા વિશે વિગતવાર સમજીએ.

(૩.૧) પોતાના શરીર અને મનની સ્વચ્છતા

સ્વચ્છતા જાગૃતિ કાર્યક્રમ દ્વારા આજના યુવાધનને યોગ્ય માહિતી પ્રાપ્ત થાય છે કે સ્વચ્છતા ની શરૂઆત 'સ્વ'થી થવી જોઈએ. પોતાના શરીર અને મન જો સ્વચ્છ અને સ્વસ્થ હશે તો જ તે સ્વચ્છતા અંગે બીજા લોકોમાં જાગૃતિ ફેલાવી શકશે. આથી આજનું યુવા ધન યોગ્ય અભ્યાસ દ્વારા પોતાના શરીરને સ્વચ્છ પાણી દ્વારા સ્નાન કરીને, સ્વચ્છ કપડા પહેરીને પોતાના શરીરની સ્વચ્છતા પૂર્ણ કાળજી લે છે. પરંતુ નવા સાબુ, શેમ્પૂ અને અત્તરનો ઉપયોગ પણ નુકસાન કરે છે. શરીર અને કપડાની જેમ જ મનની સ્વચ્છતા પણ જરૂરી છે આથી માનસિક સ્વચ્છતા માટેના વિચારો પણ તેના મનમાં આવે છે. અંધવિશ્વાસ કુરિવાજ જાતિ ભેદ માન્યતાઓ વગેરેથી આજનો યુવાન દૂર જતો રહ્યો છે અને યોગ્ય જ્ઞાન દ્વારા પોતાના મનને સ્વચ્છ કર્યું છે. આ ઉપરાંત મહાત્મા ગૌતમ બુદ્ધ અને બાબાસાહેબ આંબેડકર ના વિચારોને ફેલાવીને માનસિક સ્વચ્છતા ફેલાવવાનું ભગીરથ કાર્ય પણ આજનો યુવાન કરી રહ્યો છે. માનવ મૂલ્ય અને ઉત્તમ-ચરિત્ર નિર્માણ આજના યુવાનો કરી રહ્યા છે. આમ સ્વચ્છ શરીર અને સ્વચ્છ મનથી સ્વચ્છતા જાગૃતિ લાવી શકાય અને રાષ્ટ્રનિર્માણ થઈ શકે એ માટે આજનો યુવાન પ્રયત્નશીલ રહે છે. આમ સ્વચ્છતાના પ્રથમ કદમ સ્વરૂપે શરીર અને મનની સ્વચ્છતા ખૂબ જ જરૂરી છે.

(૩.૨) વસવાટ અંગેની સ્વચ્છતા

વસવાટ અંગેની સ્વચ્છતા એ ભારતીય લોકો માટે એક મોટી સમસ્યા રૂપ છે. મોટા શહેરોમાં પણ વસવાટ અંગેની સ્વચ્છતા નો અભાવ છે. ઝુપડપટ્ટી ના વિસ્તારો, ગંદકીરૂપ ઉકરડા, પ્લાસ્ટિકનો કચરો, વાહન વ્યવહારના ધુમાડાઓ, અવાજનું પ્રદૂષણ, ખુલ્લી ગટરો, શૌચાલયની અસુવિધા, ગંદા પાણીના નિકાલની અવ્યવસ્થા, કચરાના નિકાલની અવ્યવસ્થા, અમુક વિસ્તારમાં સૌચાલય છે પરંતુ તેમના સાફ સફાઈ ની અવ્યવસ્થા જોવા મળે છે. સફાઈ કામદારના આરોગ્યના રક્ષણની અવ્યવસ્થા, અમુક વસવાટમાં પીવાના પાણીની પણ વ્યવસ્થા નથી તો સ્નાન અને અન્ય સ્વચ્છતા ક્યાંથી કોઈ શકે? કચરાના નિકાલની વ્યવસ્થા ન હોવાના કારણે તેને બાળવામાં આવે છે જેથી પ્રદૂષણ થાય છે અને

દાટવામાં આવે તો જમીનનું પ્રદૂષણ થાય છે. પ્લાસ્ટિક, પોલીથીન, કાચ, રસાયણ, વગેરે જેવા અવિઘટિત પદાર્થો હંમેશા પ્રદૂષણ ફેલાવે છે. આથી વસવાટ ગંદા બની જાય છે. અને કચરાના નિકાલની વ્યવસ્થા પણ હોતી નથી. આમ આ પ્રકારના વસવાટમાં રહેતા લોકો માનસિક રીતે બીમાર હોય છે અને અસ્વચ્છ-અસ્વસ્થ, કુપોષિત હોય છે. આ પ્રકારના લોકોની સમસ્યાઓ ને દૂર કરવા માટે અને વસવાટ સ્વચ્છતા જાગૃતિ લાવવા માટેના પ્રયત્નો આજના યુવાધન દ્વારા કરવામાં આવી રહ્યા છે. આજના યુવાનો ગલી-ગલી, શેરી-શેરી જઈ અને નાનકડા કાર્યક્રમ દ્વારા સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. વસવાટ સ્વચ્છતા માટે એનએસએસ પણ કાર્યરત છે. ગંદા વસવાટમાં ગંદકીને દૂર કરવાનું કામ પણ ચાલી રહ્યું છે. અને ગંદા વસવાટને સ્વચ્છ કરવા માટેનું યોગ્ય જ્ઞાન પણ આજના યુવા પેઢી દ્વારા આપવામાં આવી રહ્યું છે. આમ આવનારા ભવિષ્યમાં ગંદા વસવાટોને સ્વચ્છ કરી અને ત્યાંના લોકોના જીવન ધોરણમાં સુધારો લાવવા માટેના પ્રયત્નો આજના યુવાધન દ્વારા કરવામાં આવી રહ્યા છે.

(3.3) પર્યાવરણ અંગે સ્વચ્છતા

સ્વચ્છતા સાથે પર્યાવરણ નો સીધો સંબંધ રહેલો છે. જ્યાં સ્વચ્છતા હશે ત્યાં પર્યાવરણ યોગ્ય રહેશે. સમાજના લોકોની પર્યાવરણ પ્રત્યેની બેદરકારીના કારણે પર્યાવરણ ખૂબ જ પ્રદૂષિત થયું છે પર્યાવરણના વિવિધ સ્વરૂપો જેવા કે જમીન હવા પાણી અને અવાજ વગેરે પર ખૂબ ખરાબ અસર પડી છે. મોટાભાગના જંગલોનો નાશ થવાથી ધીમે ધીમે રણ વિસ્તાર આગળ વધી રહ્યો છે. જંગલમાં રહેતા પશુ પક્ષીઓનો નાશ થઈ રહ્યો છે અને સફાઈ કામદાર પશુ લુપ્ત થયા છે. કુત્રિમ રસાયણ અને પ્લાસ્ટિક, પોલીથીનના વધુ પડતાં વપરાશના કારણે જમીનમાં ફળદ્રુપતાનો નાશ થયો છે. આથી બાકી રહેલા વૃક્ષો પણ સુકાઈ ગયા છે. અને સુકાયેલા વૃક્ષોમાં ઘર્ષણ થવાથી દાવાનળ ની સ્થિતિ જોવા મળે છે. દાવાનળ ના કારણે આગ લાગવાથી તેમનો ધુમાડો હવામાં જવાથી હવામાં પણ પ્રદૂષણ ફેલાયું છે. ફેક્ટરીઓ નો કચરો અને ગંદુ પાણી નાણા દ્વારા નદી તળાવ સમુદ્રમાં ભળવાથી પાણીમાં રહેતા જ સજીવોનો નાશ થયો છે અને પાણીનું પ્રદૂષણ થયું છે. આવા પાણીના ઉપયોગથી રોગોનું ફેલાવો વ્યાપક પ્રમાણમાં વધ્યો છે. ફ્રીઝ અને રેફ્રિજરેટર ના ઉપયોગથી વાતાવરણમાં રહેલ ઓઝોનનું પડ તૂટવાથી ગરમીમાં વધારો થયો છે જેથી આંખ, કિડની અને ચામડીના રોગો વધ્યા છે. વાહનોના ધુમાડા અને સતત ઉચા અવાજના કારણે બહેરાશ ના કેસ વધ્યા છે. રેડીએશન ના કારણે હવામાં ઉડતા પશુ પક્ષીઓ ને નુકસાન પહોંચ્યું છે.

આમ સંપૂર્ણ વાતાવરણના વિવિધ તત્વો ને નુકસાન પહોંચ્યું છે. આ પ્રદૂષણ ફેલાવવામાં લોકોનો જ સ્વાર્થ જોડાયેલો છે. પરંતુ આ પ્રકારની અતિશય પ્રદૂષણના કારણે ખૂબ જ ભયંકર અસર જોવા મળે છે. આથી આજના યુવાનો આ પરિસ્થિતિના નિવારણ નું પગલું શોધી રહ્યો છે. આમ હવા પાણી જમીન અને

અવાજના પ્રદૂષણને અટકાવવાનું કાર્ય આજની યુવા પેઢી કરી રહી છે. નવા નવા કાર્યક્રમ દ્વારા રેડિયેશન છોડતા પદાર્થોને અટકાવવા માટેની પહેલ કરવામાં આવેલ છે. વૃક્ષારોપણ કાર્યક્રમ પણ યોજાયા છે. સ્વાર્થ ખાતર પ્રાણીઓનો શિકાર કરવો એ ગુના સમાન ગણાય છે. નદી તળાવ ના સ્વચ્છતાના કાર્યક્રમો યોજાયા છે. આમ આજની યુવા પેઢી સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવવાનું કાર્ય કરી રહી છે.

(૩.૪) સંસ્થાકીય અને સમાજ અંગેની સ્વચ્છતા

પોતાના વસવાટ અને પર્યાવરણની સાથે સાથે જાહેર સંસ્થાનો અને સમાજમાં પણ સ્વચ્છતા લાવવી જરૂરી છે. જાહેર સંસ્થાઓમાં સ્વચ્છતા અંગે બેદરકારી જોવા મળે છે. પાન માવો ખાઈને જાહેર સંસ્થાનો માં જ્યાં ત્યાં થુકવામાં આવે છે. કચરાપેટીની સુવિધાઓ હોવા છતાં જ્યાં ત્યાં કચરો ફેલાવવામાં આવે છે. જાહેર સ્થાનો પર રહેલા વૃક્ષો તોડવામાં આવે છે. જાહેર સ્થળની પવિત્રતાને નાશ કરવાની કોશિશ કરવામાં આવે છે. શૌચાલય ની વ્યવસ્થા હોય છે પરંતુ તેમના સફાઈ ની વ્યવસ્થા હોતી નથી. સફાઈ કર્મચારીના આરોગ્યની જાળવણી પણ કરવામાં આવતી નથી. જ્યાં ત્યાં ગંદકી ફેલાવવામાં આવે છે અને જાહેર સંસ્થાનની કોઈપણ તકેદારી રાખવામાં આવતી નથી. આથી આવા સંસ્થાનો ખૂબ જ ઝડપથી પ્રદૂષિત થતા હોય છે. પરંતુ આવા સ્થળો અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવાનું કાર્ય આજના યુવા પેઢી એ કર્યું છે. જાહેર મિલકતને નુકસાન કરવી અથવા પ્રદૂષિત કરવી એ ગુનો છે. આમ જાહેર મિલકતના રક્ષણ અને સ્વચ્છતા માટે આજની યુવા પેઢી એ નવી પહેલ કરી છે. દરેક સંસ્થાઓ કેમેરાઓ દ્વારા રક્ષિત છે અને જ્યાં ત્યાં થુકનાર, કચરો ફેલાવનાર, ગંદકી કરનાર, વ્યક્તિને યોગ્ય દંડ આપવામાં આવે છે. જાહેર સંસ્થાઓમાં સ્વાસ્થયને કેન્દ્રમાં રાખીને સફાઈ કાર્ય કરવામાં આવે છે. આમ આજના યુવાધન દ્વારા જાહેર સંસ્થાનોને સ્વચ્છ રાખવાનો પ્રયત્ન કરવામાં આવ્યા છે.

(૩.૫) ભારતના વિરાસત સ્થળો અંગે સ્વચ્છતા

ભારતના વિરાસત સ્થળો એ ભારતીય સંસ્કૃતિની આગવી ઓળખ રજૂ કરે છે. ભારતની ભવ્ય ભાતીગળ સંસ્કૃતિની યાદ તાજી કરાવી આપે છે. પરંતુ આજે આ સ્થળો એક ખંડેર સ્વરૂપે જોવા મળે છે. તેમની યોગ્ય જાળવણી પણ કરવામાં આવતી નથી. ખંડિત થયેલા પ્રાચીન સ્થળો પર શૌચાલય જવામાં આવે છે. વ્યસન અને જુગાર રમતા લોકો આવા સ્થળોએ જોવા મળે છે. ખૂબ જ ગંદકી આવા સ્થળોએ ફેલાવવામાં આવે છે. નવા નવા નામો, સુત્રો, સુવિચારો, આવા વિરાન સ્થળો પર લખવામાં આવે છે. અમુક મૂર્તિઓ અને પથ્થરોને ત્યાંથી ઉખેડી ઘર લઈ જવામાં આવે છે. આમ વિરાસત સ્થળની પવિત્રતાનો નાશ કરવામાં આવે છે. ચોરી લૂંટફાટ અને અન્ય ગુનાઓ સાથે સંકળાયેલા લોકો આ

પ્રદેશમાં જોવા મળે છે. આમ વેરણ અને ખંડિત પડેલા પુરાતત્વીય સ્થળો ને રક્ષણ આપવાનું કાર્ય થતું નથી. આથી આવા વિસ્તારો પણ ખૂબ જ ઝડપથી પ્રદૂષિત થાય છે અથવા પોતાનું અસ્તિત્વ ગુમાવે છે. આ પ્રકારના ઐતિહાસિક સ્થળોને રક્ષણ આપવાનું કાર્ય અને તેમને સ્વચ્છ કરવાનું કાર્ય આજની યુવા પેઢીએ કરવું જોઈએ. આજના યુવાનોએ આવા ઉત્ખનન પામેલા સ્થળોના મહત્વને સમજીને તેને સ્વચ્છ કરવાનું અને રક્ષણ આપવાનું કાર્ય હાથ ધર્યું છે. આમ આ પ્રકારના પ્રયત્નોથી લોકોમાં સજાગતા આવશે અને સ્વચ્છતા જાગૃતિ આવવાના કારણે રાષ્ટ્રનિર્માણમાં અગત્યનો ભાગ ભજવી શકશે.

(૩.૬) આરોગ્ય અંગે સ્વચ્છતાનો ખ્યાલ

આરોગ્ય અને સ્વચ્છતા એક સાથે અતૂટ બંધનથી જોડાયેલા છે. જો યોગ્ય સ્વચ્છતા રાખવામાં ન આવે તો આરોગ્ય જોખમાય છે. આરોગ્યની જાળવણી માટે સ્વચ્છતા અત્યંત જરૂરી છે. પ્રદૂષિત પાણીમાં ઉદ્ભવ પામેલ માખી મચ્છરના કારણે નવા નવા રોગો ફેલાય છે જે આરોગ્યને નુકસાન પહોંચાડે છે. ખુલ્લા વિસ્તારમાં સૌચ કરવાથી ઘરમાંખી દ્વારા બીમારી ફેલાય છે. પ્રદૂષિત પાણી પીવાથી નવા નવા રોગો ફેલાય છે. અમુક વખત એવા બેક્ટેરિયાઓ ઉત્પન્ન થાય છે જે 100° સેલ્સિયસ તાપમાને પણ જીવિત રહે છે આથી ઉકાળેલા પાણી પીવાથી પણ ફાયદો થતો નથી. ગંદા પાણીથી સ્નાન કરવાથી પણ ચામડી અને વાળના રોગો થાય છે. પ્રદૂષિત ધુમાડાયુક્ત હવા શ્વાસમાં લેવાથી ફેફસાના રોગો થાય છે. આ ઉપરાંત વિકલાંગતા અને વિકૃતિઓ પણ પ્રદૂષણના કારણે થાય છે. ચામડી અને લોહીનું કેન્સર જેવી બીમારી પણ ગંદા પાણીના કારણે થાય છે. ગંદા વિસ્તારમાં રહેતા લોકોમાં આ પ્રકારની બીમારીઓ વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. આમ આરોગ્ય અને સ્વચ્છતા એકબીજા સાથે સંકળાયેલ છે. જ્યાં સ્વચ્છતા નો અભાવ જોવા મળે છે ત્યાં બીમારી રોગ ફેલાય છે. આમ સ્વાસ્થ્ય ક્ષેત્રે પણ આજના યુવાનોએ ખૂબ જ પ્રગતિ સાધી છે. ગંદા વિસ્તારોને સ્વચ્છ કરવાની કોશિશ કરી છે અને તેમની સાથે આયુર્વેદનો ઉપયોગ પણ કર્યો છે. રાસાયણિક દવાઓ બંધ કરીને આયુર્વેદિક કુદરતી ઉપચાર ની શરૂઆત યુવાનોએ કરી છે.

(૩.૭) સોશિયલ મીડિયા દ્વારા સ્વચ્છતા અંગે જાગૃતિ

આજના આધુનિક યુગમાં સ્વચ્છતા અંગે જાગૃતી હોવી ખૂબ જરૂરી છે. આજના યુવાનો સોશિયલ મીડિયા દ્વારા પણ સ્વચ્છતા જાગૃતિ ફેલાવવાના કાર્યક્રમો યોજી રહ્યા છે. નવી નવી ઓનલાઇન વેબસાઈટ, નવી નવી એપ facebook, youtube, instagram, telegram અને Google meet, Google Zoom, Google Teams વગેરે જેવી એપ દ્વારા વિડિયો કોન્ફરન્સ દ્વારા વિવિધ મીટીંગો આયોજિત કરવામાં આવે છે. જેમાં સ્વચ્છતા જાગૃતિ અંગેના સંવાદો યોજવામાં આવે છે. અને સ્વચ્છતા ની પહેલ કરવામાં

આવે છે. સ્વચ્છતા ના ક્ષેત્રે નવા નવા વિભાગો ની ચર્ચા કરવામાં આવે છે. સ્વચ્છતા નું જીવનમાં મહત્વ સમજાવવામાં આવે છે. આમ સોશિયલ મીડિયા દ્વારા પણ આજના યુવાનો સ્વચ્છતા અંગેનો પ્રચાર કરી રહ્યા છે.

મોબાઈલ ફોન અને લેપટોપ ઉપરાંત ટેલિવિઝન, રેડિયો, સમાચાર પત્ર વગેરે જેવા આધુનિક યંત્રો દ્વારા આજના યુવાનો સ્વચ્છતા જાગૃતિ અંગેના કાર્યક્રમો યોજી રહ્યા છે અને તેના દ્વારા સ્વચ્છતા અંગે લોકોને જાગૃત કરી રહ્યા છે. અમુક પ્રકારની વેબસાઈટમાં પ્રદૂષણકારક વિસ્તારનો ફોટો પાડી અને અપલોડ કરતા સરકારી સફાઈ કર્મચારી ની ટીમ આવી અને આ વિસ્તાર સાફ કરી જાય એ પ્રકારની વ્યવસ્થા છે. આ ઉપરાંત અન્ય વ્યવસ્થાપન સરકાર દ્વારા કરવામાં આવી છે. આજના યુવાનો સોશિયલ મીડિયા દ્વારા સ્વચ્છતા અંગે જાગૃતતા ફેલાવવાનું કાર્ય કરી રહ્યા છે આમ આ ક્ષેત્ર દ્વારા વ્યાપક પ્રમાણમાં સ્વચ્છતા અંગે જાગૃતતા આવી છે અને ભવિષ્યના સમયમાં લોકો જાગૃત બનશે તેવી સંપૂર્ણ ખાતરી છે.

(૩.૮) સ્વચ્છતા જાગૃતિ અંગેના કાર્યક્રમો

શ્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં રાજપથ પર સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત કરતાં કહ્યું કે "૨૦૧૯માં મહાત્મા ગાંધીની ૧૫૦મી જયંતિના અવસરે ભારત તેમને સ્વચ્છ ભારતના રૂપમાં સર્વેશ્રેષ્ઠ શ્રદ્ધાંજલિ આપી શકે છે" ૨ ઓક્ટોબર, ૨૦૧૪ના રોજ દેશભરમાં એક રાષ્ટ્રીય આંદોલનના રૂપમાં સ્વચ્છ ભારત મિશનની શરૂઆત થઈ. તેમની સાથે ભારતના યુવાનોએ પણ સ્વચ્છતા આંદોલનને સ્વીકારી અને જાગૃતિ અંગેના કાર્યક્રમો કર્યા હતા.

સ્વચ્છતાના જન આંદોલનની આગેવાની કરતાં પ્રધાનમંત્રીએ લોકોને આહ્વાન કર્યું કે, તેઓ એક સાફ અને સ્વચ્છ ભારતના મહાત્મા ગાંધીના સ્વપ્નને પુરું કરે. શ્રી નરેન્દ્ર મોદીએ પોતે મંદિર માર્ગ પોલિસ સ્ટેશન પાસે, સફાઈ અભિયાન શરૂ કર્યું. પ્રધાનમંત્રી દ્વારા ગંદકી સાફ કરવા માટે ઝાડુ પકડવાના કારણે સ્વચ્છ ભારત અભિયાન દેશભરમાં એક જન આંદોલન બની ગયું. તેમણે કહ્યું કે લોકોએ ન તો ગંદકી કરવી જોઈએ અને ન બીજાને કરવા દેવી જોઈએ. તેમણે 'ન ગંદકી કરીશું ન કરવા દઈશું' નો મંત્ર આપ્યો. શ્રી મોદીએ સ્વચ્છતા અભિયાનમાં સામેલ થવા માટે ૯ લોકોને આમંત્રિત પણ કર્યા અને તેમને અનુરોધ કર્યો કે તેઓ પણ અન્ય ૯ લોકોને આ પહેલમાં જોડે.

આ અભિયાનમાં સામેલ થવા માટે લોકોને આમંત્રિત કરવાના કારણે સ્વચ્છતા અભિયાન એક રાષ્ટ્રીય આંદોલન બની ગયું. સ્વચ્છ ભારત મિશનના માધ્યમથી લોકોમાં જવાબદારીની ભાવના આવી.

દેશભરમાં લોકો સક્રિય રૂપથી સ્વચ્છ ભારત અભિયાનમાં સામેલ થઈ રહ્યા છે અને મહાત્મા ગાંધીના સ્વચ્છ ભારતનું સપનું હવે સાકાર થવા લાગ્યા છે.

પ્રધાનમંત્રીએ પોતાના શબ્દો અને કાર્યોના માધ્યમથી લોકો વચ્ચે સ્વચ્છ ભારતનો સંદેશ ફેલાવવામાં મદદ કરી. તેમણે વારાણસીમાં પણ સફાઈ અભિયાન ચલાવ્યું. તેમણે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વારાણસીના અસ્સીઘાટમાં ગંગા નદી પાસે પાવડો ચલાવ્યો હતો. સ્વચ્છ ભારત અભિયાનમાં સહયોગ આપનારા સ્થાનિક લોકોનો એક મોટો સમૂહ તેમની સાથે જોડાયો. સાફ સફાઈના મહત્ત્વને સમજતા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સાથો સાથ ઘરોમાં યોગ્ય શૌચાલયોના અભાવે ભારતીય પરિવારોને ભોગવવી પડતી સ્વાસ્થ્ય સંબંધી સમસ્યા વિશે પણ સંબોધન કર્યું હતું.

સમાજના વિભિન્ન વર્ગોના લોકો આગળ આવ્યા અને સફાઈના આ જન આંદોલનમાં સામેલ થયા. સરકારી અધિકારીઓથી લઈને જવાનો સુધી, બોલિવુડ અભિનેતાઓથી લઈને ખેલાડીઓ સુધી, ઉદ્યોગપતિઓથી લઈને આધ્યાત્મિક ગુરૂઓ સુધી બધા આ પવિત્ર કાર્યમાં જોડાઈ ગયા. દેશભરમાં લાખો લોકો રોજબરોજ સરકારી વિભાગો, એનજીઓ અને સ્થાનિક સામુદાયિક કેન્દ્રો સ્વચ્છતા કાર્યક્રમોમાં જોડાઈ રહ્યા છે. સતત સફાઈ અભિયાન આયોજિત થવાથી લોકોમાં સફાઈને લઈને જાગૃતતા આવી. દેશભરમાં નાટકો અને સંગીતના માધ્યમથી સ્વચ્છ ભારતનો સંદેશ ફેલાવવામાં આવ્યો.

પ્રધાનમંત્રીએ સ્વયં સ્વચ્છ ભારત મિશનમાં સામેલ થવા માટે લોકો, વિભિન્ન વિભાગો અને સંગઠનોની પ્રશંસા કરી. શ્રી મોદીએ હંમેશા મીડિયા દ્વારા સ્વચ્છ ભારત માટે યોગદાન કરનારાઓની ખુલીને પ્રશંસા કરી.

સ્વચ્છ ભારત અભિયાન લોકોનું જોરદાર સમર્થન મેળવીને 'જન આંદોલન' બની ગયું. સામાન્ય નાગરિકો પણ મોટી સંખ્યામાં આગળ આવ્યા અને તેમણે એક સાફ સુથરા ભારતના શપથ લીધા. સ્વચ્છ ભારત અભિયાનની શરૂઆત બાદ માર્ગોની સફાઈ માટે હાથમાં ઝાડુ ઉપાડવું, સફાઈ પર ધ્યાન અને એક સ્વચ્છ માહોલ બનાવવાની કોશિશ લોકોની આદતમાં સામેલ થઈ ગઈ. લોકો આ અભિયાનમાં સામેલ થવા લાગ્યા અને તેઓ આ સંદેશને ફેલાવવામાં મદદ કરી રહ્યા છે કે 'સ્વચ્છતા ઈશ્વરની ભક્તિની સૌથી નજીક છે.'

(૩.૯) યુવાનોમાં સ્વચ્છતાનું મહત્વ

પહેલાના સમય કરતા આજે યુવાનોમાં સ્વચ્છતાનું મહત્વ વિશેષ જોવા મળ્યું છે. આધુનિક ટેકનોલોજી દ્વારા સ્વચ્છતાનો પ્રચાર કરવામાં આવ્યો છે. ભારત સરકાર દ્વારા વિવિધ કાર્યક્રમો બહાર પાડવામાં આવે છે જેમાં આજના યુવાનો યોગ્ય ભૂમિકા ભજવે છે. ભારત સરકારના વિવિધ

અભ્યાસક્રમમાં સ્વચ્છતાને સ્થાન આપવામાં આવ્યું છે. આ વિષયોનો આજના યુવાનો અભ્યાસ કરે છે આમ યુવાનો માં સ્વચ્છતા નું વિશેષ મહત્વ જોવા મળે છે અને આજના યુવાનોએ પણ સ્વચ્છતાનું મહત્વ સ્વીકારી તેમને યોગ્ય સ્થાન પોતાના જીવનમાં આપ્યું છે. યુવાનોએ સ્વચ્છતા ની સ્વીકારીને લોકોમાં તેનો પ્રચાર કર્યો છે આવનારા ભવિષ્યમાં ભારતના યુવાનો દ્વારા સ્વચ્છતાની પહેલ સંપૂર્ણ ભારતમાં જોવા મળશે. આમ ભારતના યુવાનો દ્વારા પર્યાવરણના પ્રચાર પ્રસારથી રાષ્ટ્ર નિર્માણ થશે.

(૪) મૂલ્યાંકન

આજે ભારતમાં સ્વચ્છતા અંગો વિશેષ ધ્યાન આપવામાં આવે છે. કહેવાય છે કે જ્યાં સ્વચ્છતા ત્યાં પ્રભુતા. અહીં સ્વચ્છતાને આધ્યાત્મિકતા સાથે જોડવામાં આવ્યું છે. ધાર્મિક ક્ષેત્રમાં પણ સ્વચ્છતાનું વિશેષ મહત્વ છે. સ્વચ્છતા દ્વારા જ આરોગ્ય જળવાઈ રહે છે, જીવનમાં સુખ અને શાંતિ જળવાઈ રહે છે, મનુષ્યનો માનસિક વિકાસ થાય છે. સ્વચ્છતા દ્વારા જ રાષ્ટ્ર નિર્માણ શક્ય છે. રાષ્ટ્રના વિકાસમાં સ્વચ્છતા જરૂરી છે. ગાંધીજીએ સેવેલ સ્વચ્છતાના સ્વપ્નને સાકાર કરવાનું કાર્ય આજની યુવાપેઢીએ હાથ ધર્યું છે. મનુષ્યના શારીરિક-માનસિક સ્વચ્છતા અને વસવાટથી લઈને ભારતના પુરાતત્વીય સ્થળો, જાહેર સ્થળો, ઐતિહાસિક સ્થળો અને અન્ય વિસ્તારોમાં સ્વચ્છતા નું મહત્વ દર્શાવ્યું છે. સ્વચ્છતાને આધ્યાત્મિકતા સાથે સરખાવીને તેમના મહત્વને દર્શાવવામાં યુવાનોએ ખૂબ જ પ્રયત્ન કર્યા છે. આમ સ્વચ્છતા ની જાગૃતિ અને એમના પ્રચારમાં યુવાનોની વિશેષ ભૂમિકા રહી છે. આપણે પણ સંકલ્પ લઈએ કે સ્વચ્છતાના હર કદમ પર ચાલીને રાષ્ટ્ર નિર્માણમાં આપણું મહત્વનું યોગદાન આપીએ...

સંદર્ભ પુસ્તક :

(૧) ડૉ. વાઘેલા,અનિલ; સ્વચ્છતાના સમાજશાસ્ત્રનું સ્વરૂપ, કલ્યાણ પબ્લિકેશન દિલ્હી, આવૃત્તિ: ૨૦૧૫,

(૨) ડૉ. વાઘેલા, અનિલ; સ્વચ્છતા નું સમાજશાસ્ત્ર ભાગ – ૧, યુનિવર્સિટિ ગણિત નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ ૬, પ્રથમ આવૃત્તિ : ૨૦૧૮

(૩) સુલભ સ્વચ્છતા આંદોલન, સુલભ ઇન્ટરનેશનલ સૌરભ સર્વિસ ઓર્ગેનાઈઝેશન.

(૪) પટેલ ધવલ, આપણા સૌનું મિશન સ્વચ્છતા ત્યાં સ્વસ્થતા, સંસ્કાર સાહિત્ય મંદિર, આવૃત્તિ-૨૦૧૬

26

IMPACT OF SOCIAL MEDIA ON SOCIETY

DR. PRAKASH H. VICHHIYA
Assistant Professor
Department of Psychology
C.B. Patel Arts Collge, Nadiad

ABSTRACT:

The phrase "social media" refers to a computer-based technology that makes it possible to share concepts, ideas, and knowledge through online groups and networks. Social media is internet-based and allows users to share anything quickly, including movies, images, documents, and personal information. Users interact with social media through web-based software or applications on a computer, tablet, or smartphone.

Several tech-enabled activities can be considered forms of social media. Blogging, social gaming, social networks, video sharing, business networks, virtual worlds, reviews, and many other things fall under this category Even governments and politicians engage with citizens and constituents on social media. Social media has transformed how we all communicate online. It allows us to communicate with one another, keep in contact with friends who live far away, and access an infinite quantity of knowledge. It also allows us to learn about what is happening in the world in real-time. Social media has, in many ways, made the world seem more reachable by enabling people to connect with one another online.most popular social media websites as of January 2021 are as follows:

Facebook (2.74 billion users)

YouTube (2.29 billion users)

WhatsApp (2 billion users

Facebook Messenger (1.3 billion users)

Instagram (1.22 billion users)

Keywords: social media, Facebook, YouTube, WhatsApp, and computer-based technology, internet, websites

INTRODUCTION:

Using interactive and user-generated content, social media are new information networks and information technology that facilitate the development and maintenance of interpersonal relationships. Internet forums, web communities, and content sharing are examples of typical social media network services. At least five major features are easy to identify:

1) Social networking and social interaction
2) Participation
3) The use of different providers (e.g. search engines, blog spaces, etc.)
4) Openness
5) Collaboration (between both users and user groups).

Social media's greatest change to the way people communicate is user-produced content and the fast and flexible sharing of this content. Some examples of the different ways in which social media distributes user content are shown in the following table:

Social Networks	Facebook, Google, Myspace, Linked In,
Blog services	WordPress, Blogger, Twitter, Posterous
Information creation community	Wikipedia, Workspaces
Link sharing services	Digg, Dingo
Virtual community	Habbo Hotel, Second Life

Content producers must carefully consider which social media platforms, or social media "tools," are suitable for their objectives in order to have an impact on society. Each tool has unique characteristics, as well as a distinct operating system and user base. For the purpose of disseminating material and evaluating the results, it is helpful to concentrate on two or three social media platforms.

SOCIAL MEDIA TOOLS:

Most of us are familiar with social media through its various tools and communities. The most well-known include Facebook, Myspace, YouTube, Flickr, and Wikipedia. The "Web 2.0" tools used in social media are developed swiftly, and new tools, features, and services are created daily.

FUNCTIONAL AND VERSATILE WEBSITES:

Social media is a component of the larger body of online engagement and Internet communication. A functional "online headquarters" is required when activities are dependent on often changing information, linking, and sharing; this necessitates the establishment and upkeep of excellent and engaging websites. It should be possible for website visitors to actively follow updates on new content without actually using the website. These options are provided through sharing services like Add This and Share This or RSS feeds.

On websites, sharing options frequently take the form of buttons, making it relatively simple for visitors to share the site's content. Numerous websites also feature a Facebook "Like" button that, when clicked, sends the website's URL to the clicker's personal network of friends. However, do not divulge this information to anybody else. On the other side, RSS feeds tell users of site updates.

- **Blogs**

Since the mid-1990s, when they mostly resembled online personal journals and were essentially "web log books," from which the term "blog" is derived, blogs have been published. The key distinction between this online version and a real diary is that readers can leave comments, add links, and provide other feedback. A blog is mostly a tool used by writers to publish their own ideas and viewpoints. The inter-user blogosphere, which exchanges links between blogs referencing related content, is what transforms blogging into an efficient information network.

Each blog entry is a new hit for search engines because they can be labeled with various search terms, placed in blog directories according to name, and more. Although the main purpose of a blog is to promote dialogue, there is typically very little interaction between blog authors. For instance, in observing the relationships among American social bloggers, it has been shown that bloggers frequently quote other bloggers with similar backgrounds and take ideas or themes from them. But on occasion, a blogger might draw attention to and/or defend the viewpoint of another blogger.

- **Twitter**

Users of Twitter, a free microblogging website, can communicate with one another by sending 140-character tweets. Its use is built on brief conversations and information sharing between friends, acquaintances, and other Twitter users. Tweets are the most popular term for Twitter messages. These tweets collectively make up a stream of messages that can be

viewed on a computer screen or another screen, such as a mobile phone screen, in chronological sequence. A "hashtag" is a type of term that can be added to tweets to link the current message to another message and make it simpler to follow the messages. Twitter may be a fascinating medium for discussions on society because of how condensed its messaging is. Short messages don't give you time to defend your viewpoint or cite references, therefore political messaging and discussion might be spicier and more critical than on other social media sites.

Despite this, political discourse can be actively discussed on Twitter. Through online links or other references, Twitter can also be used to direct users to more in-depth content elsewhere. Studies on the use of Twitter to sway voter behaviour, however, only focus on a select few "super users."

- **Wikis**

Wikis and other text-based collaborative projects are online pages that anybody with the appropriate permissions can edit. The most well-known wiki and "wiki-like" effort is Wikipedia. Wikis' core purpose is to offer voluntarily, decentralised, and open information. Without changing the page's overall structure, text can be added, edited, or replaced, and new sections can be introduced. The people who check it also add new information. The primary advantages of wikis are the ability to involve a large number of people in a single effort and the opportunity to benefit from group intelligence.

Wiki sites' content quality has remained largely steady, notwithstanding the occasional malicious modification. When content from various users does not agree, some wikis, like Wikipedia, have people who commit themselves to maintaining high quality and to collaborative problem-solving. Wiki sites' content quality has remained largely steady, notwithstanding the occasional malicious modification. When content from various users does not agree, some wikis, like Wikipedia, have people who commit themselves to maintaining high quality and to collaborative problem-solving.

- **Youtube**

The most popular online video service is YouTube. By the end of the same year, it has had received 50 million visits since it started running in 2005. More than 2 billion people visited YouTube every day in 2010. The fundamental concept behind YouTube is that people upload videos to the platform while simultaneously watching them, rating them, and leaving

comments. According to the number of viewers, music videos, entertainment shows, and news videos are the most popular YouTube videos, but there are also some user-made videos about personal issues that have attracted a sizable audience. With a significantly cheaper cost than TV ads, YouTube is a crucial channel for candidates in local and parliamentary elections. The most popular political content on YouTube has been satirical "mash-ups," where a video recording is combined with a separate voice recording, distorting the message and meaning of the video. This is because YouTube users are currently more interested in entertainment than politics. Political humor and covertly recorded gaffes are also very popular. Satirical TV shows' themes are also well-liked.

- **Facebook**

Facebook is the largest online community on the Internet. The majority view Facebook as the very definition of social media. The fundamental idea is to give every registered user the opportunity to make a user profile with images and keep in touch with the contacts they link to on the site as "friends" or other people they are friends with. Facebook wasn't the first of its sort; comparable sites existed in the late 1990s, but Harvard University student Mark Zuckerberg invented a brand-new method of sharing thoughts, images, and connections by connecting people's profiles to one another. Users could quickly get used to it. In February 2004, Harvard students were the first to have access to Facebook. Facebook was launched for public use in 2006, and within a year, practically all American schools were using it. Since its introduction to Finland in 2007, Facebook has accrued 1.5 million users nationwide. The ability to connect with friends whose phone numbers and email addresses have changed or become out-of-date is what has drawn people from all over the world to Facebook. However, a feature of Facebook that is even more significant is that political candidates may build pages for themselves. When a user clicks the "Like" button, they are indicating that they want to be updated whenever the politician posts something to Facebook. even more important feature of Facebook is the political candidates create a page for themselves, and when a user clicks on the “Like” button, that user indicates that they would like to receive updates each time the candidate adds something to Facebook.

THE IMPACT OF SOCIAL MEDIA ON SOCIETY:

The term "social media" refers to a group of websites, programmes, and other platforms that allow us to share or produce content as well as engage in social networking.

Social media offers a variety of powerful tools because of its enormous influence and reach, which goes beyond just blogging and photo sharing.. Social media is one of the most important aspects of modern life that we cannot ignore. We have quick access to any information and can communicate with anyone, anywhere in the world.

The youth are our country's future; they have the power to make or break the economy. One of the most alluring aspects of modern life for him is social media. Youth are most affected by social media since they use social networking sites the most.

Today, social media has a significant impact on our lives. Everything that has such a broad scope possesses both positive and negative aspects. Social media has tremendous power and has an impact on everyone.

The existence of social media in our life today is unimaginable, and we pay a price for its excessive use. In general, there is much discussion surrounding the effects of social media. Some belief it to be a blessing, while others believe it to be a curse.

- **POSITIVE EFFECTS OF SOCIAL MEDIA:**

Social media assists various enterprises as well as the social development of society. It offers resources like social media marketing tools that help get in front of millions of potential clients.

Social media is a fantastic tool for raising awareness of any social topic since it makes it simple for us to obtain information and get news.

Potential job searchers can be contacted by employers. It can support the growth and uninterrupted social interaction of many people with the outside world.

Many people use social media to listen to high-ranking authorities, and it can also help them find others who share their interests.

Social media is a very quick form of communication.

It gathers data wherever it is. gives accessible news to all classes, including both educated and uneducated people. Here, nothing is in any way owned by anyone. It is simple to share images, videos, information, documents, etc.

Social media is a type of non-traditional media. A virtual environment that is accessible online is produced as a result. The large global network of social media keeps individuals in touch. It is a fantastic method of communication.

There is a rapid interchange of information that includes breaking news from many industries.

IMPORTANCE OF SOCIAL MEDIA IN EDUCATION:

Today, instructors, professors, and students are the ones who use platforms like Facebook, Twitter, LinkedIn, etc. the most, and they have grown extremely popular among them.

Because technology makes it simple for them to access and share knowledge, get answers, and connect with professors, social media plays a crucial role for students.

Students and professors can only communicate and exchange content that is useful for these platforms through social media networks.

FOLLOWING ARE THE IMPORTANCE OF SOCIAL MEDIA:

- Live Lecture
- Increase in suppor
- Easy work
- Teaching Aids
- Teaching Blog and Write-up
- Building a brand
- Customer Support:
- Social Media Advantages:
- Educational Equipment:
- New Updates:
- Networking:
- Global Exposure Experience:
- Job Opportunities:
- Creative Expression:
- Social Media Marketing**:**

NEGATIVE EFFECTS OF SOCIAL MEDIA:

Many physicists think that social media is the main factor contributing to people's anxiety and sadness. Inadequate mental development in children is also a result of it. Social media use too much can affect how well you sleep.

Numerous other detrimental impacts exist, including cyberbullying and problems with body image. The fear of missing out (FOMO) is at an all-time high because of social media.).

1) Loss of memory:

A social media study found that using social media excessively has the reverse effect on memory. Important information is not secure in such people's thoughts. The brain does, in fact, search for secure information in spare time.

However, people are still engaged in online activities during their downtime, which prevents their minds from relaxing and negatively impacts their memory.

2) Concentration is affected:

Most kids pay attention to the messages and information on their phones even when they are studying, which causes them to lose concentration.

The disruption of students' academic performance is another factor contributing to the distraction brought on by social media platforms like Facebook, WhatsApp, Twitter, etc.

3) Harmful impact on self-esteem:

Children start comparing their accomplishments to their friends' accomplishments when they see images or status updates shared by their peers on social media

4) There is a decrease in communication skills:

Students who are always talking online lack social skills since they avoid speaking to people in person privately. As a result, they struggle to communicate in many spheres of life. Excellent communication skills are crucial in both academic and professional settings since they boost your success rate.

5) Gives Anxiety and Stress:

Social media's rising popularity has contributed to an upsurge in the practise of adding people you don't know personally or have never met as friends online.

Because there is a lack of trust, such partnerships end as soon as they begin.

Such broken relationships in teens lead to mental discomfort and tension because they lack the mental fortitude to handle them, which is a very severe issue.

IMPACT OF WEB SERIES ON INDIAN CULTURE:

The extent to which the film world has hurt the faith, identity, and trust of society, has given new ways of crimes and has promoted obscenity, apartheid, and shamelessness, in that way the damage done by it to society cannot be compensated. To ban it completely means that it is better for society and for our culture. The things that are broadcast on a big screen have the power to attract a huge population and bring change to them. If this change is so harmful then it is advisable to stop it as soon as possible. Because the film world has not only encouraged crimes but has hurt our culture, religion, faith and identity. Today small children will be found singing stupid songs who do not even know their meaning. In fact the youth who spend their time by giving the name 'Chill' is not only chill but is eating their valuable time. The surprising thing is that even the educated class gives their support to this kind of broadcasted obscene material. It is not even known when what is being called openness and a developed mindset get dragged through the other door into narrow circles.

Today every third youth of in society is suffering from depression. It is becoming difficult to recover from it even after giving attention to mental health. Stress, unemployment, breakdown, anxiety, and failures push them into the world of crime, indolence, and death. In fact, the aim of human life is salvation. The inclination of the present generation is very less towards this, due to which they are suffering by losing their lives. Movies like the 'Ashram' web series have made him more atheist and have made him distrust the authority of God.

Einstein said, “Cinema will make people more knowledgeable than books, its speed will be so fast that books will become the main antagonist of cinema.” Taking his word, Hitler used cinema as a powerful weapon of communication. Cinema played plays and television limited cinema. The turmoil created by web series on television has raised a big question on our 'conscience' - here I am not taking India in context only but I am including all the countries of

the world whose cultural heritage has been deep. Over time, the aspiration of 'intellectual Hitlers to use all means of communication grew more and more and today we are standing at the point where the feet are in the shoes but the shoes do not believe how solid the earth is under the feet.

BAD EFFECT OF WEB SERIES ON TEENAGERS:

Web series are having a very deep impact on children in the age group of 13 to 19 years. As you know, physical changes start happening at this age, when teenagers get addicted to web series at this age, then teenagers also try to do the work shown in these series in real life. From research, we have come to know that due to these web series, children and adolescents have seen a lot of changes, some of the major changes are:

- Children's irritability,
- Get angry quickly
- Mental stress
- Loss of appetite

Etc. are due to Internet addiction, the Internet is a very worthwhile thing for the convenience of children, but it is necessary to have control over it. Parents must be aware of what kind of content children are watching on the Internet and what it impacts their lives

CONCLUSION:

Social media is a great way to stay connected with friends, but just as everything has both advantages and disadvantages, there is a similar situation in the use of social media.

Parents also should tell the right use of these sites to their children and know their every move or update.

Recent surveys have shown that on average, every person spends at least 1.8 hours per day on social media. It is also possible that most of us spend more time surfing on Google than we spend time sleeping.

In this era of computers, everything has gone digital. Therefore it is almost impossible to avoid the internet usage

Today not only youth but every section of society and every age group is influenced by films. The film world has produced many films for the betterment of society. There was a time

when the film industry was recognized as one of the greatest artists of all time. Dance, music, acting, etc. was a meeting of all the arts, but now only vulgarity and nudism are visible in the form of art and artist, and the right shortcoming has been filled by the web series by adding lewd abuses in its article. Which a decent family cannot even sit together and watch. The film world has gone away from entertainment, not only outside the house but has also been involved in personal life, whose bad effect is now clearly reflected in the new breed coming.

Selling, distribution, display or transmission of obscene articles is illegal under sections 292 and 293 of the Indian Penal Code. Even after this, the web series which are now coming out indiscriminately and are being watched by most of the sections of the society, they are filling the shortage of legally closed porn websites in India.

The whole world saw only the aspect of India shown in web series like "Mirzapur", and "Ashram". What has been the form of saints and sages in India? No positive web series was ever made on those scholars who created the riches of Vedas and created literature and culture.

The surprising thing is that even the educated class gives their support to this kind of broadcasted obscene material. It is not even known what is called openness and a developed mindset gets dragged through the other door into narrow circles. To ban it completely, that is, to curb it completely, is better for society and for our culture. Only then can we inculcate good values in the creators of our future society.

REFERENCES:

1. https://www.google.com/url?sa=t&source=web&rct=j&url=https://webkhoj.com/web-series/&ved=2ahUKEwjh8bzBzo33AhUOILcAHZmLBrAQFnoECDQQAQ&usg=AOvVaw2JaJyday-PwdtIOYsYRgXx
2. https://news.jagatgururampalji.org/ashram-web-series-hindi-news/
3. https://www.google.com/search?q=%%%E0%A4%9A%E0%A4%BF%E0%A4%A4+%E0%
4. https://www.google.com/amp/s/www.rajexpress.co/amp/story/lifestyle/impact-of-web-series-on-teenagers-and-society

5. https://www-quora-com.translate.goog/What-are-the-web-series-that-make-a-good-impact-on-life?_x_tr_sl=en&_x_tr_tl=hi&_x_tr_hl=hi&_x_tr_pto=tc,sc

6. https://readingjunction.com/essay-on-social-media/

7. https://www.usf.edu/ucm/marketing/intro-social-media.aspx

8. https://www.investopedia.com/terms/s/social-media.asp

9. social-media-and-politics-power-political-influence.pdf

27

મહિલા ઉદ્યોગ સાહસિકોનો એક આર્થિક અભ્યાસ

આહીર લતાબેન પાંચાભાઈ
પીએચડી અભ્યાસકર્તા
મહારાજા કૃષ્ણકુમાર સિંહજી, ભાવનગર યુનિવર્સિટી, અર્થશાસ્ત્ર ભવન

સારાંશ :

ભારત એક એવો દેશ હતો કે જયાં મહિલા પાસે બેન્કમાં ખાતું હોવુએ પણ મુખ્ય માપદંડ માનવામાં આવતું હતું જો કે, હાલમાં તેની પાસે ૧૫.૭ મિલિયન થી વધુ મહિલાઓની માલિકીના સાહસો છે, જેમાં મહિલાઓ સ્ટાર્ટ-અપ ઇકોસિસ્ટમનું નેતૃત્વ કરે છે. આ કઠોર પરિવર્તન ભારતીય મહિલાઓની ક્ષમતા અને તેમના સંકલ્પને રેખાંકિત કરે છે. આવનાર દાયકાઓમાં ભારત એક મોટા પરિવર્તનનું સાક્ષી બનવાનું છે. એક સમય એવો હતો કે જ્યારે કોઈ મહિલા ઉદ્યોગ કરવાની વાત કરે ત્યારે લોકોના ભવા ચડી જતાં,પરંતુ હાલના સમયની વાત કરવામાં આવે તો મહિલાઓ ઉદ્યોગ સાહસિકતા માં ડંકો વગાડી રહી છે. નવા નવા વુમન સ્ટાર્ટ-અપ આવી રહ્યા છે. છતાં પણ તાજેતરમાં મહિલા સાહસિકશીપ વિશે ડેટા પ્રસિદ્ધ થયા તે કદાચ ભારતમાં કાર્યરત મહિલા સાહસિકો માટે નિરાશાજનક લાગે પરંતુ સાથે સાથે વધુ નવી તકો વાળા પણ છે. આખી દુનિયામાં લગભગ ૧૩ કરોડ મહિલા સાહસિકો છે, જેમાંથી ભારતમાં નાના મોટા થઇને માત્ર ૫૦ લાખ જેટલા મહિલા સાહસિકો છે. પશ્ચિમના દેશોમાં ૩૦ ટકા મહિલાઓ ઓર્ગનાઇઝડ સેકટર્સમાં છે, જ્યારે ભારતમાં મહિલા સાહસિકો ૨૪ ટકા ઓર્ગનાઇઝડ સેકટર્સમાં છે. ભારતમાં પુરુષોની સામે માત્ર ૧૩ ટકા મહિલાઓ જ ટોપ મેનેજમેન્ટની લીડરશિપ પોજિશનમાં છે. જ્યારે વિકસિત દેશોમાં આ સંખ્યા ૪૦ ટકાથી વધુ છે. ભારતમાં મહિલા સાહસિક બનવું પડકાર એટલા માટે છે કેમકે ભારતીય સમાજ મુખ્યત્વે પુરુષ પ્રધાન સમાજની માનસિકતા ધરાવે છે. હજુ પણ સરકારી કે ખાનગી સંસ્થાઓમાં પુરુષોને ચાવીરૂપ વિભાગો કે

જવાબદારીઓ આપવામાં આવે છે. પરંતુ સારી બાબત એ છે કે હવે આ વિચારધારાઓ બદલાવા લાગી છે. હવે મહિલાઓ મહત્વની જગ્યાઓ પર નિમણુંક થવા માંડી છે. અમુક કામો મહિલાઓ પુરુષો કરતાં સમોવડી થઇને કરી બતાવે છે. હવે ભારતીય સમાજમાં મહિલાઓ ઘર અને ઓફિસ એમ બને જવાબદારીઓ નિભાવી રહી છે. અને બંને કાર્યનું સારી રીતે મેનેજમેન્ટ કરી જાણે છે.તો આ રીતે ભારતીય મહિલાઓ દેશના ભાવિને ઘડવામાં અને ઉન્નત કરવામાં પોતાનો ખૂબ મોટો ફાળો આપી રહી છે, અને ભવિષ્યમાં હજુ તેમાં વધારો થશે એવી આશા છે. એક એવો અંદાજ છે કે ૨૦૩૦ સુધીમાં મહિલા સાહસિકોની માલિકીના ઉદ્યોગો ૧૫૦ મિલિયન જેટલી રોજગારીની તકો પૂરી પાડશે. જે ભારતના આર્થિક પાસા ને મજબૂત બનાવવામાં મદદ કરશે.

ચાવીરૂપ શબ્દો - મહિલા સાહસિકો, સ્ટાર્ટ-અપ, ઇકોસિસ્ટમ,ઓર્ગેનાઈઝડ સેક્ટર, સમોવડી

પ્રસ્તાવના :

ઉદ્યોગ સાહસિકો તરીકે મહિલાઓની વધતી હાજરીને કારણે દેશમાં નોંધપાત્ર પરિવર્તન થયું જે આર્થિક વિકાસ માટેના પાયાના પરિવર્તન તરીકે જોઇ શકાય છે.દેશમાં રોજગારીની તકો ઉત્પન કરીને, વસ્તી વિષયક પરિવર્તનો લાવીને મહિલા સાહસિકો નવી પેઢીને પ્રેરણા પૂરી પાડી રહી છે. મહિલાઓની માલિકીના વ્યવસયો-ઉદ્યોગ સમાજમાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે. દેશના સંતુલિત વિકાસ માટે મહિલા ઉદ્યોગ સાહસિકોના વિકાસના પ્રયત્નોને પ્રોત્સાહન આપવાના દ્રષ્ટિકોણ સાથે સ્ટાર્ટ-અપ ઈન્ડિયા પહેલ, યોજનાઓ માટે પૂરતું ભંડોળ મળી રહે તે માટે સરકાર દ્વારા આપવામાં આવતી જુદી-જુદી લોનની સુવિધાઓ, નેટવર્કસ, માર્ગદર્શન, મહિલા સમુદાયને સક્ષમ કરવા અને સ્ટાર્ટ-અપ ઇકોસિસ્ટમમાં વિવિધ હિસ્સેદારો વચ્ચે ભાગીદારીને મજબૂત કરવા ભારત સરકાર પ્રતિબદ્ધ છે.

મહિલા ઉદ્યોગ સાહસનો અર્થ :

ભારત સરકારના ૧૯૭૭ ના અહેવાલમાં સ્પષ્ટ રીતે દર્શાવાયેલ છે તે મુજબ "કોઈપણ ધંધાકીય સાહસ કે જેમાં ઓછામાં ઓછા ૫૧ ટકા થી વધુ મૂડીરોકાણ સ્વતંત્ર મહિલાનું હોય અને તે સાહસમાં ઓછામાં ઓછી ૫૧ ટકા જેટલી રોજગારી મહિલાઓને પ્રાપ્ત હોય તે ધંધાકીય સાહસને મહિલા ઉદ્યોગ સાહસ તરીકે ઓળખાવી શકાય".

ભારતની અર્થવ્યવસ્થામાં મહિલા ઉદ્યોગ સાહસિકોની ભૂમિકા :

કુલ ઉદ્યોગ સાહસિકોના ફક્ત ૧૩.૭૬ ટકા જ મહિલાઓ છે, એટલે કે ૫૮.૫ મિલિયન ઉદ્યોગ સાહસિકો માંથી ૮.૦૫ મિલિયન મહિલાઓ છે.

આ સ્થાપનામાં સંપૂર્ણ મહિલાઓની માલિકી છે જેમાં કુલ ૧૩.૪૫ મિલિયન લોકોને રોજગારી પૂરી પાડે છે.

- હાલ માં મહિલા ઉદ્યમીઓની સંખ્યા ઓછી છે પરંતુ એકંદરે મહિલાઓ કોર્પોરેટ સિનિયર મેનેજમેન્ટના પદો પર ૩૦ ટકાનો ભાગ ધરાવે છે,જે વૈશ્વિક સરેરાશ ૨૪ ટકા કરતાં નોંધપાત્ર વધારેછે.

- નિષ્ફળ કંપનીઓમાં ૩.૧ ટકાની તુલનામાં સફળ કંપનીઓમાં મહિલા અધિકારિઓનું એકંદરે સરેરાશ પ્રમાણ ૭.૧ ટકા છે.

- સ્ટેન્ડ-અપ ઈન્ડિયા એસસી/એસટી અને મહિલા ઉદ્યમીઓને ૧૦ લાખથી ૧ કરોડ વચ્ચે બેન્ક લોનની સુવિધા આપે છે.

- વેપાર સંબંધિત ઉદ્યોગ સાહસિક સહાયતા અને વિકાસ [TREAD] મહિલાઓને વેપાર સંબંધિત ટ્રેનિંગ, માહિતી અને પરામર્શ, કુલ પ્રોજેક્ટની કિમતનું ૩૦ ટકા સુધી ગ્રાન્ટ આપે છે.

સાહિત્ય સમીક્ષા :

શેઠ. હંસાબેન [૨૦૦૫] ભારતમાં ઉદ્યોગ સાહસિકતાના વિકાસનો વિશ્લેષણાત્મક અભ્યાસ: વિકાસની પ્રક્રિયામાં મહિલાઓની ભાગીદારી આજે બધા જ ક્ષેત્રોમાં જોવા મળી રહી

છે. ભારતમાં અને ગુજરાતમાં મહિલાઓ હવે કેવળ ઘર ન સંભાળતા ઔદ્યોગિક ક્ષેત્રોમાં પણ અગ્રેસર જોવા મળી રહી છે. સી. જયંથી [૨૦૦૩] વિમેન એન્ટરપ્રીનયોર્સ ઇન ધ ન્યુ વેવ ઇકોનોમીક ડેવલોપમેન્ટ પ્રોગ્રામ:બદલાતા જતાં આર્થિક અને સામાજિક પ્રવાહોના સંદર્ભમાં મહિલાઓની ક્રિયાશીલતા વિધાયક ભૂમિકાને સમજાવવા આ લેખમાં એકંદરે સમાજની માનસિકતામાં પરિવર્તન આવે અને ઘર મોરચો સંભાળતા બહેનો પણ ઉદ્યોગ સાહસિકતા દ્વારા પૂરક અથવા મહત્વની ભૂમિકા ભજવી શકે છે. જે. સોનલ [૨૦૧૯] role of women entrepreneurship in social and economic development મહિલા દેશના આર્થિક વિકાસમાં મહત્વની ભાગીદારી આપી રહી છે. ઉદ્યોગો ચલાવી રહી છે. ઘણા સફળ ઉદ્યોગો પાછળ મહિલા સાહસિકના કૌશલ્ય અને જોખમ ખેડવાના ગુણો છે. ઘણા સામાજિક અવરોધો હોવા છતાં મહિલાઓ આજે દરેક ક્ષેત્રમાં પોતાની સફળતાના શિખરો સર કરી રહી છે.

અભ્યાસના હેતુઓ :

- ભારતમાં મહિલા ઉદ્યોગ સાહસિકોની વર્તમાન પરિસ્થિતિનો અભ્યાસ.

- ભારતમાં મહિલા ઉદ્યોગ સાહસિકોનો અર્થતંત્રના વિકાસમાં યોગદાન વિષે અભ્યાસ.

- ભારતમાં મહિલા ઉદ્યોગ સાહસિકોની સફળતા,પડકાર અને જાતિગત પાસાઓનો અભ્યાસ.

સંશોધન પદ્ધતિ :

પ્રસ્તુત અભ્યાસ ગૌણ માહિતી પર આધારિત છે. જેમાં સ્ટાર્ટ-અપ ઈન્ડિયા, નીતીઆયોગના રિપોર્ટ, અન્ય વેબસાઇટ, અન્ય સરકારી દસ્તાવેજો અને સંશોધન પેપરનો ઉપયોગ કરી માહિતી એકત્રિત કરવામાં આવી છે.

ભારતમાં મહિલા ઉદ્યોગ સાહસિકો (MSMEs) :

ભારતમાં ૬૩ મિલિયન સૂક્ષ્મ, નાના અને મધ્યમ કદના ઉદ્યોગો છે. જેમાંથી ૨૦ ટકા મહિલા ઉદ્યોગ સાહસિકોની માલિકીમાં આવે છે. તેમાંથી તે ૨૨ થી ૨૭ મિલિયન રોજગારી પૂરી પડે છે. ૬૫ દેશોના Mastercard Index of Women Entrepreneurs (MIWE-2021) જે ત્રણ ઘટકો પર આધારિત છે, મહિલા વિકાસ પરિણામો, જ્ઞાન મૂલ્યાંકન, નાણાંકીય પહોંચ અને ઉદ્યોગસાહસિક સમર્થનની સ્થિતિ. જેમાં ૬૯.૯ ના સ્કોર સાથે યુનાઇટેડ સ્ટેટ પ્રથમ ક્રમ ધરાવે છે, ૪૦.૫ ના સ્કોર સાથે ભારત ૫૭ મો ક્રમ ધરાવે છે. આ રિપોર્ટના આધારે એવી ભલામણો કરવામાં આવી છે કે ભારત ૩૦ મિલિયન જેટલી મહિલા ઉદ્યોગ સાહસિકોની ક્ષમતા ધરાવે છે, જે ૧૫૦ તો ૧૭૦ મિલિયન જેટલી રોજગારીની તકો ઊભી કરી શકે એમ છે.

ભારતની ૪૩૨ મિલિયન મહિલાઓ કે જે કામ કરી શકે તેમ છે, તેમાંથી માત્ર ૧૯ ટકા મહિલો જ સવેતન કાર્યમાં જોડાયેલી છે. Global entrepreneurship monitor (GEM) રિપોર્ટ જણાવે છે કે નીચી આવક ધરાવતા દેશોમાં મહિલા ઉદ્યોગ સાહસિકોનો ઊંચો દર જોવા મળ્યો છે. ભારતમાં તે માત્ર ૨.૬ ટકા જેટલો છે. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતીય મહિલાઓ સુરક્ષિત નોકરી વધારે પસંદ કરે છે. ઉદ્યોગ સાહસ કરવાનું જોખમ પસંદ કરતી નથી.

ભારતમાં મહિલા ઉદ્યોગ સાહસિકો SAFE નથી :

SAFE ફ્રેમવર્ક MSME માં કાર્યરત મહિલા ઉદ્યોગ સાહસિકોના પડકારોને સમજવામાં મદદ કરે છે.


S= sustainable: ૭૩ ટકા મહિલા ઉદ્યોગ સાહસિકો કોવિડ-૧૯ પછી આવકમાં ઘટાડાનો સામનો કરી રહી છે.

A=Autonomous: ૨૦ ટકા મહિલા ઉદ્યોગ સાહસો તેમના જીવનસાથી દ્વારા ચલાવવામાં આવી રહ્યા હોય એવો અંદાજ છે.


F=Formal: ૯૫.૬ ટકા મહિલા ઉદ્યોગ સાહસો અનૌપચારિક [અનરજિસ્ટર્ડ] ધોરણે ચાલે છે.

E=Employment: ૧.૬૭ ટકા રોજગારીની તકો મહિલા ઉદ્યોગ સાહસિકો પૂરી પડી રહી છે.


ભારત દેશમાં MSMEs ઉદ્યોગોમાં મહિલા ઉદ્યોગ સાહસિકોનો હિસ્સો :




ચાર્ટમાં ભારત દેશના જુદા-જુદા રાજ્યોમાં સૂક્ષ્મ,નાના અને મધ્યમ કદના મહિલા માલિકીના ઉદ્યોગો દર્શાવ્યા છે. જેમાં પશ્ચિમ બંગાળમાં ૨૩.૪૨ ટકા સાથે પ્રથમ ક્રમે મહિલા માલિકીના ઉદ્યોગો ધરાવે છે ગુજરાતમાં ૬.૬૭ ટકા અને ભારતમાં ગુજરાત રાજ્ય સાતમાં ક્રમે આવે છે.



ભારતમાં કદના આધારે સૌથી વધુ સૂક્ષ્મ કદના ઉદ્યોગો ૨૦.૪૪ ટકા જોવા મળે છે. ત્યાર પછી નાના કદના ઉદ્યોગો ૫.૨૬ ટકા જોવા મળે છે. અને મધ્યમ કદ ના ૨.૬૭ ટકા ઉદ્યોગો જોવા મળે છે.



ભારતમાં મહિલા ઉદ્યોગોમાં ક્ષેત્રની દ્રષ્ટિએ જોઈએ તો ઉત્પાદન ક્ષેત્રમાં ૪૫ ટકા મહિલા સંચાલિત ઉદ્યોગો જોવા મળે છે. જ્યારે વેપાર ક્ષેત્રમાં ૮.૭ ટકા અને સેવ ક્ષેત્રમાં ૭.૪ ટકા મહિલા ઉદ્યોગ સાહસિકો જોવા મળે છે.



ભારતમાં કૃષિ ક્ષેત્ર સાથે સંકળાયેલા મહિલા માલિકીના ઉદ્યોગો ૬૫.૭ ટકા જોવા મળે છે. જ્યારે બિન કૃષિ ક્ષેત્રમાં ૩૪.૩ ટકા મહિલા ઉદ્યોગો જોવા મળે છે.

તારણો :

- ભારત દેશમાં મહિલા સાહસિકો આજના સમયમાં પણ સ્વતંત્ર નિર્ણયો લઈ શકતી નથી પરિવારના પુરુષોના કહેવા મુજબ જ કરવું પડે છે.

- ભારતમાં મહિલા ઉદ્યોગ સાહસિકોમાં આત્મવિશ્વાસ અને સામાજિક સમર્થનનો અભાવ જોવા મળે છે.

- મહિલા ઉદ્યોગ સાહસિકોમાં તાલીમ અને સંચાલન કરવાની ક્ષમતા ઓછા પ્રમાણમાં જોવા મળે છે.

- ભારતની ઉદ્યોગ સાહસિક મહિલાઓ દ્વારા માત્ર 20 ટકા ઔદ્યોગિક સાહસોનું સંચાલન કરવામાં આવી રહ્યું છે.

- ભારતની કુલ કામ કરતી મહિલાઓ માંથી માત્ર ૧૯ ટકા મહિલાઓ સવેતન કામ કરી રહી છે.

- ભારતની મહિલાઓ કે જે ઉદ્યોગ કરવા માંગે છે પરંતુ તેમણે પૂરતું માર્ગદર્શન અને માળખાકીય જ્ઞાન હોતું નથી.

- મહિલા ઉદ્યોગ સાહસિકોને સરકાર દ્વારા આપવામાં આવતી ધંધાકીય સેવાઓ વિશે વધારે માહિતી હોતી નથી.

સૂચનો :

- ભારત સરકાર દ્વારા મહિલા ઉદ્યોગ સાહસિકો માટે સલામતી અંગેની જોગવાઇઓ કરવી જોઈએ.

- પરિવાર અને સમાજ દ્વારા મહિલાઓને નવા નવા સાહસો કરવા માટે પ્રોત્સાહન આપવું જોઈએ. સમાજના મહિલા ઉદ્યોગ સાહસિકો પ્રત્યેના માનસિક વલનોમાં પરિવર્તન લાવવું જોઈએ.

- મહિલાઓ પોતે પણ દરેક ક્ષેત્રમાં નવી ઊંચાઈ હાંસલ કરી શકે એમ છે એવો આત્મવિશ્વાસ રાખવો જોઈએ.

- કોઈપણ ઉદ્યોગ શરૂ કરતાં પહેલાં ટકાઉ ઉદ્યોગ મોડેલ બનાવવું જોઈએ અને તેના માંટે હમેશા પ્લાન A,B અને C તૈયાર રાખવા જોઈએ.

- લોકોની પસંદગી મુજબ નું અસરકારક સંચાલન ઉદ્યોગની સફળતાની ચાવી છે.

- માર્કેટિંગ અને ફાઇનાન્સ આ બે વિભાગો ઉદ્યોગ સાહસિકને તારી પણ શકે છે અને ડૂબાડી પણ શકે છે.

સંદર્ભ સૂચિ :

Einar, H. D. (2023, December 4). Index of female entrepreneurs worldwide 2021, by country.

https://www.statista.com/statistics/1368758/index-of-women-entrepreneurs-worldwide-country/ - Search (bing.com)

Kumar, V. (n.d.). women entrepreneurship.

https://ebook.inflibnet.ac.in women entrepreneurship - Search (bing.com)

Niti Aayog. (2023). women entrepreneurs in India.

.https://www.niti.gov.in/sites/default/files/2023-03-decoding-government-support-to-women-entrepreneurs-in-india.pdf - Search (bing.com)

Saraswat, R., & Remya, L. (2020, June). A study on women entrepreneurship in India.

https://www.researchgate.net/publication/342094983_A_study_on_Women_Entrepreneurship_in_India - Search (bing.com)

Startup India. (n.d.). મહિલા ઉદ્યોગ સાહસિકતા.

https://www.startupindia.gov.in/gujarati/content/sih/en/women_entrepreneurs.html - Search (bing.com)

Upadhyay, B. (2019, August 26). મહિલા ઉદ્યોગ સાહસિકતા-તકો-પડકારો એક સરખા જ.

https://www.bing.com/search?q=%2bwww.divyabhaskar.co.in+women+enterpreneurship+opprtunities&filters=rcrse%3a%221%22&FORM=RCRE - Search

28

માનસિક સ્વાસ્થ અંગે સમાજમાં જાગૃતતા એક સાહિત્યીક સમીક્ષા

જયસ્વીનીબેન મહેન્દ્રભારથી ગોસાઈ
પીએચ.ડી રીસર્ચ સ્કોલર
અનુસ્નાતક સમાજશાસ્ત્ર વિભાગ, સરદાર પટેલ યુનિવર્સીટી, વલ્લભ વિદ્યાનગર

સારાંશ :

સારું માનસિક સ્વાસ્થ્ય એટલે વ્યક્તિનું માનસિક સંતુલન, સંતુલિત વ્યવહારો તેમજ આવેશો પર નિયંત્રણ રાખવું (દેશમુખ, 2013, દ્વારા ઉલ્લેખિત પૃ.45). અસરકારક અધ્યાપન-અધ્યયન માટે શિક્ષક અને અધ્યેતાનું માનસિક સ્વાસ્થ્ય યોગ્ય હોવું આવશ્યક છે. માનસિક સ્વાસ્થ્ય વ્યક્તિને પોતાની વાસ્તવિક ક્ષમતાનું ભાન કરાવે છે. તે તાણ, ચિંતા અને હતાશા પર કેવી રીતે નિયંત્રણ રાખવું અને ઉત્પાદકીય કાર્યો કરવા માટે વ્યક્તિને સક્ષમ બનાવે છે. માનસિક સ્વાસ્થ્યની સમસ્યાઓ (ચિંતા, તાણ, હતાશા) શૈક્ષણિક સિધ્ધિને અસર કરે છે. પોતાની જાતે નિયંત્રણ લાવવા માટે માત્ર માર્ગદર્શન પૂરું પાડવું તે સારું માનસિક સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવાનો શ્રેષ્ઠ માર્ગ છે. સારા માનસિક સ્વાસ્થ્યના કારણે બાળકની શૈક્ષણિક સિધ્ધિમાં નોંધપાત્ર સુધારો અથવા વધારો થાય છે. માનસિક સ્વાસ્થ્યએ જીવનના દરેક સ્તર પર અગત્યનું છે. એટલે કે બાળપણથી યુવાવસ્થા સુધી. પ્રસ્તુત લેખમાં અભ્યાસિકા દ્વારા માનસિક સ્વાસ્થ્યનો અર્થ તેની લાક્ષણિકતા, તેનો પ્રસન્નતા, સ્વ-નિયંત્રિત અધ્યયન, શૈક્ષિણક સિદ્ધિ સાથેના સંબંધ વિશે ચર્ચા કરવામાં આવેલ છે.

કી- વર્ડસ:- માનસિક સ્વાસ્થ, આનુંવંન્સીકતા, ઓબેસીવ-ડીસઓર્ડર, કૌશલ્ય નિર્માણ, સામાજીક સુખાકારી

1.પ્રસ્તાવના:-

બેન્જામિન બ્લૂમ અને તેના સહકાર્યકરોએ શૈક્ષણિક હેતુઓનું મુખ્યત્વે ત્રણ ક્ષેત્રોમાં વર્ગીકરણ કર્યું છે. જ્ઞાનાત્મક ભાવાત્મક અને મનો-સ્નાયવિક ક્ષેત્ર. વિદ્યાર્થીઓએ સંપૂર્ણ વિકાસ માટે ત્રણ જ્ઞાન-ક્ષેત્રમાં તેનું પૂર્ણ પ્રભુત્વ પ્રાપ્ત કરવું જરૂરી છે. જે વિદ્યાર્થીઓની શીખવાની ક્ષમતાને નિશ્ચિત કરે છે. દોંગાના મતે [2010, પૃ.170) શાળામાં આવતો પ્રત્યેક વિદ્યાર્થી પોતાની આગવી લાક્ષણિકતાઓ સાથે શાળામાં અભ્યાસ કરવા માટે આવે છે. આ લાક્ષણિકતાઓ વિદ્યાર્થીની ભિન્ન અધ્યયન નીપજોમાં સિધ્ધિ મેળવવાની શક્તિ પર અસર કરે છે. ઉચ્ચ સિધ્ધિ મેળવનારા વિદ્યાર્થીઓ સ્વ-નિયંત્રણ ધરાવતા અધ્યેતાઓ છે. નિમ્ન સિધ્ધિ ધરાવતા અધ્યેતાઓની તુલનામાં ઉચ્ચ સિધ્ધિ ધરાવતા અધ્યેતાઓ વધુ માત્રામાં અધ્યયન માટે યોજનાઓનો ઉપયોગ કરે છે, તેઓનું અધ્યયન વધુ સ્વ નિરીક્ષણ. વધુ ચોક્કસ ધ્યેયો ધરાવે છે અને પોતાના ધ્યેય પ્રત્યે પ્રગતિનું વધારે વ્યવસ્થિત રીતે મૂલ્યાંકન કરે છે. સ્વં નિયંત્રિત અધ્યયન એ વ્યક્તિને પોતાની ક્ષમતા સમજવા અને પોતાના અધ્યયન વાતાવરણ પર નિયંત્રણ રાખવા સાથે સંકળાયેલ છે. પણ આ બધુ ત્યારે જ શક્ય છે જ્યારે વ્યક્તિ માનસિક રીતે સંતુલિત હોય.

2 .માનસિક સ્વાસ્થ્યનો અર્થ

- સામાન્ય અર્થ મુજબ માનસિક સ્વાસ્થ્ય એ વ્યક્તિના મનનું સ્વાસ્થ્ય છે, જે તેના પોતાની જાત અને પર્યાવરણ સાથેના અનૂકુલન, સંતુલિત વર્તન અને સુગ્રથિત વ્યક્તિત્વ સાથે સંબંધ ધરાવે છે.

- ♣ હેડફિલ્ડ, (1952) માનસિક સ્વાસ્થ્યને અર્થ આપતાં જણાવે છે કે માનસિક સ્વાસ્થ્ય એ સમગ્ર વ્યક્તિત્વની સંપૂર્ણ અને સુમેળભરી કામગીરી છે.
- ♣ નિર્મળા શેગંજના મતે"વાતાવરણ સાથે સમાયોજન કરી શકે છે, જીવન સાર્થક છે અને ઉદ્દેશ્યપૂર્ણ છે એવી લાગણી વ્યક્તિમાં હોવી એનું નામ માનસિક સ્વાસ્થ્ય.

દેશના વિકાસ માટે આરોગ્ય મહત્વનું છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) ની વ્યાખ્યા અનુસાર" ભૌતિક, માનસિક અને સામાજિક અને આધ્યાત્મિક સુખાકારી અવસ્થા અને માત્ર રોગ અથવા અશક્તિની ગેરહાજરી એટલે આરોગ્ય. " વિશ્વ આરોગ્ય સંસ્થાની વ્યાખ્યા અનુસાર જે વ્યકિત તેની અથવા તેણીની ક્ષમતાનો અહેસાસ કરાવે, સામાન્ય રીતે સામન્ય જીવનભારનો સામનો કરી શકે, સારી રીતે કામ પૂર્ણ કરી શકે, પોતાના સમુદાય માટે તે અથવા તેણી કામ કરી શકે તેને માનસિક સ્વાસ્થ કહે છે. આ હકારાત્મક અર્થમાં, માનસિક સ્વાસ્થ્ય એટલે વ્યક્તિગત રીતે સારો આધાર અને સમુદાય માટેની અસરકારક કામગીરી. માનસિક આરોગ્ય અસરકર્તા હોય છે,

3.લક્ષણો :-

માનસિક રીતે સ્વસ્થ વ્યક્તિ જીવન માણે છે. અને જે પ્રસન્નતા તે અનુભવે છે તેના સમજી શકાય એવા કારણો હોય છે.

- આત્મવિશ્વાસ એ માનસિક સ્વાસ્થ્યનું બીજું લક્ષણ છે. હતાશા સાંપડે તો પણ જીવન, તકો અને પોતાના વિષે આશાવાદ એટલે માનસિક સ્વાસ્થ્ય.
- અન્યો સાથે સુખદ સમાયોજન એ માનસિક સ્વાસ્થ્યનું ત્રીજુ લક્ષણ છે. સ્વસ્થ વ્યક્તિ થોડાંક જોડે સુખદ અને આત્મીય સંબંધો જાળવી શકે. બીજા ઘણાં સાથે મૈત્રીભર્યો સંબંધ રાખી શકે છે. અને ધંધાદારી કે બીજા સાથીઓ સાથે સારા કહેવાય એવા સંબંધો જાળવી શકે છે.

- સમસ્યા ઉકેલી શકે છે. પ્રશ્નોથી પ્રશ્નોથી દૂર ભાગવાની આદત તેનામાં હોતી નથી. સમસ્યાનો બીજો બીજા પર નાખતો નથી.
- ખરેખરાં કારણો સિવાય તે વસ્તુ માણસો કે પરિસ્થિતિઓથી ભય પામતો નથી.
- શારીરિક સ્વાસ્થ્યને જાળવવા હંમેશા તત્પર હોય છે. તેનું મન તેને સાચા માર્ગે રાખવા સતત મથતું હોય છે. તેની વિવેક બુદ્ધિ જાગૃત રહે છે. અને તેની પથદર્શક બને છે.
- ક્રોધ પર કાબૂ રાખી શકાય છે. સ્વસ્થ વ્યક્તિ ઘડી ઘડીક ખીજાઈ જતો નથી. છતાં જરૂર પડયે યોગ્ય રીતે ક્રોધ વ્યક્ત કરવાનું પણ તેને આવડે છે. તે આવેગાત્મક રીતે પરિપકવ હોય છે.

4.માનસિક સ્વાસ્થનું મહત્વ :-

450 મિલિયનથી પણ વધુ લોકો માનસિક વિકૃતિઓથી પીડાય છે. વિશ્વ આરોગ્ય સંસ્થા અનુસાર વર્ષ 2020 સુધીમાં હતાશા વિશ્વમાં બીજો સૌથી મોટો રોગ બની જશે. (મરે અને લોપેઝ, 1996). માનસિક સ્વાસ્થ્યની સારવારની ક્ષમતાનો બોજ એ વિકસિત અને વિકાસશીલ દેશો માટે એક વૈશ્વિક બોજ હશે. આ ઉપરાંત, માનસિક આરોગ્યને લગતી બીમારીઓના સારવાર માટેના ખર્ચનો બોજ વધશે તેથી સામાજિક અને આર્થિક રીતે માનસિક આરોગ્ય અંગે પ્રોત્સાહન, ઉપચાર અને સારવારની શકયતા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આમ, માનસિક આરોગ્ય વર્તણૂક સાથે જોડાયેલું છે અને મૂળભૂત રીતે શારીરિક સ્વાસ્થ્ય અને જીવનની ગુણવત્તા સાથે જોવા મળે છે.

❒ શારીરિક સ્વાસ્થ્ય અને માનસિક સ્વાસ્થ્ય નજીકથી સંકળાયેલ છે તે ઉપરાંત સાબિત થાય છે શંકા છે કે અતિશય ચિંતા હૃદય અને રક્તવાહિનીઓનું રોગો તરફ દોરી જાય છે

- ❒ માનસિક વિકૃતિઓ પણ વ્યક્તિઓની વર્તુણુંકને અસર કરે છે જેમ કે, ખાવાની આદતો, નિયમિત કસરત, પૂરતી ઊંઘ, સલામત જાતીય વ્યવહાર, દારુ અને તમાકુનું સેવન, તબીબી ઉપચાર સામે શારીરિક રીતે માંદગીનું જોખમ વધી શકે છે.
- ❒ માનસિક બીમાર આરોગ્ય સામાજિક સમસ્યાઓ તરફ દોરી જાય છે જેમ કે, બેરોજગારી, ભગ્ન પરિવારો, ગરીબી, દવાઓનો દુરુપયોગ અને સંબંધિત ગુના.
- ❒ ગરીબ માનસિક સ્વાસ્થ્ય હતપ્રભ પ્રતિકાર કામગીરી માટે નોંધપાત્ર ભૂમિકા ભજવે છે.
- ❒ હતાશા સાથે તબીબી બીમાર દર્દીઓનું પરિણામ હોય તેના કરતા વધુ ખરાબ હોય છે.
- ❒ લાંબી માંદગી જેવી કે,મધુપ્રમેહ,કેન્સર,હદયરોગ,હતાશાના જોખમને વધારે છે.

5. માનસિક સ્વાસ્થનાં અમલીકરણની મુશ્કેલીઓ:-

માનસિક બિમારી સાથે સંકળાયેલ કલંક કે તેઓ સમાજમાં દરેક પાસાઓથી તેમની સાથે ભેદભાવ કરવામાં આવે છે જેમ કે, શિક્ષણ, રોજગારી, લગ્ન વગેરે. જે અજાણે તબીબી સલાહ માટે વિલંબ તરફ દોરી જાય છે. માનસિક તંદુરસ્તી અને બીમારીના ચોક્કસ ચિન્હો અને લક્ષણોના અસ્પષ્ટ ખ્યાલોને કારણે તપાસ અંગે મૂંઝવણ વધે છે.

- ❖ લોકોને એવું લાગે છે કે જેઓ માનસિક રીતે નબળા અથવા નબળું મન હોય તેને માનસિક બીમારીઓ થાય છે.
- ❖ ઘણા લોકોનો અભિપ્રાય એવો હોય છે કે માનસિક બીમારી ઉલટાવી શકાય તેવું છે કે જે રોગનિવારક શૂન્યવાદને દોરે છે.
- ❖ ઘણા લોકો માને છે કે નિવારક પગલાં માટે સફળ થવું પડે તેવી શક્યતા છે.

- ઘણા લોકો એવું માને છે કે માનસિક બીમારી સારવાર માટે ઉપયોગમાં લેવાતી દવાઓની ઘણી આડ અસર થાય છે અને દવાના વ્યસની બનાવે છે. તેઓને એવું લાગે છે કે દવાઓ ફક્ત ઊંઘ પ્રેરે છે.
- ડબ્લ્યુએચઓના આંકડાઓએ દર્શાવ્યું હતું કે માનસિક આરોગ્યનું ભારણ અને માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓની સારવાર અને ઉપચાર માટેના સ્ત્રોતોની દેશમાં ઉપલબ્ધતા વચ્ચે વિશાળ અંતર છે.
- વિશ્વના મોટા ભાગના વિસ્તારોમાં માનસિક બીમારીની સારવાર અત્યાર સુધી દવા અને આરોગ્ય સંભાળના નામે થતી હતી.
- માનસિક દર્દીઓ અને તેમના પરિવારો માટે એક ચિંતાના ભારણ સમાન હતા તેથી તેઓ નામરજીથી આવતા કારણ કે તેઓ ગંભીર સામાજિક કલંક અને જ્ઞાનના અભાવના કારણે ભેગા તેમના અધિકારો વિશે અજાણ હતા.
- પણ બિન સરકારી સંસ્થાઓ (એનજીઓ) પણ તેને એવું મુશ્કેલ ક્ષેત્ર ગણતા કારણ કે તેમાં લાંબા ગાળાના પ્રતિબદ્ધતા જરૂર છે અને તેઓ માનસિક રીતે વિકલાંગ સાથે કામ કરતા ખચકાતા.

6. માનસિક બીમારી થવાનું કારણ :-

જૈવિક પરિબળો: જ્ઞાનતંતુ અર્થ સૂચવનારો ઉપસર્ગ ન્યૂરો ટ્રાન્સમીટર: માનસિક બિમારીને એક અસાધારણ રીતે સંતુલીત કરવાની કડી છે મગજના ખાસ રસાયણો કે જેને ન્યૂરો ટ્રાન્સમીટર કહેવાય છે. ન્યૂરો ટ્રાન્સમીટર્સ મગજના ચેતા કોષોને એકબીજા સાથે સંદેશાવ્યવહાર માટે મદદ કરે છે. જો આ રસાયણો સંતુલિત હોય અથવા યોગ્ય રીતે કામ નહિં કરતા હોય, તો તે મગજ

મારફતે યોગ્ય રીતે સંદેશાઓ નહિ કરી શકે છે, માટે તે માનસિક બીમારીના લક્ષણો તરફ દોરી જાય છે.

(આનુવંશિકતા) શુક્રાણુઓ: ઘણા માનસિક માંદગીઓ પરિવારોમાં જ ચાલતી હોય છે, જે સૂચવે છે કે જે લોકોના પરીવારના સભ્યો માનસિક માંદગી ધરાવે છે તેઓમાં મોટાભાગે માનસિક માંદગી જોવા મળે છે. પરિવારોના જનીનો મારફતે તે બીજાને વારસામાં આવે છે. નિષ્ણાતો માને છે કે ઘણી માનસિક બીમારી એ કોઈ એક નહિ પણ ઘણા જનીનોની વિકૃતિ સાથે જોડાયેલી હોય છે. તેના કારણે જ વ્યક્તિને માનસિક બીમારી વારસા મળતી હોય છે અને તેવું દરેક વખતે થાય તે પણ જરૂરી નથી. માનસિક બીમારી થાય છે તે માટે ઘણા જનીનો અને અન્ય પરિબળો અરસપરસ કારણભૂત છે - જેવા કે, તણાવ, શોષણ, અથવા માનસિક ઘટના - કે જે અસર કરે છે અથવા ઉત્તેજન આપે છે, જે તે વ્યક્તિને બીમારી વારસામાં મળી શકે છે.

ચેપ: કેટલાક ચેપ મગજના નુકસાન સાથે અને બીમારી બિમારીના વિકાસ અથવા તેના ખરાબ લક્ષણો સાથે સંકળાયેલ હોય છે. ઉદાહરણ તરીકે, બાળકોની ઓટોઇમ્યુન ન્યુરો સાઈસિયાટ્રિક ડિસઓર્ડર (પાન્ડા) તરીકે ઓળખાતી સ્થિત છે જે સ્ટ્રેપ્ટોકોસિસ બેક્ટેરિયા સાથે સંકળાયેલ છે જે બાળકમાં ઓબેસિવ-કમ્પલસિવ ડિસઓર્ડર અને અન્ય માનસિક બીમારી ફેલાવે છે.

મગજમાં ખામી અથવા ઈજા: ખામી અથવા મગજના અમુક ચોક્કસ વિસ્તારોમાં થયેલી ઈજા પણ માનસિક બીમારીનું કારણ બની શકે છે. માનસિક આરોગ્ય નીતિઓ માત્ર માનસિક વિકૃતિઓ સાથે સંબંધિત હોવી ન જોઈએ, પણ તેને ઓળખીને અને વ્યાપક મુદ્દાને લઈને માનસિક સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવું જોઈએ. આ નીતિઓમાં મુખ્ય પ્રવાહ સાથે માનસિક સ્વાસ્થ્યને પ્રોત્સાહન મળે અને સરકારના કાર્યક્રમો અને બિઝનેસ ક્ષેત્રોમાં પણ શિક્ષણ, કામદાર,

ન્યાય, પરિવહન, પર્યાવરણ, રહેઠાણ અને કલ્યાણ, એ જ પ્રમાણે આરોગ્ય ક્ષેત્રને પ્રોત્સાહન મળવું જોઈએ.

7.ઉપસંહાર :-

પ્રસન્નતા,સ્વ-નિયમન અને શૈક્ષણિક સિદ્ધિ માટે માનસિક સ્વાસ્થ્ય એક મહત્વપૂર્ણ અંગ છે. માનસિક સ્વાસ્થ્ય આપણા ભાવનાત્મક, માનસિક અને સામાજિક કલ્યાણ સાથે જોડાયેલ છે. તે આપણે કેવી રીતે વિચારવું. અનુભવવું અને કાર્ય કરવું તેના પર અસર (પ્રભાવ) પડે છે. તે આપણે તણાવને કેવી રીતે સંભાળવો, કેવી રીતે બીજાઓ સાથે સંકળાવવું અને કેવી રીતે પસંદગીઓ બનાવવી તે નક્કી કરવામાં મદદ કરે છે. પટેલ, ચન્દ્રકાંત પી (1991, P- No.853-855]ના મતે,માનસિક સ્વાસ્થ્યને જાળવવા શારીરિક સ્વાસ્થ્ય જાળવવું, શોધો અને રુચિઓ કેળવવાં, ગાઢ મિત્રો બનાવવા, કામ અને આનંદ પ્રવૃત્તિનો સુમેળ સાધવો, લગ્નસુખ સિદ્ધ કરવું, સમસ્યાઉકેલ વલણ રાખવું, વર્તમાનમાં જીવવું, નિર્ણયાત્મકતાનું લક્ષણ વિકસાવવું, અને અન્યો સાથે સુખદ સંબંધો સ્થાપવા.જો અધ્યેતાનું માનસિક સ્વાસ્થ્ય સારૂં હશે તો તે પોતાની જાતને પ્રસન્ન રાખી શકશે,સ્વ-નિયમન રાખી શકશે અને અભ્યાસમાં સારો દેખાવ કરી શકશે. આમાટે તેના કુટુંબીજનો, સગાવ્હાલાં, મિત્રો, શિક્ષકો વગેરેનો યોગ્ય સહકાર પ્રાપ્ત થવો જોઇએ. કેવી રીતે પોતાના સંવેગો પર કાબૂ રાખવો જોઇએ તે અંગે માર્ગદર્શન આપવું જોઇએ.

* સંદર્ભ સુચિ

1.Carter, V. Good and Winifred Merkel 1959. Dictionary of Education, Mc Graw-Hill, Book Company, Inc. USA.

2.Jahanshir, T.; Hassan, V.B.& Hadi, P. (2012). The role of self-regulated learning strategies in psychological well-being condition of students Procedia-Social and Behavioralsciences,69, 807-815. Retrieved from http://www.sciencedirect.com on 27th Feb, (2012).

3.Singh, Shashi Kala (2015). Mental Health and Academic Achievement of College

Students. The International Journal of Indian Psychology, Vol.2 (4). Pages 112-119.Retrieved from http://www.ijip.in dated on 13th March, 2015.

4. https://en.wikipedia.org/wiki/mental_helath on February 23, 2017

5.શાહ જલ્પા રાજેન્દ્રકુમાર, માનસિક સ્વાસ્થનો પ્રસન્નતા, સ્વ-નિયંત્રણ અધ્યયન અને શૈક્ષણિક સિદ્ધિઓસાથેનો સબંધ

29

નવી શિક્ષણ નીતિ : શિક્ષક અને વિદ્યાર્થીની ભૂમિકા

ડો.રમેશભાઈ ગોપાભાઈ બાંભણીયા
મદદનીશ શિક્ષક, લાયન્સ જૂહુ શ્રી વી.કે.પટેલ વિદ્યાલય, સારવણી

પ્રસ્તાવના:

ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 નો પ્રારંભ 34 વર્ષ પછી ભારત સરકાર દ્વારા ગઠિત સમિતિમાં ડૉ. કૃષ્ણ સ્વામી કસ્તુરી રંગન આ સમિતિનાં અધ્યક્ષ તરીકે 480 પેજનો 31મે 2019 રફ ડ્રાફ્ટની ચર્ચા કરવામાં આવી ત્યારબાદ, 29 જુલાઇ 2020 સમગ્ર અહેવાલનો નિચોડ 60 પેજમાં કરવામાં આવ્યો. પ્રવર્તમાન શિક્ષણને ધ્યાનમાં રાખીને ઘણા મોટા ક્રાંતિકારી પરિવર્તનો શિક્ષણ નીતિમાં કરવામાં આવ્યા છે. જેમાં સૌથી અગત્યની ભૂમિકા શિક્ષકની રહેલી છે.

શિક્ષક પોતાની ભૂમિકા અને જવાબદારીઓ પ્રત્યે સભાન હોવો જોઈએ. પ્રવર્તમાન સમયમાં શિક્ષકની ભૂમિકા બદલાઈ રહી છે. શિક્ષકે માત્ર ભાષણ સ્વરૂપે જ માહિતી આપવાની નથી. પરંતુ, વિદ્યાર્થીને સમૃધ્ધ અને અસાધારણ શૈક્ષણિક અનુભવો પૂરા પાડવાના છે. આજનાં સમયમાં શિક્ષણ પડકારરૂપ છે. કારણકે રાષ્ટ્રની સામાજિક, સાંસ્કૃતિકઅને આર્થિક સ્વાસ્થયની જવાબદારી શિક્ષકની છે. ત્યારે શિક્ષકે વિદ્યાર્થીનાં ગાઈડ, મિત્ર અને ફિલોસોફર તરીકેની ભૂમિકા અદા કરવી જોઈએ. શિક્ષકે ચીલાચાલુ કથન પધ્ધતિને બદલે પ્રોજેકટ,ચર્ચા, ગૃપકાર્ય, પ્રવાસ પધ્ધતિ, ક્ષેત્રિય મુલાકાત સ્વીકારવી જોઈએ. નવી શિક્ષણ નીતિ વિદ્યાર્થીને સમજાવવામાં શિક્ષકની અગત્યની ભૂમિકા છે.

હેતુઓ :

- શિક્ષક વર્ગ શિક્ષણ પ્રત્યે પોતાની મહત્વની ભૂમિકા જાણી શકે.
- શિક્ષકો નવી શિક્ષણ નીતિ અને નવા પ્રવાહોથી પરિચિત બની શકે.
- શિક્ષણગણ શિક્ષણ વ્યવસાયની જવાબદારી વિષે જાણે.
- વિદ્યાર્થી પોતાની ફરજો અને જવાબદારી જાણી શકે.

- વિદ્યાર્થીઓ પોતાની શિક્ષક અને શિક્ષણ પ્રત્યેની વફાદારી જાણી શકે.
- વાચકવર્ગ નવી શિક્ષણ નીતિ અને તેમાં શિક્ષક તથા વિદ્યાર્થીની ભૂમિકા શું હોય શકે તેનાં વિષે જાણી શકે.

NEP માં શિક્ષકની ભૂમિકા:

શિક્ષક કે ગુરુનું કાર્ય ઘણું જ શ્રેષ્ઠ છે. દેશની સર્વ શ્રેષ્ઠ સંપતિ રૂપ બાળકોનું ભવિષ્ય ઘડતર શિક્ષકોનાં હાથમાં છે. તેમણે સંસ્કાર, વિદ્યા અને માર્ગદર્શન આપી તેમનાં સ્વનો સાચી દિશામાં વિકાસ કરી દેશનાં જવાબદાર નાગરિક બનાવવાનું કાર્ય શિક્ષકનું છે. પુસ્તકિયા જ્ઞાન સિવાયની અંત:સ્ફુરણાને પ્રેરતી વાતો થકી વિદ્યાર્થીનાં માનસને નીતિમત્તા, જવાબદારી, વફાદારી, ફરજ, હક, પ્રમાણિકતા, સત્યનિષ્ઠા, વચન, શિસ્ત, નિયમિતતા, તેમજ દેશ ભક્તિ જેવાં ગુણોનું સિંચન કરી સ્વનો વિકાસ કેવળ શિક્ષક જ કરી શકે.

વિદ્યાર્થીના વિકાસ અને પ્રગતિ માટે શિક્ષક જવાબદાર છે. શિક્ષક એ આજીવન વિદ્યાર્થી છે. તેનો અભ્યાસ કદી ખતમ થતો નથી. તે સતત ભણતો-વાંચતો રહે છે અને પોતાનાં વિચારોને ઘડતો રહે છે. તે સતત નવું વિચારતો રહે છે. તેનાં મનનાં દરવાજા કાયમ ખુલ્લા રહે છે. તેનાં વાણી, વર્તુણક અને વ્યવહાર આદર્શ હોવા જોઈએ. જે બોલે તેને આચરણમાં મૂકવું એ શિક્ષકનું કાર્ય છે.શિક્ષકનું આચરણ જ તેનાં ચરિત્રનો આધાર સ્તંભ છે, તે કહે તે કરતો હોવો જોઈએ.

શિક્ષક અપડેટ હોવો જોઈએ, તાલીમ અને સેમિનારમાં અવશ્ય ભાગ લેવો જોઈએ, શિક્ષકે પોતાની માહિતીમાં સતત વધારો કરવો જોઈએ. પરીવર્તનથી ડરવું નહીં. પરંતુ, પડકારોનો સામનો કરવો એ શિક્ષક માટે અગત્યનું છે. સંકટ સમયે ભરપૂર આત્મવિશ્વાસ હોવો જોઈએ. સાચો શિક્ષક એ જ છે જે વિદ્યાર્થીઓમાં તણાવ નહીં પણ લગાવ ઊભો કરે, જે વિદ્યાર્થીઓમાં પોતાનાં વિષય પ્રત્યે તેમજ શિક્ષણ પ્રત્યે રસ જાગૃત કરી શિક્ષણને સરળ, સહજ, રસપ્રદ બનાવી વિદ્યાર્થીઓનાં વર્તનમાં પરીવર્તન લાવી દે અને વર્ગમાં એવું વાતાવરણ ઊભું કરે કે વિદ્યાર્થી જાતે શીખવા માટે તૈયાર થાય.

શિક્ષક અભ્યાસક્રમ જાણતો હોવો જોઈએ અને તેનાં સંદર્ભ ગ્રંથ જાણતા હોવા જોઈએ, વિદ્યાર્થી ડિગ્રી લઈને વાસ્તવિક જીવનમાં પ્રવેશે ત્યારે સારી રીતે જીવન જીવવા માટે વ્યાવહારિક જ્ઞાનની પણ એટલીજ આવશ્યકતા છે. શિક્ષકે ફક્ત વિદ્યાર્થીનાં અભ્યાસમાં જ નહીં તેનાં વ્યક્તિત્વનાં વિકાસમાં પણ અંગત રસ લેવો જોઈએ. ઇનોવેટિવ શિક્ષક તરીકે કામ કરવાનું છે અને વિદ્યાર્થિની યોગ્યતા વધારવાની છે. વિદ્યાર્થિની ક્ષમતાને ઓળખવી એ મહત્વની ભૂમિકા છે અને તેનામાં રહેલા કૌશલ્યને ઓળખીને તે દિશામાં આગળ કાર્ય કરવાનું છે. વિદ્યાર્થીનું જીવન જીવન બદલવું એ શિક્ષકની અગત્યની ભૂમિકા છે. વિદ્યાર્થીને જીવનમાં સંકુચિત ન બનતાં એ આકાશ જેવાં વિશાળ- વ્યાપક બનતાં શિખવાડવાનું કાર્ય શિક્ષકનું છે.

પોતાનાં વિષયનું યોગ્ય આયોજન હોવું જોઈએ, આયોજન શિક્ષણને આનંદમય અને રસમય બનાવે છે અને તે વિદ્યાર્થીની યાદ શક્તિમાં વધારો કરે છે. વિદ્યાર્થીની કક્ષા અનુસાર શિક્ષણ કાર્ય કરવું જોઈએ, તેમાં જરૂરી સાહિત્ય, સ્ત્રોત અને સાધનોનો વ્યવસ્થિત ઉપયોગ કરવો જોઈએ. જે શિક્ષકો વિદ્યાર્થીની વચ્ચે લોકપ્રિય હોય છે, તેમનાં બાળકો પણ બીજા કરતાં સારા અને વધુ કુશળ હોય છે. શિક્ષક પ્રયોગાત્મક શિક્ષણ કાર્ય કરાવતાં હોવા જોઈએ, અહી પ્રત્યક્ષીકરણ પર ભાર આપવાની વાત કરી છે. હકારાત્મક વલણ સાથે શિક્ષણ કાર્ય કરાવવું જોઈએ. વિદ્યાર્થી સાથે કોઈ જ્ઞાતિ ભેદભાવ રાખવો ન જોઈએ.

NEP માં વિદ્યાર્થીની ભૂમિકા:

વિદ્યાર્થીનાં સર્વાંગી વિકાસ માટે નવી શિક્ષણ નીતિ -2020 એ ખૂબ અગત્યની છે, વિદ્યાર્થી તેનો અભ્યાસ કરે જરૂરી છે અથવા જાણકારી જરૂરી છે. વિદ્યાર્થીએ નવી શિક્ષણ નીતિ અનુસાર ફક્ત પુસ્તકિયું જ્ઞાન ન મેળવતાં પ્રયોગાત્મક શિક્ષણમાં વિશેસ રસ-રુચિ દ્વારા ભાગીદાર બનવું પડશે. ઉપરાંત, શાળામાં થતી ચર્ચા સભા, જૂથ સભા, તમામ ઇત્તર પ્રવૃતિ, ક્ષેત્રિય કાર્ય, સ્થળ મુલાકાત, સેમિનાર,પ્રત્યક્ષ કાર્ય,પોતાના કૌશલ્યનાં આધારે વ્યાવસાયિક તાલીમ દરેક પ્રવૃતિમાં ભાગીદાર બનવું પડશે.

વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચે લાગણીનો સેતુ બંધાય એ જરૂરી છે,શિક્ષકો સાથે વિદ્યાર્થી દ્વારા ગેરવર્તુણકની ઘટના ન બને તે ધ્યાન રાખવું જોઈએ,આદર્શ શિક્ષકને આયનો બનાવી તે

મુજબ તે મુજબ અનુસરી જીવનમાં પ્રગતિ કરવી જોઈએ,વિદ્યાર્થીએ શાળા નિયમોનું યોગ્ય પાલન કરવું જોઈએ,તે તાતી જરૂરિયાત છે. વિદ્યાર્થીએ જંકફૂડથી દૂર રહેવું, મોબાઈલનો પ્રમાણસર સદ ઉપયોગ કરવો,ટ્રાફિકના નિયમોનું પાલન કરવું,પર્યાવરણ પ્રત્યે જાગૃતિ કેળવવી, આલ્કોહોલ તથા ડ્રગ્સ જેવા વ્યસનથી દૂર રહેવું એ પણ વિદ્યાર્થી જીવનનની મહત્વની ભૂમિકા ગણી શકાય.

ઉપસંહાર:

આમ,કોઈ પણ દેશ કેટલી પ્રગતિ કરે છે, તેનો આધાર દેશનાં શિક્ષક પર છે. શિક્ષક ગુણવાન અને શીલવાન હોય સમાજ અને દેશમાં પરીવર્તન લાવી શકે છે. શિક્ષકએ સંપૂર્ણ માનવીય ક્ષમતા હાંસલ કરવા, સમાન અને ન્યાયી સમાજનાં વિકાસ માટે અને રાષ્ટ્રીય વિકાસને પ્રોત્સાહન આપવા માટેની મૂળભૂત જરૂરિયાત છે. બાળક પ્રાથમિક શાળાથી લઈ ઉચ્ચ શિક્ષણ મેળવશે ત્યાં સુધી એને વ્યાવસાયિક શિક્ષણ આપવામાં આવશે અને તેમાં શિક્ષકની અગત્યની ભૂમિકા રહેશે.

સંદર્ભ સાહિત્ય સૂચિ:

1. વિકસતા ભારતમાં શિક્ષણ અને શિક્ષક-ડો.મોતીલાલ મ. પટેલ
2. શિક્ષણની વર્તમાન ફિલસૂફીઓ-ડો.મોહનભાઇ પંચાલ અને ડો.આરતીબહેન કસ્વેકર
3. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ2020-માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ભારત સરકાર
4. જીવન શિક્ષણ- અંક, જાન્યુઆરી, 2024
5. શિક્ષકની કલમે- લેખ, પટેલ વિપુલભાઈ, નેનપુર

30

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 માં શિક્ષકો અને વિદ્યાર્થીઓની ભૂમિકા અને નાગરિક સમાજની રચના

*મેઘરાજસિંહ એસ.જાડેજા, મદદનીશ પ્રાધ્યાપક (સમાજશાસ્ત્ર), ભક્તરાજ દાદા ખાચર વિ. અને વા. કલેજ, ગઢડા

[1]ડૉ. મહેશ્વરી એચ.રવિયા, મદદનીશ પ્રાધ્યાપક (સમાજશાસ્ત્ર), ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કૉલેજ, રાજકોટ

નેશનલ એજ્યુકેશન પોલિસી (NEP) 2020 એ એક રાષ્ટ્ર માટે માળખાગત પરિવર્તનકારી પ્રક્રિયા છે. જેનો હેતુ ભારતની શૈક્ષણિક આવશ્યકતાઓ સાથે નવો ઢાંચો તૈયાર કરવાનો છે. શૈક્ષણિક આવશ્યકતાઓ એ જેતે સમાજની મૂળભૂત જરૂરીયાતને પરિપૂર્ણતા તરફ અભિમુખ કરનારી હોય છે. આથી એમ કહી શકાય કે, રાષ્ટ્રને ઘડવામાં સમાજની પાયાની જરૂરીયાતને સંતોષતા માળખામાં શિક્ષણ એ પાયાગત બાબત છે. સમાજશાસ્ત્રની નજરે કહીએ તો સમાજને સૂચારું ચલાવવા માટે ખાસ એક 'સામાજિક માળખું' (Social Structure) હોય જેના અનેક ભાગો કે પેટા માળખા હોય જેમાં સૌથી અગત્યનું શિક્ષણ છે. આપડે આજે એવા સમાજમાં રહીએ છીએ જ્યાં મૂડી,બજાર અને આર્થિક વેપારની આજુ-બાજુ સમગ્ર માનવ જીવન કેન્દ્રિત બનતું જાય છે. એટલે મોટાભાગે ખૂબમોટા નિર્ણયોમાં ઉપરોક્ત બાબતો કેંદ્રસ્થ રખાતી હોય અને તેના ધ્યેયો અને લક્ષાકો માટે વાત વિચાર થતા હોય પણ આપણા માટે જે ખૂબ મહત્વનું છે તે આપણું સામાજિક જીવન જેને ભૂલી જઈએ છીએ, જેના થકી સર્વ ચાલે છે તે માનવ સમાજને મધ્યમાં રાખી કોઈપણ બાબતનું નિરીક્ષણ કરવું ખૂબ આવશ્યક છે. હાલના વર્ષોમાં રાષ્ટ્રએ ખૂબ મોટા નિર્ણયો કર્યા છે, અને રાષ્ટ્ર નવા બદલાવો તરફ આગળ વધ્યું છે. જેમાં સૌથી પાયાનો નિર્ણય દેશમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 નું અમલીકરણ રહ્યું છે. જ્યારે દેશ બદલાવ તરફ આગળ વધતો હોય એવા સમયે તેનું સર્વાંગી મૂલ્યાંકન આવશ્યક છે. જે પૂરા સામાજિક ઢાંચામાં બદલાવ લાવાનું કરણ બનનાર છે ત્યારે તેની સામાજિક અસરો સાથે તેને નિભાવવા અને યોગ્ય પાલન થકી હેતુસર પરિણામ તરફ સમાજ દોરવાય એ માટે શિક્ષણના બંને પાયાના એકમો વિદ્યાર્થી અને શિક્ષકની ભૂમિકા સમજવી પડે તેના પાલન થકી સામાજિક પરિવર્તન થશે માટે જ તે બાબત ખૂબ અગત્યની છે.

અહિયાં કોઈપણ સમાજના મહત્વના એકમ તરીકે નાગરિક વ્યક્તિત્વ, સામાજિક સંસ્થાઓ અને સામુદાયિક વિકાસ જેવા ત્રણ મહત્વના પાસઓ માં વિદ્યાર્થીઓ અને શિક્ષકોની ભૂમિકાને સાંકળીને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિને સમાજશાસ્ત્રીય દ્રષ્ટિકોણથી મૂલ્યાંકન કરવાનો પ્રયત્ન કરાયો છે. આ શોધપત્ર દ્વિતીયક માહિતીના આધારે અને ગુણાત્મક સંશોધન સ્વરૂપે અર્થઘટનવાદી વર્ટહેન(Verstehen) શોધપદ્ધતિ અભિગમને કેન્દ્રમાં રાખી તૈયાર કરાયું છે. માહિતીના સ્ત્રોત તરીકે દસ્તાવેજીય માહિતીમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 (સરકારી દસ્તાવેજ) તેમજ અન્ય પ્રકાશિત પુસ્તકોનો ઉપયોગમાં લેવાયા છે. આ શોધપત્રમાં અભ્યાસ હેતુ શિક્ષણ, સમાજ અને વ્યક્તિ વચ્ચેનો સમન્વય સાધી નાગરિક સમાજની રચનામાં વધુ અસરકારકતા લાવવા માટેના નિરીક્ષણ કરવાનો છે. શોધપત્રનો પ્રમુખ સંશોધન પ્રશ્નએ નવી રાષ્ટ્રીય નીતિ-2020 દ્વારા નાગરિક સમાજની રચના સંભવ છે કે કેમ? તેમાં શિક્ષક અને વિદ્યાર્થીઓની શું ભૂમિકા છે? તે તપાસવાનો છે. અહિયાં નાગરિક સમાજની વિભાવના એ ન કેવળ માત્ર સક્ષમ નાગરિક અલબત્ત નૈતિક ઉન્નતી અને સર્વાંગી સામાજિક વિકાસ સાથે જોડીને અવધારીત કરાઇ છે જે સ્પસ્ટ સમજવું જોઈએ. નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 તે તમામ વિદ્યાર્થીઓ માટે ગુણવત્તાયુક્ત શિક્ષણની સમાન પહોંચ પર ભાર મૂકે છે, તેનો અર્થ રાષ્ટ્ર નિર્માણમાં પુનઃ સુધાર કરી સર્વાંગી સામાજિક ઉન્નતિ તરફ અગ્રેસર થવાનો છે. આ સંશોધન પેપરમાં, અમે NEP સંદર્ભમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓની નિર્ણાયક ભૂમિકાઓનો અભ્યાસ રજૂ કર્યો છે. જે ઉપરોક્ત ધ્યેયો અને પ્રશ્નોના ઉત્તરો શોધવા તરફનું સામાજિક વિશ્લેષણ છે.

સૌ પ્રથમ સમાજશાસ્ત્રના પ્રશિષ્ઠ વિદ્વાન હર્બર્ટ સ્પેન્સર દ્વારા એમના 1896 માં એક પુસ્તક 'Education : intellectual, moral and physical' પ્રથમ નિબંધમાં શિર્ષક સાથે પૂછવામાં આવેલ સવાલ અહિયાં મૂકવા માંગુ છું, "કયું જ્ઞાન સૌથી વધુ મૂલ્યવાન છે?" આજ પણ આ સવાલ યથાવત છે કોઈપણ સમાજ માટે કયું જ્ઞાન (શિક્ષણ)વધુ મહત્વનું છે તે જાણવું ખૂબ જરૂરી છે. ઉપરાંત રાષ્ટ્રની વિચારધારા, ઇતિહાસ અને તેના સામાજિક માળખા પર આ સવાલનો જવાબ ટકેલો છે. સ્પેન્સરના આ સવાલનું મહત્વ આજે ભારત માટે પણ એટલુંજ છે. ભારતતો સર્વદા અનેકવિધાતા ધરાવતો અને અનેકવિધ પેટા સંસ્કૃતિ ધરાવતો સમાજ રહ્યો છે જ્યાં સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યો વિવિધ સમુદાયો પ્રમાણે અલગ મહત્ય ધરાવે છે. દેશમાં એકજ શિક્ષણ વ્યવસ્થા થકી તેમને પોતાના સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યો ગુમાવ્યાનો અહેસાસ થયા કરે છે. અને માટે સમાજમાં એક માન્યતા ઉભી થાય છે કે, આધુનિક શિક્ષણ

મળ્યાબાદ વ્યક્તિ સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યોથી અળગો બને છે. આ સવાલ આજના શિક્ષણમાં તમામ સમાજ સમાન રૂપે અનુભવી રહ્યો છે. માટેજ સ્પેન્સરનો સવાલ આજે પણ યથાર્થ યથાવત ઊભો છે. જેનો જવાબ કદાચ ભારતે આજે નવી શિક્ષણ નીતિના માધ્યમથી શોધવાનો પ્રયાસ કર્યો છે.

બીજા સૌથી મહત્વના પ્રશિષ્ટ સમાજશાસ્ત્રી ઇમિલે દૂરખાઈમ રહ્યા છે. તેમને પોતાના પુસ્તક 'Education and Sociology' જેનું ભાષાંતર શેરવૂડ ફોક્સ અને પ્રાસ્તાવિક પારસન્સ દ્વારા લખાઈ છે, તેના લેખોમાં દૂરખાઈમે ભાર પૂર્વક જણાવ્યું કે, "પ્રત્યેક સમાજમાં જેટલા અલગ-અલગ સામાજિક પરિવેશો છે; તેટલા પ્રકારનું વિશિષ્ટ શિક્ષણ પણ હોય છે. પ્રત્યેક સમાજ પોતાનો એક આદર્શ માણસ બનાવે છે. એજ આદર્શો તેના શિક્ષણનું કેન્દ્રબિંદુ હોય છે. શિક્ષણ એ સ્પષ્ટરૂપમાં સામાજિક છે. અને શિક્ષણ એ એક સ્થગિત સામાજિક ઘટના(Social Static) નહીં પરંતુ એક ગતિશીલ,પરિવર્તન પામતી સામાજિક ઘટના (Social Dynamic) છે. આથી સતત સામાજિક જરૂરિયાત અને પરિવર્તન પ્રમાણે શિક્ષણમાં પરિવર્તનો નિરીક્ષણ કરી સમજવા પ્રયાસ કરવો જોઈએ અને સમાજની નવી ઉદ્ભવેલી જરૂરિયાત પ્રમાણે વ્યવસ્થાઓ સમાજ ગોઠવે છે. તેનું મૂલ્યાંકન કરતા રહેવું પડે.

અન્ય એક શિક્ષણશાસ્ત્રી John Dewey – પોતાના પુસ્તક 'School and Society'-1899 માં તેને અધ્યાપન (Teaching) અને અધ્યયન (Learning) ના સામાજિક પાસાઓ વિશે વાત કરી છે જે ભારપૂર્વક જણાવે છે કે, જો શાળાઓએ અસરકારક બનવું હશે તો સમુદાય(Community) સાથે ખૂબ ગાઢ રીતે સંકળાયેલી હોય તેવી સામાજિક સંસ્થા બનવું પડશે. ઉપરોક્ત બંને વિદ્વાનો નો ઉદેશ્ય એ રહ્યો છે કે, સમાજ અને શિક્ષણ પરસ્પર ગાઢ જોડાણ ધરાવે છે. સામાજિક દશાઓ શિક્ષણનું માળખું નક્કી કરે છે, અને કયા સમાજ માટે કયું શિક્ષણ કારગર છે તે પણ સમાજની સમાજીકતા નક્કી કરે છે. ભારતમાં નવી શિક્ષણ નીતિનું માળખું ઉપરોક્ત વિચારોને રદિયો આપે છે. આઝાદી પહેલા બ્રિટિસ યુગનું શિક્ષણ ભારતીય સામાજિક એવમ સાંસ્કૃતિક મૂલ્યોને ધ્યાનમાં રાખીને ન ઘડાયું હોય એ સ્વાભાવિક હતું જેનું સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્ય ઘસારા પેઠે આપડે ચૂકવ્યું છે. જે બાબત વર્ષોથી દેશમાં વિમર્શ રૂપે ચર્ચાતી હતી તેના ઉકેલ રૂપે નવી રાષ્ટ્રીય નીતિ પૂર્ણ ભારતીય સામાજિક અને સાંસ્કૃતિક સંવર્ધન કરનારી ઘડવામાં આવી છે. તે સ્પષ્ટપણે દેખાય છે.

હવે વાત કરીએ નવી શિક્ષણ નીતિ કઈ રીતે સમાજિક અને સાંસ્કૃતિક સંવર્ધન કરશે તેની સૌ પ્રથમ શિક્ષણનું પ્રભાવક મધ્યબિંદુ એ ભાષા છે. માત્ર અંગ્રેજી ભાષાને જે પ્રધાન્યતા મળી હતી જેનો સુધાર આ નવી નીતિમાં કરાયો છે. રાષ્ટ્રની માન્યતા પ્રાપ્ત તમામ ભાષાઓને સમાન અવસર આ નીતિમાં મળ્યો છે, માતૃભાષા બળકમાટે શિક્ષણનું પ્રથમ અમૃતબુંદ છે. તેને દરકાર કરી સમાજિક જીવન અને શિક્ષણ વચ્ચે ભેદ ઊભો થાય છે. હવે તેના સમુદાયની ભાષા જ છેક સુધીના શિક્ષણની ભાષા હોય તો શિક્ષણ અને સમુદાય વચ્ચેનું સામાજિક નિસ્બત સચવાય છે. ભાષા થકી સામાજિક મૂલ્યો અભ્યાસમાં ઉમેરાય છે. અને તેના સમુદાયનું સામાજિક અને સાંસ્કૃતિક જ્ઞાન પણ ઉમેરાય છે. જે સામાજ અને સાંસ્કૃતિનું સંવર્ધન કરે છે.

કર્યાત્મકવાદીઓની દ્રષ્ટિથી જોઈએતો શિક્ષણના કર્યોમાં સૌથી અગત્યનું સામાજિકરણનું કાર્ય કરે છે. શિક્ષણ સમાજના સાંસ્કૃતિક વારસાનું નવી પેઢીમાં સંક્રમણ કરી સામાજિકરણ કરે છે. પારસન્સના AGIL મોડેલ પ્રમાણે વિચારીએ તો શિક્ષણ સમાજની ધુરી છે. કઈ રીતે ચારેય ભાગથી રચનાતંત્ર કાર્ય કરે છે તે સમજી શકાય છે. ખેર હાલ એ દિશા તરફ આ વિશ્લેષણ નથી છતાં કર્તા (Actor) અથવા વ્યક્તિ અને તેની ક્રિયા (Act/Action) થી સામાજિક વ્યવસ્થા ઘડાય છે. જેમાં શિક્ષણ કર્તાને ક્રિયા કરવા અભિમુખ કરે છે. જેના કેંદ્રમાં સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યો હોય છે. તે વ્યક્તિમાં શિક્ષણ થકી ઉમેરી શકાય છે. જે પ્રક્રિયા વ્યક્તિત્વ ઘડતર તરીકે જાણીતી છે. સમાજે પોતાના મૂલ્યો અને સામાજિક ધોરણોને અનુરૂપ વ્યક્તિ ક્રિયાની અપેક્ષા નક્કી કરી હોય છે, જો તે મુજબ વર્તન થાય તો સમાજમાં શાંતિ અને સુખાકારી વધે છે. અન્યથા સામાજિક ભંગાણ અનુભવાય છે. કોઈપણ રાષ્ટ્ર પોતાના મૂલ્યો અને સામાજિક સુગ્રથનના ભોગે વિકાસ કરવા ઈચ્છતો નથી. આથી એ વાત અગત્યની છે કે, દેશ શિક્ષણ થકી આ બાબત સુનિશ્ચિત કરે, વર્તમાન શિક્ષણ નીતિમાં પોતાની આગવી ધરોહર અને સામાજિક એકતા જળવાય એ પ્રમાણે સર્વગ્રાહી શિક્ષણ વ્યવસ્થા ઉભી કરવા પ્રયાસ કર્યો છે.

હવે એ વાત પર ધ્યાન કરીએ કે, નવી શિક્ષણ નીતિમાં સામાજિક વ્યવસ્થાના કયા ભાગોને સાંકળીને વાત થઈ છે. આમતો કોઈપણ સમાજનું રચનાતંત્ર ખૂબ જટિલ બાબત છે, તેના ભાગોને સમજવા પણ ખૂબ જટિલ છે કેમકે, સમાજે-સમાજે તેના ભાગો વચ્ચેનું આદાન પ્રદાન જુદું હોય જેથી મહત્વતા પણ ફરી જાય તેમ છતાં અહિયાં આપડે વ્યક્તિ (વ્યક્તિત્વ) સમુદાય (સામાજિક વર્ગો) અને સામાજિક સંસ્થાઓ (કુટુંબ,રાજ્ય,અર્થ.. વગેરે) ઉપર પહેલા

જણાવ્યા મુજબ કઈરીતે અસરકર્તા બનશે તેનું એક વિશ્લેષણ જોઈએ. અહિયાં એક મોડેલ (paradigm) રજૂ કર્યું છે.

	સામાજિક વિકાસ	આર્થિક વિકાસ	
વ્યક્તિ	મૂલ્યો - ધોરણો (ભારતીય જ્ઞાન પરંપરા)	ભૂમિકા – દરજ્જા (બહુવિષયક-આંતર્વિષયક) Multidisciplinary- Interdisciplinary)	નાગરિક સમાજ Civil Society
સમાજ	સમુદાય (સંશોધન અને નવાચાર)	સંસ્થાઓ (કૌશલ્ય અને ઉધમીપણું)	

શિક્ષણ થકી દેશ નાગરિક સમાજ તરફ આગળવધે છે તે માટે વ્યવસ્થા બદલે છે. અહિયાં આદર્શ મોડેલ રજૂ કર્યું છે. જે કોઈ એક સમાજે કેવી રીતે સમન્વય સ્થાપી સામાજિક અને આર્થિક વિકાસની સમતુલા જળવાઈ રહે તે રીતે પ્રગતિ સાધી શકે સમાજના બે મહત્વના અંગો છે, વ્યક્તિ અને વ્યક્તિનો બનેલો સમાજ વ્યક્તિના વિકાસ થી સમાજનો વિકાસ શરૂ થાય છે એટલે શિક્ષણ સૌ પ્રથમ વ્યક્તિત્વનું ઘડતર કરનારું હોવું જોઈએ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ભારતીય જ્ઞાન પરંપરા થકી ભારતીય સંસ્કૃતિના વૈદિક યુગથી આજ સુધીના ઉચ્ચ માનવીય મૂલ્યોનું શિક્ષણ આપનારી છે. જેથી સમાજમાં ધોરણો પણ મૂલ્યને આગળ વધારનાર સ્થપાય અને સામાજિક સાંસ્કૃતિક ઉન્નતિ સર્જાશે. બીજું અગત્યનું પાસું સમાજ છે. સમાજ એ વિવિધ સમુદાયોમાં વિભાજિત છે. ખાસ ભારતીય સમાજ તેવા સમય તમામ સમુદાયના ઉત્કર્ષ માટે

નવાચાર નવીશોધ માટેનું માનસ ઘડાય અને સામાજિક પ્રશ્નોના નિરાકરણ તરફ સંશોધન થાય તે જરૂરી છે જે કોઈપણ સમાજના સામાજિક વિકસમાટે આ બંને બાબત ખૂબ મહત્વની છે. આ નવી નીતિમાં આના પર વધુ ભાર મૂકયો છે.

નવસંશોધન મૂલ્યો અને ધોરણો ને વળગીને થાય તે પણ જરૂરી છે નહિતર સમાજમાં નવી સમસ્યાઓ જન્માવે છે. જેથી તેને એક દિશામાં વાળી રાખવાનું કામ ધોરણો કરે છે. આતો થઈ ગુણાત્મકપાસા સામાજિક વિકાસની વાત હવે જોઈએ બીજું પાસું જેને આજના હરીફાઈ અને બજારવાદી સમાજ વ્યવસ્થામાં અવગણી શકાય નહીં તે આર્થિક વિકાસ જે સંખ્યાત્મ બાબત છે.

આર્થિક વિકાસ વિના કોઈ રાષ્ટ્ર નાગરિક સમાજ બની શકે નહીં કે સિદ્ધિઓ અને ઉન્નતિ મેળવી શકે નહીં તે હકીકત છે. વાસ્તવમાં સમાજશાસ્ત્રમાં આ બાબત તે વ્યક્તિની ક્રિયા સાથે જોડીને જોવામાં આવે છે. સમાજશાસ્ત્રના ખૂબ મોટા વિદ્વાન મેક્સ વેબર આર્થિક પાયા પર ક્રિયાનું વિશ્લેષલ રજૂ કરે છે જેમાં બુદ્ધિપૂર્ણ તાર્કિક ક્રિયા થકી આર્થિક જગતને સમજાવે છે. તેમ આર્થિક વિકાસ માટે વ્યક્તિએ પોતાની ભૂમિકા અને દરજ્જા વિશે સજ્જતા કેળવવી પડશે બુદ્ધિપૂર્ણ તાર્કિક રીતે તેનું નિર્વહન કેમ કરવું તે શીખવું ખૂબ જરૂરી છે, તે માટે બહુવિધ ભૂમિકા, બહુવિધ દરજ્જા, ભૂમિકા સંઘર્ષ, દારજ્જા સંઘર્ષ, દરજ્જા સમુચ્ચય વગેરેની સમાજ સાથે કાર્ય કરવું પડશે. રાષ્ટ્રના વિકાસ માટે અને આર્થિક વિકાસ માટે એક વ્યક્તિને અનેક ભૂમિકા અને દરજ્જા વહન કરવાનું હોવાથી શિક્ષણમાં જ તેમને બહુવિદ્યાકીય અભિગમથી વિવધ વિષયનું સર્વાંગી જ્ઞાન આપવાનો રસ્તો નવી શિક્ષણ નીતિએ ખોલ્યો છે. સાથે આંતરવિષયક જ્ઞાનથી પણ સમાજની બહુવિધ જરૂરિયાત પરિપૂર્ણ થસે તે માટે આ બંને અભિગમો નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં ઉમેરી એક હોલિસટીક એપ્રોચ દાખવ્યો છે.

સર્વગ્રાહી અભિગમની અસર એ આર્થિક ઉપાર્જન પર થશે હવે શિક્ષણ એ માત્ર જ્ઞાન અર્જન નથી સાથો-સાથ ઉત્પાદકીય પરિમાણો સર્જનારું બન્યું છે. જેમાં બહુવિદ્યાકીય અભિગમથી વિવધ વિષયનું જ્ઞાન કૌશલ્ય વિકશશે અને ઉધમીપણું આવે જે આધુનિક સમાજનું સૌથી મોટું લક્ષણ છે. જેના થકી આર્થિક વિકાસ અને સમુદાયનો વિકાસ રાષ્ટ્રનો વિકાસ સાધી શકાય છે. નવી શિક્ષણ નીતિમાં માત્ર અભ્યાસ નથી પરંતુ વિદ્યાર્થીનું કૌશલ્ય કે આર્થિક પ્રવૃતિ પણ અભ્યાસનો ભાગ બનતા તે તરફ તે અભિમુખ બની આર્થિક પ્રવૃતિ કરવા આગળ વધશે જે દેશના વિકાસને ગતિ પૂરી પડશે.

નવી શિક્ષણ નીતિએ વાસ્તવમાં દેશમાં નાગરિક સમાજ માટે આમૂલચૂલ પરિવર્તન લાવનારી સાબિત થવા સંભવ છે. હવે વાત આવે ભૂમિકાની સમાજમાં વાતાવરણ હોવું અને તે મુજબ ક્રિયાનું જુથ રચાવું બંને જુદી વાત છે. નીતિઓ માત્ર વાતાવરણ સર્જે છે, નહીંકે કાર્ય માટે ફરજ પાડે કે ક્રિયાનું કરણ બને. તે પ્રોત્સાહક જરૂર છે પણ જો વ્યક્તિ પરિસ્થિતિ યોગ્ય અને આદર્શ ભૂમિકા ન ભજવે તો નીતિઓ માત્ર કાગળ પર રહી જાય છે. આથી અહિયાં શિક્ષણ સંસ્થાના મહત્વના બંને અંગો વિદ્યાર્થી અને શિક્ષકની ભૂમિકા કઈ છે તેના પર સમગ્ર નીતિનો દારોમદાર ટકેલો છે. ભૂમિકા નિષ્ફળતા સામાજિક હોનારતો સર્જે છે ઇતિહાસ આનો સાક્ષી રહ્યો છે. વાસ્તવમાં વિદ્યાર્થી અને શિક્ષકની ભૂમિકા પર આલગથી ચર્ચા આવશ્યક છે. પણ અહિયાં કેટલાક પાસઓ રજૂ કરાયા છે, જે આટલા મોટા વિષયમાં પૂરતા ન કહેવાય પણ આદર્શ નમૂના રૂપ જરૂર સમજી શકાય.

સૌ પ્રથમ અધ્યાપકની ભૂમિકાને તપાસીએ શું કરવાની જરૂર છે જેથી નવી શિક્ષણ નીતિ થકી રાષ્ટ્રનિર્માણ તરફ યોગદાન આપી શકાય. આદ્યાપકે સંશોધનાત્મક અભિગમ કેળવવો પડશે, જેમાં વિદ્યાર્થીઓને સાથે રાખીને પ્રોબ્લેમ સોલવિંગ તરફ આગળ વધવું જોઈએ, આમ ત્યારે થાય જ્યારે શિક્ષણનું મહત્વનું પાસું એ અભ્યાસક્રમ તેવો હોય અને અભ્યાસક્રમ તેવો સર્જવા માટે તળિયાપરના પ્રશ્નોનો અભ્યાસ કરવો જોઈએ જેમાં સ્ટેક હોલ્ડરો સાથે મળીને અભ્યાસક્રમ ઘડે નહીં કે કોઈ બે-ચાર વ્યક્તિઓ તોજ નવા પેપરો ઘડાય અને સમાજના પ્રશ્નોનું નિરાકરણ આવે સંશોધન વિસ્તાર નક્કી થાય વગેરે.. સાકી બને. બીજું, વર્ગશિક્ષણની આદત બદલવી પડશે. શિક્ષણ માત્ર વર્ગમાં હોય તે વિભાવનાઓ બદલવી પડે સમાજમાં જઈને પ્રેક્ટિકલ નોલેજ માટે વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ તૈયાર થવું પડશે.. નવી શિક્ષણ નીતિ આ અંગે ખૂબ સરળતા કરી આપી છે જો તેનો સકારાત્મક ઉપયોગ થાય તો કોલોબ્રેશન, ઇન્ટર્નશીપ અને સમરસ્કૂલ વગેરેથી આ કાર્ય ખૂબ સરળતાથી થઈ શકે તેમ છે. પોતાના વિષયમાં સલગ્ન બને તેવી સંસ્થાઓ સાથે MOU કરી વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ નોલેજ આપવી શકાય છે.

બીજું વિદ્યાર્થીઓ એ શું કરવું તે મહત્વનું છે, માત્ર અભ્યાસ અને માર્ક મેળવવાનો અભિગમ ત્યાગવો પડશે જેના થકી અન્ય પ્રવૃતિમા તેનું કૌશલ્ય વિકસે, સર્જનાત્મકતા નો અભાવ અને ઉદાશીનતા છે તે દૂર કરવી પડશે.. તે મતે અધ્યાપકોએ અધ્યાપન અને પરીક્ષણમાં નવીનતા સર્જવી પડે જે વિદ્યાર્થીઓને તે તરફ પ્રોત્સાહિત કરી દોરી જાય. જૂની

પ્રથા પ્રમાણેનું મૂલ્યાંકન પધ્ધતિમાં ધરખમ ફેરફારો જરૂરી છે. જો આમ નહીં થાય તો નવી શિક્ષણ નીતિનો હાર્દ બચાસે નહીં. અહિયાં અગણિત ફરજો અને ભૂમિકા શિક્ષકો અને વિદ્યાર્થીની આવે છે જેનું પાલન થાય તો નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ભારતના વિકાસ માટેનો રસ્તો બની શકે છે. જો આ ફરજો અને ભૂમિકાનું પાલન યોગ્ય દિશામાં અને યોગ્ય અર્થઘટન સાથે ન કરવામાં આવ્યું તો તેની અસરકારકતા જોખમાય છે. જેની અવળી અસરો શિક્ષણ જગત અને સમાજ પર થાવા સંભવ છે. દેશની નીતિ એજ વાસ્તવમાં શિક્ષણ નીતિ છે. સૌ પોતાની ભૂમિકામાં સફળ ત્યારેજ દેશ સફળ.

ચાવી રૂપ શબ્દો : નાગરિક સમાજ, સામાજિક માળખું, સામાજિક વિકાસ, સામાજિક મૂલ્યો/ધોરણો, ભૂમિકા, દરજ્જો, સંસ્થાઓ રાષ્ટ્રીય નીતિ

સંદર્ભ ગ્રંથો

1) Spencer Herbert (1896) 'Education: intellectual, moral and physical', New York: D. Appleton and company
2) John Dewey (1915) 'The School and Society' Chicago, Ill., The University of Chicago press
3) Emile Durkheim (1956) 'Education and Sociology New York, NY: Free Press
4) Max Weber (1978) 'Economy and Society: an outline of interpretive Sociology' (Edd. By) Guenther Roth, Claus Wittich University of California Press
5) Parsons Talcott (1964) 'The Social System' The free Pess of Glencoe London
6) Akshaykumar Desai (1972) 'Social Background of Indian Nationalism' (Second ed.) University Granth Nirman Bord, Gujarat Rajy
7) બુદ્ધિશ્રદ્ર વી. શાહ, કૌશલ્યા શાહ(2013) 'શિક્ષણનું સમાજશાસ્ત્ર' (3rd. Ed.) University Granth Nirman Bord, Gujarat Rajy
8) શિક્ષણ મંત્રાલય ભારત સરકાર 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020' (National Education Policy 2020નું ગુજરાતી સંસ્કરણ) ભારતિય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગાંધરીનગર

31

Crippling Sensitivity Among Youth: A Study within the Social Media Landscape

Architaba H Gohil.
Research Scholar
Department of English, Maharaja Krishnakumarsinhji Bhavnagar University

Abstract

The present paper examines the occurrence of damaging insensitivity among youngsters in the context of social media. The prevalent presence of social media platforms has transformed communication, engagement, and information transmission in today's youth. However, the digital landscape has also presented several concerns, including Cyberbullying and its negative impacts on mental health. This research attempts to shed light on the elements that contribute to debilitating insensitivity among youngsters in the social media environment. The current study also identifies a potential detrimental influence on well-being associated with cyberbullying via social media, which can cause mental anguish. It also investigates the possible consequences for people, groups, and society as a whole, as well as suggests potential ways to reduce these negative impacts.

Keywords: Social media, Insensitivity, Youth, Cyberbullying, Trolling, Mental health.

Social Media: When, How, Why?

Social media is not a new phrase; nevertheless, it is not very ancient either. It is essentially a medium that connects us with individuals, social communities, or society as a whole. Merriam-Webster defined social media as ***"Forms of electronic communication (such as websites for social networking and microblogging) through which users create online communities to share information, ideas, personal messages, and other content (such as videos)*** (“Social Media”).

Although the term might be recent, the idea has its roots in ancient Rome. first arose in the late Roman Republic of the 1st century BC, more than 2,000 years ago. At the time there were no printing presses and no paper—instead, information circulated among the intermarried families of the Roman elite through the exchange of papyrus rolls. The ruling class was well-educated and literate. And in place of broadband, which makes copying and

sending information cheap and quick today. Other notable examples include the torrent of printed tracts that circulated in 16th-century Germany at the start of the Reformation; the stream of news sheets that coursed through Enlightenment coffee houses; the pamphlets and local papers that rallied support for American independence; and the handwritten poems and newsletters of pre-Revolutionary France, which spread rumour and gossip within Paris and beyond (Standage).

In the twenty-first century, social media is an inherent element of human existence; an individual must stay current. Initially, it was a medium for information searching; later, it became a means of enjoyment. A million people utilize well-known social media Platforms including Facebook, Twitter, Instagram, and YouTube. Because of its enormous user base, it might be held accountable for any negative impacts that users may experience.

In the early 2000s, social media platforms gained widespread popularity with the likes of Friendster and Myspace, followed by Facebook, YouTube, and Twitter, among others. Research from 2015 shows that the world spent 22% of its online time on social networks, thus suggesting the popularity of social media platforms, is likely fuelled by the widespread adoption of smartphones. There are as many as 4.76 billion social media users in the world which, as of January 2023, equates to 59.4% of the total global population (Social Media - Wikipedia).

Social Media and its Impact on Mental Health:

Public debates about the relationship between social media and personal happiness (or more often, unhappiness) are ample, increasingly appearing in high-profile publications. In the last five years, several popular news outlets (including Time, Forbes, The Huffington Post, The New Yorker, and The Daily Mirror) have cited psychological studies suggesting that social media may increase depression, dissatisfaction, jealousy, negative body image, and loneliness. These studies attribute negative feelings to a variety of causes. At times users may feel that their contacts ignore them on social media. In different studies, users compare their own lives to the images they see of their acquaintances' lives online. In still other cases people feel depressed because they consider their time on Facebook to be unproductive. Yet other studies critique and contradict these results. Some find that using social networks to chat or make plans increases satisfaction; they may discover a positive correlation between the use of Facebook and increased social capital, trust and civic engagement, and therefore a

feeling of gratification in life. Even Facebook conducted its own controversial study, which found that when users were shown posts with more positive words, their posts contained more; when shown posts with fewer of these words, their own posts also contained fewer. Researchers confirmed that the 'emotional contagion' of Facebook posts worked just as emotional contagion does offline, where the presence of happy people in one's life makes an individual while Negative people make him or her less content (Miller et al., 2016).

Social comparison is one of the most ubiquitous features of human social life. This fundamental human tendency to look to others for information about how to think, feel, and behave has provided us with the ability to thrive in a highly complex and interconnected modern social world. Despite its prominent role, however, a detailed understanding of the cultural foundations of social comparison is lacking (Baldwin & Mussweiler, 2018).

Examination of real-life Examples of Cyberbullying:

Social media use has surged, but vices have outnumbered virtues. creating the evil known as cyberbullying. UNICEF Explains Cyberbullying- **"*Cyberbullying is bullying with the use of digital technologies. It can take place on social media, messaging platforms, gaming platforms, and mobile phones. It is repeated behaviour, aimed at scaring, angering or shaming those who are targeted."*** (*Cyberbullying: What Is It and How to Stop It*,n.d.). Cyberbullying is also known as Trolling; Internet users adopted the word troll to denote someone Who Intentionally Disrupts an online Community or an Individual.

These platforms are packed with toxicity, which has become a key driving factor of comparison and validation seeking among young users. Such platforms allow individuals to exercise their right to freedom of speech, but in recent years, this freedom of expression appears to have gone too far.

Chief Justice of India DY Chandrachud expressed concerns over the spike in internet trolling and fake news. While highlighting the menace of trolling, the Chief Justice made these remarks while addressing an event on the law in the age of globalization in Delhi today. "We live in an age today where people are short on their patience, they are short on their tolerance, they are short on their patience – which has reminded me to be brief – but people are also short on their tolerance because we are not willing to accept perspectives which are different from our own," he added. (Kumar, 2023)

Trolls have occasionally targeted celebrities and well-known public figures. Cricket is not just a game it is considered as a religion in India. So, once their favourite team suffers defeat, supporters flock to social media to vent their wrath through postings of negative comments. Such examples include; Famous Indian actress Anushka Sharma being blamed and trolled for the poor performance of her now husband Virat Kohli, likewise Australian cricketer Glenn Maxwell's Indian Origin wife becoming the victim of online abuse after Australia won the ODI World Cup defeating India in the Final. Such trolling is not restricted to superstars; ordinary individuals attempting to live a normal, peaceful life are not immune to the evils of cyberbullying.

Some recent victims of trolling in India are highlighted below,

Up's Prachi Nigam, State Board topper was trolled for her appearance hours after her picture emerged on social media. Later on, in an exclusive interview with BBC, the teenager stated - "If I had obtained a few fewer marks, I would not have topped. Maybe that would have been better. I do not care about the situation much because I have been facing this for a very long time." Trolling such an aspiring girl highlights a deeper problem in our society, although Prachi's resilience and dedication are quite visible in her statement, however, her statement mirrors the feeling of distress.

Recently a young woman in Tenali named Gitanjali Devi died by suicide due to excessive trolling allegedly by TDP and Jana Sena party leaders. She spoke to the media about the help she received from Jagan Mohan Reddy to build her own house. The TDP and Jana Sena leaders shared her interview on social media and kept trolling her (Krishnamurthy, 2024), the mental agony caused by such cyberbullying led to her suicide. Gitajali's story demonstrates the Crippling sensitivity of political leaders in important positions who fail to provide a positive example for mankind to follow.

A sixteen-year-old Queer Instagram influencer from Ujjain named Pranshu is said to have ended his life due to online trolling. Even after his death, Pranshu's Instagram handle, which has over 35,000 followers, remained a hunting ground for homophobic trolls. The account has now been made private by his family (Chawla & Sharma, 2023). There were several cruel remarks following his death. Pranshu's situation raises the question of 'Where is today's youth going?'

Recommendation for Cyberbullying Prevention:

Cyberbullying is a major worry for youth's physical and mental health, and it continues to spread throughout our communities. Thus, it is critical to identify effective measures for mitigating the damaging effects of cyberbullying. Cyberbullying can be reduced by raising knowledge about legal consequences Education should be offered on cyberbullying at the school and undergraduate level by performing a digital citizenship program in which an individual is guided to know how to act adequately as a digital citizen. Educating young people on certain social skills might lessen cyberbullying incidents. These social skills include teaching youth empathy, respect, and dispute resolution. When discussing the importance of having youngsters respect one another in online spaces. Parents need to take an active role instead of just trusting their kids they should set a boundary, Parental participation with technology, particularly as a tactic for preventing or intervening in cyberbullying incidents can be helpful as well.

Conclusion: This current research report intends to obtain a better knowledge of cyberbullying and its severe impacts on victims. The study also supplied some insightful strategies for possible prevention of cyberbullying. These findings revealed significant limiting forces that, ideally, should reduce the likelihood of aggressive online behaviors, such as those implicated in cyberbullying. Current studies should continue to focus on reducing and preventing cyberbullying events to better understand the issues youths experience and the support they require to operate in today's technology-focused world.

References

social media. (2024, April 26). Merriam-Webster Dictionary. https://www.merriam-webster.com/dictionary/social%20media#citations

Standage. (2013, December 3). *History Retweets: How Ancient Romans Created Social Media*. The Wall Street Journals. Retrieved May 1, 2024, from https://www.wsj.com/articles/BL-SEB-78611

Social media - Wikipedia. (2024, April 30). https://en.wikipedia.org/wiki/Social_media#History

Miller, D., Costa, E., Haynes, N., McDonald, T., Nicolescu, R., Sinanan, J., Spyer, J., Venkatraman, S., & Wang, X. (2016). Does social media make people happier? In *How the World Changed Social Media* (1st ed., Vol. 1, pp. 193–204). UCL Press. https://doi.org/10.2307/j.ctt1g69z35.20

Baldwin, & Mussweiler. (2018, September 25). The culture of social comparison. *PNAS, 115*(39), E9067–E9074.

Cyberbullying: What is it and how to stop it. (n.d.). UNICEF. https://www.unicef.org/end-violence/how-to-stop-cyberbullying

Desk, T. L. (2024, April 30). Prachi Nigam, UP Board topper shuts down trolls with her powerful statement. *The Times of India*. Retrieved May 5, 2024, from https://timesofindia.indiatimes.com/life-style/health-fitness/de-stress/prachi-nigam-up-board-topper-shuts-down-trolls-with-her-powerful-statement/articleshow/109661164.cmshttps://timesofindia.indiatimes.com/life-style/health-fitness/de-stress/prachi-nigam-up-board-topper-shuts-down-trolls-with-her-powerful-statement/articleshow/109661164.cms

Prachi Nigam. (2024, April 24). India Today. https://www.indiatoday.in/india/story/prachi-nigam-up-board-class-10-topper-speaks-on-trolling-says-focused-on-future-dreams-2532614-2024-04-28

Kumar (Ed.). (2023, March 3). CJI On Essence Of Trolling: 'People Are Short On Their Patience, Truth A Victim Of False News.' *India.Com* . Retrieved May 5, 2024, from https://www.india.com/news/india/cji-dy-chandrachud-on-essence-of-trolling-people-are-short-on-their-patience-truth-a-victim-of-false-news-5926466/

Krishnamurthy (Ed.). (2024, March 11). Unable to bear online trolling by TDP, Jana Sena leaders Woman kills self. *Newstap*. Retrieved May 5, 2024, from https://www.newstap.in/andhra-pradesh/unable-to-bear-trolling-by-tdp-jana-sena-leaders-woman-kills-self-1525046?infinitescroll=1

Chawla, & Sharma (Eds.). (2023, December 11). Queer, teen and coming out on social media? What it takes to survive the trolls. *India Today*. Retrieved May 5, 2024, from https://www.indiatoday.in/sunday-special/story/pranshu-ujjain-queer-teen-suicide-lgbtq-social-media-online-trolling-bullying-2474080-2023-12-10

Hendry BP, Hellsten LM, McIntyre LJ, Smith BRR. Recommendations for cyberbullying prevention and intervention: A Western Canadian perspective from key stakeholders. Front Psychol. 2023 Mar 7;14:1067484. doi: 10.3389/fpsyg.2023.1067484. PMID: 36960003; PMCID: PMC10027701.

32

नई शिक्षा नीति और छात्र

प्रीतिबहन ए. पटेल
सहायक अध्यापक (समाजशास्त्र)
महारानी श्री नंदकुवरबा महिला आर्ट्स और कॉमर्स कॉलेज निलमबाग

सार:

राष्ट्रीय शिक्षा नीति (एनईपी) २०२० एक सरकारी पहल है जिसका उद्देश्य महामारी के परिवर्तनों के अनुकूल शिक्षा प्रणाली को नया आकार देना है। नीति का उद्देश्य छात्रों को अधिक कौशल-आधारित शिक्षा प्रदान करना है, जिससे वे अपने भविष्य के लिए सूचित निर्णय लेने में सक्षम हो सकें। व्यावसायिक शिक्षा आर्थिक विकास के लिए महत्वपूर्ण है और इसका उद्देश्य उद्योग संपर्क और मांग-संचालित पाठ्यक्रम विकसित करना है। यह नीति युवा शिक्षार्थियों के बीच रचनात्मकता और जिज्ञासा को बढ़ावा देती है, उन्हें वैश्विक संसाधनों में बदल देती है। नीति का उद्देश्य व्यावसायिक शिक्षा से जुड़े सामाजिक स्थिति पदानुक्रम को दूर करना और इसे सभी शैक्षणिक संस्थानों में मुख्यधारा की शिक्षा में एकीकृत करना है। भारत सरकार न केवल कौशल आधारित शिक्षा बल्कि कौशल आधारित रोजगार की संभावनाओं पर भी जोर दे रही है। वर्तमान अध्ययन का उद्देश्य छात्रों के कौशल विकास में एनईपी २०२० की भूमिका की पहचान करना है। यह पेपर व्यावसायिक शैक्षिक मॉडल की आवश्यकता का विश्लेषण करता है और यह भी बताता है कि नीति कौशल आधारित शिक्षा को बढ़ाने और विकसित करने की दिशा में कैसे काम कर रही है और इस तरह के मॉडल का हमारे छात्रों पर क्या प्रभाव पड़ेगा।

कीवर्ड: NEP, व्यावसायिक, शिक्षा, आर्थिक विकास, छात्र।

परिचय:

भारत के संविधान के मूल सिद्धांतों में शिक्षा प्रणाली सदैव एक आवश्यक घटक रही है। इसका उपयोग व्यक्ति को भविष्य की दुनिया के लिए कौशल के साथ प्रशिक्षित करने के उपकरण के रूप में किया जाता है। जो उन्हें अपनी क्षमता हासिल करने में मदद कर सकता है। तकनीकी प्रगति के साथ बदलती इस दुनिया में शिक्षा एक महत्वपूर्ण भूमिका निभाती है। विभिन्न विषयों में एक कुशल कार्यबल की आवश्यकता है जो शिक्षित हो और उसमें बहु-विषयक क्षमताएं होनी चाहिए। इसलिए, देश की भविष्य की स्थिरता के लिए शैक्षिक अवसर प्रदान करने की आवश्यकता है। सतत विकास के लक्ष्यों में से एक का एजेंडा समावेशी और समान गुणवत्ता वाली शिक्षा सुनिश्चित करना चाहता है और वर्ष २०३० तक सभी के लिए आजीवन सीखने के अवसरों को बढ़ावा देना।

एनईपी २०२० का लक्ष्य शिक्षण संरचना, नियमों और शासन सहित शिक्षा के सभी पहलुओं को संशोधित और आधुनिकीकरण करके इक्कीसवीं सदी में रहने वाले छात्रों के लिए एक नई शैक्षिक प्रणाली विकसित करना है। प्रारंभिक और माध्यमिक विद्यालय चरणों में व्यावसायिक शिक्षा के संपर्क से गुणवत्तापूर्ण व्यावसायिक शिक्षा को सुचारू रूप से एकीकृत किया जा सकेगा। नीति दृढ़ता, सहयोग, सूचना साक्षरता, रचनात्मकता, सॉफ्ट कौशल, तकनीकी कौशल, सामाजिक कौशल और मीडिया साक्षरता जैसे २१वीं सदी के कौशल को बढ़ाने की बात करती है। एनईपी २०२० रोजगार क्षमता बढ़ाने के लिए शैक्षिक प्रणाली में सुधार के लिए एक प्रोत्साहन के रूप में कार्य करता है। यह छात्रों को आवश्यक कौशल प्रदान करने में काम की खुशी, शिक्षा पर जोर देती है।

नई शिक्षा नीति २०२०:

राष्ट्रीय शिक्षा नीति एनईपी २०२०,२१वीं सदी की पहली नीतियों में से एक है। भारत के केंद्रीय मंत्रिमंडल ने २९ जून २०२० को पिछली १९८६ की नीति की जगह मंजूरी दे दी थी। एनईपी सामान्य शिक्षा की १०+२ संरचना से पाठ्यचर्या संरचना में बदलाव का प्रस्ताव करती है। ५+३+३+४ संरचना तक इसके चार चरण हैं। बुनियादी चरण (३ से ८ साल के बच्चों के लिए), तैयारी चरण (८ से ११साल के बच्चों के लिए), मध्यवर्ती चरण (११ से १४ साल के बच्चों के लिए), और माध्यमिक चरण (१४ साल से १८ साल के बच्चों के लिए) इसे चार मूलभूत स्तंभों- पहुंच, गुणवत्ता, समानता, सामर्थ्य और जवाबदेही पर तैयार किया गया था। रटने-सीखने और भारी-भरकम सामग्री पर जोर देने के बजाय, एनईपी छात्रों की समग्र शिक्षा पर ध्यान केंद्रित करता है। इसमें खेल और फिटनेस, भाषाएं और संस्कृतियां, कला और शिल्प जैसे रचनात्मक और बहु-विषयक पाठ्यक्रम शामिल हैं। यह संचार, सहयोग और टीम वर्क जैसे जीवन कौशल को पहचानता है। नीति का उद्देश्य सामाजिक स्थिति पदानुक्रम को हटाना और व्यावसायिक शिक्षा कार्यक्रमों को मुख्यधारा की शिक्षा के साथ एकीकृत करना है। व्यावसायिक शिक्षा मध्य और माध्यमिक विद्यालयों में प्रारंभिक चरण में शुरू होनी चाहिए और उच्च शिक्षा तक सुचारू रूप से आगे बढ़नी चाहिए ताकि गुणवत्ता बनाए रखी जा सके। एनईपी २०२० छात्रों को उद्योग से संबंधित कौशल प्रदान करके और उन्हें भविष्य के लिए तैयार पेशेवर बनाकर अंतर को पाटने की दिशा में काम करेगा।

अध्ययन का हेतु:

- छात्रों के कौशल संवर्धन में एनईपी २०२० की भूमिका की पहचान करना।

शोध पद्धति:

अध्ययन में मात्रात्मक और गुणात्मक दोनों तरह की शोध पद्धतियों का इस्तेमाल किया गया। सटीक स्थितिजन्य प्रोफ़ाइल प्राप्त करने के लिए एक वर्णनात्मक अध्ययन डिज़ाइन लागू किया गया है।

डेटा के स्रोत:

जांच के लिए प्रासंगिक जानकारी प्रदान करने के लिए प्राथमिक और द्वितीयक दोनों डेटा का उपयोग किया गया। अध्ययन के २२४ छात्र उत्तरदाताओं ने संग्रह के लिए प्राथमिक डेटा प्रदान किया। द्वितीयक डेटा पहले के शोध, पुस्तकों, शोधपत्रों, लेखों और इलेक्ट्रॉनिक संसाधनों से एकत्र किया गया था जो वर्तमान जांच से जुड़े थे।

अध्ययन का प्रकार:

- प्रस्तुत शोध अध्ययन का शोध प्रकार वर्णनात्मक शोध है।

प्रतिदर्शन:

इस शोध में शोधार्थी द्वारा भावनगर शहर के नीलम बाग विस्तार में स्थित महारानी श्री नंदकुवरबा महिला आर्ट्स और कॉमर्स कॉलेज के नई शिक्षण नीति के प्रथम वर्ष के आर्ट्स और कॉमर्स में पढ़ने वाले २२४ छात्र को निदर्श के रूप में पसंद किया गया है।

अध्ययन उपकरण:

सर्वेक्षण प्रश्नावली, अवलोकन, पिछले शोध की समीक्षा और विश्लेषण डेटा एकत्र करने के साधन के रूप में कार्य करते हैं। शोध विषयों के लिए जानकारी एकत्र करने के लिए, सर्वेक्षण, साहित्य समीक्षा और विश्लेषण का उपयोग किया गया। उत्तरदाताओं को सर्वेक्षण प्रश्नावली दी गई। यह प्रतिभागियों से डेटा प्राप्त करने के लिए कई प्रश्नों वाला एक उपकरण है। सर्वेक्षण उत्तरदाताओं के लिए Google Form का उपयोग करके बनाया गया था।

चर:

हमने अपने अध्ययन के लिए निम्नलिखित दो कारक चुने: आश्रित चर के रूप में छात्रों का प्रदर्शन एक अलग चर के रूप में नई शिक्षा नीति का प्रभाव उपयोग किया है।

साहित्य समीक्षा:

जैन एटअल. (२०२१) राष्ट्रीय शिक्षा नीति २०२० भारतीयों के परिप्रेक्ष्य की स्थिति की पड़ताल करता है। यह स्पष्ट है कि एनईपी २०२० भारतीय घरेलू स्कूली छात्रों और विदेशी कॉलेजों दोनों को काम करने की एक नई शुरुआत देता है और नए अवसर खोलता है। नई नीति के सफल होने के लिए साक्षरता दर में वृद्धि और आरामदायक उदासी से बाहर निकलने की दृढ़ इच्छा दोनों आवश्यक हैं। यह अंतर्राष्ट्रीय कॉलेजों की अधिक भागीदारी को सुविधाजनक बनाने में भी मदद करता है।

शुक्ला एटअल. (२०२२) १० छात्र प्लेसमेंट और हितधारकों की जरूरतों के प्रति अभिविन्यास के लिए एनईपी २०२० में इसके कार्यान्वयन से संबंधित विभिन्न व्यावसायिक विकल्पों के लिए एक समग्र दृष्टिकोण और बहु-विषयक शिक्षा के कार्यों की जांच करता है। फोकस समूहों

में बातचीत ने इस तथ्य पर प्रकाश डाला कि कई स्कूलों में एनईपी २०२० में उल्लिखित उद्देश्यों को पूरा करने के लिए कैरियर परामर्श की एक मजबूत प्रणाली है।

छात्रों के लिए नई शिक्षा नीति के लाभ:

- **समग्र विकास:**

एनईपी २०२० छात्रों के संज्ञानात्मक, सामाजिक, भावनात्मक और शारीरिक विकास को संबोधित करते हुए उनके समग्र विकास पर ध्यान केंद्रित करता है। यह आलोचनात्मक सोच, रचनात्मकता, सदी की समस्या-समाधान स्की को बढ़ावा देता है, छात्रों को २१वीं सदी में आगे बढ़ने के लिए तैयार करता है।

- **लचीले सीखने के रास्ते:**

यह नीति सीखने के लचीले रास्ते प्रदान करती है, जिससे छात्रों को उनकी रुचियों और करियर आकांक्षाओं के आधार पर विषय चुनने की अनुमति मिलती है। यह व्यक्तिगत शिक्षण को बढ़ावा देता है, जिससे छात्रों को अपने जुनून का पता लगाने और अपने चुने हुए क्षेत्रों में विशेषज्ञता विकसित करने में मदद मिलती है।

- **पाठ्यचर्या का बोझ कम होना:**

एनईपी का उद्देश्य मुख्य अवधारणाओं और आवश्यक सीखने के परिणामों पर जोर देकर छात्रों पर पाठ्यक्रम के बोझ को कम करना है। यह विषयों की गहरी समझ के लिए अनुमति देता है, अधिकतम अनुभव व्यापक सीखने को प्रोत्साहित करता है

- **समावेशी शिक्षा:**

यह नीति समावेशी शिक्षा को प्राथमिकता देती है, जिसमें विकलांग और हाशिए पर रहने वाले समुदायों सहित विविध पृष्ठभूमि के छात्रों के लिए समान अवसर सुनिश्चित किए जाते हैं। यह एक समावेशी और सहायक शिक्षण वातावरण को बढ़ावा देता है, छात्रों के बीच सहानुभूति और समझ को बढ़ावा देता है।

- **कौशल विकास:**

एनईपी २०२० कौशल विकास पर जोर देता है, छात्रों को महत्वपूर्ण सोच, संचार, समस्या-समाधान और डिजिटल साक्षरता जैसे २१वीं सदी के कौशल से लैस करता है। यह उनकी रोजगार क्षमता को बढ़ाता है और उन्हें भविष्य की चुनौतियों के लिए तैयार करता है।

छात्रों के लिए नई शिक्षा नीति के लाभ:

नीति की प्राथमिक चिंताओं में से एक छात्रों के बीच दबाव और प्रतिस्पर्धा में संभावित वृद्धि है। एनईपी मानकीकृत परीक्षाओं के महत्व पर जोर देती है और प्रारंभिक वर्षों से शुरू होकर कई स्तरों पर बोर्ड परीक्षाओं को प्रोत्साहित करती है। यह दृष्टिकोण ग्रेड और प्रदर्शन पर अत्यधिक ध्यान केंद्रित कर सकता है, जिससे छात्रों के समग्र विकास और कल्याण से समझौता हो सकता है।

- **विषय विकल्पों का संकुचन:**

नई नीति एक बहु-विषयक दृष्टिकोण की ओर बदलाव का प्रस्ताव करती है, जो छात्रों को अनजाने में इकाई शिक्षा और कौशल विज्ञान प्रदान कर सकती है। विषयों की एक विस्तृत श्रृंखला. हालाँकि, यह व्यावसायिक योग्यता, कला, मानविकी और सामाजिक ध्यान जैसे विषयों पर अधिक जोर दे सकता है। यह संकीर्ण फोकस छात्रों के समग्र बौद्धिक और रचनात्मक विकास में बाधा बन सकता है

- **अपर्याप्त शिक्षक प्रशिक्षण और सहायता:**

एनईपी २०२० शिक्षकों की प्रशिक्षण और सहायता आवश्यकताओं को पर्याप्त रूप से संबोधित करने में विफल है। निरंतर व्यावसायिक स्तर के समर्थन और प्रोत्साहन के लिए स्पष्ट दिशानिर्देशों की कमी कक्षा में प्रदान की जाने वाली शिक्षा की गुणवत्ता को प्रभावित कर सकती है

- **डिजिटल बुनियादी ढांचे में असंतुलन:**

રાષ્ટ્રનિર્માણ સતત ચાલતી પ્રક્રિયા છે. આઝાદી પૂર્વે અને આઝાદી પછી રાષ્ટ્રનિર્માણમાં કોઈ ને કોઈ રીતે સાહિત્યની ભૂમિકા રહી છે. આઝાદી પૂર્વે રાષ્ટ્ર માટેની ભાવના જેટલી પ્રબળ હતી, તેમાં સમય જતાં શિથિલતા આવી છે અને તેનું પ્રતિબિંબ સાહિત્યમાં પણ જોઈ શકાય છે. તેમ છતાં પ્રત્યક્ષ અને પરોક્ષ બંને રીતે સાહિત્ય રાષ્ટ્રનિર્માણમાં માધ્યમ બની રહ્યું છે. શિષ્ટ સાહિત્યની જેમ જ લોકસાહિત્યની પણ રાષ્ટ્રનિર્માણમાં ભૂમિકા રહી છે. શિષ્ટ સાહિત્ય તો સાક્ષરો પૂરતું સીમિત રહીને જ રાષ્ટ્રનિર્માણમાં સહયોગી થાય તેવું બને, પરંતુ લોકસાહિત્ય તો સાક્ષર-નિરક્ષર એવાં કોઈ ભેદ વગર જનસમૂહ સુધી પહોંચે છે અને ઉત્તમ રાષ્ટ્રનાં નિર્માણમાં સહભાગી બને છે. રાષ્ટ્રની પ્રજા રાષ્ટ્રને સમર્પિત આદર્શ નાગરિક બને તેવી પ્રેરણા દેશભરની અનેક લોકવાર્તાઓમાં પેઢીઓથી સચવાઈને પડી છે અને પેઢી દર પેઢી વહેંચાતી આવી છે. ગુજરાતી ભાષામાં ઝવેરચંદ મેઘાણીએ આવી લોકવાર્તાઓ પાંચ ભાગમાં સંપાદિત કરી છે. ઈ.સ. ૧૯૨૩માં 'સૌરાષ્ટ્રની રસધાર'નાં પહેલાં ભાગ રૂપે પ્રગટ થયેલાં આ લોકવાર્તાનાં સંગ્રહે ગુજરાતી વાચકો અને ભાવકોને સૌરાષ્ટ્રની ધરામાં થયેલાં શૂર-સપૂતોની વાતોનું ઘેલું લગાડ્યું હતું. ઈ.સ.૧૯૨૭ સુધીમાં પાંચ ભાગમાં અઢાણું લોકવાર્તાઓનાં પાંચ સંગ્રહો ઝવેરચંદ મેઘાણી સંપાદિત કરી અને પ્રકાશિત કરે છે. આ પાંચ સંગ્રહોની બધી જ લોકવાર્તાઓમાં શૌર્ય, દિલાવરી, શીલ, સ્વાર્પણ અને પ્રેમના ઉચ્ચ આદર્શો સંગ્રહાયા છે. આ વાર્તાઓમાંથી પસાર થનાર વાચકોમાં એ આદર્શો સહજપણે જ રોપાય અને એ રીતે રાષ્ટ્રનિર્માણમાં સહભાગી બને એ સ્વાભાવિક છે.

અહીં 'સૌરાષ્ટ્રની રસધાર'ની બધી જ વાર્તાઓનાં બદલે માત્ર શૌર્યકથાઓને રાષ્ટ્રનિર્માણ સંદર્ભે તપાસવાનો ઉપક્રમ છે. 'સૌરાષ્ટ્રની રસધાર'નાં પાંચ ભાગમાંથી કુલ અઠ્યાવીસ વાર્તાઓને શૌર્યકથા તરીકે જયંત મેઘાણીએ પછીની સંકલિત આવૃત્તિમાં અલગ તારવી છે. આ વાર્તાઓ એ કાલ્પનિક સાહિત્યકૃતિઓ નથી, પણ લોકહૈયામાં સંગ્રહાઈને પડેલો સૌરાષ્ટ્રનાં શૂરવીરોનો ઈતિહાસ છે. એટલે જ નિવેદનમાં મેઘાણી આ વાર્તાઓ વિશે લખે છે :

"હિમાલયનાં બરફ-શિખરો ઉપર સૂર્યનાં કિરણો પડે અને વિગલિત બનીને ધારારૂપે વહેવા લાગતું એ બરફ-શિખર કદી ન ગાયેલું એવું કલકલ ગાન કરવા લાગે છે; એવી રીતે ઈતિહાસની અંદર પણ ચારણનાં કલ્પના-કિરણોનો સ્પર્શ થતાં, એવું જ અદ્ભુત એક ગાન ઊઠે છે. 'રસધાર'ની અંદર એકલી કલ્પના નથી ગાતી; ઈતિહાસને એ ગવરાવી રહી છે."[1]

ઈતિહાસને ગવરાવતી આ વાર્તાઓમાં આવતાં સ્થળો, પાત્રો અને પ્રસંગોનાં ઉલ્લેખ માત્રથી સહદય ભાવકને ચેતનાનો સંચાર થતો અનુભવાય છે. પ્રિયતમાને મળવા જવું ને સંગ્રામમાં મૃત્યુને ભેટવા જવું બંને માટે સરખો ઉત્સાહ બતાવનારા વીરો અને પ્રેમીઓની શૌર્યકથાથી સોરઠ પ્રદેશ ભર્યો પડ્યો છે. એક દુહામાં એટલે જ લોકકવિએ ગાયું છે

"ભોં ભીની, ઘોડા ભલા, ડાબા ઊપડિયા,

(કાં) મરઘાનેણી માણવા, (કાં) ખગ વાવા ખડિયા."

[એક સખી બીજી સખીને પૂછે છે કે આવી મેઘભીની, મુશ્કેલ ભોમને માથે આવા ભલા ઘોડા પર ચડીને ઊપડતે ડાબલે આ અસવાર ક્યાં જાતા હશે ? જવાબ મળે છે કે બીજે ક્યાં જાય ? - બેમાંથી એક માર્ગે : કાં પોતાની મૃગનયની સ્ત્રીને મળવા, ને કાં સંગ્રામમાં ખડગ વીંઝવા; કાં પ્રેમપંથે ને કાં શૌર્યપંથે.][2]

આ સંપાદનની માત્ર શૌર્યકથાઓને જ ધ્યાનમાં લઈને વીર પુરૂષોની કથાઓ, વીરાંગના નારીઓની કથાઓ અને જાતવંત ઘોડાઓની કથાઓ એવાં ત્રણ ભાગ પાડી શકાય.

[1] ઝવેરચંદ મેઘાણી - સં. જયંત મેઘાણી; (1997); 'સૌરાષ્ટ્રની રસધાર' (સંકલિત આવૃત્તિ); પુનર્મુદ્રણ 2006; ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય -અમદાવાદ; પૃ. [7]

[2] ઝવેરચંદ મેઘાણી - સં. જયંત મેઘાણી; (1997); 'સૌરાષ્ટ્રની રસધાર' (સંકલિત આવૃત્તિ); પુનર્મુદ્રણ 2006; ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય -અમદાવાદ; પૃ. 71

સૌ પ્રથમ વીર પુરૂષોની કથાઓ જોઈએ તો પોતાની વસ્તીનું જીવનાં જોખમે લૂંટારાઓથી રક્ષણ કરનાર રવાભાઈની શુરવીરતાને આલેખતી અને લૂંટારાનાં મુખે જ કહેવાયેલી વાર્તા 'રંગ છે રવાભાઈને!'; જેને વરવા માટે અપ્સરાઓ રાહ જોતી હોય, માથા વગરનાં ધડથી જેમણે દુશ્મનોને હંફાવ્યા હોય, મૃત્યુ પછી પણ પોતાનાં વચનો પૂરાં કર્યા હોય - તેવા એભલ વાળાનાં વીરપુત્ર ચાંપરાજની અલૌકિક ઘટનાઓથી મઢેલી વાર્તા 'ચાંપરાજ વાળો'; ધૂંધળીનાથે પોતાના તપનાં તેજથી નષ્ટ કરેલાં નગરને તેનો ચેલો સિદ્ધનાથ -કુંવર નાગાજણ જેઠવાની મદદથી- ફરી બેઠું કરે, દુશ્મન રાજા શાલિવાહનનાં ચારણ પાસે પોતાનું મસ્તક હારી ગયેલાં પોતાના ચારણને હોંશે હોંશે પોતાનું મસ્તક આપી માથા વગર દુશ્મનને હંફાવનાર નાગાજણ જેઠવાની માલધારીના મુખે કહેવાયેલી વાર્તા 'ધૂંધળીનાથ અને સિદ્ધનાથ'; માત્ર સોળ વરસની ઉંમરે પોતાનાં રાજ્યની દીકરીને બળજબરીથી લઈ જનાર પાસેથી બચાવનાર આતાભાઈની વાર્તા 'કન્યાની દુવા'; પચ્ચીસ વર્ષની ઉંમરે દેહ પાડવા આતુર અને યુદ્ધનો અવસર ન મળતાં જેતપુરની કાઠિયાણીઓનાં અપહરણ કરી, સેના સામે એકલા લડીને યુદ્ધમાં મોતને ભેંટનાર સવાજી ગોહિલની વાર્તા 'મોત સાથે પ્રીતડી'; સુદામડાનો લાખો કરપડો, ઉબરડાનો ફકીરો કરપડો અને વિસામણ કરપડાની શૂરવીરતાની કથાઓનો ગુચ્છ 'કરપડાની શૌર્યકથાઓ'; લશ્કરનાં મોભીને જ ધીંગાણામાં મારતો ને મોરબીનાં ઠાકોર સાથેનાં ધીંગાણા પછી બીજાં દિવસ સુધી દર્દ સહન કરીને દેહ ટકાવી રાખનાર કરપડાની વાર્તા 'આલેક કરપડો'; સુદામડાનાં રાજા જેટલાં જ શૌર્યથી પોતાનાં નગર માટે શહીદ થનારા ઢોલીની વાર્તા 'કાનિયો ઝાંપડો'; નાનપણમાં જે ગાંગાવાળાને ત્યાં ઉછરવા મૂકેલો, તે ગાંગાવાળાએ જાકારો આપ્યા છતાં તેનાં સરસિયા ગામ માટે માથું આપનાર કાળાની વાર્તા 'કાળો મરમલ'; પોતાનાં રાજાથી રિસાયેલો હોવાં છતાં રાજાનાં નગર ઢાંકને બચાવવા જુનાગઢનાં રા' સાથે વેર કરીને નવસો નાઘોરી વરરાજાઓ સાથે યુદ્ધમાં પ્રાણ આપનાર કાંધલજીની વાર્તા 'કાંધલજી મેર'; બહેનની આબરૂ પર નજર બગાડનાર નવાબ સામે બહારવટે ચડીને જીવતો નવાબનાં હાથમાં ન આવનાર કાળુજીની વાર્તા 'કાળુજી મેર'; પોરબંદરનાં રાણાના ભેટાળી કિલ્લા પર ચડી આવેલ નવાનગરનાં સૈન્યને હરાવનાર ને પોતાના રાણા પાસેથી કપાયેલાં હાથનાં બદલે ઈનામ રૂપે સોનાનો નહીં, પણ લોખંડનો હાથ માંગનાર નિરાભિમાની વીર યોદ્ધાની વાર્તા 'મૂળુ મેર'; પોતાની જવાબદારીએ રાજાનાં ભાણેજને મોસાળ લાવેલા ચારણને છેતરીને મામો ભાણેજની હત્યા કરાવે છે, આ વાતની જાણ થતાં દરબારગઢમાં પોતાના ઘરનાં અઢાર સભ્યોનાં પ્રાણનું બલિદાન

આપનારા ચારણની વાર્તા ‘ચારણની ખોળાધરી’; હાદા ખુમાણ અને મીરાં-દાદા સાથેનાં લૂણસરનાં કલાજીની યુદ્ધ અને શહીદીની વાર્તા ‘કલોજી લૂણસરિયો’; ભાવનગરનાં મહારાજા વજેસંગજીના સૈનિકોએ પોતાના ખેડૂતનો બાજરો ઘોડાને ખવડાવી દીધો, તેનાં બદલામાં ભાવનગરનાં ગામડામાંથી દસ ગણો બાજરો લઈ આવનાર અને વજેસંગજીની પ્રેરણાથી ખીજડિયાની ગાયો વાળી જનાર કાઠીઓ સાથે યુદ્ધમાં દેહ પાડનાર કુંવર હનુભાની વાર્તા ‘હનુભાઈ’; પોતાના રાજા જસા ખસિયાના પરિવાર માટે ભાવનગર રાજ્યમાં જઈને તેના હીરજી મહેતાને મારી, પોતાનો દેહ પાડનાર વણિક વફાદારની વાર્તા ‘અભો સોરઠિયો’; તળાજાનાં નૂરુદીન સામેનાં યુદ્ધમાં લડવા માટે આતાભાઈને પાનો ચઢાવનાર દેશભક્ત સેનાપતિ ભા’ દેવાણીની વાર્તા ‘સેનાપતિ’; ભગા દોશીની ના છતાં પચ્ચીસ લૂંટારાઓને માત આપી માલ પરત લઈ આવનાર વોળાવિયા તરીકે સાથે ગયેલાં ચાર કાઠીઓની વાર્તા ‘વોળાવિયા’; પોતાનાં શરીરનાં અંગો કાપી, સમળીઓને માંસ ખવરાવી ધરવનાર ટેકીલા શૂરવીરની વાર્તા ‘માણસિયો વાળો’; પાલીતાણાનાં ઠાકોર અને તેના સાળાને પોતાનાં તેજથી પરાસ્ત કરનાર ભાવનગર મહારાજને ગર્વ અપાવનાર આહિરની વાર્તા ‘ભીમો ગરણિયો’ જેવી એક-એકથી ચડિયાતી અને સાંભળનાર-વાંચનારનાં રૂવાંડાં બેઠાં કરી દે તેવી વટ, વચન અને વેર માટે મારી ને મરી જાણનાર શૂરવીરોની કથાઓ નિર્માલ્ય થતી જતી વર્તમાન પેઢીમાં નવો પ્રાણ પૂરવા માટે આજે પણ એટલી જ પ્રસ્તુત છે. પોતાનાં પૂર્વજોનાં પરાક્રમોથી ફૂલાઈ જવા માટે નહીં, પણ ગમે તે પરિસ્થિતિનો વટથી સામનો કરવાની પ્રેરણા માટે આ વાર્તાઓ સદીઓ સુધી ખપમાં આવવાની છે.

આપણો સમાજ પુરૂષપ્રધાન છે એટલે પુરૂષોનાં શૂરાતનની કથાઓ વધુ મળે તે સ્વાભાવિક છે, પરંતુ શૌર્ય પુરૂષ કે સ્ત્રી એવી જાતિ પૂરતો સીમિત ગુણ નથી. ‘સૌરાષ્ટ્રની રસધાર’માંથી પસાર થતાં સોરઠિયાણીઓનાં પરાક્રમની કથાઓ પણ મળે છે. પુરૂષોની તુલનામાં ઈયત્તાની દૃષ્ટિએ વીરાંગના નારીઓની ઓછી કથાઓ મળે છે, પણ તેની શૂરવીરતાની ગુણવત્તા પુરૂષો કરતાં સ્હેજ પણ ઓછી નથી. બાર-બાર લૂંટારાઓને પોતે સગર્ભા હોવાં છતાંય ધીંગાણામાં પહોંચી વળનારાં રૂપાળીબાની વાર્તા ‘ગરાસણી’; પિતાની ગેરહાજરીમાં ગામ લૂંટવા આવેલાં ખૂંખાર દુશ્મન દેવાત વાંકને મારીને પિતાની આબરૂ સાચવનાર દીકરી હીરબાઈની વાર્તા ‘દીકરો’; પોતાની ઉપર નજર બગાડનાર ભીમડાદના ખોખરા શેખને તેનાં જ પાદરમાં મારનાર રાજપરાનાં હાથિયા ધાધલનાં પત્ની સજુબાઈની પરાક્રમગાથા કહેતી વાર્તા

'કાઠિયાણીની કટારી'; વગડામાં વાણિયાને બચાવનાર અજ્ઞાત રજપૂતાણીની વાર્તા 'ચોટલાવાળી' જેવી વીરાંગનાઓનાં શૌર્યને બિરદાવતી કથાઓ સ્ત્રી-પુરૂષનાં ભેદ વગર શૂરવીરતાની સાક્ષી રૂપે લોકહૈયામાં ઝડાઈ ગઈ છે. પિતાની ગેરહાજરીમાં માત્ર પંદર વર્ષની હીરબાઈ દીકરાથી પણ સવાયું પરાક્રમ કરે છે તે સમયનું તેનું વર્ણન જુઓ :

"ઊંચી ઊંચી ઓસરીની એક થાંભલીને ટેકો દઈને લાખા વાળાની દીકરી હીરબાઈ ઊભી હતી. પંદર વરસની ઉંમર થઈ હશે. દેવાતના પડકારા, લોહીતરબોળ ભાલો કે લાલઘૂમ આંખો એ છોકરીને મન જાણે કાંઈક જોવા જેવું લાગતું હતું, બીવા જેવું નહિ. એ શાંત ઊભી હતી. અંધારી રાત્રે જોગમાયા જેવી લાગતી હતી. મોતની લીલા તો જાણે ખૂબ નીરખી હોય તેવી ઠરેલી એની મુખમુદ્રા હતી. પેલા વડલાની છાંયડીએ રમેલી; કછોટા ભીડીને ઝાડવે ચડેલી; ધરામાં ઢબીઢબીને વજ્ર જેવી એની કાયા બનેલી; શેલ નદીના ધૂનામાં એણે મગરમચ્છના મોંમાંથી બકરું પણ છોડાવેલું; ને હીરબાઈએ તો લાખાપાદરના ચોકમાં, શેલ નદીના કાંઠાગુંજી ઊઠે એવો 'તેજમલ ઠાકોર'નો રાસડોય કંઈ કંઈ વાર ગાયો હતો. ...

... એણે ભાલો ઉપાડ્યો; ત્યાં ઊભાં ઊભાં જ બે હાથે ઝાલીને એ જોગમાયાએ દેવાતના પહોળા બરડામાં ભાલાનો ઘા મૂક્યો. ભય દેતો ભાલો શરીર સોંસરવો ગયો. દેવાતને ધરતી સાથે જડી દીધો."[3]

માત્ર રાસડાઓમાં પરાક્રમો ગાઈને સંતોષ ન પામનારી આ કિશોરી પોતાના પરાક્રમથી નવો ઈતિહાસ રચે છે. દીકરાથી પણ સવાઈ થઈને દીકરી હીરબાઈ પિતાની હારેલી બાજીને જીતમાં પલટાવી નાંખે છે. આવી વીરાંગનાઓની કથાઓ 'સૌરાષ્ટ્રની રસધાર'માં પોતાનું આગવું સ્થાન ધરાવે છે.

શૌર્યની આ બધી જ કથાઓમાં વીર સ્ત્રી-પુરૂષોનાં પરાક્રમોની ગાથા સચવાઈ છે. આ બધી વાર્તાઓમાં મનુષ્ય સિવાયનું એક માનવેતર પાત્ર અચૂક ધ્યાન ખેંચે છે. તે માનવેતર પાત્ર છે જાતવાન ઘોડાઓ. શૂરવીરોનાં પરાક્રમોમાં આ ઘોડાઓનું મોટું યોગદાન છે. એટલે તો લોકકવિ કહે છે :

[3] ઝવેરચંદ મેઘાણી - સં. જયંત મેઘાણી; (1997); 'સૌરાષ્ટ્રની રસધાર' (સંકલિત આવૃત્તિ); પુનર્મુદ્રણ 2006; ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય -અમદાવાદ; પૃ. 27

"ભલ ઘોડા, વલ વંકડા, હલ બાંધવા હથિયાર,

ઝાઝા ઘોડામાં ઝીંકવા, મરવું એક જ વાર."

[ભલા ઘોડા સવારી કરવાના હોય, શિર પર વાંકડિયા વાળ હોય ને અંગે બાંધવાને હથિયાર હોય, પછી બહોળા શત્રુ-ઘોડેસવારો પર ત્રાટકવાનું હોય, તો પછી ભલે મોત આવે - મરવું તો એક જ વાર છે ને !][4]

ઉપરોકત દુહામાં કવિ કહે છે તેમ ઉત્તમ ઘોડા સવારી કરવા માટે હોય તો મૃત્યુનો પણ અસવારને ભય નથી. આ ઘોડાઓ અને તેનાં અસવારો કેવાં પરાક્રમી હશે ! શૌર્યકથાનો ત્રીજો ભાગ આવી વિશિષ્ટ અશ્વકથાઓનો છે. સૂથો ધાધલ અને તેનાં પરિવારને નદીના પૂરમાંથી પ્રાણના ભોગે શેત્રુંજીનાં સામા કાંઠે પહોંચાડનાર ઘોડીની ચારણના મુખે કહેવાયેલી વાર્તા ' ઘોડી અને ઘોડીસવાર'; કોઠી ગામમાં આપા લૂણા સાથે ઘોડી ભેડવવા આવનાર બાવાજીને સબક શીખવવા લીમડીના નગરશેઠના દીકરાને ઉપાડીને ભાગનાર અને ઘોડીનું પરાક્રમ બતાવનાર આપા લૂણાની લખી ઘોડીની વાર્તા 'ઘોડાની પરીક્ષા'; રાઠોડ ધાધલના પરાક્રમ અને ધીંગાણામાં એંશી વરસે મૃત્યુ પામનાર કાઠી અને તેની બેરી નામની ઘોડીની વાર્તા 'રાઠોડ ધાધલ'; પોતાની ઘોડીઓ માટે કરિયાણાના જીવા ખાચર સાથે વેર બાંધનાર, પાલીતાણા સામે બહારવટે ચડનાર અને છેલ્લે પાલીતાણા જઈ સામે ચાલીને મોતને વહાલું કરનાર કાઠીની વાર્તા 'હીપો ખુમાણ' જેવી વાર્તાઓમાં ઘોડી અને તેનાં અસવારોની પરાક્રમકથાઓ અબોલ પશુઓની બહાદુરી સામે ભાવકને નતમસ્તક કરી દે છે. 'ઘોડી અને ઘોડેસવાર' વાર્તામાં પોતાનાં અસવારનાં પરિવારને શેત્રુંજીનાં પૂરમાંથી બચાવવામાં ત્રણ વખત નિષ્ફળ ગયેલી માણકી ઘોડીનાં અંતિમ મરણિયા પ્રયાસનું વર્ણન જુઓ :

" "માણકી ! બાપ ! આંહીં અંતરિયાળ રાખીશ કે શું ?" કહીને ચોથી વાર એડી મારી. માણકી તીરની માફક ગઈ. ભેડાની ઉપર જઈ પડી. કૂવામાંથી બોખ નીકળે તેમ કાઠિયાણી અને એના બાળક સહિત હેમખેમ ત્રાપો કાંઠે નીકળી પડ્યો. 'રંગ આપા ! રંગ ઘોડી !' એમ કિકિયારી કરતાં માણસો ટોળે વળ્યાં. આપા માણકીને પવન નાખવા મંડ્યા. પણ માણકીને હવે પવનની

[4] ઝવેરચંદ મેઘાણી - સં. જયંત મેઘાણી; (1997); 'સૌરાષ્ટ્રની રસધાર' (સંકલિત આવૃત્તિ); પુનર્મુદ્રણ 2006; ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય -અમદાવાદ; પૃ. 71

જરૂર નહોતી : એની આંખો નીકળી પડી હતી, એના પગ તૂટી ગયા હતા, એના પ્રાણ છૂટી ગયા હતા."[5]

આવા તો શ્વાસ થંભાવી દે તેવાં અનેક વર્ણનો, અનેક ઘટનાઓ રસધારનાં પાને-પાને આલેખાયા છે. સોરઠ ધરાનાં વીરોનાં પરાક્રમોની સાથે ઝવેરચંદ મેઘાણીની કલમનો સુયોગ આ વાર્તાઓને વધુ રસાળ બનાવે છે. દરેક વાર્તાને લગતાં દુહાઓ તેનાં અર્થ સાથે લેખકે અહીં મૂક્યા છે. કેટલીક વાર્તાઓમાં નિરૂપાયેલ પ્રસંગને અનુરૂપ પ્રચલિત લોકગીત પણ વાર્તાનાં અંતે લેખકે ઉપલબ્ધ કરાવ્યા છે. એક જ પ્રસંગ એકથી વધુ ઐતિહાસિક પાત્રો સાથે સંકળાયેલો હોય તો એનો ઉલ્લેખ પણ લેખક કરતા જાય છે. સૌરાષ્ટ્ર પ્રદેશની આ ધરતીના વિવિધ રસોને આસ્વાદવામાં સ્હેજ પણ અગવડ ભાવક ન અનુભવે તેનું લેખકે ધ્યાન રાખ્યું છે. આ બધું સૌરાષ્ટ્ર આખામાં ભટકીને લેખકે પોતે અગવડો વેઠીને એકત્ર કર્યું છે ને જો આ સમયસર ભેગું કરીને ન સચવાયું હોત તો કેવડું મોટું નુકશાન પ્રજા તરીકે વેઠવાનો વારો આવેત, એ તો સમય જ કહી શકેત. ઝવેરચંદ મેઘાણીના આ સંપાદનનાં ભગીરથ કાર્યને બિરદાવતા 'કંકાવટી' સંગ્રહ સંદર્ભે વાર્તાકાર ધૂમકેતુ યોગ્ય જ કહે છે :

"આજથી પચીસ-પચાસ વર્ષે મૂળ કાઠિયાવાડ- ગુજરાતમાંથી બહાર નીકળેલાં પણ પછી તો સંસ્કારે ને સંગે પરદેશી થયેલાં ગુજરાતી કુટુંબો 'જાપાનીસ ફેરી ટેઈલ્સ' કે કંઈક એવું લઈને અંગ્રેજીમાંથી ભાષાંતર કરી છોકરાંને સમજાવવા બેસશે, તે વખતે આવો એકાદ સંગ્રહ 'સંસ્કૃતિની એકતા' સાચવવામાં કેટલી મદદ કરશે એ અનુમાન કરવામાં જ આ પ્રયાસની સફળતા થઈ ચૂકે છે."[6]

'સૌરાષ્ટ્રની રસધાર' જેવાં ઝવેરચંદ મેઘાણીના લોકસાહિત્યનાં સંપાદનો ધૂમકેતુના ઉપરોક્ત અનુમાનને સાચું ઠેરવે છે. અહીં આપણે 'સૌરાષ્ટ્રની રસધાર'માંથી માત્ર શૌર્યકથાઓને આધારે જ રાષ્ટ્રનિર્માણમાં સાહિત્યની ભૂમિકા સ્પષ્ટ કરવા પ્રયાસ કર્યો છે, પરંતુ 'સૌરાષ્ટ્રની

[5] ઝવેરચંદ મેઘાણી - સં. જયંત મેઘાણી; (1997); 'સૌરાષ્ટ્રની રસધાર' (સંકલિત આવૃત્તિ); પુનર્મુદ્રણ 2006; ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય -અમદાવાદ; પૃ. 76

[6] ઝવેરચંદ મેઘાણી - સં. જયંત મેઘાણી; (2014); 'લોકકથા સંચય'; પુનર્મુદ્રણ 2019; ગુજરાત સાહિત્ય અકાદમી - ગાંધીનગર; પૃ. 346

રસધાર'નાં પાંચેય ભાગમાંથી પસાર થનાર અનુભવશે કે માત્ર શૌર્યની કથાઓ જ રાષ્ટ્રનિર્માણમાં ખપ લાગે તેવી આલેખાઈ છે -એવું નથી. આવો જ એક અલગ અભ્યાસ દિલાવરીની કથાઓ, શીલ અને સ્વાર્પણની કથાઓ કે પ્રેમકથાઓ સંદર્ભે થઈ શકે. વિશિષ્ટ વિષયોનાં આધારે અલગ તારવેલી તે વાર્તાઓ પણ અંતે તો ભાવકને પોતાના અનોખા પૂર્વજોનાં પરિચયમાં મૂકે છે અને તેનામાં વિશિષ્ટ ગુણનું સિંચન કરવા પ્રેરણારૂપ બને છે. અહીં 'સૌરાષ્ટ્રની રસધાર'ની શૌર્યકથા નિમિત્તે થયેલો આ અભ્યાસ અન્ય લોકવાર્તાઓનાં રાષ્ટ્રનિર્માણની દ્રષ્ટિએ અભ્યાસ માટેની દિશા ખોલી આપે છે. છેલ્લે ઝવેરચંદ મેઘાણીના જ 'પ્રાંતિક અભિમાનનો આદર્શ' શીર્ષકથી 'સૌરાષ્ટ્રની રસધાર'માં મૂકેલાં નિવેદનને રાષ્ટ્રનિર્માણમાં આ સંગ્રહની ભૂમિકા સંદર્ભે જોઈએ :

"સોરઠી ઈતિહાસનો પ્રત્યેક આશક આ એક એક ઘટનામાં કેવળ પોતાના પ્રતાપી ભૂતકાળને વાંચશે એટલું જ નહિ, પણ દેશદેશના વીરત્વ વચ્ચેના સમાનતાના સંદેશ ઉકેલી વિશ્વપ્રેમનો ઉત્સવ માણી શકશે. એ માણવાની દ્રષ્ટિ ખીલવવામાં જ આ યત્નની સાર્થકતા છે. અન્યને ઉતારી પાડનારું પ્રાન્તિક મિથ્યાભિમાન આપણને ખપતું નથી. ભૂતકાળની મગરૂબી એ જો પ્રતાપી ભવિષ્યનું બીજારોપણ ન હોય, તો એની કિંમત જ નથી. સૌરાષ્ટ્રના તરુણોની છાતી ફૂલો - એટલી પહોળી ફૂલો, કે એમાં વિશ્વભરના લોકજીવનનું માહાત્મ્ય સમાય; ... સૌરાષ્ટ્રનો નિવાસી હરકોઈ સંસ્કૃતિના ભક્તોની વચ્ચે જઈને હિંમતથી બોલી શકશે, કે ઈંગ્લન્ડ, ગ્રીસ અને રોમની તવારીખોની જોડમાં બેસી તેવી ઘટનાઓ મારી ભૂમિ પર બનેલી છે..."[7]

આમ, ઉપરોક્ત નિવેદનને આધારે વિશ્વપ્રેમનો ઉત્સવ માણવાની દૃષ્ટિની પ્રાપ્તિ અને પોતાની ભૂમિ માટેનાં આત્મગૌરવની જાગૃતિ જેવાં આ સંપાદન માટેનાં મૂળ ઉદેશ્યને ધ્યાનમાં લેતાં આપણે કહી શકીએ કે ઝવેરચંદ મેઘાણી સંપાદિત 'સૌરાષ્ટ્રની રસધાર' રાષ્ટ્રનિર્માણમાં વિશિષ્ટ યોગદાન આપનાર નોંધપાત્ર પુસ્તક છે.

[7] ઝવેરચંદ મેઘાણી - સં. જયંત મેઘાણી; (2014); 'સૌરાષ્ટ્રની રસધાર' (સંકલિત આવૃત્તિ); પુનર્મુદ્રણ 2020; ગુજરાત સાહિત્ય અકાદમી -ગાંધીનગર; પૃ. [19]

સંદર્ભ :

૧. ઝવેરચંદ મેઘાણી - સં. જયંત મેઘાણી; (1997); 'સૌરાષ્ટ્રની રસધાર' (સંકલિત આવૃત્તિ); પુનર્મુદ્રણ 2006; ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય -અમદાવાદ.

૨. ઝવેરચંદ મેઘાણી - સં. જયંત મેઘાણી; (2014); 'લોકકથા સંચય'; પુનર્મુદ્રણ 2019; ગુજરાત સાહિત્ય અકાદમી -ગાંધીનગર.

૩. ઝવેરચંદ મેઘાણી - સં. જયંત મેઘાણી; (2014); 'સૌરાષ્ટ્રની રસધાર' (સંકલિત આવૃત્તિ); પુનર્મુદ્રણ 2020; ગુજરાત સાહિત્ય અકાદમી -ગાંધીનગર.

Mental Health of Youth in Joint and Nuclear Families

Kalyani D. Pandya
Research scholar, Shamaldas Arts College, Psychology department, Bhavnagar

ABSTRACT

This study was conducted to investigate the difference in mental health among youth. The purpose of the present research was to examine the impact of joint and nuclear families on youth in today's times. A total of 120 samples of youth were taken from Bhavnagar city in Gujarat. Their samples were taken along with the data collected with the help of 'Mental Health Inventory'. This inventory was constructed by Dr. A.K.Shreevastav and Dr.Jagdish (1982). The original Hindi inventory was translated in Gujarati and standaraized by Bhavna Thummar (2009). The data was used to obtain the mental health measurement of the subjects. The result show that there is significant difference in boys and girls (F = 20.60). There is not significant difference between mental health among youth living in joint and nuclear families (F = 1.47). There is not significant difference between gender and family type on mental health (F = 1.20).

Key Words : Youth, Joint and Nuclear Families, Mental Health

1 INTRODUCTION

Our life is full of struggles and happiness. In which the effect of multiple factors and its result on the mental health of person is seen. We are living in an era where material tools will be very easily available but our life style, our health awareness will be very effective to achieve good health. One of the biggest challenges for today's youth is maintaining their mental health. Increasingly mobile and adopting the culture of others, we have lost our own existence, which is the reason why today's man feels alone even though he is with a social group, a family group. He can not easily express himself in front of others and he dose not understand what unity, love , union or connection is by being in harmony with himself. Values towards family members are seen decreasing in them. Man being a social animal cannot live alone, today due to the increasing trend of nuclear family, living his life automatically, he suffers from many mental problems.

1.1 What is mental health?

The world health organization (WHO) conceptualizes mental health as a " State of well-being in which the individual realizes his or her own abilities, Can cope with the normal stresses of life, can work productively and fruit-Fully, and is able to make a contribution to his or her community."

"Psychological well-being and mental health of students" Jagad,H.M.(2020). A total of 120 sample (type of family and gender) were taken in the study, the result shows that, In respect of type of family and gender, the difference between averages regarding mental health is not significant. Therefore hypothesis is accepted.

Lezin et al. (2004) defined parent child connectedness as the quality of the emotional bond between parent and child and the degree to which this bond is both mutual and sustained over time.

'Mental health of college students' Makvana,B.J. (2019). In this research the sample was stratified random method total 60 samples. The result show that (t = 9.47) the difference in overall mental health between boys and girls students was significant.

Although people is almost unaware of the increasing prevalence of mental health problems, even today various organization are seen working to creat awareness, although it is a personal responsibility of human being, we are not trained to make mental health prosperous. In the 21st century epidemics like corona have established a perspective on health and family relationships among people.

2 METHODOLOGY

(1) Objectives

The present study was, hence, undertaken with the following objectives.

1) Measuring mental health in boys and girls in context of gender.
2) Measuring mental health among youth living in joint and nuclear families in relation to family type.

(2) Variables

The implications of the present research are as follows.

(1) Independent variables

A) Gender A1 = Boy

A2 = Girl

B) Family type B1 = Joint

B2 = Nuclear

(2) Dependent variables

Achiveved mental health scores among youth living in joint and nuclear Families.

(3) Hypothesis

The following things of hypothesis have been formulated for the investigation, here researcher builds a null hypothesis.

1) There is no significant effect of gender between mental health in boys and girls.
2) In terms of family type, there is no significant effect between mental health among youth living in joint and nuclear families.
3) There was no significant effect between gender and family type on mental health among youth.

(4) Research Designs

Table No – 1

A table of sample distribution

Variable	Gender		Total
Family type	Boy	Girl	-
Joint	30	30	60
Nuclear	30	30	60
Total	60	60	120

(5) Sample

In the present research, a total sample of 120 boy and girl living in joint and nuclear families of Bhavnagar city was selected by simple random sampling. In which 60 boy and girl were taken.

(6) Tools

For collecting the data, the following tools were used.

(a) Personal in formation sheet developed by researcher was used to collect information about types of gender, types of family etc.

(b) Mental Health inventory

The inventory was developed by Dr.A.K.Shreevastav and Dr.Jagdish (1982). To measure the mental health here is the information about the inventory, The7 original Hindi inventory was translated in Gujarati and standardized by Bhavna Thummar (2009). This inventory divided in six important area s of mental health in this inventory 56 questions. Each question has four options. It is sequence in this always, often, sometimes, and never to get target group has to choose any one option after data collection. It is analysed and finds the solution.

Reliability

To decide reliability of this inventory by Dr. A.K.Shreevastav and Dr. Jagdish (1982). The reliability of mental health inventory by split - half method is r = 0.73 (N = 600).

The original Hindi inventory was translated was into gujarati by Bhavna Thummar (2009). They take 100 samples and decide the reliability of this inventory by split – half method. To know the reliability of dimensional mental health inventory is r = 0.74.

Validity

To decide validity of this inventory by Dr.A.K.Shreevastav and Dr.Jagdish (1982). The validity of mental health inventory by construct validity is r = 0.57 (N = 600).

The original Hindi Inventory was translated into Gujarati by Bhavna Thummar (2009). While translating this inventory help of language exports and interdisplinary subject was taken according to there content in the final mental health inventory prepared not only this but we applied this test on 100 samples. The validity of mental health inventory by construct validity is r = 0.68. We found correlation significant.

(7) Procedure

The mental health inventory has six areas (1) Positive self evaluation, (2) Perception of reality, (3) Integration of personality, (4) autonomy, (5) Group oriented attitude, (6) Environmental mastery. To ask him to if they agree with this mental health inventory is to measure the four options, 'Always', 'Often', 'Sometimes' and 'Never'. 56 questions and positive is to be scored 1,2,3, and 4. Negative is to be scored as 4,3,2, and 1. The maximum is arrived at 224 and minimum score of 56 in this inventory. It is interpreted that higher the area of value attained the quantum of mental health is less and the lower the area of value attained, the quantum of mental health is more.

3 RESULT

Table No – 2

Summary of analysis of variance for mental health in youth of joint and nuclear families.

Source of Variation	Sum of Square	df	Mean sum of square	'F' Ratio	Level of significant
A(Gender)	10.22	1	10.22	20.60	0.01
B (Family Type)	310.42	1	310.42	1.47	N.S.
A x B	175.18	1	175.18	1.20	N.S.
Wss	24422.18	116	210.54	-	-
Tss	24918	119	-	-	-

N.S.=Not Significant

Table No – 3

Table showing the mean difference in mental health level with respect to gender.

Gender	Sample	Average	Average Difference
Boy	60	176.55	
Girl	60	177.13	0.58

Table No – 4

Table showing the mean difference in mental health level with respect to family type.

Family Type	Sample	Average	Average Difference
Joint	60	178.45	
Nuclear	60	176.84	1.61

4 DISCUSSION

The present study was to examine mental health of youth. On examining independent, joint and internally joint effect of two independent variables, the result were obtained.

In reference to gender, the gender of youth may be anyone boy or girl it affects on mental health. Here 'F' ratio is (20.60). That said hypothesis is not accepted. The difference of mean between mental health of boy and girl is (0.58) both of these amount to mental health because some variables. Boys and girls feel their youth age on their mental health because girls become mature earlier than boys. Perhaps there is a difference between boys and girls mental health. Apart from this, the impact of the environment on an individual is seen differently on everyone, hence there are difference in the mental health of everyone. The social philosophy of life i.e. Social feeling, love is also very important matter (Garrett-1968).

There is not significant difference between family type there for the hypothesis is accepted ie. Type of gamily of youth and gender may be anyone, but there is difference between their mental health. There is mutal relationship between mind and body. The will power of individual is cultivated fast due to healthy body, meaning thereby that it seldom happens that any individual will be fully organized each time in each situation (Pancholi,H.D.- 2009).

There is not significant difference between gender and family type, there for the hypothesis accepted. The being morally adult, he/she can become an appropriate guide to themselves. Further it can be said that the type of family of student or gender is not a bar in mental status of students, because it can be that the student has capacity of proper special reactionary conduct in view of students own thought process and external elements working in his/her position (Mathur,S.S – 1985). Here is my result matching the above result.

Based on the above result, it can be said that race has an effect on mental health because there are individual differences when it also shows that the prevalence of the nuclear family is increasing today, and that there is no relationship between family type and mental health when parenting is an important contribution of parents and needs are met.

5 CONCLUSION

1) The mean difference between mental health of boys and girls with respect to gender is significant.
2) Mean difference between mental health among youth living in joint and nuclear families with respect to family type are not significant.
3) Mean differences between mental health among youth with respect race and family type are not significant.

6 REFERENCES

1. **Jagad,H.M. (2020).** *' psychological well-being and mental health of students',* The International journal of Indian psychology, ISSN – 2348-5396, Volume 8, p – 438-439.
2. **Kamdar,B.J. (2016).** *'An analytic study on mental health, stress tolerance and Psychological well-being of undergraduate and postgraduatstudents Using Facebook and Whatsapp'.* Unpublished research Thesis, M.K.Bhavnagar University, Bhavnagar. Page no – 191 & 380.
3. **Kamdar,N.H. (1997).** *' Personal Adjustment Psychology'*. R.Ambani & com., Rajkot.
4. **Makvana,B.J. (2020).** *' Mental health of college students'.* International journal of Indian psychology, ISSN- 2348-5396, volume-8 p – 37 & 38.
5. **Mathur,S.S. (2005).** 2nd Ed, *' Health psychology',* Vinod pustak mandir Agra, pp – 46-61.
6. **Parekh,S.C. and Dixit,H.K. (1995).** 1st Ed, *' A statistical testing in psychology Researches',* Champa publishing, Junagadh.
7. **Parmar,S. & Singh,K. (2018).** *' Youth and Emotional maturity',* Research Paper, National conference on Role of social sciences for well-Being on the globe, March-2018, Mahesana, Gujarat. Pp-83.
8. **Shah,A.S. (2012).** 2nd Ed,*' Health Psychology',* parshwa publication, Ahemdabad, Gujarat. P-54.
9. **Shreevastav,A.K. & Jagdish. (1982).** *'Mental Health Inventory',* Agra, Pp – 1 to 9.
10. **Vicki,S. & Sheldon,C. (1996).** *' Social support and adjustment to cancer: Reconciling Descriptive, coreqational & intervention Research',* Health psychology, vol-15, p-135 to 148.
11. **Vhora,A. (1999).** 1st Ed, *' Mansik Svasthy aur Manochikitsa',* Arya Publishing, Delhi. P-19.

38

ગ્રહણરાત્રી નવલકથામાં લોકપ્રિયતાના તત્વો

*અકરમ રહીમભાઈ ડેરૈયા, પીએચ.ડી શોધછાત્ર,
ગુજરાતી ભાષા સાહિત્ય ભવન, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી
[1]ડૉ.નીતિનભાઈ ભીંગરાડીયા, ગુજરાતી વિભાગ, લોકસેવા મહાવિદ્યાલય, લોકભારતી સણોસરા

ગુજરાત સાહિત્ય અકાદમીના પ્રથમ પ્રમુખ મોહમ્મદ વલીભાઈ માંકડ લોકપ્રિય નવાકથાકાર તરીકે જાણીતા છે. તેમની પાસેથી 'કાયર' (૧૯૬૫), 'બે ખરાબ જણ' (૧૯૬૮), 'ગ્રહણરાત્રી'(૧૯૭૧), 'બંધનગર' (૧૯૮૬), 'અશ્વદોડ' (૧૯૯૩) જેવી અનેક નવલકથાઓ પ્રાપ્ત થાય છે. નવલકથાઓ ઉપરાંત વાર્તા, નિબંધ, બાળવાર્તા, અને અંતુવાદ પણ તેમની પાસેથી પ્રાપ્ત થાય છે. તેમણે ગુજરાત સમાચારમાં 'કેલિડોસ્કોપ' નામની લોકપ્રિય કોલમ ઘણાં વર્ષો સુધી ચલાવી હતી. મોહમ્મદ માંકડ લોકપ્રિય નવલકથાના સર્જક તરીકે ગુજરાતી વાચકવર્ગમાં ખૂબ પ્રિય છે. ધારાવાહી નવલકથા રૂપે વર્તમાન પત્રોમાં પ્રગટ થતી એમની નવલકથાઓએ વાચકવર્ગમાં ખૂબ આકર્ષણ લગાડ્યું હતું એનું મુખ્ય કારણ એમની કથાઓ રહસ્યકથાઓ હોય છે. એક પછી એક રહસ્ય કૃતિમાં ઊભા કરી, વાચકનું કુતૂહલ જાળવી રાખવામાં તેઓ કુશળ છે. ૧૯૭૧માં પ્રગટ થયેલી 'ગ્રહણરાત્રી' પણ આ કારણે જ લોકપ્રિય નવલકથા બની રહે છે.

ગ્રહણરાત્રી નવલકથામાં લોકપ્રિયતાના તત્વોનો ઉપયોગ કરી કથાને લોકપ્રિય બનાવવાના પ્રયત્નો લેખકે કર્યા છે.

કથામાં ચોરી,ષડયંત્ર,રહસ્ય,ખૂન,આત્મહત્યા,પ્રણય,સંઘર્ષ,વિસ્તૃત વર્ણન આદિ લોકપ્રિય તત્વો જોવા મળે છે. જેને કારણે વાચકની ઉત્સુકતા જળવાઈ રહે છે. કેટલીક જગ્યાએ લેખકની ઉતાવળ કથાને કંટાળાજનક બનાવી મૂકે છે. પરંતુ નંદલાલના મૃત્યુની ઘટનાને રસમય બનાવી ભાવકના રસમાં વધારો કરી શકાય છે. એક પછી એક બનતી રહસ્યમય ઘટનાઓ લોકપ્રિય નવલકથાનું લક્ષણ બની રહે છે. આ નવલકથામાં પણ શીર્ષકથી લઈને અંત સુધી અનેક નાના મોટા રહસ્યમય પ્રસંગો જોવા મળે છે. કેટલીક જગ્યાએ લેખક તરત જ રહસ્ય ઉદ્ઘોષિત કરી દે છે. લોકપ્રિય કથામાં કોઈ રહસ્ય તરત જ છતું ન થઈ જાય તેની તકેદારી રાખવી પડે છે. જેથી વાચકની રુચિ જળવાઈ રહે. વાંચતી વખતે વાંચકને મનમાં અનેક પ્રશ્નો ઊભા થાય એવી ઘટનાઓનું નિરૂપણ કરવામાં આવે છે. વાચકની ઉત્કંઠાની પરાકાષ્ઠાનું ધ્યાન રાખવામાં આવે

છે. અહીં લેખક વાચકના મનમાં અનેક રહસ્યમય પ્રશ્નો ઊભા કરે છે અને તરત જ તેના જવાબો પણ આપી દે છે.

નવલકથામાં આવતા રહસ્યો

અહીં કથાનો અંત કહી કથાનો આરંભ કરવામાં આવે છે. જે ઘણી રસપ્રદ બાબત જણાય છે. કથાના આરંભમાં જ કિસન વિશે વાત કરી નંદલાલના મૃત્યુની વાત કરવામાં આવે છે. અને 'નંદલાલ મૃત્યુ પામ્યો.' આ વાક્ય પ્રશ્નો ઊભા કરે છે. કોઈથી ન મરનાર નંદલાલ બકડો કેવી રીતે મૃત્યુ પામ્યો ? શા માટે માનીતા દીકરા જેવા કિસને નંદલાલની હત્યા કરવી પડી ? આ રીતે રહસ્ય ઊભું કરી લેખક ભૂતકાળમાં જઈ કથાની શરૂઆત કરે છે. ત્યારબાદ જેઢસુર-મોહિનીની વાત અધવચ્ચમાં જ છોડી કિસન ચાલ્યો જાય છે.અને મનમાં વિચારે છે હવે મોડું શા માટે ? હમણાં જ કામ પતાવી દઉં.અહીં ફરી પ્રશ્નો ઉભો થાય છે. અચાનક કિસનને કયું કામ પતાવી દેવાની ઉતાવળ આવી છે ? ત્યાં ભાવક કલ્પી શકે છે અને એ કલ્પના સાચી પણ નિવડે છે.નંદલાલની હત્યા કરવાના વિચારો જ કિસનના મનને ઢંઢોળી રહ્યા હતા.અહીં જેઠસુર-મોહિનીની વાત પણ નિરર્થક બની રહેતી નથી.તેમાં પણ જેઠસુરની દુખતી નસનું કારણ રૂપા બને છે. કિસન કોણ છે ?તે નંદલાલને કેમ મારવા માંગે છે ? આ રહસ્યસ્ફોટ લેખક બીજા જ પ્રકરણમાં તરત જ કહી દે છે. જેને કારણે આગળ શું થશે તે જાણવાની વાંચકની તીવ્ર ઈચ્છા શમી જાય છે. જો લેખકે આ રહસ્ય અંત સુધી છુપાવી રાખ્યું હોત તો તે પણ કથાનું સૌથી મોટું અને રસપ્રદ રહસ્ય બની શકત. અન્ય નાના રહસ્યો પણ જોવા મળે છે.નંદલાલની મેડીની સામેનું ખંઢેર રહસ્યમય સ્થળ બતાવવામાં આવે છે. કિસન એ ખંડેરને જોયા કરે છે. અને એ ખંડેરને જોતા જ તેની આંખોમાં ભાવોના વમળ રચાય છે. આ ખંડેર સાથે કિસનનો શું સંબંધ હશે ? એવો રોચક પ્રશ્ન ઊભો થાય છે.પરંતુ શાંતિલાલના ભૂતકાળનું પૂરેપૂરું ઉલ્લેખન કરી લેખક તેનો ઉત્તર પણ તરત જ વાચકને સામે મૂકી આપે છે. ઉપરાંત નંદલાલનું તો વ્યક્તિત્વ જ રહસ્યમય રહ્યું છે. તે શું વિચારે છે ?શું કરવા માંગે છે ? શા માટે કરે છે ? તેનો ખ્યાલ વાચકને,તેના પરિવારના સભ્યોને કે ગામવાળાને પણ આવી શકતો નથી. બીજા પ્રકરણમાં જ નંદલાલ પોતાના પુત્ર મનસુખને કોઈ ખાનગી કામ માટે બોલાવે છે. આ કયું ખાનગી કામ હશે ? તેની ધારણા ઘરનું કોઈ સભ્ય કે ચોવીસ કલાક નંદલાલ સાથે રહેતો કિસન પણ લગાવી શકતો નથી. કથામાં આગળ વધતા અંતુનો કાગળ,તેનું ઘરે પરત આવવું,નંદલાલના વિચારોનું વમળ,બધાને સરખે ભાગે મિલકત આપવાનો નિર્ણય,રૂપા અને કિસનને પરણાવવાનો

નંદલાલનો વિચાર - આ દરેક ઘટનાઓ રહસ્યમય જોવા મળે છે. નંદલાલે એક પછી એક લીધેલા નિર્ણયોની સ્પષ્ટતા કરે છે. પરંતુ અચાનક નંદલાલ આવા નિર્ણયો કરી રહ્યો છે તે રહસ્ય તો નવલકથાના અંત સુધી અંકબંધ રહે છે.આ ઉપરાંત જીલુ ખાચર અને વાસ્કુરની લડતમાં જીલુ ખાચરનો દુશ્મન સુરંગ ધાંધલ નંદલાલને વાસ્કુરનો પક્ષ રાખી તેને ન્યાય અપાવવાની વાત નંદલાલ સમક્ષ રજૂ કરે છે. ત્યારે પણ નંદલાલ સ્પષ્ટ રીતે ના કહી દે છે. "આમાં મને માફ કરો હું કુટુંબના ઝઘડામાં પડવા નથી માંગતો."આ તો અંદરનો ઝઘડો છે. આમાં તો વકીલ જ સલાહ આપી શકે."(પ્રકરણ ૪) તેના આટલા વિવેક ભર્યા જવાબમાં પહેલાના નંદલાલનું વ્યક્તિત્વ તો ક્યાંય દેખાતું જ નથી. બધી માયા છોડી દેવી હોય અને સન્યાસી થઈ જવું હોય એ મુજબનું વર્તન નંદલાલનું જણાય છે. અને અંતે પોસ્ટમોર્ટમનો રિપોર્ટ તથા નંદલાલે લખેલો પત્ર તેના આ બદલાયેલા વર્તનના જવાબ આપે છે. નંદલાલને કેન્સરની બીમારીએ તેના સ્વભાવને અને તેના જીવનને બદલી નાખ્યું હતું. નંદલાલના પત્ર દ્વારા ભાવક અને તેના પરિવારના સભ્યો સામે બદલાયેલા રહસ્યમય વર્તનનો તેના મોતના અસલ કારણનો પડદો ઊઠી જાય છે. આમ અહીં શું ખરેખર નંદલાલ ગોળી વાગ્યા પહેલા જ મૃત્યુ પામ્યો હતો ? તેને કેવી રીતે મારવામાં આવ્યો હતો? જો કિસનની ગોળીથી એનું મૃત્યુ થયું ન હોય તો તેને કોણે માર્યો હતો ? આ રહસ્ય કથાનું મુખ્ય અને રોચક રહસ્ય બની રહે છે. નંદલાલની આત્મહત્યા,તેનો પોસ્ટમોટમ રિપોર્ટ,તેનો લખેલો અંતિમ પત્ર વગેરેનો ઉપયોગ કરી લેખક ભાવકને વિસ્મયને સંતુષ્ટ કરી શક્યા છે.

નંદલાલનો દીકરો અનંતરાય પણ નંદલાલ જેવો ભેદી જ છે. ગામ લોકોની કે નંદલાલના ઘરના વ્યક્તિઓની વાતોથી જાણ થાય છે કે અનંતરાય ઘર અને સ્થાનકપુર છોડીને ગયો ત્યારે તેના પિતા સાથે ઝઘડો કરીને તેની સામે છરી ઉગામી હતી. અને અંતુએ કયા કારણોસર નંદલાલને મારવા છરી ઉગામી હતી ? પરંતુ વર્ષો પછી કઈ વાતનો ફેંસલો કરવા ઘરે પાછો આવે છે ? નંદલાલ રાજગઢ જઈ શું જાણી આવે છે અંતુનું રાજગઢમાં એવું કયું રહસ્ય છુપાયેલું હતું. કયું પરાક્રમ હતું કે જેના કારણે નંદલાલનું નાક કપાયું હોય એમ અનુભવે છે. અને અંતુ જમેયો લઈને પિતા પાસે ફેંસલો કરવા અચાનક શું જોઈને પાછો ફરી જાય છે? અંતુના જીવનના આ દરેક પ્રશ્નોના ઉત્તર લેખક તેના ભૂતકાળનું વર્ણન કરી મેળવી આપે છે. અસંસ્કારી,ગુંડા જેવો અંતુ જ્યારે સ્થાનકપુર ગામ છોડી જાય છે ત્યારે અનેક ખરાબ કામ,ખરાબ સોબતો પછી માધુરી નામની છોકરી સાથે એને પ્રેમ થઈ જાય છે. માધુરી ટી.બી.થી પીડાતા અંતુની સેવા કરી આ રોગથી મુક્તિ અપાવે છે. પરંતુ પોતે આ રોગને આમંત્રણ આપી બેસે છે. જો કે તેને ટી.બી. જ છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ જોવા મળતો નથી. રાજગઢની લોજમાં મરણ

પથારીએ પડેલ પોતાની પત્ની માધુરી માટે અંતુ પિતા પાસે પૈસા માંગે છે.પરંતુ પિતા તેની કોઈ વાત પર વિશ્વાસ કરતા નથી અને માધુરી અંતુની પત્ની નથી. તેમજ અંતુને માધુરી સાથે મોજ -શોખ કરવા પૈસા જોઈએ છે તેમ માની બેસે છે. તેથી અંતુનો ગુસ્સો તેનો જૂનો તામસી સ્વભાવ ફરી ડોકિયું કરવા તત્પર રહે છે.

નવલકથાના શીર્ષકમાં જ કથાની મુખ્ય ઘટના તેમ જ મુખ્ય રહસ્ય જોવા મળે છે ગ્રહણરાત્રી એટલે નંદલાલના મૃત્યુ વખતની અંધારી રાત્રી. આ એક રાત્રીની ઘટના જ ખૂબ રોચક રહી છે. આ વરસાદી રાત્રે રૂપાએ એવું તે શું જોયું કે તેનાથી ચીસ પડાઈ ગઈ? આ રાત્રે મૂંઝાયેલ અંતુ કોનો પડછાયો જોઈ પાછો ફરી ગયો ? અંધારી રાત્રે જગદીશ કોને જોઈને ડઘાઈ ગયો ? અને અંતુ,જગદીશ,કિસન,મનસુખ અને રૂપા આ પાંચે કોઈને કોઈના પડછાયા જોઈ ગભરાઈ જાય છે. નંદલાલના મૃત્યુની આ ઝેરી અંધારી રાતમાં જગદીશ,કિસન,મનસુખ અને અંતુ ત્યારે કોઈને કોઈ સ્વાર્થ અર્થે નંદલાલ ને મળવા ઉપડ્યા છે જેમાં ગોળીનો અવાજ દરેકના હૃદયના ધબકારા વધારી દે છે. આ રાત્રીની ઘટનાનું વર્ણન ખૂબ રોચક અને રહસ્યમય નિવડે છે. અંતે ભાવકને દરેક પરિસ્થિતિના ગૂંચવાડા લેખક ઉકેલી આપે છે. પરંતુ કિસન નંદલાલને ત્યાં નોકરી શું કામ કરતો હતો? અને નંદલાલે જીલુ ખાચર સાથેના બધા કેસ કેમ માંડી વાળ્યા ? આ બે રહસ્યો ગામ લોકો માટે તો રહસ્ય છે જ તે આ હકીકત જાણી શકતા નથી.

ગ્રહણરાત્રીમાં ખૂન, આત્મહત્યા, મારામારી, ચોરી, ષડયંત્રો, છળકપટ, સંઘર્ષ

ગ્રહણરાત્રી નવલકથામાં સ્થાનકપુર ગામનો નિર્દેશ થયેલો છે અને સ્થાનકપુર ગામમાં મારામારીની ઘટનાઓની તો કોઈ નવાઈ જ નથી. દિવસ દરમિયાન એવો નાનો મોટો પ્રસંગ સાંભળવા ન મળે તો લોકો આશ્ચર્યચકિત થઈ જાય. અલબત્ત આવા પ્રસંગો માત્ર વર્ણનમાં જ આવે છે. અને ભૂતકાળમાં ઘટી ગયેલી ઘટનાઓ કહેવાય છે. નવલકથાની શરૂઆતમાં જ એ દેહા,લધરો,તળસી શેઠ વગેરે વ્યક્તિઓના કિસ્સા સાંભળવા મળે છે. અને લેખક એ રીતે જ સ્થાનકપુર ગામનો પરિચય કરાવે છે. આવું ગામ હતું. જ્યાં ખૂન-ખરાબા,મારામારી,ચોરી,લૂંટફાટ ચાલ્યા જ કરતી. 'સ્થાનકપુરમાં તો જાગે એ જીવે ઊંઘે એ મરે.'(પ્રકરણ 1) આ પ્રકારની કહેવત પડી ગઈ હતી. કોઈ જમીન બાબતે, કોઈ ચોરી બાબતે, કોઈ ધંધા બાબતે એકબીજા સામે મારામારીએ આવી જાય અને ખૂન પણ કરી નાખે એવી ઘટનાઓનો ઉલ્લેખ જોવા મળે છે.

નંદલાલનું પણ ખૂન થયું છે તેના ખૂન પાછળના અનેક કારણો અને પાત્રોને લેખક ઊભા કરે છે.પરંતુ અસલમાં તો આપઘાતની ઘટના બની રહે છે. નંદલાલ કેન્સરની બીમારી

સામે ઘૂંટણ ટેકવતો નથી અને જાતે જ ઝેર પી આત્મહત્યાનો રસ્તો અપનાવે છે. આ ઉપરાંત નંદલાલને પોતે જ ગોળી મારી છે, રૂપાના દાદાને મારી હવે મારે રૂપા સાથે જીવન કેવી રીતે વિતાવવું આવા વિચારો કરતો કિસન રૂપા સાથે દગો કરવાની ભાવના અને ખૂન કર્યાની સજા ભોગવવા ગોમા નદીમાં ઝંપલાવી આત્મહત્યા કરવા જાય છે. પરંતુ પાણીમાં તેને પોતાનો બીજો પડછાયો દેખાય છે. જે તેને કહે છે કે તારી પાછળ રૂપા પણ આત્મહત્યા કરશે. આમ, કિસનને રૂપાનો વિચાર આવતા તે આત્મહત્યાનો નિર્ણય છોડી પોલીસ સ્ટેશનને ગુનો કબુલ કરવા પહોંચે છે.

નવલકથામાં ઘણા કાવતરા-ષડયંત્રો પણ જોવા મળે છે. પ્રકરણ નવમાં કિસન જીલુ ખાચરના હથિયાર ચોરવાનું ષડયંત્ર રચે છે. જેમાં તેની સુંદર યોજના સફળ પણ રહે છે. ષડયંત્રો રચવામાં મનસુખની પત્ની પ્રભા આગળ રહે છે. અંતુ પાછો ફરે તો મિલકતમાં આધાપાછી થઈ જાય તેથી સસરાની સેવા કરવામાં કોઈક કસર રાખતી નથી. કારણ કે અંતુ ઘર છોડીને જતો રહ્યો છે, જગદીશને નંદલાલે રાજકોટ મોકલી દીધો છે. તેને કોઈ પુત્ર પણ નથી. પ્રભા એમ માને છે કે પોતાનો પુત્ર ગૌતમ એકલો જ આ બધી જ મિલકતનો હકદાર છે. અચાનક અનંતરાયને પાછો ફરતો જોઈ તેના વિરુદ્ધ જગદીશના કાન ભરે છે. જેથી પિતા સામે મિલકત બાબતે જગદીશ દલીલ કરી શકે. અને જગદીશ પિતાનું અપમાન કરે પિતાની આજ્ઞાનું પાલન ન કરે એટલે નંદલાલ તેને પણ મિલકતમાંથી બાકાત કરે. તે અનસુયાને પણ ચડાવે છે જેથી એઅસંસ્કારી વહુ સાબિત થાય. અલબત્ત પ્રભાના આ ષડયંત્રો વિફળ રહે છે. જીલુ ખાચર પણ તેના આઈબાની મિલકત ન ગુમાવી બેસે માટે આઈબાના ખોવાયેલા પુત્ર વાસ્કુરને નકલી આઈબા સાથે મુલાકાત કરાવી વાસ્કુર તેનો પુત્ર નથી એમ સાબિત કરાવી તેને ભગાડી મૂકે છે. તેની સાથે છળકપટ કરે છે. તેની આ યોજનામાં તે સફળ પણ થાય છે. કિસન દ્વારા રચાયેલ નંદલાલને મારવા માટેનું ષડયંત્ર તો નવલકથાનું મુખ્ય ષડયંત્ર બની રહે છે.

અહીં ચોરી જેવા સાહસભર્યા કાર્યો પણ જોવા મળે છે શરૂઆતમાં સ્થાનકપુર ગામના પરિચયમાં હરીચંદ શેઠને ત્યાંની ચોરીનો પ્રસંગથી માંડીને કથામાં જીલુ ખાચરને ત્યાં કિસને કરેલી હથિયારોની ચોરીનો ઉલ્લેખ જોવા મળે છે. જીલુ ખાતરને ત્યાં કિસન દ્વારા હથિયારોની ચોરીની ઘટના રસપ્રદ બની રહે છે. કિસન સાડી પહેરી જીલુ ખાચરની કામવાળી જંબુ જેવો વેશ ધારણ કરીને ચોરી કરે છે. જીલુ ખાચરનો માણસ ઓઘો તેને જોઈ પણ જાય છે. પરંતુ કિસનને ખરેખર જંબુ સમજી ગફલત ખાઈ જાય છે. અને 'આ જંબુડીને સાલીને નિરાંતે જ નથી.' તેમ કહી

વાત પડતી મૂકે છે. છેવટે કિસન ચોરી કરવામાં સફળ રહે છે. આમ આ ઘટનાનું આલેખન રસપ્રદ જણાય છે.

નવલકથામાં સંઘર્ષનું તત્વ પણ જોવા મળે છે. બાહ્ય સંઘર્ષની સાથે આંતરિક સંઘર્ષ પણ એટલી જ તીવ્રતાથી નવલકથામાં રજૂ થયો છે. કિસન રૂપાને સાચા હૃદયથી ચાહે છે. પણ અન્યાયનો બદલો લેવા માટે થોડી ક્ષણ પૂરતો પ્રેમથી દૂર રહેવા મથે છે. પ્રેમ અને વેર વચ્ચે તેનું મન સંઘર્ષ કરે છે. છેવટે એક નબળી ક્ષણ આવી જાય છે અને તે નંદલાલને ગોળી મારવાનું સાહસ કરી બેસે છે. નંદલાલના મનનો સંઘર્ષ પણ અંતે તેને લખેલ પત્રમાં જોવા મળે છે. તે ઘરના દરેક સદસ્ય માટે વિચારે છે. અને સરખે ભાગે મિલકત આપે છે. અન્યાયનો ભોગ બનેલા કિસનને પણ તે ન્યાય કરે છે. પરંતુ ઘરનું કોઈ સદસ્ય તેમને સમજી શકતું નથી. આ ઉપરાંત નંદલાલ તથા જીલુ ખાચર વચ્ચેનો ઝઘડો,વાસ્કુર અને જીલુ ખાચરની તકરાર,નંદલાલ અને અંતુ વચ્ચે થતી ઉગ્ર બોલાચાલી, જગદીશની નંદલાલ સાથેની દલીલબાજી વગેરે જેવા પ્રસંગોમાં બાહ્ય સંઘર્ષ જોવા મળે છે.

ગ્રહણરાત્રિમાં પ્રણય

અહીં થોડું ઘણું પ્રણયનું પણ તત્વ વણી લેવામાં આવ્યું છે કિસન અને રૂપા વચ્ચે પ્રેમ હોય છે.પણ એ પ્રેમ નવલકથામાં એટલો બધો ઉપસી આવતો નથી. છતાં કિસનની માનસિક પરિસ્થિતિમાં તેના ઇરાદાના બદલાવમાં ક્યાંક ને ક્યાંક રૂપા સાથેનો તેનો પ્રેમ કારણભૂત બને છે. નંદલાલને મારવાના વિચારો રૂપાના પ્રેમને કારણે જ આવે છે. નંદલાલને ગોળી માર્યા પછી આપઘાત કરવાનો નિર્ણય રૂપાના કારણે જ કિસન ટાળે છે. પોતાની ગોળીથી નંદલાલ નું મૃત્યુ નથી થયું તે જાણ્યા પછી પણ રૂપાના દાદા હોવાને કારણે કિસનને એ ગુનો ડંખ્યા કરે છે. છેવટે પશ્ચાતાપ રૂપે તે પોતાનો જમણો હાથ ગુમાવી જાતે જ સજા ભોગવે છે. આ ઉપરાંત અંતુ અને માધુરીના પ્રેમનું આલેખન પણ જોવા મળે છે. અંતુના ચરિત્રચિત્રણમાં મહત્વનો ભાગ ભજવે છે. ગામ છોડી ગયેલા વ્યસની અને ગુંડા અંતુ સાથે માધુરી પૂરેપૂરી વફાદારી નિભાવે છે. માધુરી જેવી કેટલીય છોકરીઓ સાથે અંતુએ મોજશોખ કર્યા છે. દારૂ,સિગરેટ પીને કેટલાય આડાઅવળા કામ કરતા અંતુને માધુરીનો પ્રેમ સારા રસ્તે ચડાવે છે. માધુરીનો પ્રેમ તેનું જીવન બદલી નાખે છે. ટી.બી. જેવા ભયંકર રોગ સામે અંતુ કરતાં વધારે માધુરી લડે છે.રાતદિવસ તેની સેવા કરી તેને સ્વચ્છ કરે છે. આખરે અંતુ લગ્ન કરી માધુરીને પોતાની પત્ની બનાવે છે. પરંતુ માધુરી જ્યારે મરણ પથારીએ પડે છે ત્યારે તેના ઈલાજ માટે પોતાનું સ્વાભિમાન,અહંકારને ત્યાગી અંતુ

પણ તેના પિતા નંદલાલ પાસે પૈસા માંગવા આવે છે. નંદલાલની મનાઈ સાંભળી તે માધુરીની ચિંતાને કારણે એની સામે લડવા પણ તૈયાર થઈ જાય છે આમ,માધુરી અને અંતુનો પ્રેમ પણ કથામાં ઉલ્લેખનીય બને છે.

ગ્રહણરાત્રીમાં વર્ણન

મોટાભાગની લોકપ્રિય નવલકથાઓમાં વિસ્તૃત વર્ણન જોવા મળે છે. કોઈપણ સ્થળ,પાત્ર, વાતાવરણનું વર્ણન એવી રીતે વિસ્તારથી દર્શાવાય છે કે વાચક તેને કલ્પી અને અનુભવી શકે છે. પરંતુ અહીં લેખક ફક્ત સ્થાનકપુરના વર્ણનો વિસ્તારથી રીતે રજૂ કરે છે. કથા થોડીક રસિક બની હોય અને વારંવાર સ્થાનકપુરના લાંબા વર્ણનોને કારણે કથાની ગતિ અવરોધાય છે. અને કથા કંટાળાજનક લાગવા માંડે છે. તેઓ વારંવાર આ ગામ વિશે તથા તેના રહીશો વિશે અને ભૂતકાળમાં બનેલી ઘટનાઓ વિશે એકની એક વાત શબ્દો બદલી કહ્યા કરે છે. ગામના બદલાયેલા રૂપનું વર્ણન જોઈએ-"ગામની આથમણી દિશામાં કોલાહલ ન હતો." (પ્રકરણ 1) અહીં રૂપાનું સપનું ,કિસનથી થયેલો બંદૂકનો અવાજ તેને લેખક હકીકત સાથે જોડીને નંદલાલના મૃત્યુની એ અંધારી રાતનું વર્ણન બંદૂકનો થયેલો અવાજ,વીજળીના ઝબકારા,પગલાંઓની આહટ,માણસના પડછાયા,ચૂપચાપ થતી દોડાદોડી,નંદલાલના ઓરડાનું દ્રશ્ય અને રૂપાની ચીસ આ દરેક બાબત લેખકે વિસ્તૃત અને રોચક રીતે વર્ણવી શક્યા છે.

ગ્રહણ રાત્રી નવલકથામાં ભાષાશૈલી

'ગ્રહણરાત્રી' નવલકથાને લોકપ્રિય બનાવવામાં એની સરળ, સ્પષ્ટ અને પ્રવાહી ભાષાનું યોગદાન મહત્વનું છે. મોહમદ માકંડે પ્રજાની નાડ બરાબર પકડી છે અને એ પ્રમાણે નવલકથામાં ભાષા પ્રયોજી છે. લેખક કાઠિયાવાડના છે ને નવલકથામાં પણ કાઠિયાવાડી બોલી સહજતાથી વાપરી છે. એમાં પણ ટૂંકા, સરળ અને સ્પષ્ટ વાક્યો દ્વારા તેમણે વાચકોને જકડી રાખ્યા છે. નવલકથામાં ગુજરાતી ભાષા ઉપરાંત અંગ્રેજી શબ્દો ઠેર ઠેર જોવા મળે છે : કોર્ટ, હાઇકોર્ટ, સુપ્રીમ કોર્ટ, ડાયરેક્ટ રિક્રૂટ, ઇન્સપેક્ટર, ચાર્જ, સ્ટેટમેન્ટ, સાયન્સ, રિવૉલ્વર, પેન્ટ, શર્ટ, હેટ, પોઝિશન, લાઇસન્સ, રિપોર્ટ, પૉલિશ, પોસ્ટમોર્ટમ, એલર્ટ, વાઇન વગેરે. તો હિન્દી, મરાઠી, બંગાળી અને ઉર્દૂ-ફારસી શબ્દો પણ ઘણે ઠેકાણે દેખા દે છે : ભાગ જાના, લે ગયા, કામ કરવાયા (હિન્દી), કાય ઝાલા, કુઠે ગેલા (મરાઠી), જખન રાબો ના... આમી દિન હોલે અબશાન...(બંગાળી), ખોજો, તમન્ના, ખૂન, ઉલઝન (ઉર્દૂ-ફારસી) વગેરે. રૂઢિપ્રયોગો (આભા બની જવું, ભીનુ સંકેલાઇ જવું), અલંકાર [રાજકોટની સડક અજગર જેમ ચાલી જાય છે, સમય પાણીની જેમ વહેતો હતો,

સ્થાનકપુરની ધરતી જાણે હાલકડોલક થઈ ગઈ, નંદલાલના પડછાયાએ આખા ઘરને જાણે ગ્રસી લીધું હતું અને કહેવત [રૂપિયો બોદો એમાં ગાંધીનો શું વાંક ?, સાઠી બુદ્ધિ નાઠી] તો આપણને નવલકથામાં ડગલે ને પગલે જોવા મળે છે. ટૂંકમાં કહીએ તો નવલકથાને લોકપ્રિય બનાવવા માટે લેખકે કોઈ કસર છોડી નથી. ને એટલે જ એમની ભાષા સરળ, સહજ અને પ્રવાહી રાખી છે.

39

આધુનિક સમયમાં ગ્રંથાલયના પ્રવાહો

પડ્યા દીપ્તી.ડી.
મહારાણી શ્રી નંદકુવરબા મહિલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ નીલમબાગ, ભાવનગર

સારાંશ:

સમાજના સર્વાંગી વિકાસમાં દરેક ક્ષેત્રનો વિકાસ થવો જરૂરી છે. તેમાંથી ગ્રંથાલય એ એક એવી સામાજિક સંસ્થા છે કે જે દરેક ક્ષેત્રના વિષયોનો જ્ઞાન ભંડાર છે તેમાં ઐતિહાસિક, સાંસ્કૃતિક, વૈજ્ઞાનિક, આર્થિક, રાજનૈતિક, લોકતાંત્રિક, કાયદાકીય, વહીવટી, ધાર્મિક, આધ્યાત્મિક, ઉદ્યોગિક, રોજગારીલક્ષી, વગેરે પ્રકારનું જ્ઞાન હોય છે. આજે ગ્રંથાલયમાં કોમ્પ્યુટર, પ્રિન્ટર, ફેક્સ, સ્કેનર મશીન, બારકોડ રીડર મશીન, ઝેરોક્ષ મશીન, સીસીટીવી વગેરે તેના આધુનિક સમયના ઉપકરણો વસાવવામાં આવી રહ્યા છે. તેથી ઈ લાયબ્રેરી આધારિત ઓનલાઈન માહિતી ઉપયોગકર્તા ને ઉપલબ્ધ થઈ રહી છે.

આમ સમાજના સર્વાંગી વિકાસમાં આધુનિક ઉપકરણોની ગ્રંથાલયમાં મહત્વની ભૂમિકા છે.

પ્રસ્તાવના:

ગ્રંથાલય પરંપરાગત સેવાઓ પૂરી પાડીને સંતોષ માનતા હતા. ગ્રંથાલય પુસ્તકોને લોકો એન્ડ કી માં રાખી સમૂહ ગ્રંથ ભંડાર થી સંતોષ માનતા હતા. તે દિવસો જૂના થઈ ગયા છે. અત્યારે વાચકનો સંતોષ પ્રાપ્ત કરી તેની જરૂરિયાત ઓછામાં ઓછા સમયમાં પૂરી પાડવી અને જરૂરી ફોર્મમાં આપવી અને તેના માટે આધુનિક સમયમાં ગ્રંથાલયના આધુનિક ઉપકરણોનો એકમાત્ર ઉપાય રહેલો છે.

દુનિયામાં દરેક વસ્તુમાં ચેન્જીસ આવતા રહ્યા છે અને એડવાયરમેન્ટમાં બદલાવ આવી રહ્યો છે. તેને અનુરૂપ ગ્રંથાલય જગત પણ બાકાત રહી શક્યું નથી જેમ કે મોબાઈલની ક્રાંતિ, પુસ્તકોનું સ્થાપન, ઇલેક્ટ્રોનિક ફોર્મ લઈ રહ્યું છે. ગ્રંથાલયની માહિતીને ડીજીટાઈસ જરૂરિયાત રહેલી છે. વેલ બેઈજડ ક્વોલિટી, ઇન્ફર્મેશન સર્વિસ, ઈ લર્નિંગ સર્વિસીસ પૂરી પાડવી જરૂરી છે.

પહેલાના યુગમાં માહિતી ટેકનોલોજી નો વિકાસ થયો ન હતો તે સમયે માહિતી માત્ર એકબીજા સાથે વાતચીત કરવાથી મળતી હતી. આ ઉપરાંત ગુરુઓ માહિતી આપવાનો મહત્વનો સ્ત્રોત ગણાતા હતા. જેમાં મુખ્યત્વે વ્યાખ્યાન પદ્ધતિ દ્વારા માહિતી આપવામાં આવતી હતી. માહિતી ધૂળિયા જમીન પર અક્ષરો ઉપસાવવામાં આવતા હતા. ધીમે ધીમે માહિતી તાડપત્ર, રેશમી કાપડ, લાકડું, તામ્રપત્રમાં આપવામાં આવતી હતી. સંદેશાના સ્ત્રોતો તરીકે કબૂતરનો પણ ઉપયોગ થતો હતો. આ ઉપરાંત માહિતી તરીકે કઠપૂતળીનો ખેલ, લોકગીત, લોકનૃત્ય, ભવાઇ, ડાયરો, આખ્યાન, વાતો વગેરે દ્વારા માહિતી નો સંચાર થતો હતો.

વ્યાખ્યા:

ગ્રંથાલયો એ લોકો દ્વારા અને લોકો માટે સ્થપાયેલ હોય અને જેનો હેતુ સમાજના તમામ લોકોને કોઈપણ પ્રકારના ભેદભાવ વગર જ્ઞાન તેમજ સરળ અને યોગ્ય શિક્ષણની તર્ક પુરું પાડવાનો છે.

અર્થ:

આધુનિક ગ્રંથાલય (ઈ લાઇબ્રેરી) એટલે ગ્રંથાલયમાં આધુનિક ટેકનોલોજીના સાધનોનો ઉપયોગ કરવો તેવો સામાન્ય અર્થ કરી શકાય. બીજા શબ્દોમાં કહીએ તો ઇલેક્ટ્રોનિક સાધનો કે

જે માહિતીના આદાન-પ્રદાન માટે ઉપયોગમાં લેવામાં આવતાં હોય. એટલે ઈ-બુક, ઈ- જર્નલ, ઈ-ન્યુઝ, ઈ- રિસોર્સ વગેરેનો સમાવેશ થાય છે.

પ્રાચીન યુગનાં પ્રવાહો :

- **તામ્રપત્ર:** માહિતી ટેકનોલોજી નો વિકાસ થયો ન હતો ત્યારે માહિતી તામ્રપત્રમાં લખવામાં આવતી હતી ઇંડોરના પંચમુખી હનુમાન મંદિરમાં તામ્રપત્ર પર રામાયણ અને ભગવદગીતાનાં દુહા, ચોપાઈ દર્શાવવામાં આવેલું છે. આ ઉપરાંત દેવનગરી લિપિમાં લખેલું તામ્રપત્ર ઇ.સ. ૧૬૫૦ નું જે રાજપાલ અને મુખ્યમંત્રીએ સોમવંશી, ગંગવંશી (ઓડીસા) અને કંકાતીયના રાજા ની વંશાવલી ઉત્કીર્ણે કરી છે જેમાં ઓડિસા, આંધ્રપ્રદેશ અને છત્તીસગઢ ઇતિહાસ ની માહિતી મળે છે જે ખેરાગઢ ના કુલપતિ શ્રી માંડવીસીને આપ્યું. આ ઉપરાંત છત્તીસગઢના રાયપુર જિલ્લાના રાજનાદગામના મહારાજ ઉમેહુએ ત્યાંના મુખ્યમંત્રી ડૉ.રમણસિંહને બે તામ્રપત્ર આપ્યાં. જે તેમને તેમના ખેતરમાંથી મળી આવ્યાં, આ તામ્રપત્ર ૭૦૦ વર્ષ જુના તામ્રપત્ર છે અને આ સંસ્કૃત અને નાગરીય લિપિના લખેલા હતા.
- **પથ્થર અને શિલાલેખો:** પહેલાના યુગના પથ્થરો પર શિલાલેખ પર માહિતી આપવામાં આવતી અને તેનો સંદેશો લોકો સુધી મોકલવામાં આવતો. જેમ કે અશોકનો શિલાલેખ, કાંચીના તુલસીમાનસ મંદિરમાં આરસ પર રામાયણનાં છંદો દ્રશ્યો સાથે કોતરણી કરવામાં આવેલા છે.
- **ભિતિ ચિત્રો:** ભિતિ ચિત્રો આલેખવા માટે સૌ પ્રથમ ભીંત ને તૈયાર કરવી પડે છે. આ ક્રિયાને 'ભૂમિ બાંધવી' કે 'ભૂમિકર્મ' કહે છે. સૌપ્રથમ દિવાલને સપાટ બનાવી છીણી વડે ખોતરી ખડબચડી કરવામાં આવે છે. ત્યારબાદ તેના પર છાણ, પથ્થર નો ભૂકો તેમજ

કોઈક વાર લાકડાનો વહેર મેળવી લેપ લગાડવામાં આવે છે અને ત્યારબાદ ચૂનાનું પડ તૈયાર કરી તેમાં ગેરુ રંગથી રેખાંકન કરવામાં આવે છે. અને આ રીતે માહિતી આપવામાં આવતી હતી.

- **મુદ્રિત માધ્યમ:** લેખનની શોધ થઈ અને મુદ્રિત કળા અસ્તિત્વમાં આવી જેથી માહિતીનો ફેલાવો વધુ થયો અને પુસ્તકો, વર્તમાન પત્રો, સામાયિકો વગેરે અલગ અલગ-અલગ પ્રકારે રજૂ થયા. આ ઉપરાંત તપાસ દ્વારા માહિતીની આપ-લે થવા લાગી.
- **ફોટોગ્રાફ:** મુદ્રિત માહિતી પછી ફોટોગ્રાફનો ઉપયોગ જોવા મળે છે. જેના કારણે માહિતી વધુ રસપ્રદ જીવંત, વાસ્તવિક અને હુબહુ દ્રશ્યો જોવા મળે છે. અને માહિતી વધુ અસરકારક રીતે મેળવી શકાય છે. દા.ત. તાજમહેલ કેવો છે તે જણાવવું હોય તો તેનો ફોટોગ્રાફ જોવામાં આવે તો તેની માહિતી વધુ સારી રીતે મળી શકે છે.
- **રેડિયો:** રેડિયો ૧૯૨૧ માં ઇટાલીના વૈજ્ઞાનિક માર્કોની શોધ છે. ૨૩ જુલાઈ ૧૯૨૭ના દિવસે મુંબઈમાં પહેલું રેડિયો સ્ટેશન શરૂ થયું હતું.૧૯૩૦ માં તેનું નામ ઇન્ડિયન બોર્ડકાસ્ટિંગ સર્વિસ અને ૧૯૩૬ માં તેનું નવું નામ ઓલ ઇન્ડિયા રેડિયો પાડવામાં આવ્યું. આકાશવાણી નું કેન્દ્ર સૌ પ્રથમ ઇંગ્લેન્ડમાં શાપિત થયું. રેડિયોએ ગ્રામીણ સમાજ માટે કૃષિ ,શિક્ષણ ,વાર્તા, મુલાકાત ,ચર્ચા, નાટક વગેરે દ્વારા માહિતી આપે છે.
- **ધ્વનિ મુદ્રણ:** ટેકનોલોજી ના વિકાસ સાથે અવાજની ધ્વનિ મુદ્રણ કરવાની ટેકનોલોજી નો વિકાસ થયો જેના કારણે નિષ્ણાંતો, કવિઓ, સંગીતકારો, નેતાઓનાં વિચારો વગેરે દ્વારા લોકો સુધી માહિતી મળવા લાગી. ધ્વનિમુદ્રણ ને કારણે ભજનો, ગીતો, કાવ્યો વગેરે અસ્તિત્વમાં આવ્યા અને ટેપરેકોર્ડર, વી.સી.આર જેવા સાધનો અસ્તિત્વમાં આવ્યાં.

- **ટેલિફોન:** ટેલીફોન ની શોધ ગ્રેહાલ લે લે કરી.૧૮૭૭ માં લે લે કંપની દ્વારા તેની રચના થઈ હતી. જેના દ્વારા માહિતીની આપ-લે કરી શકાતી હતી. જેમાં એક બીજા વ્યક્તિ વાતચીત દ્વારા માહિતી મેળવી શકતા હતા.
- **ફિલ્મ:** ધ્વનિ પ્રસારણની ની ટેકનોલોજીની પછી દ્રશ્ય મુદ્રણ ટેકનોલોજીનો વિકાસ થયો. સૌપ્રથમ મુકફિલ્મ 'આલમ આરા' અસ્તિત્વમાં આવી. દ્રશ્ય શ્રાવ્ય ચિત્રપટ્ટો અસ્તિત્વમાં આવ્યાં. પ્રથમ બ્લેક- વ્હાઇટ અને ટેકનોલોજીનો વિકાસ થતાં રંગીન ફિલ્મ અસ્તિત્વમાં આવી. માહિતી તરીકે ચિત્રપટોનો ઉપયોગ થવા લાગ્યો.
- **ટેલિવિઝન:** ટેલિવિઝન ૧૯૨૬ માં ઇંગ્લેન્ડના વૈજ્ઞાનિક જોન.એલ.લેયર્ડ કર્યો હતો. ભારતમાં તેની શરૂઆત ૧૯૫૯ ના દુરદર્શનથી થયેલી ટેલિવિઝન એ વિજ્ઞાનની માનવને એક નવીન ભેટ છે. ગુજરાત રાજ્યમાં ખેડા જિલ્લાના પીજ માટે ટેલિવિઝનના કાર્યક્રમોની શરૂઆત થઈ હતી. જેમાં ૬૦૦ કોમ્યુનિટી ટી.વી સેટ દ્વારા ૫૦૦ ગામડામાં ઈ.સ.૧૯૭૭ થી ૧૯૮૭ ના દસકા દરમિયાન શૈક્ષણિક અને વિકાસલક્ષી કાર્યક્રમો દ્વારા નવી ચેતના આવવાનો હતો પણ પ્રયત્ન થયો હતો. ટેલિવિઝન ના માધ્યમથી આપણે દૂર બનતા દ્રશ્યોને તત્ક્ષણ જોઈ શકીએ છીએ. ટેલિવિઝન એ દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમનું એક માધ્યમ છે.

આધુનિક સમયમાં ગ્રંથાલયના (ઉપકરણો) પ્રવાહો :

ગ્રંથાલયમાં ૨૧મી સદીમાં ખૂબ જ વિકાસ જોવા મળે છે. જેનો મુખ્ય શ્રેય આઈ સી ટી ને ઇન્ફોરમેશન કોમ્યુનિકેશન ટેકનોલોજી મળે છે. કોમ્પ્યુટર અને ઈન્ટરનેટ નો ઉદભવ થવાથી માહિતી ટેકનોલોજી, પ્રિન્ટિંગ ટેકનોલોજી વગેરે ઝડપી બનવાથી ગ્રંથાલયના સામાન્ય કાર્યોથી દરેક કાર્યોમાં આઈસીટીઈ ટેકનોલોજીનો ઉપયોગ થવા લાગ્યો છે. સામાન્ય રીતે જોઈએ તો ગ્રંથાલયોનો વિકાસ જ્યારે રૂંધાતો હતો ત્યારે સરકારશ્રી નીતિઓ અને ઉપયોગ કર્તાની માંગ ને

ધ્યાનમાં લેતાં સરકાર શ્રી આવા ગ્રંથાલયોને આઇસીટી ટેકનોલોજીના ઉપયોગ માટે નાણાં ફાળવવામાં આવ્યાં છે. જેના કારણે સાર્વજનિક ગ્રંથાલય હતા. આઈ સી ટી ટેકનોલોજી ની સેવાઓ આપતા આપતા થયા છે. એવી જ રીતે શૈક્ષણિક ગ્રંથાલયનો ઉપયોગ મહત્તમ થતો જોવા મળે છે. શિક્ષણમાં સ્કૂલ, કોલેજ અને યુનિવર્સિટી ગ્રંથાલયનો સમાવેશ થાય છે. જેના કારણે ઉપયોગકર્તા નો માંગ ઝડપી સંતોષવી અને ઉપયોગકર્તાને ઉપયોગી સેવા આપવાનો મુખ્ય ધ્યેય સંતોષાય છે. તેમાં ગ્રંથાલયો દરેક સ્વયં સંચાલિત અને ડિજિટલ થવા લાગ્યાં છે. આઈ સી ટી ટેકનોલોજીનો ઉપયોગ કરી સંશોધન કાર્ય ઝડપી અને યોગ્ય કરવા માટે આ ટેકનોલોજી ખૂબ જ ઉપયોગી છે. આઇસીટીનો ઉદભવ થતા સંશોધન કાર્ય ઝડપી થયા છે જેના કારણે વિશ્વનો વિકાસ થયો છે.

1. **કોમ્પ્યુટર અને યાંત્રિકીકરણ:**

કોમ્પ્યુટર એ ટેકનોલોજી ની એક એવી શોધ છે કે જેનો ઉપયોગ દરેક ક્ષેત્રમાં જોવા મળે છે. ગ્રંથાલયમાં પણ તેનો ઉપયોગ થવા લાગ્યો છે. કોલેજ ગ્રંથાલયમાં કોમ્પ્યુટરનો ઉપયોગ કરીને ગ્રંથાલયનું યાંત્રિકીકરણ અને ઉપયોગ કરતા ના સમય બચાવે છે. ઉપભોક્તાઓ સોફ્ટવેરની મદદથી તેમને જોઈતી માહિતી શોધી શકે છે. આધુનિક યુગના ગ્રંથાલયનું યાંત્રિકીકરણ કરવા માટે નીચેના જુદા જુદા સોફ્ટવેર નો ઉપયોગ થાય છે.

2. **સી.ડી.રોમ:**

સી.ડી.રોમ દ્વારા ગ્રંથાલયમાં ઉપભોક્તાઓ માટે માહિતીનો સંગ્રહ કરી શકાય છે. આ માહિતી સંગ્રહ અને તેની પુનઃપ્રાપ્તિ માટેનું એક નવીન માધ્યમ ગણાવી શકાય. સી.ડી. રોમની માહિતી સંગ્રહ કરવાની શક્તિ ઘણી બધી છે. તેમાં સંગ્રહિત માહિતી નષ્ટ થતી નથી અને માહિતી કોઈપણ સમયે મળી શકે છે. પુના પ્રાપ્તિમાં ભૂલી થવાની

સંભાવના રહેતી નથી અને ઉપભોક્તાને ઝડપથી આપી શકાય છે અને ઉપભોક્તા નો સમય પણ બચાવી શકાય છે. સીડી રૂમ તથા ડી વી ડી એ પેપરનું આધુનિક સ્વરૂપ માની શકાય. આધુનિક યુગમાં સીડી અને ડીવીડી નો ઉપયોગ ગ્રંથાલય ક્ષેત્રે થવા લાગ્યો છે. કોમ્પ્યુટરના લગભગ દરેક પુસ્તક સીડી અથવા ડીવીડી માં જોવા મળે છે. કોલેજ ગ્રંથાલયમાં ઉપલબ્ધ ડેટાબેઝને સીડી અથવા ડીવીડીમાં કોપી કરીને સાચવી શકાય છે. કેટલાંક અબભ્ય પુસ્તકો સ્કેન કરીને સાચવી શકાય છે અને સીડી ઉપભોક્તા અને ઉપયોગ અર્થે ઇસ્યુ કરીને પુસ્તકની અસલ કોપી સાચવી શકાય છે.

3. **વર્તમાન સામાયિકોની અનુક્રમણિકાની માહિતી:**

यतोहि कर्म भूरेषा ह्यतोऽन्या भोग भूमयः॥6

गायन्ति देवाः किल गीतकानि धन्यास्तु ते भारत-भूमि भागे।

स्वर्गापस्वर्गास्पदमार्गे भूते भवन्ति भूयः पुरुषाः सुरत्वात् ॥

इसके अतिरिक्त हमारे पुराणों में कई पौराणिक युवानों का चरित्र चित्रण है जो हमें कहीं न कहीं नैतिक मूल्यों की सीख प्रदान करते हैं जिससे हम राष्ट्र निर्माण के प्रति प्रेरित हो सके । भक्त प्रह्लाद7का नाम सभी ने सुना है और सभी उनकी कथा के विषय में भी परिचित है । एक युवा होने के नाते उनके जीवन के कुछ मूल्य शायद हमें प्रेरित करें । उनकी सत्यनिष्ठा उनका पूर्ण विश्वास और प्रभु भक्ति ये आज के संदर्भ में कितनी कारगर साबित हो सकती है । युवा के लिए ये मूल्य बहुत मायने रखते हैं ,जिससे वो प्रेरित होकर राष्ट्र निर्माण में अपनी सक्रिय भागीदारी निभा सके । इसी क्रम में भक्त ध्रुव8की कथा का प्रसंग भी विष्णु पुराण में आता है । वो भी एक युवा भक्त रहे ,जो निश्चितता के प्रतीक रहे हैं , जो अपनी अडिगता अटलता और दृढ़ निश्चय के लिए जाने जाते हैं । भक्त ध्रुव द्वारा स्थापित मूल्य क्या आज के युवा के लिए आवश्यक नहीं हैं ? अर्थात् वही दृढ़ निश्चय यदि आज के युवा में हो तो वह वर्तमान संदर्भ में उसका उपयोग दृढ़ता के साथ कर पाएंगे ।

नचिकेता9 जिनका संदर्भ रूप में वराह पुराण10में उल्लेख आता है , उनका चरित्र युवाओं के लिए सत्यनिष्ठ व्यक्तित्व के रूप में कारगर है , दृढ़भक्ति, अनुचित कार्य में अपने पिता तक का विरोध उन्होंने कर दिया तथा ज्ञान अर्जन के लिए सभी सुख सुविधाओं का त्याग कर दिया । ये सभी मूल्य युवाओं में हो तो राष्ट्र निर्माण में उनका योगदान अप्रतिम हो सकता है ।

इसी प्रकार वायुपुराण में भारत को अद्‌वितीय कर्मभूमि बताया है। जिससे भारत के प्रति राष्ट्र प्रेम और उससे राष्ट्र निर्माण की संकल्पना है ।

भागवतपुराण में तो भारतभूमि को सम्पूर्ण विश्व में ' पवित्र भूमि' कहा है। इस पवित्र भारतभूमि पर तो देवता भी जन्म धारण करने की इच्छा रखते हैं, ताकि सत्कर्म करके वैकुण्ठधाम प्राप्त कर सकें । ये सभी तथ्य राष्ट्र के निर्माण के मूल तत्त्व हैं ।

कदा वयं हि लप्स्यामो जन्म भारत-भूतले।

कदा पुण्येन महता प्राप्यस्यामः परमं पदम्।।11

अर्थ: (कब हमारा जन्म पुण्य भूमि भारत में होगा ?और उस कारण से कब हम पुण्य रूपी परम पद प्राप्त कर पाएंगे ।) यहां भारत भूमि के प्रति राष्ट्र प्रेम की भावना व्यक्त की गई है ।

गरुड पुराण में राष्ट्रीय स्वतन्त्रता की अभिलाषा कुछ इस प्रकार व्यक्त हुई है-

स्वाधीन वृत्तः साफल्यं न पराधीनवृत्तिता।

ये पराधीनकर्माणो जीवन्तोऽपि ते मृताः॥12

उपर्युक्त श्लोक में स्वाधीन वृति को ही सफलता बताई गई है न की पराधीन वृत्ति को । जो पराधीन है वो जीवित होकर भी मृत ही हैं । अर्थात् अपना स्वयं का राष्ट्र यदि स्वाधीन है और हम स्वतंत्रता के साथ उसमें निवास कर रहें है तो परम सौभाग्य की बात है । यहां भी राष्ट्र के प्रति प्रेम उजागर हुआ है ।

निष्कर्ष: हमारे शास्त्रों में राष्ट्र का सर्वोच्च स्थान हैं और ये परंपरा सदियों से आज भी यथावत् जीवित है । भारत में जन्म लेने वाले प्रत्येक प्राणी मात्र के लिए राष्ट्र पहले है, और राष्ट्र प्रेम ही राष्ट्र निर्माण का मूल आधार है । बिना राष्ट्र प्रेम के राष्ट्र निर्माण किसी भी हालत में संभव नहीं हैं । पौराणिक युवाओं के जीवन के मूल्यों की चर्चा का उद्‌देश्य केवल इतना मात्र है कि उनके जीवन दर्शन में व्याप्त मूल्यों से हम भी उन मूल्यों को अपनाएं जिससे राष्ट्र निर्माण के यज्ञ में हम भी अपनी आहुति दे सकें । युवा ही किसी भी राष्ट्र का भविष्य होता है । युवा ही धन है । इसलिए उनके नैतिक स्तर को विकसित करना पहला कर्तव्य है जिससे राष्ट्र निर्माण की धारणा और पुष्ट हो सके ।

संदर्भ सूची:

1.सांख्यिकी कार्यक्रम कार्यान्वयन मंत्रालय (MoSPI) ने 'भारत में युवा 2022' रिपोर्ट

2. राष्ट्रीय युवा नीति 2014

3.अथर्ववेद 12th कांड पृथ्वीसूक्त 12th मंत्र

4. महाभारत भीष्मपर्व धृतराष्ट्र-संजय संवाद

5. वाल्मीकि रामायण लंकाकाण्ड

6. विष्णुपुराण अंश२.अध्याय३, २/३/२४गीताप्रेस गोरखपुर

7. विष्णु पुराण 1/17 गीताप्रेस गोरखपुर

8. विष्णु पुराण 1/11 गीताप्रेस गोरखपुर

9. तैतरीय ब्राह्मण 3.11.8

10. वराह पुराण अध्याय193_ 212

11. भागवत पुराण गीताप्रेस गोरखपुर

12. गरुड़ पुराण गीताप्रेस गोरखपुर

51

Assessment of Awareness Regarding Mental Health among Youngsters of Bhavnagar, Gujarat

Brindaba Manharsinh Gohil,
Master in Social Work, B.Sc (Chemistry) , Currently working at Government Medical College, Bhavnagar.

ABSTRACT

Introduction Research on youth mental health has been limited in low-resource environments. One might contend that the mind represents the devil's workshop. The true significance of this statement, though, goes much beyond this; having a healthy, optimistic outlook on life is important for individuals. A positive attitude creates an ideal environment for imaginative concepts and creative mental procedures.

Aim – The aim of this study was to evaluate the awareness of mental health conditions among youngsters in Bhavnagar.

Methods and analysis -A cross-sectional study was carried out among young people in Bhavnagar, Gujarat. There were 104 participants in the study, with the distribution of males and females. The questionnaire served to evaluate the participant's mental health and the overall mental health issues. We analyzed wellness and mental health aspects utilizing the young people screening questionnaire. The participants were provided a Google form for questionnaires.

Result-A total of 104 participants were included in this study. Out of total participants, 46 are females 58 are males. Among the participants, an average of 82.15% have awareness regarding mental health but 17.85% do not have or neutral attitude regarding awareness of mental health illness.

Conclusion - The significance of mental health is becoming more widely acknowledged, and it is evident that the target demographic—in this case, young people—does not adhere to the fundamental procedures that can enhance mental health. There are numerous reasons why people have poor mental health. Ultimately, it is the responsibility of the individual to maintain stable mental health, since this will allow them to create a space that is both productive and creative.

Keywords- Mental health condition, awareness, Mental Illness, Youngster

Introduction: -

Issues related to mental and behavioural health account for approximately 7% of the global disease burden. (1) The majority of this stress is linked to mental illnesses (MHCs) including anxiety, drug use, and mental disorders, along with single-sided disorders of depression. The number of young people who suffer from mental health is growing worldwide. (2) Thereby assessment of India's mental health will have an impact on overall health.

Where they are not indoors, youngsters spend the majority of their time in educational environments. When it comes to assessing the mental health requirements of youths, educators can often be helpful. Still, they lack the orientation and training that helps to recognize the early warning indicators in modern society. (3)

"Mental health awareness" provides ideas and knowledge about mental health problems which promote their identification, treatment, and prevention. Identifying various illnesses, knowing various mental health information, being aware of risk factors and self-treatment choices and professional help that is easily accessible that results in developing positive attitudes among people. (4) More than half of people will face mental health issues at some stage in their entire lives. (5)

One of the primary sources of this may involve a lack of adequate understanding about mental illness, a lack of involvement with others suffering from it, and discomfort. (6)

According to research, working and exposed to further mentally ill patients while doing medical education reduces stress and promotes a positive outlook on providing treatment for the mentally ill. (7,8)

Aim – The aim of this study was to evaluate the awareness of mental health conditions among youngsters in Bhavnagar.

Material and method: -


In Bhavnagar, Gujarat, a cross-sectional study was carried out among young people. There were 104 participants in this study. We analyzed wellness and mental health aspects utilizing the Young People Screening Questionnaires. Google form questionnaires were distributed to the participants. The Gujarati version of the study questionnaires was used to assess participants' mental health awareness. The questionnaire served for evaluating the

participant's mental health, and the overall issues assessments were interpreted as average, poor, or severe. (3)

The most important aspect of researching mental health conditions is developing questionnaires. Based on our own logic and rules, questionnaires have twenty questions with a total of three responses (Agree, Disagree, Neutral) of answers. On the other side, increasing mental health could be beneficial when the particular goal is to help people to become aware of how they act, as in mental health treatment. (9)

Result: -

Total 104 participants included in this study. Out of this 46 (44.2%) are females 58 (55.8%) are males



Graph 1:- Gender wise distribution of mental health awareness.

It was noticed that 82.15% (with a range between 18.3% to 94.2%) of the participants agree to the questions that had been provided, suggesting that they were currently aware of the importance of mental health. Out of total response by participant 11.97% (ranging 3.8% to 19.2%) shows Neutral answer, suggesting that their level of awareness of mental health conditions was below average, while on average, 6.36% of participants (with a range between 0% to 69.2%) disagree with the questions provided, suggesting that they had lack knowledge on mental health problems.

Table 1 involves each descriptive analysis of the questionnaires.

Sr.NO	Questions	Agree	Neutral	Disagree
1.	Lack of Confidence is one of the psychological problems.	87 (83.7%)	10 (9.6%)	7 (6.7%)
2.	Loss of interest is one of the symptoms of depression.	76 (73.1%)	19 (18.3%)	9 (8.7%)
3.	A mental disorder does not affect people's feelings, behavior or thoughts.	19 (18.3%)	13 (12.5%)	72 (69.2%)
4.	Individuals with severe psychological or psychiatric problems often endanger the safety of others.	89 (85.6%)	13 (12.5%)	2 (1.9%)
5.	Good mental health makes life easier.	98 (94.2%)	4 (3.8%)	2 (1.9%)
6.	Mental health is linked to behavior.	90 (86.5%)	11 (10.6%)	3 (2.9%)
7.	Excessive use of television and mobile affects mental health.	91 (87.5%)	13 (12.5%)	0
8.	For mental health first of all it is necessary to always be positive.	83 (79.8%)	20 (19.2%)	1 (1%)
9.	We should share our thoughts with friends and family.	90 (86.5%)	12 (11.5%)	2 (1.9%)
10.	A mentally unbalanced person can be cured.	84 (80.8%)	17 (16.3%)	3 (2.9%)
11.	Mental imbalance can disrupt your daily routine.	88 (84.6%)	12 (11.5%)	4 (3.8%)
12	Good nutrition, adequate sleep and social interaction can improve mental health.	95 (91.3%)	7 (6.7%)	2 (1.9%)
13	A mentally healthy society can be created if the awareness about emotions and its scientific and rational management is brought from childhood itself.	90 (86.5%)	13 (12.5%)	1 (1%)
14	If your mental health is not in balance, then you can go to a psychiatrist for treatment.	90 (86.5%)	9 (8.7%)	5 (4.8%)
15	Family member should be aware of any harm caused by mentally unbalanced persons.	93 (89.4%)	9 (8.7%)	2 (1.9%)
16	It is important for schools and workplaces to provide mental health education and resources.	92 (88.5%)	11 (10.6%)	1 (1%)
17	It is everyone's responsibility to prevent suicide in people with mental health disorders.	88 (84.6%)	15 (14.4%)	1 (1%)
18	Unclear concepts of specific signs and symptoms of mental health and illness add to confusion about screening.	86 (82.7%)	16 (15.4%)	2 (1.9%)
19	A defect or injury to certain areas of the brain can also cause mental illness.	85 (81.7%)	16 (15.4%)	3 (2.9%)
20	Mental health is as important as physical health.	95 (91.3%)	9 (8.7%)	0
	Average	82.15%	11.97%	6.36%

Table-1 Descriptive analysis of Awareness and knowledge questionaries

Discussion: -

The results of this study, 82.15% of the participants were aware of mental health problems whereas 17.85% were unaware about them or showed a neutral attitude toward them. It indicates that mental health education affects both participants' awareness of mental illness and their views about the stigma associated with it; Attitudes among participants about mental illness were less negative as an outcome of the concepts they received during the framework. Studies also revealed a connection between the levels of negative views toward mental health and their awareness and opinions regarding mental health. (10)

The results presented here reflect a collection of study data that highlights the problems caused by a lack of knowledge about mental illness and how it affects negative views toward it. (11), as well as plenty of research indicating the benefits and importance of raising mental health awareness with the aim to reduce the stigma around it. (12,13,14,15) In addition, the outcome of this study fit in with the amount of information regarding the benefits of mental health awareness in normalizing the practice of seeking help in order to promote mental health and improve outcomes for those who require it. (12,16,17,15)

There is an opportunity that the present survey may not accurately represent all youngsters. Future research on mental health education should investigate more mental health education prospects and possible interventions, in along with educating young people in all disciplines with the goal to increase awareness and decrease stigmata attitudes. (10)

Our research is an exciting investigation that shows how important it is to have a particular mental health education indeed in abnormal mental health to increase awareness and decrease stigma about mental health issues.

Conclusion

According to our findings, mental health education is a useful strategy for increasing public awareness and understanding of mental health issues. By providing mental health education and training, youngsters were able to gain a better understanding of mental health issues. On a daily basis, more and more individuals are realizing the importance of mental health, and it is clear that the target audience—young people, in this case—does not know the basic methods for improving mental health. While many factors contribute to poor mental health, young people's excessive usage and overuse of social media platforms may be the main culprit. The duty ultimately comes with the individual to maintain a positive outlook and stable mental health, both of which are necessary for establishing an environment that is

both creative and productive. All of this show that raising mental health awareness among youngsters who will become professionals in mental health is essential.

References:-

1. Rehm J, Shield KD. Global burden of disease and the impact of mental and addictive disorders. Current psychiatry reports. 2019 Feb;21:1-7.
2. Malhotra S, Patra BN. Prevalence of child and adolescent psychiatric disorders in India: a systematic review and meta-analysis. Child and adolescent psychiatry and mental health. 2014 Dec;8:1-9.
3. Nair S, Ganjiwale J, Kharod N, Varma J, Nimbalkar SM. Epidemiological survey of mental health in adolescent school children of Gujarat, India. BMJ paediatrics open. 2017;1(1).
4. Kelly CM, Jorm AF, Wright A. Improving mental health literacy as a strategy to facilitate early intervention for mental disorders. Medical Journal of Australia. 2007 Oct;187(S7):S26-30.
5. Demyttenaere K, Bruffaerts R, Posada-Villa J, Gasquet I, Kovess V, Lepine J, Angermeyer MC, Bernert S, De Girolamo G, Morosini P, Polidori G. Prevalence, severity, and unmet need for treatment of mental disorders in the World Health Organization World Mental Health Surveys. JAMA 2004;291(21):2581-90.
6. Britt TW, Greene–Shortridge TM, Brink S, Nguyen QB, Rath J, Cox AL, Hoge CW, Castro CA. Perceived stigma and barriers to care for psychological treatment: Implications for reactions to stressors in different contexts. Journal of Social and Clinical Psychology. 2008 Apr;27(4):317-35.
7. Baxter H, Singh SP, Standen P, Duggan C. The attitudes of ‘tomorrow’s doctors’ towards mental illness and psychiatry: changes during the final undergraduate year. Medical Education. 2001 Apr 22;35(4):381-3.
8. Calvert SH, Sharpe M, Power M, Lawrie SM. Does undergraduate education have an effect on Edinburgh medical students' attitudes to psychiatry and psychiatric patients?. The Journal of nervous and mental disease. 1999 Dec 1;187(12):757-61.
9. Myin-Germeys I, Kasanova Z, Vaessen T, Vachon H, Kirtley O, Viechtbauer W, Reininghaus U. Experience sampling methodology in mental health research: new insights and technical developments. World Psychiatry. 2018 Jun;17(2):123-32.

10. Shim YR, Eaker R, Park J. Mental health education, awareness and stigma regarding mental illness among college students. Journal of Mental Health & Clinical Psychology. 2022;6(2):6-15.

11. Gulliver A, Griffiths KM, Christensen H. Perceived barriers and facilitators to mental health help-seeking in young people: a systematic review. BMC psychiatry. 2010 Dec;10:1-9.

12. Kelly CM, Jorm AF, Wright A. Improving mental health literacy as a strategy to facilitate early intervention for mental disorders. Medical Journal of Australia. 2007 Oct;187(S7):S26-30.

13. Kutcher S, Bagnell A, Wei Y. Mental health literacy in secondary schools: a Canadian approach. Child and Adolescent Psychiatric Clinics. 2015 Apr 1;24(2):233-44.

14. Hogan MF. New Freedom Commission report: The president's New Freedom Commission: recommendations to transform mental health care in America. Psychiatric Services. 2003 Nov;54(11):1467-74.

15. Sharp W, Hargrove DS, Johnson L, Deal WP. Mental health education: An evaluation of a classroom based strategy to modify help seeking for mental health problems. Journal of College Student Development. 2006;47(4):419-38.

16. Corrigan P. How stigma interferes with mental health care. American psychologist. 2004 Oct;59(7):614.

17. Rüsch N, Evans-Lacko SE, Henderson C, Flach C, Thornicroft G. Knowledge and attitudes as predictors of intentions to seek help for and disclose a mental illness. Psychiatric services. 2011 Jun;62(6):675-8.

52

ભારતમા સરકારી પહેલ અને યુવા સાહસિક્તાની સફળતા

Rubinaben N. Solanki
Ph.D. Scholar
Economics Department, Saurashtra University, Rajkot.

સારાંશ-

ભારતમાં બેરોજગારીનું પ્રમાણ વધારે હોવાથી યુવા બેરોજગારોને ઉદ્યોગસાહસિકતામાં પ્રોત્સાહિત કરવા માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા વિવિધ પહેલ કરવામાં આવે છે. તેમાં ઘણી બધી સરકારી નીતિઓ અને યોજનાઓનો સમાવેશ થાય છે. અહીં વિવિધ યોજનાઓની માહિતી મેળવીને તેમનો અભ્યાસ કરવામાં આવ્યો છે. નવા ઉધ્યોગસાહસિકોને ઘણા જોખમો, પડકારો અને અવરોધોનો સામનો કરવો પડતો હોય છે. ભારતમા બિઝનેસ ઇનકયુબેશન સેન્ટર્સ તેને સરળ બનાવવા પ્રયત્ન કરે છે. તેઓ ભંડોળથી લઇને માર્ગદર્શન આપવા સુધીની સહાય કરે છે. અહીં અભ્યાસ પરથી જાણવા મળ્યું છે કે ઉદ્યોગસાહસિકોને વ્યવસાય માટે જરૂરી મૂડી તથા સંસાધનો સરકાર દ્વારા કરવામાં આવતી પહેલને કારણે મદદ અને પ્રોત્સાહન મળી રહે છે. અને દેશની આર્થિક વૃદ્ધિમા પણ વધારો થાય છે.

ચાવીરૂપ શબ્દો-

નવીનતા, ઉદ્યોગસાહસિક સફળતા, સરકારની પહેલ.

પ્રસ્તાવના-

ભારત શ્રમપ્રધાન દેશ છે. તેમાં બેરોજગાર લોકોનું પ્રમાણ વધારે છે. તેની સામે રોજગારની તકો પૂરી પાડતી નોકરીઓનું પ્રમાણ ઓછું છે. આથી સરકાર પ્રયત્ન કરે છે કે તે ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપે. ભારત સરકાર દ્વારા આ માટે કૌશલ્ય વિકાસના કાર્યક્રમો

તથા બહુવિધ યોજનાઓ અમલમા મુકવામા આવે છે. આ માટે તેઓ શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં યુવાનોને જુદા જુદા ઉદ્યોગ સાહસમાં પ્રોત્સાહન મળે તે માટે ઘણી યોજનાઓ અમલમાં મુકેલ છે. આપણે તેના વિશે માહિતી મેળવીયે.

સંદર્ભ સાહિત્યની સમીક્ષા-

Wansik, A. P., Jain, A., (2023) - Government Support for Startups: A Comprehensive Analysis of Funding Initiatives and the Role of the Indian Government in Nurturing the Startup Ecosystem.

આ આર્ટિકલમાં ભારત સરકાર દ્વારા ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન આપવા માટેની સ્ટાર્ટઅપ ઇકો સિસ્ટમનો અભ્યાસ કરવામાં આવ્યો છે. અહીં ગૌણ માહિતીનો ઉપયોગ કરી સરકાર દ્વારા અમલમા મુકાયેલી 50 જેટલી સ્ટાર્ટઅપ યોજનાઓની માહિતીનો અભ્યાસ કરવામાં આવ્યો છે. આ અભ્યાસના તારણ મુજબ સ્ટાર્ટઅપ યોજનાને લીધે યુવાનોની ઉદ્યોગ સાહસિકતામાં વધારો થયો છે. નવી રોજગારીનું સર્જન થયું છે. તથા દેશની આર્થિક વૃદ્ધિમાં અને સામાજિક સ્થિતિમાં વધારો થયો છે.

Girnara, M., Dr. Gor, R. (2020) - impact of startup on Indian economy.

આ આર્ટીકલમાં ભારતની સ્ટાર્ટઅપ ઇકો સિસ્ટમ વિશે ચર્ચા કરવામાં આવી છે. ભારતમાં મોટા ઉદ્યોગો કરતા નાના ઉદ્યોગો વધારે નોકરીઓનું સર્જન કરે છે. નાના ઉદ્યોગોને સેબી જેવા બજાર નિયંત્રણ દ્વારા નાણાનો પ્રવાહ તેમની માટે સરળ કરવામાં આવ્યો છે. જેથી સ્ટાર્ટઅપને પ્રોત્સાહન મળી રહે અને તેની વૃદ્ધિ થતાં રોજગારીનું સર્જન થશે. અહી ભારતીય અર્થતંત્ર પર અને અર્થતંત્રની વૃદ્ધિ પર તેની અસરનું વિશ્લેષણ કરવામાં આવ્યુ છે. આ સંશોધનના તારણ

મુજબ ભારતીય અર્થતંત્ર પર સ્ટાર્ટઅપની હકારાત્મક અસર જોવા મળે છે. ભારત સરકાર દ્વારા તેમને પ્રોત્સાહિત કરવા માટે ઘણી પહેલ કરવામાં આવી રહી છે. છતાં પણ હજુ વધારે પ્રયત્ન કરવાથી સ્ટાર્ટઅપ દ્વારા દેશની જીડીપીમાં વધારો કરી શકાય તેમ છે.

Eliganur, B., (2023) - a descriptive study on government scheme for startup initiative in India.

આ સંશોધન પેપરમાં ભારત સરકાર દ્વારા સ્ટાર્ટઅપ માટે કરવામાં આવેલી પહેલનો અભ્યાસ કરવામાં આવ્યો છે. અહીં ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સરકારની યોજનાઓનું વિશ્લેષણ અને દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે. તેમની મુખ્ય લાક્ષણિકતા, પાત્રતા તેમજ ફાયદા અને નુકસાનનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. તેના તારણો મુજબ ઉદ્યોગસાહસિકતાને વિકસાવવા માટે સ્ટાર્ટઅપની ભૂમિકા અગત્યની છે અને તેના દ્વારા આર્થિક વૃદ્ધિમાં પણ વધારો થઈ શકે છે. આ યોજનાથી ઉદ્યોગસાહસિકોના ખર્ચમાં ઘટાડો થાય છે. ભંડોળ સરળતાથી પ્રાપ્ત થાય છે. પેટન્ટની નોંધણી ઝડપી અને સરળ બને છે. તથા તેઓને કરમા રાહત મળે છે વગેરે જેવા લાભો પ્રાપ્ત થાય છે. સાથે તેઓને ટર્ન ઓવરની તથા નોંધણી માટેનો ટુંકો સમય વગેરે જેવી મર્યાદા પણ છે.

Gupta, S., satpathy, V., Bharat, S. K. (2022) - A Study on Start-up India: A Governmental Initiative to Boost Entrepreneurship, Growth and Employment Generation of Tribal Youth of TSP Region of Southern Rajasthan.

આ આર્ટિકલમાં જણાવ્યા અનુસાર ભારતમાં વસ્તીમાં વધારો થઈ રહ્યો છે. તે પ્રમાણે શ્રમમાં પણ વૃદ્ધિ થઈ રહી છે. તે મુજબ વધુ નોકરીઓ અને રોજગારીનું સર્જન કરવું જરૂરી બની રહ્યું છે. તે માટે સરકાર દ્વારા ઘણી બધી પહેલોને મહત્વ આપવામાં આવ્યું છે. તેમાં સ્કીલ ઇન્ડિયા,

મેક ઇન ઇન્ડિયા જેવી ઘણી બધી યોજનાઓનો સમાવેશ થાય છે. આ યોજનાઓ દ્વારા ઉદ્યોગ સાહસિકોને પોતાના ઉદ્યોગને આકાર આપવા અને વિકસાવવા માટે સરકાર તરફથી સહાય પ્રાપ્ત થાય છે. જેનો અહી અભ્યાસ કરવામાં આવ્યો છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં નવી નોકરીઓનું સર્જન કરવાનુ અને લોકોની માનસિકતાને બદલવાનો છે. તેનાથી લોકોને પ્રોત્સાહન મળ્યું છે. પરંતુ ઘણા લોકો પોતાની નોકરી છોડીને પણ સ્ટાર્ટઅપમાં ઝંપલાવી રહ્યા છે. ઘણા સ્ટાર્ટઅપ નિષ્ફળ પણ રહ્યા છે અને કેટલાક સફળ રહ્યા છે. આ પહેલની હજુ સુધી નોંધપાત્ર સકારાત્મક અસર થઇ નથી. પરંતુ ભવિષ્યમાં લાંબા ગાળે દક્ષિણ રાજસ્થાનના TSP પ્રદેશમાં યુવાનો માટે વધુ ફાયદાકારક બની શકે છે. જે વિસ્તાર દૂર હોવાથી ત્યાં કોઈ ઉદ્યોગને પ્રોત્સાહન આપતા ન હોય ત્યાં પણ સ્ટાર્ટઅપ દ્વારા નવી કંપનીઓ દ્વારા ઉદ્યોગ સ્થપાય તો મોસમી બેરોજગારીની સમસ્યાનો નિવારણ લાવી શકાય તેવી શક્યતા છે.

સંશોધનના હેતુઓ-

ભારતમા ઉધ્યોગસાહસિકો માટેની સરકારી પહેલની તપાસ કરવી,

ભારતમા ઉધ્યોગસાહસિકો તરફની વિવિધ યોજનાઓનો અભ્યાસ કરવો.

અભ્યાસનુ મહત્વ-

આ અભ્યાસથી સરકારી પહેલની ઉધ્યોગસાહસિક પર થતી અસર જાણી શકાશે. તથા વિવિધ સરકારી યોજનાઓની અસર જાણી શકાશે. ઉધ્યોગસાહસિકોને સરકાર દ્વારા મળતી સહાયની જાણકારી મળશે.

માહિતીના સ્ત્રોતો-

માહિતીના મુખ્ય બે સ્ત્રોતો છે. પ્રાથમિક માહિતી અને ગૌણ માહિતી. અહી ગૌણ માહિતીનો ઉપયોગ કરીને અભ્યાસ કરવામા આવ્યો છે. તેમા સરકારી યોજનાઓ પરના કેસસ્ટડી, સરકારી યોજનાની માહિતી આપતી સરકારી વેબસાઇટ, તથા વિવિધ આર્ટિકલ, અને સંશોધન લેખોનો ઉપયોગ કરવામા આવ્યો છે.

ઔદ્યોગિક ક્રાંતિને લીધે માનવીનું સ્થાન યંત્રો લઈ રહ્યા હોવાથી રોજગારીની તકોમાં ઘટાડો થઈ રહ્યો છે. જેને સામે ભારત શ્રમપ્રધાન દેશ હોવાથી ત્યાં શ્રમિકોમાં ઉતરોતર વધારો થઈ રહ્યો છે. ભારતમાં 1991ના આર્થિક સુધારા પછી એક એવા બજાર અર્થતંત્રની શરૂઆત થઈ હતી કે જેમાં ખાનગીકરણને વધારે મહત્વ મળ્યું. તેનાથી રોજગારમાં ઘટાડો થયો છે. તેથી રોજગારીમાં વધારો કરવા માટે યુવાનો ઉદ્યોગ સાહસિકોના કામમાં વધારો થાય અને તેઓના નવા સંશોધનોને પૂરતું મેદાન મળી રહે તો રોજગારીમાં વધારો થઈ શકે છે. ભારત સરકારની યુવા સાહસિકોને પ્રોત્સાહન આપવા માટેની કેટલીક યોજનાઓ નીચે મુજબ છે.

પ્રધાનમંત્રી મુદ્રા યોજના

આ યોજના 2015ના રોજ શરૂ કરી હતી. આ લોન ગ્રામિણ બેંકો, કોમર્શિયલ અને સ્મોલ ફાઇનાન્સ બેન્ક, NBFC દ્વારા આપવામાં આવે છે. લોન માટેની અરજી ઓનલાઇન કરી શકાય છે. તેમાં નાના ઉદ્યોગોને લોન આપવામાં આવે છે. અહીં લોન સ્વરૂપે શિશુ યોજનામા ₹50,000 સુધીની, કિશોર યોજનામા ₹5,00,000 સુધી અને તરુણ યોજનામા ₹10,00,000 સુધીની સહાય આપવામાં આવે છે. આ સહાય માટે કોઈપણ યુવાસાહસિક અરજી કરી શકે છે. તે આ લોનનો ઉપયોગ કરીને ઉદ્યોગની સ્થાપના કરી કરી શકે છે.

સ્ટાર્ટઅપ ઇન્ડિયા યોજના

આ યોજનાની શરૂઆત 2015માં થઈ હતી. તેનો મુખ્ય હેતુ યુવા ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહન આપવાનો તથા રોજગારની તકો વધારવાનો હતો. અહીં કંપનીઓ તથા ઉદ્યોગોને સ્ટાર્ટઅપ ઉદ્યોગ તરીકે તથા આંતરિક વેપારના પ્રમોશન માટે આ વિભાગ દ્વારા માન્યતા આપવામાં આવે છે. આ યોજનાના લાભાર્થીને ઘણા લાભ પ્રાપ્ત થાય છે તથા જાહેર પ્રાપ્તિ માટેના સરળ ધોરણો, ઝડપી IPR, પેટન્ટ પ્રક્રિયા વગેરે લાભો પ્રાપ્ત થાય છે. આ યોજનાનું સંચાલન ઈન્ફોસીસ ટેકનોલોજી લિમિટેડ દ્વારા થાય છે. આ યોજના વાણિજ્ય મંત્રાલય હેઠળના ઔદ્યોગિક નીતિ અને પ્રમોશન વિભાગ સાથે ખાનગી અને જાહેર ભાગીદારીમાં વિકસાવવામાં આવી છે. તેનાથી ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન મળશે અને સરકાર દ્વારા કરવામાં આવતી નિયમનકારી પ્રક્રિયાઓમાં થતા સમયમાં ઘટાડો થશે.

મેક ઇન ઇન્ડિયા યોજના

આ યોજના અંતર્ગત 100 મિલિયન નવી નોકરીઓનુ સર્જન કરવાનો હેતુ છે. તેનો મુખ્ય હેતુ દેશમા ઉધ્યોગસાહસિક્તાને પ્રોત્સાહન આપવાનુ છે. તે રોકાણ માટે અનુકુળ વાતાવરણ ઉત્પન્ન કરે છે. વિદેશી રોકાણ માટે નવી તકોનુ નિર્માણ કરે છે. સરકાર અને વ્યવસાય વચ્ચે સાનુકુળતા લાવે છે.

ડિજિટલ ઇન્ડિયા યોજના

આ યોજના દેશના ગ્રામિણ ક્ષેત્રોમા ઇન્ટરનેટ કનેક્શન સ્થાપિત કરવાનો પ્રયત્ન કરે છે. તેનો હેતુ ભારતને ડિજિટલરુપે સશક્ત બનાવવાનો છે. આ માટે આ યોજનામા ડિજિટલ સાક્ષરતા વિકસાવવાના પ્રયત્નો કરવામા આવે છે. આ માટે આ બધી સેવાઓ અને યોજનાઓને ભારતીય ભાષાઓમા ઉપલબ્ધ કરવાનો પ્રયત્ન કરેલ છે.

ભારતમાલા યોજના

આ યોજનામા 550 જિલ્લા મુખ્યમથકોને ફોરલાઇન હાઇવે દ્વારા એકબીજાને જોડશે. આ યોજનામા ટનલ, પુલ, ઓવરપાસ, ફ્લાય ઓવર, બાયપાસ, રિંગરોડ વગેરે બનાવવામા આવશે. 2017 થી 2022 સુધીનુ આ યોજનાનુ બજેટ 692,324 કરોડ હતુ.

આકાંક્ષા યોજના

આ યોજનામાં ગ્રામીણ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાનો હેતુ છે. તેની શરૂઆત 2015માં થઇ હતી. કૃષિ આધારિત ઉદ્યોગોમાં વધારો કરવા માટે આ લોન આપવામાં આવે છે. તેનો મુખ્ય ઉદ્દેશ યુવાનો માટે નવી રોજગારીનું સર્જન કરીને નાના ઉદ્યોગોમાં નવીનતા અને સ્પર્ધાને પ્રોત્સાહન પૂરું પાડવાનું છે. તે નવા સંશોધનોને પણ આવકારે છે.

અટલ ઇનોવેશન મિશન

આ યોજના 2015માં શરૂ કરવામાં આવી હતી. તેની શરૂઆત નીતિ આયોગ દ્વારા થઇ હતી. અટલ બિહારી બાજપેયીના નામ પરથી આ યોજનાને અટલ ઇનોવેશન મિશન એવું નામ આપવામાં આવ્યું હતું. આ યોજનાનો હેતુ ભારતના યુવાનોમાં ઉદ્યોગ સાહસિકતા વિકસે અને તેમને પ્રોત્સાહન મળે તે છે. આ યોજના અંતર્ગત શૈક્ષણિક સંસ્થાઓ અને MSAના વિવિધ સ્તરે વિકાસ અને નવીનતાને પ્રોત્સાહન આપવામા આવે છે. આ યોજનામાં વિદ્યાર્થીઓને અનુભવ મેળવવા માટે તથા તેમને વિવિધ સંશોધન કાર્ય કરવા માટે પ્રોત્સાહન અને એક પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવે છે. તેમાં સરકાર દ્વારા ₹150 કરોડનું રોકાણ કરવામાં આવ્યું હતું.

ઇલેક્ટ્રોનિક અને ઇન્ફોર્મેશન ટેકનોલોજીમાં ઇન્ટરનેશનલ પેટન્ટ પ્રોટેક્શન માટે સપોર્ટ

ભારતમાં નવી કંપનીઓ માટે પોતાની પેટન્ટ ફાઈલ કરવા માટે ખૂબ ખર્ચ કરવો પડતો હોય છે. નાની કંપનીઓ તે ઉપાડી શકે તેમ ન હોવાથી તેઓ પોતાની ભૌતિક સંપત્તિનું રક્ષણ કરી શકતી ન હતી. તેના કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની મોટી કંપનીઓ જ સ્પર્ધામાં ટકી શક્તી હતી. આ સમસ્યાને લઈને સરકાર દ્વારા નાની કંપનીઓ માટે પેટન્ટ માટે રાષ્ટ્રીય સ્તરે IPR ફાઇલિંગ દરમાં વધારો થયો હોવા છતાં, શિક્ષણમાં માહિતી અને સંદેશાવ્યવહાર તકનીકના બહુ ઓછા અને નાના ઉદ્યોગો માટે અરજી કરવા સક્ષમ બન્યા છે. આ ઉદ્યોગોને સહાયતા માટે SE સ્કીમની શરૂઆત કરવામાં આવી હતી. તે મુજબ સ્પર્ધાત્મકતાને પ્રોત્સાહન આપવા માટે નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે. જેમાં દરેક પેટર્ન ફાઇલિંગ માટે 15 લાખ સુધી અથવા તેનાથી વધુ ખર્ચ થયો હોય તો ખર્ચના અડધા રૂપિયાની સહાય કરવામાં આવે છે.

સાગર માલા પ્રોજેક્ટ

આ પ્રોજેક્ટમાં ભારતમાંથી નિકાસ થતાં માલ સામાનને પ્રોત્સાહન આપવાનો હેતુ છે. તેમાં રૂપિયા 35 હજાર કરોડની બચત થઈ શકે તેમ છે.

યુવાનોમાં ઉદ્યોગસાહસિકની ભાવના કેળવવા માટે દેશમાં એક મજબૂત ઇકો સિસ્ટમનું નિર્માણ કરવા માટે વ્યુહાત્મક હસ્તક્ષેપો કરવામાં આવે છે. ભારતમાં સરકાર દ્વારા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપવા અને તેમનો વિકાસ કરવા માટે અનુકૂળ ઈકો સિસ્ટમ બનાવવા માટે ઘણી યોજનાઓની પહેલ કરવામાં આવી છે. આ યોજનાઓનું મુખ્યત્વે લક્ષ્ય કંપનીઓની ગતિને વેગ આપવાનો તથા તેઓને સબસીડી દ્વારા સપોર્ટ અને પ્રોત્સાહનો આપવાનો છે. આ પહેલથી નવા ઉદ્યોગસાહસિકોને પ્રોત્સાહનની સાથે એક મજબૂત ઇકો સિસ્ટમ પણ અસ્તિત્વમાં આવશે. જે યુવાનોમાં બેરોજગારીનો દર ઘટાડશે અને દેશની આર્થિક વૃદ્ધિમાં વધારો કરશે.

નિષ્કર્ષ-

ભારતમા જ્યારે શ્રમદળમા વધારો થઇ રહ્યો છે. તેની સામે નોકરીનુ નિર્માણ અપુરતુ છે. તેથી ઉધ્યોગ સાહસિકો માટે સરકારની વિવિધ યોજનાઓ આષિર્વાદરૂપ છે. તેનાથી નાના ઉધ્યોગોને તથા નવીન યુક્તિઓને પ્રોત્સાહન મળે છે. તેમા નાણાકિય સહાય, કરમા રાહત, પાવર ઓફ પેટન્ટ મેળવવામા સરળતા, વિદેશી મુડીરોકાણને પ્રોત્સાહન વગેરેનો સમાવેશ થાય છે.

સમાપન-

ભારત એક વિકાસશીલ રાષ્ટ્ર છે. તેની પાસે સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો છે. પરંતુ દેશના લોકોને ઘણી બધી આર્થિક સમસ્યાઓ છે. તેમાં બેરોજગારીના દરમાં વધારો થઈ રહ્યો છે જે પડકારરૂપ સમસ્યા છે. સરકાર દ્વારા ઘણા પ્રયત્નો કરવામાં આવતા હોવા છતાં તે વધારે રોજગારીનું સર્જન કરવા માટે અપૂરતા થઇ પડે છે. તેથી હજુ વધારે પ્રયત્નો આવશ્યક છે.

સંદર્ભ સૂચિ-

Ms Saloni, D., Abhay , S., Teena, S., & Dr Silky, V. (April 2021). The Role of Government Initiatives on Women Empowerment: The Case of Women Entrepreneurs in India. *Annals of R.S.C.B., 25*(4), 11522 - 11535.

Basavaraja, E., & Dr. Ravi , B. (June 2023). A DESCRIPTIVE STUDY ON GOVERNMENT SCHEMES FOR STARTUP INITIATIVES IN INDIA. *Education and Society, 47*(2, No.24,), 113-120.

Dr. Abdul Razak, & Dr. K., M. (2019, June). A STUDY ON START-UPS IN INDIA AND THE ROLE OF GOVERMENT IN EMPOWERING START-UPS THROUGH VARIOUS SCHEMES AND POLICIES. *IJRAR, 6*(2).

Girnara, M., & Dr. Ravi, G. (December 2020). Impact Of Startups On Indian Economy. (D. N. Panchal, Ed.) *International Youth Symposium 2020, 68*(23), 22-31.

Sachin, G., Biswajit, S., & Sukanta Kumar, B. (2022). A STUDY ON START-UP INDIA; A GOVERMENTAL INITIATIVE TO BOOST ENTREPRENEURSHIP, GROWTH AND EMPLOYMENT GENERATION OF TRIBAL YOUTH OF TSP REGION OF SOUTHERN RAJASTHAN. *2nd Indian International conference on Industrial Engineering and Operations Menagement* (pp. 476-486). warangal,

India: Industrial Engineering and Operations Menagement Society International. doi:10.46254/IN02.20220181

Wasnik, A., & Jain, A. (August 2023). Government Support for Startups: A Comprehensive Analysis of Funding Initiatives and the Role of the Indian Government in Nurturing the Startup Ecosystem. *Economics and Business Quarterly Reviews, 6*(3), 98-107. doi:10.31014/aior.1992.06.03.523

https://www.mudra.org.in

https://www.startupindia.gov.in

https://www.drishtiias.com

https://www.india.goverment.com

53

ઉત્તરરામચરિતના છાયાસીતા પ્રસંગમાં ભરતીયતાનું વર્ણન

Dr. Suresh L. Baraiya
Assistant Professor, Government Arts College, Vallabhipur.

ઉત્તરરામચરિતના ત્રીજા અંકના આરંભે પણ કવિએ એક 'શુદ્ધવિષ્કંભક' મૂક્યો છે. જેમાં તમસા અને મૂરલા નામની બે નદીઓનો સંવાદ છે. શમ્બૂકવધનું કાર્ય પૂર્ણ કર્યા પછી, રામ હવે અયોધ્યા તરફ પાછા વળશે; પણ રસ્તામાં તેઓ અગસ્ત્ય-લોપામુદ્રાને મળવા ગયા. ત્યાં લોપામુદ્રાએ જોયું - વિચાર્યું કે રામ સીતાના વિરહને કારણે અંદરને અંદર બળ્યા કરે છે. તે પોતાનું દુઃખ બહાર પ્રકટ કરી શકતા નથી.[1]

આમ સીતાના વિયોગથી જન્મેલો રામનો શોકાવેગ પુટપાક જેવો છે; જે બહારથી દેખાતો નથી, કે તે બહાર નીકળી શકતો નથી. પણ આજે કોઈક નિમિત્તે પંચવટીમાં તેમને આવવાનું થયું જ છે તો તેઓ સીતા સાથેના એ સહવાસના 'વિસ્રમ્ભસાક્ષી' પ્રદેશોને પણ ફરીથી જોવા પામશે. આથી લોપામુદ્રાને શંકા છે કે રામ અચૂક આ સ્થળોને જોઈને વારેવારે મૂચ્છિત થશે જ. માટે ગોદાવરી નદીએ સાવધાન રહેવાની જરૂર છે. એટલે તેમણે 'મૂરલા' નામની નદી જોડે ગોદાવરીને કહેવડાવ્યું છે કે ગોદાવરીએ ઠંડો અને કમળ પરાગવાળો વાયુ વહેવડાવીને રામની મૂર્છાને વાળવા પ્રયત્ન કરવો. બીજી તરફ, મૂરલા જોડે વાત કરી રહેલી 'તમસા' નામની નદી કહે છે કે લોપામુદ્રાની શંકા ઉચિત જ છે. પણ રામભદ્રને સાચવવાનો એક 'મૌલિક" ઉપાય આજે હાજર જ છે. કેમકે ભાગીરથી (ગંગા) નદીએ પણ અયોધ્યા નજીકની સરયુ નદી પાસેથી જાણ્યું છે કે રામ આજે પંચવટી પાસેના વનમાં શમ્બૂકને મારવા ગયા છે. એટલે તેણે રસાતળમાં ધરતી માતા પાસે સુરક્ષિત રખાયેલી સીતાને, કુશ-લવની બારમી વર્ષગાંઠ ઉજવવાના બહાના હેઠળ બહાર પૃથિવી ઉપર પંચવટીના પ્રદેશોમાં જ લાવી દીધી છે, અને તમસાને એ સીતાની સહચરી તરીકે ઉપસ્થિત રહેવાનું કામ સોંપી દીધું છે.

વળી, સીતાને એ વાતે આશ્વસ્ત કરવામાં આવી છે કે તે સૂર્યપૂજા કરવા માટે પુષ્પો ચૂંટતી હશે ત્યારે એને બીજી કોઈ વ્યક્તિ જોઈ કે સાંભળી શકશે નહીં. હવે રામ જ્યારે જ્યારે મૂર્છિત થશે, ત્યારે સીતાના કરસ્પર્શથી જ રામને ફરીથી ભાનમાં સરળતાથી આણી શકાશે. આમ

આ વાતચીત ઉપરથી પ્રેક્ષકોને ખબર પડે છે કે ત્રીજા અંકમાં રામ પંચવટીમાં ફરતા હશે ત્યારે સીતા અને તમસા એમની આજુબાજુમાં જ, પણ અપ્રકટ રૂપે હાજર હોવાના છે.

ત્રીજા અંકનું મુખ્ય દૃશ્ય શરૂ થાય છે. કવિ ભવભૂતિએ આ અંકનાં બે મુખ્ય પાત્રો-રામ અને સીતા ને આપણી સમક્ષ રજૂ કરતાં પહેલાં તેમની શારીરિક અને માનસિક દશાને સૂચવી દેતાં જે એક-એક શબ્દો વાપર્યાં છે, તે સ્મરણીય છે. જેમકે, પુટપાક-સમો રામનો કરુણરસ અહીં (ત્રીજા અંકમાં) રજૂ થયો છે[2] . તથા સીતા જાણે કરુણની (સાક્ષાત) મૂર્તિ છે; અથવા તો શરીર-ધારિણી વિરહવ્યથા જ છે.[3] આમ ત્રીજા અંકમાં, રસની દ્રષ્ટિએ કહીએ તો કરુણરસની સૃષ્ટિ જોવા મળવાની છે; તથા ભારતીય જનમાનસે જે એક અભિપ્રાય વ્યક્ત કર્યો છે કે कारुण्यं भवभूतिरेव तनुते । "કરુણ રસ તો ભવભૂતિ જ વિસ્તારી શકે છે" એનો આપણને અનુભવ થાય છે.

કવિએ આ આખા અંકની યોજના બહુ કલાત્મક સ્વરૂપમાં વિચારી છે. સીતાનો ત્યાગ કર્યા પછી રામ બાર-બાર વર્ષથી એકધારા અયોધ્યાના રાજમહેલમાં પૂરાઈ રહ્યા છે, અથવા કહો કે રાજસિંહાસન જોડે જડાઈ ગયા છે. સતત પ્રજારાધનના કર્મમાં તત્પર રહીને, તે જાણે સીતા ને ભૂલીને મૂંગે મોઢે શ્વસી રહ્યા છે. પણ આજે પંચવટીમાં આવવાની તક મળતાં, એ સ્થળેને જોતાંની સાથે સહજ રીતે તેમના મનમાં સીતા યાદ આવી જાય છે. રામના મનમાં સીતાની સ્મૃતિ જાગી ઊઠતાં, એમના મનોભવનમાં સીતાની જે છાયા ફરવા લાગે છે તેનું જ જાણે કલાત્મક પ્રતિબિંબ હોય તેમ, આ અંકમાં સીતા અને તમસા અપ્રકટ રૂપે રામની આજુબાજુમાં જ ફરી રહ્યા છે— એવી કવિએ અપૂર્વ કલ્પનાસૃષ્ટિ સાકાર કરી છે. उत्तरे रामचरिते भवभूतेर्विशिष्यते। એ ઉક્તિ આ 'છાયા-સીતા' નામના ત્રીજા અંકની યોજનાને જોતાં પણ યથાર્થ લાગે છે. એક તરફ રામની સાથે વનદેવતા વાસન્તી છે અને બીજી તરફ, સીતાની સાથે તમસા નદી છે. આમ કુલ ચાર પાત્રો આ અંકમાં જોવા મળે છે. પણ એમાં સીતા અને તમસા અદશ્ય છે. રામ અને વાસન્તીને આ બે (સીતા અને તમસા) જણ જોઈ શકે છે, સાંભળી શકે છે. પણ રામ અને વાસન્તી આજુબાજુમાં જ બોલતાં કે ફરતાં સીતાને અને તમસાને જાણી શકતાં નથી.,

આ અંકના ચાર દૃશ્યો વિચારી શકાય. જેમકે,

૧. સીતા-તમસાની ઉપસ્થિતિમાં રામની પ્રથમ મૂર્છા (શ્લોક ૧ થી ૧૪)

૨. રામ-વાસન્તી મિલન, કરિકલભ પ્રસંગ, મયૂર-કદમ્બ, શિલાતલના દર્શન (શ્લોક ૧૫ થી ૨૩)

૩. વાસન્તી દ્વારા રામનું વિલંબે સ્વાગત અને રામને ઠપકો, વાસન્તીની મૂર્છા અને રામની બીજી મૂર્છા (શ્લોક ૨૪ થી ૩૭)

૪. રામના હાથમાંથી સીતાનો હાથ સરકી જવો,-રામનું પ્રત્યાવર્તન, સીતાની હિરણ્મયી પ્રતિકૃતિ અને તમસા-વાસન્તીના રામ-સીતાને સંયુક્ત આશીર્વાદ (શ્લોક ૩૮ થી ૪૮)

પ્રથમ-દૃશ્યમાં શરૂઆતમાં તો સીતા અને તમસા એ બે જણાં જ રંગભૂમિ ઉપર હોય છે. કુશ-લવની ૧૨મી વર્ષગાંઠે રઘુવંશના આદ્ય પ્રવર્તક સૂર્યની પૂજાકરવા માટે સીતા પુષ્પો ચૂંટી રહી હોય છે ત્યાં જ નેપથ્યમાંથી "સીતા દેવીએ ઉછેરેલા ગજબાળને બીજા ઉદ્દામ હાથીના આક્રમણથી બચાવો.... બચાવો...." એવી પરિત્રાણ માટે બૂમો પડે છે. આ બૂમો પાડનાર વનદેવતા વાસન્તી છે. તે સાંભળીને સીતા અભાનપણે જ બોલી ઊઠે છે કે - "આર્યપુત્ર ! મારા તે વ્હાલા ગજબાળને બચાવી લો, બચાવી લો."[4] બસ, એ જ સમયે રામ ત્યાં વિમાન લઈને આવી પહોંચે છે અને આકાશમાંથી બોલે છે : "વિમાનરાજ ! અહીં જ ઊભા રહો." રામના આ શબ્દોને સીતા તરત જ ઓળખી લે છે. તમસા જણાવે છે કે તપ કરી રહેલા કોઈ શૂદ્રને દંડ દેવા માટે રાજા રામ આજે જનસ્થાનમાં આવ્યા છે — એવું મેં સાંભળ્યું છે. આથી સીતા સંતોષ વ્યક્ત કરે છે કે - दिष्ट्या अपरिहीनराजधर्मः खलु स राजा। "હાશ, તે રાજાએ પોતાનો રાજધર્મ પાળવાનું હજુ ચાલુ રાખ્યું છે – તે આનંદની વાત છે" રામે રાજધર્મનું પાલન કરવાના અનિવાર્ય ભાગ રૂપે જેમ સીતાત્યાગ કર્યો છે; તેમ જ શમ્બૂકવધ કરીને કોઈના અકાળે મરી ગયેલા બાળકને ફરીથી જીવતો કરી આપવાનું રાજકર્મ પણ કર્યું છે. સીતાને આથી આનંદ છે, કે રામે સીતાના વિરહમાં, બલકે સીતાને કાઢી મૂકાવનાર એ જ પ્રજાજનોનું હજુય કલ્યાણ કરવાનું ચાલુ રાખ્યું છે એ જાણીને સીતા સંતોષ વ્યક્ત કરે છે.

રામ રંગભૂમિ ઉપર આવે એ પહેલાં જ રામને દૂરથી આવતાં સીતા જુવે છે. રામ સવારના સમયના ફિક્કા-નિસ્તેજ-પડી ગયેલા ચન્દ્રમા જેવા પરિદુર્બલ થઈ ગયા છે. એ જોઈ સીતા પહેલાં તો ઘડીભર મૂર્ચ્છિત જ થઈ જાય છે. બીજી તરફ, રામ પણ વર્ષો પછી પંચવટીનું પુનઃદર્શન થતાં हा प्रिये जानकि! બોલતાં બોલતાં મૂર્છિત થઈ જાય છે. તમસા સીતાને કહે છે કે સીતા, તું જ તારા પાણિસ્પર્શથી જગત્પતિને સંજીવિત કર. સીતા પણ 'જે થવું હોય તે થાય' કહીને, રંગભૂમિ ઉપરથી, દૂર રામને ટકાવી રાખવા દોડી જાય છે. પછી સીતાથી સ્પર્શાતા હોય

તેવા મૂર્છિત રામનો પ્રવેશ થાય છે. રામ ભાનમાં આવે છે. રામ આ કેવી રીતે બન્યું ? તે પામી શકતા નથી. શું આ હરિચંદનનાં પાંદડાનો રસ હતો કે સંજીવનૌષધિનો રસ મારી ઉપર છાંટવામાં આવ્યો ? ઇત્યાદિ. એક ક્ષણે મનમાં એવી શંકા પણ ઊઠે છે કે "ક્યાંક વત્સલા સીતાદેવીએ તો મારી ઉપર ઉપકાર નહીં કર્યો હોય ને ?"[5] રામ ફરીથી 'हा प्रिये जानकि!" એમ બૂમ પાડી ઊઠે છે. સીતાને એક ક્ષણ તો જે બની ગયું છે તે ભૂતકાળને જોતાં આવો ઉદ્ગાર આશ્ચર્ય ઉપજાવે છે; અને 'અસદૃશ' (અયોગ્ય) લાગે છે. પણ બીજી જ ક્ષણે સીતા એમ પણ વિચારવાલાગે છે કે મારા વત્સલ આર્યપુત્ર ઉપર હું ખોટી જ "નિરનુક્રોશ'' થાઉં છું. સીતા બોલે છે કે વસ્તુતઃ તો अहम् एतस्य हृदयं जानामि, मम अपि एषः । "હું એમનું (રામનું) હૃદય જાણું છું; અને એ મારું હૃદય જાણે છે." બન્નેને એકબીજા માટે શી લાગણી છે તે એ બન્ને સારી રીતે જાણે છે. બીજી તરફ, રામ, ભાનમાં આવ્યા પછી, બોલે છે કે, દેવી ! તમારો કરસ્પર્શ મને હજીય આનંદ આપી રહ્યો છે; પણ હે નંદિની ! તમે ક્યાં છો ? આવાં પ્રિયવચનો સાંભળીને સીતાને પોતાનું જીવન (જન્મલાભ) ધન્ય લાગે છે. પછી રામને લાગે છે કે-અથવા, અહીં પ્રિયતમા ક્યાંથી હોય ? આ તો વારંવાર પ્રિયાને યાદ કરવાથી જન્મેલો રામભદ્રનો ભ્રમ છે.

કવિએ આમ ત્રીજા અંકના પ્રથમ દૃશ્યમાં જ રામ-સીતા બન્ને એકમેકના હૃદયને ઓળખે છે અને એકમેક વિના ઝુરે છે એ બહુ તાદૃશ રીતે રંગભૂમિ ઉપર આકારિત કરી દીધું છે.

બીજા દૃશ્યમાં રામ અને વનદેવતા વાસન્તીનું મિલન થાય છે. નેપથ્યમાંથી વાસન્તી ફરીથી બોલે છે અને એ વાત તરફ ધ્યાન દોરે છે કે સીતાએ ઉછેરેલા ગજબાળ ઉપર બીજા એક ઉદ્દામ ગજરાજે આક્રમણ કર્યું છે. રામ એકદમ ઊભા થાય છે, અને "ક્યાં છે એ દુરાત્મા, કે જેણે સીતાના ગજબાળ ઉપર હુમલો કર્યો છે?" એમ બોલતાં ધસી આવે છે. વાસન્તી રઘુનંદન રામને જોઈને સંભ્રમ સાથે આનંદિત થઈ જાય છે. વાસન્તી પેલા ગજબાળ ઉપરના હુમલાનું સ્થળ બતાવે છે, રામ એ તરફ આગળ વધે છે. સીતા રામની પાછળ અનુસરવા ચાહે છે. પણ ત્યાં તો દૂર ઊભા ઊભા જ દેખાયું કે સીતાના એ ગજબાળે વિજય મેળવી લીધો છે; અને હવે એણે પોતાની હાથણીને રાજી કરવાની પ્રવૃત્તિ પણ શરૂ કરી દીધી છે. તેણે મૃણાલકાંડ તોડી તોડીને હાથણીને ખવડાવવાનું, વચ્ચે વચ્ચે સુગંધિ જળ પીવડાવવાનું શરૂ કર્યું છે અને છેલ્લે એણે પ્રિયાના માથા ઉપર કમળપત્રની છત્રી પણ ધરીને તડકાને રોક્યો!-આ જોઈને સીતા બોલી ઊઠે

છે કે – ભગવતી તમસા ! જો આ ગજબાળ આટલો મોટો થઈ ગયો છે, તો મારા એ બે કુશ-લવ આટલા સમયે કેવડા થયા હશે ? એની ખબર નથી.

આ કરિકલભ (ગજબાળ)ના આખા પ્રસંગનું નાટકીય પ્રયોજન શું હશે ? એમ વિચારીએ તો તરત જ સમજાય છે કે કવિને કેવળ પતિવિરહિણી નહીંપણ પુત્રવિરહિણી સીતાને, એના આર્યપુત્ર (રામ)ની હાજરીમાં એના પુત્રોનું સ્મરણ કરાવવું છે, એટલે કે સીતાના માતૃત્વને જગાડવુ છે. રામની સાથે રહેલી વાસન્તી ગજબાળ તરફ ધ્યાન દોર્યા પછી, સીતાએ ઉછેરેલાં મયૂર અને કદમ્બ વૃક્ષ પણ રામને બતાવે છે. રામને યાદ આવે છે કે સીતાએ જે મયૂરને તાલ આપી આપીને નૃત્ય શીખવ્યું હતું, તે જ આ મયૂર છે. વળી, તે મયૂર સીતાએ જ ઉછેરેલા કદમ્બવૃક્ષ ઉપર બેસીને નૃત્ય કરે છે. આમ રામ પંચવટીમાં હવે ક્ષણાર્ધમાં જ સીતામય બની જાય છે. એવામાં વાસન્તી રામને એક શિલાતલ બતાવે છે કે જે રામ-સીતાનું શયનીય શિલાતલ હતું. પણ આ દૃશ્ય રામ અને સીતા બન્નેને, વર્તમાન સ્થિતિના સંદર્ભમાં, ઊંડા દુઃખમાં ઉતારી દે છે. રામ અને સીતા અત્યારે શરીરથી રંગભૂમિ ઉપર-પંચવટીમાં પાસે પાસે હોવા છતાંય, અને મનથીય એક હોવા છતાંય કાળની વક્રગતિએ તે બન્નેને યોજનો દૂર કરી દીધાં છે. સીતા આ ભાવને વાચા આપતાં કહે છે કે - हा दैव ! एष मया विना, अहम् अपि एतेन विना इति स्वप्नेऽपि केन संभावितम् आसीत् ?

ત્રીજું દૃશ્ય : વાસન્તી વાતનો / પરિસ્થિતિનો સૂર બદલવા માટે રામને માટે સ્વાગત કરવા વનનાં વૃક્ષો, વાયુઓ અને પક્ષીઓને ઉદેશીને શ્લોક – ૨૪ કહે છે. પછી બન્ને (રામ અને વાસન્તી) એક જગ્યાએ બેસે છે, હવે વાસન્તી જાણે સીતાની વકીલાત કરતી હોય તેમ રામ જોડે વાતચીત શરૂ કરે છે : વાસન્તી રામને પૂછે છે: શું કુમાર લક્ષ્મણ કુશળ તો છે ને ?[6] રામ શું જવાબ આપે? તેમણે જાણે કશુંય ન સાંભળ્યું હોય તેમ કર્યું. એટલે વાસન્તીએ ફરીથી એ પ્રશ્ન દોહરાવ્યો. રામને માટે 'મહારાજ' એવું, પ્રેમ વિનાનું સંબોધન અને સીધો લક્ષ્મણના કુશળ અંગેનો પ્રશ્ન થતાં રામને લાગે છે કે વાસન્તીને સીતાત્યાગ વિશેની બધી ખબર પડી ગઈ છે. વાસન્તી રામને સીધો પ્રશ્ન કરે છે કે - દેવ, તમે આટલા દારુણ કેમ બન્યા ? અહીં, વચમાં જ સીતા જાણે રામની વકીલાત કરતી હોય તેમ બોલે છે કે - વાસન્તી ! તું કેમ આમ બોલે છે. મારા આર્યપુત્ર તો બધાના પ્રેમના જ અધિકારી છે; વિશેષ કરીને મારી જે સખી હોય તેણે તો રામ જોડે પ્રેમપૂર્ણ જ વ્યવહાર કરવો જોઈએ.

વાસન્તી જયારે રામને પૂછી જ કાઢે છે કે - દેવે (સીતાત્યાગ રૂપી) અકાર્ય કેમ કર્યું ? ત્યારે રામ કહે છે : लोको न मृष्यति। "લોકો માફ ન કરે તે માટે." પણ, રામે પ્રજા-મતને માથે ચઢાવીને સીતાત્યાગનું પગલું ભર્યું છે એવું સાંભળ્યા પછીય, વાસન્તી પ્રશ્ન કરે છે કે યશ મેળવવા તમે આવું કર્યું હોય, તો'ય તમનેતો ઘોર અપયશ જ મળવાનો છે. કેમકે ત્યજાયેલી એ હરિણાક્ષી સીતાનું જંગલમાં પછી શું થયું હશે ? રામ પણ એ વાતે સ્પષ્ટ છે કે એકવાર ત્યજાઈ ગયા પછી, સીતા નિશ્ચિતપણે હિંસક પ્રાણીઓ વડે હણાઈ જ ગઈ હશે. (नियतं विलुप्ता।). રામ સીતાની યાદમાં પ્રલાપ કરે છે, છુટે મોંઢે રડી પડે છે.

આ સંદર્ભે, કવિશ્રી ઉમાશંકર જોશીનો મત જાણવો રસપ્રદ રહેશે[7] : સીતાનો ત્યાગ કર્યા પછી, રામને મન સીતા તો મરી જ ગઈ છે - (નિયતં વિલુભા); અને તેથી કવિ ભવભૂતિ અદ્વૈતભર્યા દાંપત્યજીવનમાં વાર્ધક્ય પણ પ્રેમનો રસ હણી શકતો નથી એવા દર્શન સુધી આપણને, પ્રથમ અંકમાં લઈ આવ્યા છે. પણ એ દાંપત્યજીવનમાં મૃત્યુનો પડદો પડે તો ? શ્રી ઉમાશંકર જોશીના શબ્દો આ પ્રમાણે છે : "ઉત્તરરામચરિતના પહેલા અંક પછીના ભાગમાં કવિ આપણને આ પ્રશ્નના ઉત્તર રૂપે અનુભૂતિ કરાવે છે કે પ્રિયજનનું મૃત્યુ થાય તો પણ પ્રેમ તો અમર રહે છે....(ભવભૂતિએ) એક એવી સૃષ્ટિ આપણી આગળ રજૂ કરી છે કે જેમાં મૃત્યુ પામેલું મનાતું પ્રિયજન પોતે પ્રેમની અમરતાનો સાક્ષાત્કાર કરી શકે અને પ્રેક્ષકવૃંદ તરીકે આપણે પણ તેની દ્વારા (પ્રોક્સીથી) એવો સાક્ષાત્કાર કરી શકીએ છીએ."? રામ સીતાના વિયોગમાં શોકમગ્ન થઈને ઘણો પ્રલાપ કરે છે અને બીજીવાર મૂર્છિત થઈ જાય છે.

ચોથું દૃશ્ય : ફરીથી પણ તમસાની પ્રેરણાથી જ સીતા પોતાના હાથના સ્પર્શથી રામને ભાનમાં આણે છે. સીતાનો હાથ રામના લલાટ ઉપર ફરી રહ્યો છે ત્યારે આનંદાનુભૂતિથી આંખો મીંચેલા રામ બોલી ઊઠે છે કે - સખી વાસન્તી ! ફરીથી જાનકી મળી ગઈ !! આ સામે રહી..! રામ સીતાનો હાથ પકડીને, પરિણયપ્રસંગે (હસ્ત-મેળાપ વખતે) જે કંકણધારી હાથનો સ્પર્શ અનુભવ્યો હતો, તેને યાદ કરે છે. પછી રામ પોતે આનંદાતિરેકમાં જડ બનતી ઇન્દ્રિયોને અનુભવે છે, તેથી વાસન્તીને તે હાથ પકડી રાખવા કહે છે. પણ સીતા હાથ લઈ લે છે. રામને થાય છે કે મોટો પ્રમાદ થઈ ગયો, ક્યાં ગયો એ સીતાનો હાથ ? રામ હવે ઉન્માદ કરે છે : “હે વૈદેહી, તમે અકરુણ છો ? કેમ દેખાતા નથી ? મને ત્યજી દેવો યોગ્ય નથી. વગેરે". વાસન્તી રામને સમજાવે છે કે દેવ, અહીં મારી સખી સીતા ક્યાંથી હોય? તમારી જાતને થોડીક ધીરજમાં

રાખો. પણ રામ આ બીજી વખતના સીતાસ્પર્શથી ખરેખર આશંકામાં જ મૂકાઈ જાય છે કે આ સ્વપ્ન હતું કે વાસ્તવ ? શું આનિદ્રા હતી? પણ રામને તો નિદ્રા હોય જ ક્યાંથી ?આમ રામ સીતાના હોવા વિશે કશો નિર્ણય કરી શકતા નથી; પણ તે કદાચ જીવતી હોઈ શકે એવી પ્રબળ આશંકા તો એમનામાં જન્મે જ છે.

આ દૃશ્ય જોઈને ખરેખર તો એમ જ લાગે છે કે સંસ્કૃત નાટકકારો જયારે નાટ્યક્રિયામાં પ્રિયપાત્રનું અવસાન થયું છે એવો કોઈ સંદર્ભ રચાય છે, ત્યારે સ્વપ્ન કે મૂર્છા, કે છાયાસીતાના સ્પર્શાદિથી 'કદાચ પ્રિયપાત્ર જીવતું હશે' એવી આશંકા, કોઈ પ્રસંગથી પહેલાં જન્માવે છે; અને ત્યાર પછી જ સ્થુળમિલનની ક્રિયા હાથ ધરે છે. કેમકે મરી ગયેલું પાત્ર એકદમ જ સામે આવીને ઊભું રહી જાય તો તે સ્વાભાવિક લાગતું નથી; અને સ્વીકાર્ય પણ બનતું નથી. રામને થાય છે કે હવે મારે જવું જોઈએ; કેમકે અહીં રહીને વાસન્તીને વધુ દુઃખ પહોંચાડ્યા કરવું તે ઠીક નથી. રામ અયોધ્યા પાછા ફરવા માંગે છે; રામ કહે છે કે "મારે અશ્વમેધયજ્ઞની સહધર્મચારિણી છે...'; અને વચમાં જ સીતા સહસા પૂછી લે છે: "આર્યપુત્ર એ વળી કોણ?" તો રામ "સોનાની બનાવેલી સીતાની પ્રતિકૃતિ, જેને જોઈને મારી આંખોનું વિનોદન કરું." આ સાંભળીને સીતાનો જીવ હેઠો બેસે છે; તે બોલે છે : आर्यपुत्र इदानीमसि त्वम् । अम्महे, उत्खातम् इदानीं मे परित्यागलज्जाशल्यम् आर्यपुत्रेण ॥ "તો, હવે તમે (મારા) એ પતિદેવ છો ! હાશ, હવે આર્યપુત્રે મારો પરિત્યાગ કર્યાનું મને જે લજ્જાશલ્ય લાગ્યું હતું, તે ઉખાડી કાઢ્યું છે."

રામે સીતાત્યાગ કર્યો, ત્યારે કદાચ પ્રજામાં એવી ગેરસમજ ઊભી થઈ હશે કે રામ પણ અમારી જેમ સીતાને અપવિત્ર માનતા હશે, અને એટલે જ એમણે સીતાનો ત્યાગ કરવાનું પગલું ભર્યું હશે. પણ ૧૨ વર્ષ પછી, રામે જ્યારે અશ્વમેધ યજ્ઞ કરવાનો ઉપક્રમ સ્વીકાર્યો ત્યારે બીજા લગ્ન નહીં કરીને, યજ્ઞક્રિયા કરવા માટે અનિવાર્ય એવી સહધર્મચારિણી પત્ની તરીકે સીતાની જ સોનાની પ્રતિકૃતિ (મૂર્તિ) બનાવડાવીને બાજુમાં-વામ-અંગે—બેસાડી ત્યારે લોકોનો ભ્રમ ભાંગ્યો હશે, કે રામ અમારી (પ્રજાજનોની) જેમ સીતાને અપવિત્ર નહોતા માનતા, એમને મન તો સીતા પવિત્ર જ હતાં. કેવળ પ્રજાને ખૂશ રાખવા એમણે પોતાના અભિપ્રાયને સંતાડી રાખ્યો હતો. કોઈ પણ પત્નીને માટે બીજા લોકો એને માટે શું બોલે છે? એ જાણવા કરતાં, એનો પતિ એને માટે શું માને છે કે શું બોલે છે ? એ જ મહત્ત્વનું હોય છે. સીતાને લાગે છે કે રામના આ પગલા દ્વારા પ્રજાના માનસમાં પોતાની પવિત્રતાને દૃઢતાપૂર્વક પ્રતિષ્ઠિત કરી દેવામાં આવી છે.પતિ માટે

પત્ની અને પત્ની માટે પતિનો પ્રેમ હમેશા બન્યો રહે છે જે છાયાસીતા પ્રસંગના માધ્યમથી ભરતીયતાના અંશો જોઇ શકાય છે.

પાદટીપ:-

(૧) अनिभिन्नो गभीरत्वाद् अन्तर्गुढघनव्यथः ।

पुटपाकप्रतीकाशो रामस्य करुणो रसः ॥ ઉત્તરરામચરિત (૩-૧)

(૨) ઉત્તરરામચરિત અંક -૩

(૩) करुणस्य मूर्तिरथवा शरीरिणी विरहव्यथा इव वनम् एति जानकी।

ઉત્તરરામચરિત અંક -૩.૪

(૪) आर्यपुत्र, परित्रायस्व परित्रायस्व मम तं पुत्रकम्। ઉત્તરરામચરિત અંક -૩.૬

(૫) न खलु वत्सलया सीतादेव्याऽभ्युपपन्नोऽस्मि । ઉત્તરરામચરિત અંક -૩.૧૨

(૬) महाराज, अपि कुशलं कुमारलक्ष्मणस्य । ઉત્તરરામચરિત અંક -૩.૨૪

(7) ઉત્તરરામચરિત: અનુ. ઉમાશંકર જોશી, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ, ૧૯૫૮, પૃ.૨૫

54

યુવાનો પર સોશિયલ મીડિયાની ભૂમિકા અને અસર

BHATT JALAKBEN CHETANKUMAR
ASSISTANT PROFESSOR
AWAMI SAHJANAND GROUP OF COLLEGE

પ્રસ્તાવના: -

આજે આપણે મુદ્રાણ યુગથી સાઇબર યુગમાં પ્રવેશ કરી ચૂક્યા છીએ. મીડિયાની ઉપયોગીતા સોશિયલ સાઈટ્સનો ઉપયોગ ખૂબ જ મોટા પ્રમાણમાં થવા લાગ્યો છે. સંપર્ક અને સંચાર મીડિયાના આ યુગમાં અનેક પરિવર્તનો થયા છે. કનેક્ટિવિટી તેનો મૂળ મંત્ર બની ગયો છે.સોશિયલ મીડિયા સકારાત્મક ભૂમિકા ભજવે છે ત્યારે કેટલાક લોકો તેનો દુરુપયોગ પણ કરે છે.

ડિઝીટલ યુગમાં મોબાઇલ, કમ્પ્યટર અને ટીવી સહિતના ઉપકરણો અતિ જરૂરી અને મહત્વના છે. પરંતુ તેના સદઉપયોગના બદલે દુર ઉપયોગના કારણે તરૂણ અવસ્થામાં ગુનાખોરી તરફ વળે છે, જે સમાજ માટે જોખમી બની ગયા છે.

પરિવારના મોભીએ પોતાના બાળકો મોબાઇલનો કંઇ રીતે ઉપયોગ કરી રહ્યા છે. તેના પર દેખરેખ રાખવી જરૂરી બની છે. સોશ્યલ મિડીયામાં થતા વાયરલ બનાવ પરિવાર માટે વાયરસ બનીને ત્રાટકે તે પહેલાં સમાજે સજાગ બનવું જરૂરી બન્યું છે.

વ્યક્તિ ખુદને સોશિયલ મીડિયા વગર અધૂરી સમજે છે. આજે સોશિયલ મીડિયા દુનિયાભરના લોકો સાથે જોડાવાનું એક મહત્વપૂર્ણ સાધન બની ગયું છે અને તેણે વિશ્વના સંચારને એક નવી દિશા આપી છે.

✓ ચાવીરૂપ શબ્દો:

મીડિયા, સામાજિક અસરો, ટેકનોલોજી

✓ વ્યાખ્યા: -

" સમૂહ માધ્યમોમાં યાંત્રિક ટેકનોલોજી મહત્વની છે. તે દરેક સમૂહના લોકોને એકબીજા સાથે સાંકળે છે. તેના દ્વારા સંદેશાઓ, માહિતીની આપ લે ખૂબ જ ઝડપથી વ્યાપક પ્રમાણમાં સતત થતી જોવા મળે છે. તેનો હેતુ લોકો પર એ રીતે પ્રભાવ પાડવાનું હોય છે કે જેથી લોકો વધુ પ્રમાણમાં માધ્યમોનો વધુ વ્યવહારમાં ઉપયોગ કરી શકે."

- ડો. ભાગ્યશ્રી રાજપુત

✓ સોશિયલ મીડિયા નો ઉપયોગ: -

સોશિયલ મીડિયાએ દુનિયાને ખુબ જ નાની બનાવી દીધી છે. દુનિયાના દરેક લોકો કોઈ ને કોઈ હેતુથી સતત છે. સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતા જ હોય છે પરિવાર, મિત્રોના સંપર્કમાં રહેવા માટે, નવા મિત્રો બનાવવા માટે, અગત્યની માહિતી આપવા માટે કે મેળવવા માટે, સમય પસાર કરવા માટે, સોશિયલ મીડિયાની એપ્સનો તથા વેબસાઈટનો ઉપયોગ કરવામાં આવે છે.

વર્તમાનમાં સોશિયલ મીડિયા નો ઉપયોગ કોઈ પણ ઉત્પાદનને બજારમાં મૂકવા, બ્રાન્ડસને પ્રોત્સાહન આપવા વર્તમાન ગ્રાહકો સાથે જોડાવા અને નવા વ્યવસાયને પ્રોત્સાહન આપવા માટે પણ થાય છે

સોશિયલ મીડિયા આજે લોકો માટે સકારાત્મક અને નકારાત્મક બંને દૃષ્ટિથી હથિયારનું કામ કરે છે.

✓ સોશિયલ મીડિયાના પ્રકારો: -

1) Social Networks: Facebook, twitter, Linkedln
2) Media Sharing Networks: Instagram, Snapchat, Youtube
3) Discussion Forms: Reddit, Quora, Digg
4) Bookmarking and Content Curation Networks: Pinterest, Flipboard
5) Consumer Review Networks: Yelp, Zomato, Tripadvisor
6) Blogging and Publishing Networks: WordPress, Tumblr, Medium
7) Interest – Based Networks: Goodreads, Houzz, Last.fm

✓ સોશિયલ મીડિયાની અસરો: -

યુવાની એવી જેમાં યુવાને પોતાના જીવનનુ ઘડતર કરવાનુ હોય છે. ઘણા એવુ કહે છે કે યુવાનીમાં તો જલસા હોય પણ જે કાર્યો યુવાનીમાં કરી નાખ્યા હોય તે આપણે ડોશા થયા પછી કરવાના નથી. યુવાનીમાં જ આપણે આપણી છબી એવી શ્રેષ્ઠ બનાવી દેવાની કે જેથી પાછળ જતા પસ્તાવો ના થાય. યુવાન તરીકે આપણા ફેમિલી, સમાજ, દેશ માટે એવા કાર્યો કરવા કે જે આપણા જીવનો વિકાસ કરે છે. જેથી કરીને આવનાર ભવિષ્યમાં બધા આપણને આદર્શ બનાવે.

યુવાન તો એવો હોવો જોઇએ જે કઇ પણ કરે પણ જે તેની પ્રતિષ્ઠા વધારે એવુ હોવુ જોઇએ. પછી ના કે કોઇ પણ શરત રમે અને કરે. તે તો એક દેખાવ થઇ જાય. એમ પણ આજના યુગમાં યુવાન તો દેખા-દેખીમાં જ તો જીવે છે. આની પાસે આવુ છે મારી પાસે કેમ નથી. યુવાન પાસે કોઇ લક્ષ્ય નથી. અને લક્ષ્ય પણ એવા હોય છે કે જે આજે આ તો કાલે બીજુ. આજનો યુવાન ક્રિકેટ બોલ જેવો થઇ ગયો છે જે બધાના હાથમાં ફરતો જ રહ્યો છે. કોઇ પણ એનો ઉપયોગ કરે પછી નાખી દેવામાં આવે છે. આજના યુવાનમાંથી યુવાની નીકળી ગઇ છે. યુવાન રોજને રોજ લાચાર બનતો જાય છે. આજના યુવાન પાસે આત્મવિશ્વાસ નથી.

વર્તમાન સમયમાં સામાન્ય નાગરિકોની વચ્ચે જાગૃતિ ફેલાવવા માટે સોશિયલ મીડિયાનો પ્રયોગ વ્યાપક સ્તરે થઇ રહ્યો છે. સરકારી સંસ્થાઓ અને વિભાગોએ પણ પોતાના સોશિયલ મીડિયા ખાતાં બનાવ્યાં છે, જ્યાંથી સંબંધિત જાણકારીઓને પ્રસારિત કરીને લોકોને સમયે-સમયે જાગૃત કરી શકાય છે.

હવે સોશિયલ મીડિયા માહિતીનું કેન્દ્ર બની ગયું છે. કેટલાય સંશોધનોમાં સામે આવ્યું છે કે દુનિયાભરમાં મોટાભાગના લોકો રોજિંદી માહિતી કે સમાચારો સોશિયલ મીડિયાનાં માધ્યમથી પ્રાપ્ત કરે છે.

ભારત જેવા રાષ્ટ્રની વાત કરીએ તો સોશિયલ મીડિયા એક વરદાન પણ છે અને ઘણા માપદંડોમાં તે સમસ્યાઓનું ઉત્પાદક પણ બની ગયું છે.

એક આંકડા અનુસાર વર્તમાનમાં ભારતમાં લગભગ ૩૫૦ મિલિયન સોશિયલ મીડિયા યુઝર છે અને એક અનુમાન મુજબ વર્ષ ૨૦૨૩ સુધી આ સંખ્યા લગભગ ૪૪૭ મિલિયન સુધી પહોંચી જશે. વર્ષ ૨૦૧૯માં જારી એક રિપોર્ટ મુજબ ભારતીય યુઝર્સ સરેરાશ ૨.૪ કલાક સોશિયલ મીડિયા પર વિતાવે છે. આ રિપોર્ટ મુજબ ફિલિપાઇન્સના યુઝર્સ સોશિયલ મીડિયાનો સૌથી વધુ સરેરાશ ચાર કલાક પ્રયોગ કરે છે. જ્યારે આ આધારે જાપાનમાં સોશિયલ મીડિયાનો સૌથી ઓછો એટલે કે ૪૫ મિનિટ પ્રયોગ થાય છે.

આજે સાઇબર એટેક પણ દિન પ્રતિદિન વધી રહ્યો છે જેનાથી સમાજ પણ આતંકીત થઈ રહ્યો છે. સાઇબર એટેક દ્વારા યુઝર્સની અંગત વાતો જાહેર થઈ જાય છે અને એકાઉન્ટ હેક થઈ જાય છે. સાઇબર ગુનેગારોએ યુઝર્સના ઇ-મેલ એડ્રેસ, જન્મ તારીખ, અને અન્ય અંગત માહિતી મેળવીને ઘણા ગુનાઓ આચર્યા છે પરિણામે ઘણું જ નુકસાન યુઝર્સને વેઠવાનું આવ્યું છે.

ઇન્ટરનેટ અને મોબાઈલ દ્વારા વર્ચ્યુઅલ વિશ્વની નજીક ભલે આપણે આવી ગયા હોય પરંતુ આપણે આપણા ખુદના પરિવારના લોકોથી દૂર થઈ ગયા છીએ એ એક વાસ્તવિકતા છે.

માહિતી ટેકનોલોજી આજે જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં પ્રવેશ કરી લીધો છે મોબાઈલના માધ્યમથી આજે આપણે એકબીજાના ઘરમાં ઘૂસી ગયા છીએ જે ધીમે ધીમે સ્લો પોઈઝનની જેમ આપણા જીવનમાં અસર કરી ચૂક્યું છે મોબાઈલ યુવા પેઢીના આજનો રમકડું બની ગયું છે જેના ઉપયોગ પર કોઈ જ અંકુશ રહ્યો નથી.

તકેદારીઓ માટે સજાગ બનવુ જોઈએ. અને તેના માટે અન્ય લોકો પણ જાગૃત બને તેવા પ્રયાસ કરી યુવાધનને માનસિક બિમારીઓનો ભોગ બનતા અટકાવી શકાઈ.

- **અભ્યાસ પદ્ધતિ** : દસ્તાવેજી અથવા ગ્રંથીય નિરીક્ષણ પદ્ધતિ, નિરીક્ષણ પદ્ધતિ
- **સૂચક શબ્દો** : માનસિક સ્વાસ્થય, જાગૃતિ, યુવાનો

❖ **પ્રસ્તાવના** :

આજના આધુનિક યુગમાં વિશ્વના દરેક દેશોએ વિકાસના પંથે હરણફાળ ભરી છે. ત્યારે ભારતના યુવાનોએ પણ દેશના વિકાસમા પોતાનું અનન્ય યોગદાના આપી રહ્યા છે. ત્યારે યુવાનો અનેક સમસ્યાઓમાંથી પસાર થઈ રહ્યા છે. જે માટે વર્તમાન સમયની જીવનાશૈલી અને ભાગ-દોડ ભરી જીંદગી જવાબદાર બની રહી છે. ઘણીવાર પોતાની લક્ષ્યપ્રાપ્તિમાં અડચણરૂપ બનતા તત્વોને દૂર કરવા પોતે જ ગેરમાર્ગે દોરાઈ સમસ્યાને આમંત્રિત કરી બેસે છે. ટૂંકા માર્ગે સફળતા મેળવવાના વધતા જતા પ્રયાસોના લીધે યુવાનોએ પોતાની સમસ્યા પોતે જ સર્જી હોવાના દાખલા બની રહ્યા છે. યુવાનોમાં વધતું જતું વ્યસનનું પ્રમાણ, એકલતા, વિભક્ત કુટુંબ, સોશિયલ મીડીયા, ઓનલાઈન ગેમિંગ વગેરે જેવી પ્રવૃત્તિના લીધે યુવાનોમાં માનસિક તણાવનું પ્રમાણ વધતું જતું જોવા મળે છે. જો આ બાબતને ગંભીરતાપૂર્વક લેવામાં ન આવે તો ભવિષ્યમાં ઘણા ગંભીર પરિણામોનો સામનો કરવો પડશે. તેથી યુવાનોમાં માનસિક સ્વાસ્થય અંગેની જાગૃતિ ફેલાવી તેમને માનસિક રીતે સ્વસ્થ જીવન પ્રદાન થાય. જેથી તેઓ પોતાના કુટુંબ, રાજ્ય અને દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપી પોતે પણ નિરોગી જીવન વિતાવી શકે.

❖ **માનસિક સ્વાસ્થયનો અર્થ** :

WHO ની વ્યાખ્યા અનુસાર... "જે વ્યક્તિ તેની ક્ષમતાનો અહેસાસ કરાવે, સામાન્ય રીતે સામાન્ય જીવનભારનો સામનો કરી શકે, સારી રીતે કામ પૂર્ણ કરી શકે, પોતાના સમુદાય માટે તે કામ કરી શકે તેને માનસિક સ્વસ્થ વ્યક્તિ કહે છે."

❖ **યુવાનો અને માનસિક સ્વાસ્થય** :

આજના આ યુગમાં સૌ કોઈ ઝડપથી સફળતા ઈચ્છે છે. ખાસ કરીને યુવાનોમાં આ વૃત્તિ વધુ જોવા મળે છે. ઘણા યુવાનો આજે "Short Cut way of Success" વધુ પસંદ આવે છે. કેટલાક લોકો લાંબી મહેનત કરવાને મુર્ખતા માનવા લાગ્યા છે. કેટલાક યુવાનો સમજી શકતાં નથી કે આજે જે સફળતાની ટોચે પહોંચ્યા છે, તેમણે તેમના જીવનમાં અથાગ મહેનત અને પરિશ્રમ બાદ પહોંચ્યા છે. આપણી આસપાસ ભાગ્યે જ એવી કોઈ વ્યક્તિ જોવા મળશે કે જેને અનાયાસે કે નસીબજોગે જ પદ, પ્રતિષ્ઠા કે પૈસો ઝડપથી મળી ગયા હોય. ચારેબાજુ આજે ધીરજનો અભાવ જોવા મળે છે. ભાગ-દોડ ભરી જિંદગીમાં દરેકને બધુ ઝડપથી મેળવી સફળતા જોઈએ છે. આજકાલ યુવા વિદ્યાર્થીઓ પરીક્ષામાં સંપૂર્ણ અભ્યાસક્રમ વાંચવાને બદલે ખાસ મહત્વના પ્રશ્નો જ વાંચીને જવાનો ટ્રેન્ડ ચાલે છે. ઘણા એવા સેમિનાર ચાલે છે જ્યા યુવાનોને માત્ર "પૈસાદાર" કેવી રીતે થવાય તેની તાલીમ આપવામાં આવે છે. બે-ત્રણ દિવસના આવા સેમિનારમાં જઈ યુવાનો આડા રસ્તે ચડી જઈ ગેરમાર્ગે દોરાતા હોય છે. ઘણા બધા મોટીવેશનલ વક્તાઓ પોતાના વકતવ્યથી યુવાનોને પ્રેરિત કરે છે. ત્યારે મહેનતની બદલે સતત આવા વકતવ્ય સાંભળીને મહેનતથી દૂર રહી માત્ર સફળતાના વિચારોમાં રચ્યા-પચ્યા રહેતા હોય છે. કેટલાક યુવાનોને માનસિક તણાવ અને "Mental Disorder" જેવી માનસિક

બિમારીઓ લાગુ પડી જાય છે. કારણકે તેઓ માત્ર ધ્યેયને ધ્યાનમાં લઈ તેના માટે કરવી પડતી મહેનતથી તેઓ અજ્ઞાત હોય છે. અથવા તેઓ મહેનત કરવા માંગતા નથી. આવું યુવાધન અત્યારે તરંગોમા કે ઈન્ટરનેટના બિનજરૂરી ઉપયોગમાં વેડફાઈ રહ્યું છે.

આજના સફળ સરકારી અધિકારીઓ અને ઉચ્ચ હોદ્દાઓ સભાળનાર વ્યક્તિઓ દરેક યુવાનોના આદર્શ બની રહે છે. પરંતુ તેઓની અથાગ મહેનત, પરિશ્રમ અને પાર્શ્વ ભૂમિકાને તેમજ સંઘર્ષને જોવા સમજવાનું ચૂકી જાય છે. "રાતોરાત મળેલી સફળતા વિશે તમે શું કહેશો?"ના પ્રશ્નો પૂછાય છે. એ રાત જે-તે વ્યક્તિ માટે તેમજ તેના પરિવાર માટે કેટલી લાંબી હશે તેનો વિચાર ભાગ્યે જ કોઈને સ્પર્શે છે. ઘણીવાર મળતી અસફળતાને કારણે યુવાનો હતાશ, નિરાશ બની અનુકુલન આપી શકતા નથી. પરિણામે તે વ્યસન, સોશિયલ મિડીયા, આત્મહત્યા, ચોરી, લૂંટ-ફાટ, એકલતાનો ભોગ બને છે. ત્યારે યુવાનો પોતાની તેમજ પોતાના પરિવારની જિંદગી દાવ પર લગાવતો હોય છે.

❖ **માનસિક સ્વાસ્થયનું મહત્વ** :

- દસ ઓક્ટોબરના દિવસને વિશ્વ માનસિક આરોગ્ય દિવસ તરીકે વિશ્વભરમાં મનાવવામાં આવે છે.
- માનસિક સ્વાસ્થય દિવસ ઉજવવાનો હેતુ એ છે કે વિશ્વભરમાં માનસિક સ્વાસ્થય વિશે જાગૃતતા ફેલાય તેમજ માનસિક સ્વસ્થતા જાળવવા જરૂરી પગલાઓ લેવામાં આવે.
- આજે વિશ્વમાં 450 મિલિયનથી પણ વધુ લોકો માનસિક વિકૃતિઓથી પીડાઈ રહ્યા છે. વિશ્વ આરોગ્ય સંસ્થા અનુસાર 2020 સુધીમાં હતાશા વિશ્વમા બીજો સૌથી મોટો રોગ બની જશે. (મુરે અને લોપેઝ, 1996) માનસિક સ્વાસ્થયની સારવારની ક્ષમતાનો બોજ એ વિકસિત અને વિકાસશીલ દેશો માટે એક વૈશ્વિક બોજ હશે. આ ઉપરાંત માનસિક આરોગ્ય ને લગતી

બિમારીઓના સારવાર માટે ખર્ચનો બોજ વધતો જશે. તેથી સામાજિક અને આર્થિક રીતે માનસિક આરોગ્ય અંગે પ્રોત્સાહન, ઉપચાર અને સારવારની શક્યતા પર ધ્યાન કેન્દ્રિત કરી તે અંગે વધુ જાગૃતતા આવે તેવા પ્રયત્નો કરી માનસિક સ્વાસ્થય પર ધ્યાન આપવું જોઈએ. માનસિક રીતે અસ્વસ્થતા અનેક માનસિક બિમારીઓને આમંત્રિત કરે છે. જે સામાજિક સમસ્યાઓ તરફ દોરી જાય છે. દા.ત., બેરોજગારી, નિમ્ન પરિવારો, ગરીબી, દવાઓનો દુરુપયોગ અને સબંધિત ગુન્હાઓ...

- વ્યક્તિ માનસિક રીતે સ્વસ્થ હશે તો જ તે પોતાના કાર્યક્ષેત્રમા સારી રીતે કાર્ય કરી જે-તે ક્ષેત્રને વિકસિત કરી શકશે. આ ઉપરાંત કુટુંબમા તેમજ સમાજમાં પોતાની યોગ્ય ભૂમિકા ભજવી શકશે. પરીણામે એક તંદુરસ્ત સમાજનું નિર્માણ થઈ શકે એ માટે માનસિક સ્વાસ્થય ખૂબ મહત્વનું બની રહે છે.

A) માનસિક સ્વાસ્થયની સમસ્યાના કારણો :

માનસિક રીતે સ્વસ્થ રહેવા તેના કારણો વિશે જાણકારી મેળવી તેને દૂર કરવાના પ્રયત્નો કરવા જોઈએ.

1) રોજિંદા જીવનમા માનસિક તણાવ
2) સ્વજનનુ મૃત્યુ અથવા નુકસાન
3) જીવનમા આર્થિક અને અન્ય પરિવર્તન
4) માનસિક આઘાત
5) શારિરીક સમસ્યાઓ
6) અસફળતા

ઉપર દર્શાવેલા કારણો જ્યારે જોવા મળે ત્યારે વ્યક્તિને અનુકુલન સાધવામા કુટુંબીજનો, મિત્રો તેમજ સમાજનાં અન્ય લોકોએ મદદ કરી તેની માનસિક સ્વસ્થતા વિશે જાગૃત બનવું જોઈએ.

❖ માનસિક બિમારી/તણાવથી બચવા જરૂરી બાબતો :

- જીવનમાં આદ્યાત્મિકતા કેળવો.
- પોતાની જાતને તેમજ અન્યને તણાવમાંથી બહાર લાવવા મદદ કરવી.
- તમારા દૈનિક જીવનમાં વિવિધતા લાવો.
- લાગણીની અભિવ્યક્તિ કરવી.
- આસપાસનુ વાતાવરણ સુધારવું.
- મનને શાંતિ મળે તેવી રસપ્રદ પ્રવૃત્તિમાં જોડાવું. જેમ કે યોગ, પ્રાથના, ધ્યાન...
- મદદરૂપ થાય તેવા તંદુરસ્ત સબંધો વિકસાવવા.
- સહાય જૂથ શરૂ કરવું.
- આવેશાત્મક પ્રતિક્રિયા પર અંકુશ રાખવો.
- અન્યને સક્રિય રીતે સાભળો.
- જુથમા લાગણીઓ અને અનુભવોની આપ-લે કરો.
- નિયમિત યોગ અને ચાલવાનુ રાખો.
- નિયમિત રસપ્રદ વાંચન કરવુ.
- પોતાના અંગત વ્યક્તિઓ સાથે સમય પસાર કરવો.
- કુટુંબના સભ્યો સાથે સમય વિતાવો.
- જીવનમા નિરસતાને દૂર કરવા પ્રયત્નો કરો.
- તર્કયુક્ત અને વાસ્તવિક અપેક્ષાઓ જ રાખવી.

❖ ઉપસંહાર :

દુનિયામા સૌથી વધારે યુવા વસ્તી ધરાવતા દેશોમાં ભારત સામેલ છે. જ્યા 378 મિલિયન કિશોરો અને યુવાનો તેમજ દેશની 65% વસ્તીની વય 35 વર્ષથી ઓછી છે. ત્યારે યુવા પેઢીના સર્વાંગી સ્વાસ્થય અંગે ગંભીરતા લઈ તેમનું સ્વાસ્થય તંદુરસ્ત બને તે કુટુંબ, સમાજ અને ભારત સરકારની નૈતિક ફરજ બની રહે. જેથી એક તંદુરસ્ત સમાજનુ નિર્માણ થઈ શકે. યુવાશક્તિને દેશના વિકાસનો આધર બનાવી દેશનો સર્વાંગી વિકાસ સાધી શકાય. તે માટે યુવાનોમાં માનસિક સ્વાસ્થય અંગે જાગૃતતા જરૂરી બને છે.

❖ સંદર્ભ સૂચિ :

- માનસિક તાણ અને યોગ સંસ્કાર-ભાગવત દળવી
- મનોરોગ વિજ્ઞાન-કઠિયારા મોહમ્મદ હફીઝા એ., અક્ષર પબ્લિકેશન, અમદાવાદ
- Psychosocial Problems of the Family members of Mental Patients in the Process of their Treatment and Rehabilitation
- Researcher: Juhi Chakravorty, Dept. of Social Work, Mahatma Gandhi Kashi Vidyapith, Varansi-221002
- https://www.abtakmedia.com, https://gu.vikaspedia.in

66

A I (કૃત્રિમ બુદ્ધિ) યુવાનો અસરો પડકારો અને તકો: એક અધ્યન

ડો. રાજેન્દ્ર સિંહ વી મોરી
સરકારી વિનયન કોલેજ વલ્લભીપુર.

વિશ્વના માનવ સમાજની વસ્તીમાં કેન્દ્રસ્થ કોઈ બાબત હોય તો તે યુવાનો છે કારણ કે યુવાનોની ઉત્પાદનની પ્રક્રિયામાં સીધી ભૂમિકા જોવા મળે છે એટલે જ એવું કહેવાય છે જે દેશમાં યુવાનોની સંખ્યા વધુ ત્યાં ઉત્પાદન પ્રક્રિયા વધુ અને ઝડપી હોય છે એ દેશ આર્થિક રીતે સશક્ત બને છે અને તે દેશમાંથી વસ્તુઓની નિકાસ અન્ય જરૂરિયાતવાળા દેશો તરફ કરવામાં આવે છે અને તેમાંથી આર્થિક સમૃદ્ધતા ઊભી થાય છે એટલે યુવાનો કોઈપણ દેશનો એક અહમ હિસ્સો માનવામાં આવે છે અને જે દેશમાં યુવાનોની સંખ્યા મહત્તમ હોય તે દેશની પ્રગતિ અને વિકાસ થાય છે રાષ્ટ્ર નિર્માણની બાબતમાં પણ યુવાનોની મહત્તમ ભૂમિકા હોય છે કારણ કે સમાજ વ્યવસ્થાનું સાતત્ય રાષ્ટ્ર નિર્માણના મૂલ્યોનું સાતત્ય

ટકાવવામાં અને હસ્તાંતરીત કરવામાં યુવાનોની મહત્તમ ભૂમિકા હોય છે એટલે જ જે દેશમાં યુવાનોની સંખ્યા વ્યાપક હોય તે દેશ શક્તિમાન વિકાસશીલ પ્રગતિશીલ કહેવામાં આવે છે

ભારતના સંદર્ભમાં વાત કરીએ તો સ્વતંત્રતા પૂર્વે અને સ્વતંત્રતા બાદ યુવાનોને રાષ્ટ્ર નિર્માણના મૂલ્યો સામાજિક દ્વારા શીખવામાં આવતા હતા. સ્વતંત્રતા બાદ ભારતમાં લોકશાહી શાસન વ્યવસ્થા અસ્તિત્વમાં આવી ત્યારથી દેશના યુવાનોમાં રાષ્ટ્ર પ્રત્યેની આત્મીયતા રાષ્ટ્ર પ્રત્યેની ભાવના અભિભૂત થાય તે માટે સમાજ અને સરકાર દ્વારા અનેક પ્રયત્નો કરવામાં આવે છે કારણ કે ઉત્પાદનની પ્રક્રિયા મા યુવાનોની કેન્દ્રસ્થ ભૂમિકા હોય છે એટલે ભારતમાં પણ યુવાનોના સંદર્ભમાં જોઈએ તો યુવાનોની સંખ્યા મહત્તમ પ્રમાણમાં જોવા મળે છે અને તેથી જ ભારત વિકાસશીલ દેશ છે સ્વતંત્રતા બાદ માનવ વસ્તી ની પાયાની ત્રણ જરૂરિયાતના સંતોષ માટે 1960 માં ભારતમાં ઔદ્યોગિક ક્રાંતિ થઈ તેવી જ રીતે માનવ વસ્તી ની પુરવઠા વિષયક જરૂરિયાતના સંતોષ માટે ભારતમાં 1968માં હરિયાળી ક્રાંતિ થઈ જેમણે કૃષિ માં નવીનીકરણ કર્યું અને હાઇબ્રીડ બિયારણો રાસાયણિક ખાતરો જંતુનાશક દવાઓ અને સિંચાઈ થી ઉત્પાદનમાં મહત્તમ પ્રમાણમાં વધારો કર્યો અને સમાજની પુરવઠા વિશે એક જરૂરિયાત અને પૂર્ણ કરી ટૂંકમાં યુવાનો માનવ વસ્તીમાં કે સમાજમાં કેન્દ્રસ્થ હોય છે

સમાજ વ્યવસ્થામાં સમય સંજોગ અને સામાજિક પરિસ્થિતિ સતત બદલાયા કરે છે આ બદલાતા પરિધ વચ્ચે માનવ વર્તન અને વ્યવહાર બદલાય છે અલબત્ત પરિવર્તન આવે છે આ જગતમાં પરિવર્તન શબ્દ સિવાય કશું જ સ્થિર નથી કારણ કે સમયાંતરે તેમાં ફેરફાર આવ્યા કરે છે સમાજ વ્યવસ્થામાં પરિવર્તન અને સાતત્ય એ કોઈ નવી વાત નથી ઇતિહાસકારોએ યુગોનું પોતાની રીતે વિભાજન કરેલું છે આપણા પ્રાચીન ગ્રંથોમાં પણ જો જોઈએ તો શિક્ષણ રોગ ચિકિત્સા ગણિત વિજ્ઞાન ટેકનોલોજી ભરપૂર પ્રમાણમાં રહ્યા છે પરંતુ મુખ્યત્વે આપણે આ સમય ના સંદર્ભને સુવ્યવસ્થિત રીતે સમજવા માટે તેને ત્રણ ભાગમાં વિભાજીત કરવા પડે જેમકે

1.પ્રાચીન યુગ 2. મધ્યયુગ 3. આધુનિક યુગ

એવું વિભાજન આપણે જે તે સમયે કાળ માં સમાજ ની સ્થિતિ અને ગતિ ને જાણવા માટે કરીએ છીએ અને વર્તમાન એટલે કે આધુનિક યુગ એ ઔદ્યોગિક ક્રાંતિના યુગ તરીકે આપણે ગણાવીએ છીએ જેમાં માનવ શ્રમના સ્થાને યાંત્રિક શ્રમ કાર્ય કરે છે અને વસ્તુનું ઉત્પાદન થાય છે વર્તમાન સમયમાં માનવશ્રમ દિનપ્રતિદિન ઓછો થતો જાય છે અને યાંત્રિક શ્રમ નું પ્રમાણ દિન પ્રતિદિન વધતું જાય છે તેના કારણે સમાજમાં યુવાનો ઉપર અનેક અસરો થઈશ વર્તમાન સમયમાં ઉદ્યોગ ની અંદર સ્વયં સંચાલિત યંત્રો પાસે માલિકના કે બૌદ્ધિકતાના કાર્યો લેવા માટે કૃત્રિમ બૌદ્ધિકતા નો વિકાસ થઈ રહ્યો છે જેને આપણે અનુ આધુનિકતામાં ઓળખાવી શકી તેને માટે જેગર નોટ મહાકાય મહારાક્ષસ શબ્દ વાપર્યો

છે. જે વિકાસ વિનાશ કરવા શક્તિમાન છે તે બ્રેક અને લગામ વગરનું એન્જિન છે પરંતુ ઇતિહાસમાં આવે પાછા ફરી શકાય એમ નથી આજના યુવાનોA । નો ભરપૂર ઉપયોગ કરી રહ્યા છે જેની અનેક નોંધપાત્ર અસરો સમાજમાં જોવા મળે છે ખાસ કરીને માનવીના કુદરત સાથેના એક પક્ષીય વ્યવહાર ના કારણે પર્યાવરણના પ્રશ્નો સર્જાયા રિસોર્સ ખતમ થવા લાગ્યા અછતના પ્રશ્નો ઊભા થયા સાથે જ ઋતુચક્રનું સંતુલન તુટ્યું જેથી પૃથ્વી પરિષદો એ ટકાવ વિકાસની વિભાવના આપી આમ છતાં આજના યુવાનો જે ટેકનોલોજી અને યાંત્રિકરણનો ભરપૂર ઉપયોગ કરી રહ્યા છે જેની યુવાનો ઉપર અસર જોઈએ તો

યુવાનો ઉપર અસર:-

1 માનવી કરતાં અનેક ગણી ઝડપી પ્રતિક્રિયા

2. યંત્ર વિજ્ઞાન ટેકનોલોજીના ઇનોવેશન નવી શોધ કરવા ની ક્ષમતા

3. રોબોટના સર્જનથી અનેક કાર્યો

1. જોખમી ઔદ્યોગિક કાર્યો

2. ગૃહો નિર્માણના કાર્યો

3. શસ્ત્ર ક્રિયાઓ ના કાર્યો

4. દર્દી વૃદ્ધો ની સારવારના કાર્યો

5. અન્ય ઉપર જાસુસી રાખવાના કાર્યો

6. યુદ્ધમાં નિર્ણય ક્ષમતા ના કાર્યો

4. મૌલિક લેખન કાર્યની ક્ષમતા

5. અસલી નકલી ઓળખી શકાય નહીં

6. ફિલ્મ અભિનેતાઓ રાજકીય નેતાઓ ભયભીત બન્યા છે

7. સાયબર અપરાધમાં વૃદ્ધિ જોવા મળે છે

આધુનિકીકરણની ઉપરોક્ત અસરો સમાજમાં યુવાનો ઉપર જોવા મળે છે જેના કારણે આજે પ્રત્યાયનના સાધનોથી યુવાનોમાં અપરાધનું પ્રમાણ વધ્યું છે બીજી તરફ રોજગારીની તકો ઘટી છે આમ

આધુનિકીકરણના પ્રભાવથી યુવાનોમાં બહુવિધ અસરો જોવા મળે છે સાથે જ રાષ્ટ્ર નિર્માણની કામગીરીમાં પણ યુવાનોની ભૂમિકા ઘટતી ચાલી છે આ ઉપરાંત યુવાનોમાં અનેક પડકાર ઊભા થયા છે જે જોઈએ

યુવાનો સામે ઉભા થયેલા પડકારો :-

1. માનવીની મૌલિકતા ઘટવા લાગશે

2. કુત્રિમ રીતે દુરુપયોગ કરી બદનામ કરી શકાશે

3. નાણાની લાલચ આપી છેતરી શકાય કે માનવી સાથે છેતરપિંડી સત્ય બનશે

4. સમાજમાં પરોક્ષ યુદ્ધ દ્વારા નુકસાની થવાની ક્ષતિ

5. અન્ય દેશોમાં જાસુસી કરી શકાય કે કરી શકે

6. સમાજમાં લાગણી પ્રેમ હુંફવભાવના નું મહત્વ ઘટાડે અને ઔપચારિકતામાં વધારો કરે

7. સમાજમાં સામાજિક વિરોધાભાસ નું સર્જન કરે સાથે જ આંતર પેઢીય સંઘર્ષ સર્જે

8. સમાજમાં સામાજિક અલિપ્તતા સર્જે

9. સમાજમાં સામાજિક વિચલન સામાજિક વિઘટન અને આંતર વિરોધ નું પ્રમાણ વધારે

રાષ્ટ્ર નિર્માણના સંદર્ભમાં યુવાનો ઉપર ઉપરોક્ત પડકારો જોવા મળે છે જેની કારણે ભવિષ્ય ના સમાજની સ્થિતિ અને ગતિ ઉપર વિઘાતક અસર થશે સાથે જ સમાજ વ્યવસ્થાનું સાતત્ય ટકાવારી સમાજની મહત્વની સંસ્થાઓની કાર્ય વ્યવસ્થાઓમાં વિક્ષેપ ઉભો થશે ખાસ કરીને સમાજના માનવીના અંતર સંબંધોનું ગુરુત્વાકર્ષણ ઘટશે સાથે જ અન્ય નવી સામાજિક સમસ્યાઓનું સર્જન થશે જે માં માનવી ની મૌલિક શક્તિ ઘટશે વ્યક્તિના ટેકનિકલ જ્ઞાનમાં વધારો થશે સાથે જ વ્યક્તિ માં ઔપચારિકતા નું પ્રમાણ વધશે આવા ભાવિ પડકારો યુવાનોના સંદર્ભમાં ઊભા થશે અને સમાજમાં પણ ઊભા થશે તેની વિગત અનેક વિધ અસરો સમાજ વ્યવસ્થા ઉપર થશે

સમાજમાં સમય સંજોગ અને કાર્યાત્મક વ્યવસ્થા માં સતત પરિવર્તન આવતું રહે છે અને તેના કારણે કાર્ય વ્યવસ્થા અને પદ્ધતિમાં પણ ફેરફાર થયા કરે છે બદલાયેલા સમાજની માંગ પ્રમાણે નવી તકો જનરેટ થાય છે કે ઊભી થાય છે તે જે તે સમાજની માંગને અનુલક્ષીને ઉભી થાય છે જેના કારણે યુવાનમાં સક્ષમતા સામર્થ અને જ્ઞાન શક્તિમાં વધારો થવાની શક્યતા રહેલી છે યુવાનોના સંદર્ભમાં આતકો જોઈએ તો

યુવાનો વિકાસ માટેની નવી તકો :-

1. નવી શોધ ખોળ નો જન્મ થાય દરેક ક્ષેત્રને વિકસાવી શકાય

2. જોખમી યંત્ર ચલાવવાની ક્ષમતા ઊભી થાય

3. ઝડપી માહિતી નું આદાનપ્રદાન ટેકનોલોજી ના કારણે શક્ય બને

4. આજના હરીફાઈના યુગમાં દરેક ક્ષેત્ર માટે લાભકારક બની શકે

5. સમાજમાં સંઘર્ષ કર્યા વગર કે ઘર્ષણ કર્યા વગર ધ્યેય સિદ્ધ કરી શકાય

6. જથ્થાબંધ ઉત્પાદન થતાં ભાવ ઘટાડે અને ખરીદનાર નો ખર્ચ ઘટાડે

7. અપરાધના ક્ષેત્રમાં ઉપયોગી બને સમાજમાં અપરાધીને પકડવામાં સરળતા રહે

8. રૂબરૂ મળ્યા વગર કોન્ફરન્સ દ્વારા વેપાર વાણિજ્ય વિનિમય સેવા અને નાણાંની લેવડદેવડ કરી શકાય

આમ માનવ જગતમાં પરિવર્તન થી યંત્ર વિજ્ઞાન ટેકનોલોજી ની અનેકવિધ અસરો યુવાનો ઉપર થઈ છે સાથે જ નવા અનેક પડકારો પણ ઊભા થયા છે પરંતુ આધુનિકરણ અને ટેકનોલોજી એ સમાજના યુવાનો માટે અનેક નવી તકો પણ ઊભી કરી છે ટૂંકમાં બદલાતા સમયની માંગ પ્રમાણે નવી ટેકનોલોજી નવી શોધ ખોળ સાથે માહિતી નું આદાનપ્રદાન વધ્યું છે હરીફાઈના યુગમાં માનવીની ક્ષમતા મુજબ દરેક ક્ષેત્રમાં પોતાની લાયકાત મુજબ કામ મળતું થયું છે સમાજમાં વ્યક્તિ સંઘર્ષ કર્યા વગર તે સિદ્ધ કરી શકે છે સાથોસાથ ઉત્પાદનની પ્રક્રિયા ઝડપી બની છે અને ઉત્પાદનનું પ્રમાણ પણ વધ્યું છે જેના કારણે અન્ય ગરીબ પછાત માનવી ખરીદવા સક્ષમ બન્યા છે બીજી બાજુ વર્તમાન સમયમાં સાઇબર ક્રાઇમ નું પ્રમાણ વધ્યું છે આવા અપરાધીઓને શોધવા માટે પણ ટેકનોલોજી નો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ લેવામાં આવે છે સાથે જ વર્તમાન સમયમાં માનવી પરિવર્તિત થયો છે પ્રવાહીત થયો છે પ્રવાસિત થયો છે અને એના કારણે તેના ઉપર વૈશ્વિક સમાજની અસર થવા લાગી છે સમયનો સદુપયોગ કરીને જે તે મુદ્દા કે બાબતને લઈને ઓનલાઈન કોન્ફરન્સ શરૂ થઈ છે વ્યાપારમાં પણ જોઈએ તો આયાત નિકાસ પણ ટેકનોલોજી ની મદદ લેવાય છે બેન્કિંગ સેવાઓમાં પણ નાણાકીય લેવડદેવડમાં નેટના માધ્યમથી મુડી કે રૂપિયા ની લેવડદેવડ કરી શકાય છે આવી અનેક નવી તકો બદલાતા યુગ સાથે યુવાનોમાં ઉભરી રહી છે સાથે જ ટકાઉ વિકાસ ની વિભાવના પણ વર્તમાનમાં પર્યાવરણના જતન સાથે શિક્ષણ દ્વારા શીખવવામાં આવે છે આમ રાષ્ટ્ર નિર્માણમાં યુવાનો ની મહત્તમ ભૂમિકા જોઈ શકાય છે

સંદર્ભ:

(૧) ડો. સુમન ચૌધરી રાષ્ટ્રીય એકતા યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ અમદાવાદ

(૨) ડો.અક્ષય કુમાર દેસાઈ. ભારતીય રાષ્ટ્રવાદની ભૂમિકા

(૩) ડો.અનિલ વાઘેલા પ્રાદેશિક સમાજશાસ્ત્ર પાશ્વ પબ્લિકેશન અમદાવાદ

(૪) ડો. વાય .એ.પરમાર વિકાસનું સમાજશાસ્ત્ર પોપ્યુલર પ્રકાશન સુરત

67

યુવાનોની ભૂમિકા ઉપર સંચાર માધ્યમોની અસર

ડાભી નિતાબેન ગિરધરભાઈ
રિસર્ચ સ્કોલર, અનુસ્નાતક સમાજશાસ્ત્ર વિભાગ, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનર્વિસટી, ભાવનગર, ગુજરાત.

સારાંશ :

સોશિયલ મીડિયા એક એવું માધ્યમ છે,જે અન્ય તમામ માધ્યમો (પ્રિન્ટ,ઈલેક્ટ્રોનિક અને સમાંતર મીડિયા) કરતાં અલગ છે. સોશિયલ મીડિયા ઈન્ટરનેટ દ્વારા એક વર્ચ્યુઅલ વિશ્વ બનાવે છે.જેને વપરાશકર્તા કોઈપણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ (ફેશબુક,ટવીટર,ઇન્સ્ટાગ્રામ) વગેરેનો ઉપયોગ કરીને એક્સેસ કરી શકે છે. પ્રસ્તુત પેપર યુવાનો અને સોશિયલ મીડિયા નાં સંબંધોને દર્શાવતા મહત્વનાં પાસાઓનો નિર્દેશ કરે છે. જેને સંબંધિત કેટલાક લેખો,પુસ્તકો,નોંધો,સાહિત્યો નું વિશ્લેષણ કરી અને તેનો અભ્યાસ કરી આ લેખ તૈયાર કરવામાં આવેલ છે.પ્રસ્તુત પેપરમાં સોશિયલ મીડિયાનો અર્થ, તેની ભૂમિકા, યુવાનો સાથેનાં સંબંધો,સોશિયલ મીડિયા નાં ગેરફાયદા, સોશિયલ મીડિયાના ફાયદા વગેરેની વિસ્તૃત ચર્ચા અહી કરેલી છે.

ચાવીરૂપ શબ્દો : સોશિયલ મીડિયા, સામાજીક ભૂમિકા, ટેકનોલોજી, યુવાન, સાઈબર ક્રાઈમ

પ્રસ્તાવના :

સોશિયલ મીડિયા એક એવું માધ્યમ છે,જે અન્ય તમામ માધ્યમો (પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક અને સમાંતર મીડિયા) કરતાં અલગ છે.સોશિયલ મીડિયા ઈન્ટરનેટ દ્વારા એક વર્ચ્યુઅલ વિશ્વ બનાવે છે.જેને વપરાશકર્તા કોઈપણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ (ફેશબુક, ટવીટર, ઇન્સ્ટાગ્રામ), વગેરેનો ઉપયોગ કરીને એક્સેસ કરી શકે છે.

પદ્ધતિશાસ્ત્ર :

વર્તમાન અભ્યાસ એક વિશ્લેષણાત્મક સંશોધન છે. માહિતી ગૌણ માહિતીના વિવિધ સ્ત્રોતોમાંથી લેવામાં આવી છે. પુસ્તકો, જર્નલ્સ, ઈ-પેપર્સ, સામયિકો, અખબારોના લેખો અને

ઓનલાઈન સામગ્રીનો સમાવેશ થાય છે. સરકારી નીતિઓ અને કાર્યક્રમોનું વિવેચનાત્મક મૂલ્યાંકન કરવામાં આવે છે. પ્રસ્તુત લેખ સંશોધન અનુભવો, અવલોકનો અને સાહિત્ય સમીક્ષાના સમાજશાસ્ત્રીય આંતરશાખાકીય વિશ્લેષણ પર દોરે છે. લેખ માત્ર. આ કોઈ વ્યાપક સંશોધન પ્રક્રિયા અથવા સૈદ્ધાંતિક પરિપ્રેક્ષ્ય સાથે તૈયાર કરાયેલો સંશોધન લેખ નથી, તેથી લેખની તમામ મર્યાદાઓ સંશોધકની વૈચારિક મર્યાદાઓ છે. આજના યુગમાં, સોશિયલ મીડિયા જીવનનો એક મહત્વપૂર્ણ ભાગ બની ગયો છે, જેમાં ઘણી સુવિધાઓ છે, જેમ કે માહિતી પ્રદાન કરવી, મનોરંજન કરવું અને મુખ્યત્વે શિક્ષણ આપવું.

સોશિયલ મીડિયા શું છે?

સોશિયલ મીડિયા એ બિનપરંપરાગત માધ્યમ છે. તે એક વર્ચ્યુઅલ વિશ્વ બનાવે છે જે ઇન્ટરનેટ દ્વારા ઍક્સેસ કરી શકાય છે. સોશિયલ મીડિયા એ એક વિશાળ નેટવર્ક છે જે સમગ્ર વિશ્વને કનેક્ટેડ રાખે છે. તે વાતચીતનું ખૂબ જ સારું માધ્યમ છે. તેમાં ઝડપી ગતિએ માહિતીની આપ-લે થાય છે, જેમાં દરેક ક્ષેત્રના સમાચારો હોય છે.

સોશિયલ મીડિયા સકારાત્મક ભૂમિકા ભજવે છે જેના દ્વારા કોઈપણ વ્યક્તિ, સંસ્થા, જૂથ અને દેશ વગેરેને આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય રીતે સમૃદ્ધ બનાવી શકાય છે. સોશિયલ મીડિયાના માધ્યમથી આવા અનેક વિકાસ કાર્યો થયા છે, જેના કારણે લોકશાહીને સમૃદ્ધ કરવાનું કામ થયું છે, જેના કારણે કોઈપણ દેશની એકતા, અખંડિતતા, ધર્મનિરપેક્ષતા, સમાજવાદી ગુણો વધ્યા છે.

આપણે આવા ઘણા ઉદાહરણો જોઈએ છીએ, જે ઉપરોક્તને સમર્થન આપે છે, જેમાં આપણે જોઈ શકીએ છીએ 'ભારત વિરુદ્ધ ભ્રષ્ટાચાર', જે ભ્રષ્ટાચાર વિરુદ્ધ એક મહાન અભિયાન હતું, જે શેરીઓમાં તેમજ સોશિયલ મીડિયા પર લડવામાં આવ્યું હતું, જેના કારણે વિશાળ જનમેદનીએ વિરોધ કર્યો હતો. અન્ના સામે. હજારેના આંદોલન સાથે જોડાયેલા અને તેને પ્રભાવશાળી બનાવ્યા.

2014ની સામાન્ય ચૂંટણી દરમિયાન, રાજકીય પક્ષોએ સોશિયલ મીડિયાનો ઉગ્ર ઉપયોગ કરીને સામાન્ય લોકોને ચૂંટણી વિશે જાગૃત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ સામાન્ય ચૂંટણીમાં સોશિયલ મીડિયાના ઉપયોગથી મતદાનની ટકાવારીમાં વધારો થયો છે, સાથે જ

યુવાનોમાં ચૂંટણી જાગૃતિ પણ વધી છે. સોશિયલ મીડિયા દ્વારા 'નિર્ભયા' માટે ન્યાય મેળવવા માટે મોટી સંખ્યામાં યુવાનો રસ્તા પર ઉતરી આવ્યા હતા, જેના કારણે સરકારને દબાણ હેઠળ નવો અને વધુ અસરકારક કાયદો બનાવવાની ફરજ પડી હતી.

સોશિયલ મીડિયા લોકપ્રિયતાના પ્રસારમાં એક મહાન પ્લેટફોર્મ છે, જ્યાં વ્યક્તિ પોતાની જાતને અથવા તેની કોઈપણ પ્રોડક્ટને વધુ લોકપ્રિય બનાવી શકે છે. આજે ફિલ્મના ટ્રેલર, ટીવી કાર્યક્રમો પણ સોશિયલ મીડિયા દ્વારા પ્રસારિત થઈ રહ્યા છે. સોશિયલ મીડિયા દ્વારા વિડીયો અને ઓડિયો ચેટની પણ સુવિધા આપવામાં આવી છે, જેમાં ફેસબુક, વોટ્સએપ, ઇન્સ્ટાગ્રામ કેટલાક મુખ્ય પ્લેટફોર્મ છે.

સોશિયલ મીડિયા સકારાત્મક ભૂમિકા ભજવે છે ત્યારે કેટલાક લોકો તેનો દુરુપયોગ પણ કરે છે. સોશિયલ મીડિયાનો ખોટો ઉપયોગ કરીને આવા લોકો ખરાબ ઈચ્છા ફેલાવીને લોકોને વિભાજિત કરવાનો પ્રયાસ કરે છે. સોશિયલ મીડિયા દ્વારા ગેરમાર્ગે દોરતી અને નકારાત્મક માહિતી શેર કરવામાં આવે છે, જે જનતાને પ્રતિકૂળ અસર કરે છે.

ઘણી વખત મામલો એટલો વધી જાય છે કે સરકાર સોશિયલ મીડિયાના દુરુપયોગ પર કડક બને છે અને આપણે જોયું છે કે સરકારે જમ્મુ-કાશ્મીર જેવા રાજ્યમાં સોશિયલ મીડિયા પર પ્રતિબંધ પણ મૂકવો પડ્યો છે. અસામાજિક તત્વો ખેડૂત આંદોલનની આડમાં કોઈ મોટી ઘટનાને અંજામ ન આપી શકે તે માટે મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં ખેડૂત આંદોલનમાં સોશિયલ મીડિયા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

સોશિયલ મીડિયાની વિશેષતાઓ :

સામાજિક મીડિયા સેવાઓ મુખ્યત્વે વેબ આધારિત સેવાઓ છે. જે લોકોને મર્યાદિત સિસ્ટમમાં સાર્વજનિક અથવા અર્ધ-જાહેર પ્રોફાઇલ બનાવવાની મંજૂરી આપે છે. આ સાથે, તેઓને તેમની સામગ્રી અન્ય લોકો સાથે કેવી રીતે શેર કરવી તેની સુવિધા મળે છે.

આ જોડાણોની પ્રકૃતિ અને નામકરણ એક સાઇટથી બીજી સાઇટ પર બદલાય છે. આ સાથે, તે આપણને એકબીજાને મળવામાં મદદ કરે છે અને જે વસ્તુઓ આપણે આપણા અવાજ દ્વારા કહી શકતા નથી, તેની મદદથી આપણે તે સંદેશ અન્ય લોકો સુધી પહોંચાડી શકીએ છીએ.

બિઝનેસ મોડલના આધારે તેનો ઉપયોગ કેવી રીતે થાય છે. અમે સારી રીતે જાણીએ છીએ કે જ્યાં સારો ટ્રાફિક હોય ત્યાં જ સારો બિઝનેસ મોડલ તૈયાર કરી શકાય છે. એ જ રીતે, સોશિયલ નેટવર્ક પર પેજીસ અને ગ્રુપ્સનો કોન્સેપ્ટ પણ હાજર છે. જો તમારા એકાઉન્ટ પર વધુ લોકો હોય તો તમે તેને પેજમાં કન્વર્ટ કરી શકો છો.આ સાથે, જાહેરાતકર્તાઓ તે પૃષ્ઠો પર તેમની જાહેરાતો આપવા માટે તમારો સંપર્ક કરી શકે છે. આ રીતે તમે તમારા સોશિયલ એકાઉન્ટ પર સારો બિઝનેસ સેટ કરી શકો છો.

સોશિયલ મીડિયાના પ્રકાર :

હવે ચાલો સમજીએ કે અંતે સોશિયલ મીડિયા કયા પ્રકારના છે...

૧. વ્યવસાયિક એપ્લિકેશન્સ

સોશિયલ મીડિયાનો યોગ્ય રીતે ઉપયોગ કરવો એ ઉદ્યોગસાહસિકો અને નાના વ્યવસાયો માટે ખૂબ જ ફાયદાકારક છે. આનાથી તેઓ ઘણા લોકો સાથે સહયોગ કરીને પોતાનો બિઝનેસ વધારી શકે છે. તેઓ તેમના ઉત્પાદનોની જાહેરાત કરવા માટે social media નો ઉપયોગ પણ કરી શકે છે.કારણ કે social media સમગ્ર વિશ્વમાં કાર્યરત છે, તેથી તેની મદદથી આપણે વિશ્વના કોઈપણ દેશમાં સ્થિત લોકોનો સંપર્ક કરી શકીએ છીએ અને અમારો વ્યવસાય વધારી શકીએ છીએ.

૨. તબીબી કાર્યક્રમો

ઘણા આરોગ્ય વ્યાવસાયિકો તેમના સંસ્થાકીય જ્ઞાનનું સંચાલન કરવા માટે social media નો ઉપયોગ કરે છે. આની મદદથી તેઓ તેમના ડોક્ટરો અને સંસ્થાઓને લોકોની સામે ઉજાગર કરી શકે છે. આનાથી તેઓ તેમના જ્ઞાનને અન્ય લોકો સાથે પણ શેર કરી શકે છે.

૩.રિસર્ચ :

સોશિયલ મીડિયા સેવાઓનો ઉપયોગ હવે ફોજદારી અને કાનૂની તપાસ માટે થઈ રહ્યો છે. Myspace અને Facebook જેવી સાઈટમાં આવેલી માહિતીનો ઉપયોગ પોલીસ તપાસ માટે કરે છે.

૪. સામાજિક ભલાઈ માટે સોશિયલ મીડિયાનો ઉપયોગ :

ઘણી સામાજિક સેવાઓ સોશિયલ મીડિયાનો યોગ્ય રીતે ઉપયોગ કરે છે કારણ કે તેઓ સારી રીતે જાણે છે કે ઘણા લોકો social media પર આવે છે અને સારી પોસ્ટ્સ શોધે છે. આ કારણે, જો તેઓ તેમની સાથે તેમની સમાજ સેવા વિશે વાત કરે, તો કદાચ કેટલાક લોકો તેમની સાથે આ સારા કાર્યમાં જોડાવા માટે સંમત થશે.

જેના કારણે તેમના દર્શકોની સંખ્યા પણ વધી જાય છે અને તેમના અનુયાયીઓ પણ. વધુ સમાન વિચારધારાવાળા લોકો (સમાન વિચારધારાના લોકો) સાથે મળીને કામ કરીને, તેઓ ઘણા અશક્ય લાગતા લક્ષ્યોને સરળતાથી પ્રાપ્ત કરી શકે છે. અને આ સમાજ માટે કંઈક અલગ અને સારું કામ કરી શકે છે.

સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવાના જોખમો શું છે?

જ્યાં સોશિયલ મીડિયાનો ઉપયોગ આપણને ઘણી બધી શક્યતાઓનો લાભ લેવામાં મદદ કરે છે, જેમ કે આપણા મિત્રો સાથે સંપર્ક વધારવો, વિશ્વને નજીકથી જાણવું, સંસ્કૃતિઓ વિશે જાણવું, લાંબા અંતરના સંબંધો વગેરે. તે જ સમયે, તે તેની સાથે ઘણા જોખમો પણ લાવે છે, જેના વિશે જાણવું આપણા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે.તેઓ કહે છે કે એક સિક્કાની બે બાજુ હોય છે, તેવી જ રીતે social media નો ઉપયોગ પણ એટલો જ જોખમી બની શકે છે જો આપણે તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે જાણતા નથી. કારણ કે આપણે આવા ઘણા છેતરપિંડી કરનારાઓ અને છેડતી કરનારાઓ ઓનલાઈન શોધી શકીએ છીએ જેઓ આપણને મિત્ર હોવાનો ઢોંગ કરીને ફસાવી શકે છે અને ખોટા કામો કરાવવા માટે મજબૂર કરી શકે છે.

મુખ્ય જોખમો જે સોશિયલ મીડિયાના ઉપયોગને કારણે થઈ શકે છે...

૧. ગોપનીયતાની ખોટ :

અમે social media પર અપલોડ કરીએ છીએ તે તમામ ડેટા, માહિતી, ફોટો, વિડિયો અથવા ફાઇલ તેનો એક ભાગ બની જાય છે, જે પાછળથી એડમિનિસ્ટ્રેટરની ફાઇલોનો એક ભાગ બની જાય છે. બદલામાં, જો ક્યારેય કોઈ હેકર તે સિસ્ટમને હેક કરે છે, તો તે સરળતાથી

આપણો તમામ ડેટા મેળવી શકે છે અને તેનો દુરુપયોગ પણ કરી શકે છે. એટલા માટે તમારી બધી માહિતી ક્યારેય કોઈ પણ social media પર સેવ ન કરો.

૩.અયોગ્ય (અનિચ્છિત) સામગ્રીની ઍક્સેસ :

અમારા નેટવર્ક પર અમારું ઓછું નિયંત્રણ હોવાથી, અમે ઇન્ટરનેટ પર જે માહિતી જોઈએ છીએ તેમાં ખરાબ અને અયોગ્ય સામગ્રી પણ હોઈ શકે છે, ભલે અમે તે ઇચ્છતા ન હોય. તે હિંસક, જાતીય અથવા કોઈપણ ડ્રગ સંબંધિત વસ્તુઓ વગેરે જેવી કોઈપણ સામગ્રી હોઈ શકે છે. આ વસ્તુઓ અન્ય લોકો દ્વારા પણ લિંક્સ, નોટિસના રૂપમાં social media પર પ્રકાશિત અથવા શેર કરી શકાય છે.

૩. સહકર્મીઓ, પરિચિતો અથવા અજાણ્યાઓ દ્વારા ઉત્પીડન :

અહીં બે મૂળભૂત કિસ્સાઓ જોઈ શકાય છે...

(અ) સાયબર ધમકાવવું : ધમકીઓ, અપમાન, વગેરે દ્વારા આ નેટવર્કમાંના કોઈપણ સાથીદારો અથવા અજાણ્યાઓ દ્વારા સતામણી કરવામાં આવે છે.

(બ) સાયબરસ્ટૂમિંગ : આ મુખ્યત્વે સગીરો સાથે પુખ્ત વયના લોકો દ્વારા કરવામાં આવે છે જેથી તેઓ તેમની પાસેથી તેમના ફોટા અને માહિતી મેળવી શકે, જેનો તેઓ પાછળથી તેમના કાર્યને પ્રાપ્ત કરવા માટે ઉપયોગ કરી શકે.

સોશિયલ મીડિયાના ગેરફાયદા :

- તે ઘણી બધી માહિતી પ્રદાન કરે છે, જેમાંથી મોટાભાગની ગેરમાર્ગે દોરનારી છે.
- માહિતી કોઈપણ રીતે વિકૃત થઈ શકે છે.
- કોઈપણ માહિતીને ઉશ્કેરણીજનક બનાવવા માટે બદલી શકાય છે જેનો વાસ્તવિકતા સાથે કોઈ સંબંધ નથી.
- મૂળ સ્ત્રોતનો અભાવ કારણ કે સામગ્રીનો કોઈ માલિક નથી.
- ગોપનીયતા સંપૂર્ણપણે ભંગ થયેલ છે.

- ફોટો કે વિડિયો એડિટ કરીને મૂંઝવણ ફેલાવી શકાય છે, જેના કારણે ક્યારેક તોફાનોનો ભય પણ ઉભો થાય છે.
- સાયબર ક્રાઈમ એ સોશિયલ મીડિયા સંબંધિત સૌથી મોટી સમસ્યા છે.

સોશિયલ મીડિયાના ફાયદા :

- તે સંચારનું ખૂબ જ ઝડપી માધ્યમ છે
- તે એક જગ્યાએ માહિતી એકત્રિત કરે છે
- સમાચાર સરળતાથી પૂરા પાડે છે
- તમામ વર્ગો માટે છે, જેમ કે શિક્ષિત વર્ગ અથવા અશિક્ષિત વર્ગ.
- અહીં કોઈપણ રીતે કોઈપણ સામગ્રીનો કોઈ માલિક નથી.
- ફોટા, વીડિયો, માહિતી, દસ્તાવેજો વગેરે સરળતાથી શેર કરી શકાય છે.

સમાપન :

આપણી માનસિકતા લગભગ મીડિયાની અભિવ્યક્તિ પર નિર્ભર કરે છે.સોશિયલ મીડિયા જેટલું લોકપ્રિય છે તેટલું વિવાદાસ્પદ પણ રહ્યું છે. આમ છતા, મીડિયા આપણને શું બતાવી રહ્યું છે તે મહત્વપૂર્ણ નથી પરંતુ આપણે શું જોઈ રહ્યા છીએ અને શું શું ઈચ્છી રહ્યા છીએ તે મહત્વનું છે. એ બાબત પણ ખુબ જ મહત્વપૂર્ણ છે કે, સોશિયલ મીડિયાના પર્યાવરણમાં મીડિયાની ઉત્તમ બાબતોનો જ સ્વીકાર કરવો વધારે ઉચિત અને તર્કસંગત રહેશે અને જ્ઞાન ઈચ્છતો સમાજ જ્ઞાન મેળવશે. સોશિયલ મીડિયાના માધ્યમથી અનેક સામાજિક આંદોલન મજબુત થયા છે કેમ કે સોશિયલ મીડિયા દ્વારા વિચારોનું જે આદાન-પ્રદાન થાય છે,તેને અવગણી શકાય તેમ નથી.સોશિયલ મીડિયા વૈશ્વિક ગામની જેમ ખુલ્લું છે પરંતુ અનિયંત્રીત છે અને તેના પર કોઈ પણ કંઇક પણ કહી શકે છે અને બોલી શકે છે અને પોતાની અભિવ્યક્તિ રજુ કરી શકે છે.

❖ સંદર્ભગ્રંથ :

(૧) હેતલબા વાઘેલા - સોશિયલ મીડિયા.

(૨) સોશિયલ મીડિયાની સમાજિક અસરો - હિરેન સોરઠીયા.

(3) Akram, Waseem. (2018). A Study on Positive and Negative Effects of Social Media on Society. International Journal of Computer Sciences and Engineering. 5.10.26438/ ijcse/v5i10.351354.

68

રાષ્ટ્રનિર્માણમાં સાહિત્યની ભૂમિકા : 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' સંદર્ભે

MIHIR Y. PANDYA
Student, Department of Gujrati
Maharaja Krishnakumarsinhji Bhavnagar University – Bhavnagar

Abstract :

ભારતીય પરિપ્રેક્ષ્યમાં રાષ્ટ્રનિર્માણ સંદર્ભે કોઇ એક જ આત્મકથા સ્વરૂપની કૃતિની વાત કરવી હોય તો, સ્વાભાવિક રીતે જ મોહનદાસ કરમચંદ ગાંધીની આત્મકથા 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા'ની વાત કરવી પડે. ગુલામ ભારતને આઝાદ રાષ્ટ્ર બનાવવામાં ગાંધીજીનું યોગદાન જગજાહેર છે. ગાંધીજીના અમૂલ્ય યોગદાન બદલ જ એમને ભારતના રાષ્ટ્રપિતાનું બિરુદ મળ્યું છે. સ્વતંત્ર ભારતનો જન્મ આ મહાત્મા જેવા રાષ્ટ્રપિતાને કારણે જ થયો છે. આ રાષ્ટ્રપિતાને એક ગુલામ રાષ્ટ્રને આઝાદ કરવાનું બળ ક્યાંથી મળ્યું? એવા કયા પરિબળો હતા, જેનાથી તેનામાં સત્ય અને અહિંસાના ગુણો વિકસ્યા અને દૃઢ થયા? આવા અનેક સવાલોના જવાબ અને એમના વિશેની આપણી જિજ્ઞાસાને સંતોષવાનું સરનામું એટ્લે 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા'.

અહીં 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા'ને કેન્દ્રમાં રાખીને રાષ્ટ્રનિર્માણમાં સાહિત્યની ભૂમિકા તપાસવાનો ઉપક્રમ છે. એક વ્યક્તિ તરીકે ગાંધીજીનું ઘડતર કેવાં સંજોગોમાં થયું અને કઈ પરિસ્થિતિએ તેને મહાત્મા બનાવ્યા તે જાણવું રસપ્રદ છે. 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' ચાર ભાગમાં વહેચાયેલી આત્મકથા છે. અહીં આ આત્મકથાના પહેલા ભાગના પચ્ચીસ પ્રકરણોને કેન્દ્રમાં રાખીને ચર્ચા કરી છે. આ પ્રકરણોમાં ગાંધીજી કિશોરકાળ અને યુવાનીને લગતા પ્રસંગો છે. રાષ્ટ્રનિર્માણ સૌથી વિશેષ ભૂમિકા યુવાનોની હોય છે, તેથી આ કિશોરકાળ અને યુવાનીના પ્રસંગો દ્વારા પોતાની ભૂલો સ્વિકારી, સુધારી અને કેવી રીતે મહાન વ્યક્તિત્વનું ઘડતર કરી શકાય અને રાષ્ટ્રને એ નિમિત્તે ઉત્તમ યુવાધન પ્રાપ્ત થાય તે તપાસવાનો અહીં આશય છે.

આ આત્મકથા સામાન્ય મનુષ્યમાં રહેલાં મહાત્માને જાગૃત કરવામાં નિમિત્ત બને તેવું અદ્ભુત પુસ્તક છે. માત્ર એક મહાત્મા દેશને આઝાદ કરાવી શકતા હોય, તો અનેક મહાત્માઓથી રાષ્ટ્રનું કેવું નિર્માણ થાય તે સહજતાથી સમજી શકાય એવું છે.

Key Notes words : રાષ્ટ્રનિર્માણ, સત્ય, ગાંધીજી, અહિંસા, યુવાની, શાકાહાર, વ્યભિચાર

રાષ્ટ્રનિર્માણમાં સાહિત્ય સતત પોતાનું યોગદાન આપતું રહ્યું છે. અહીં રાષ્ટ્રનિર્માણમાં સાહિત્યની ભૂમિકા 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' સંદર્ભે તપાસવાનો ઉપક્રમ છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની આ આત્મકથા છે. ગાંધીજી આ આત્મકથાને આત્મકથા ન કહેતા 'સત્યના પ્રયોગો' તરીકે ઓળખાવે છે. 'જે વસ્તુઓનો નિર્ણય બાળકો, જુવાન, અને બુઢ્ઢાં કરે છે અને કરી શકે છે તે જ વસ્તુઓનો આ કથામાં સમાવેશ થશે' આ બાબત પ્રસ્તાવનામાં ગાંધીજી નોંધે છે. આ આત્મકથા એક ઉત્તમ ચરિત્રનિર્માણ કરવાની તાકાત ધરાવે છે. અને ચારિત્ર્યવાન નાગરિક રાષ્ટ્રનિર્માણ માટે કેટલો આવશ્યક છે, તે આપણે સૌ જાણીએ છીએ. આ આત્મકથા ચાર ભાગમા વિભાજીત છે. જેમાંથી માત્ર પ્રથમ ભાગને જ મેં અહીં કેન્દ્રમાં રાખ્યો છે. જે રીતે રાષ્ટ્રનિર્માણમાં એક નાગરિક ખૂબ મહત્વની ભૂમિકા ભજવે છે. તેવી જ રીતે એક વ્યક્તિના નિર્માણમાં તેના બાળપણની સૌથી મોટી ભૂમિકા હોય છે. બાળપણના સંસ્કારો આજીવન વ્યક્તિ પર ઘેરી અસર કરે છે. અહીં ભાગ:૧ ને બાળપણ અને યુવાની એમ વિભાજીત કરી શકાય. અહીં વર્ણવેલાં એક એક પ્રસંગો જેને ગાંધીજી 'સત્યના પ્રયોગો' કહે છે. આ પ્રયોગોનું રાષ્ટ્રનિર્માણમાં આગવું યોગદાન છે. કારણકે આ પ્રયોગોના કારણે જ મોહનદાસ કરમચંદ ગાંધી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી બન્યા. અને રાષ્ટ્રનિર્માણમાં જે યોગદાન આપ્યું તેનાથી કોઈ અજાણ નથી.

પ્રથમ ભાગ માં કુલ ૨૫ પ્રકરણો છે. જેમાંથી પ્રથમ પ્રકરણનું નામ છે ૧.'જન્મ': ગાંધીજીના દાદાજી ઉત્તમચંદને રાજખટપટને કારણે પોરબંદર છોડવું પડેલું ને જૂનાગઢ રાજ્યમાં આશ્રય લીધેલો. તેમણે નવાબસાહેબને સલામ ડાબે હાથે કરી. કોઈએ આ અવિનયનું કારણ પૂછ્યું તો જવાબ મળ્યો : 'જમણો હાથ તો પોરબંદરને દેવાઈ ચૂક્યો છે.' ગાંધીજી ના પિતા કરમચંદ ગાંધી સત્યપ્રિય, ઉદાર, શૂરા, લાંચથી દૂર ભાગનારા અને શુદ્ધન્યાય આપનારા હતા. તેવો રાજ્યના બહુ વફાદાર હતા, એક દિવસ કોઇ પ્રાંતના સાહેબે રાજકોટના ઠાકોર સાહેબનું અપમાન કરેલું તેની સામે તેવો થયેલા. ગાંધીજીના માતાનું

નામ પૂતળીબાઈ. તેવો ધાર્મિક, આકરા વ્રતોનું પાલન કરનારા અને વ્યવહાર કુશળ હતા. દરબારી બધી બાબતો જાણતા. આ માતપિતાને ત્યાં સને ૧૮૬૯ના ઓક્ટોબરની ૨જી તારીખે, પોરબંદરમાં ગાંધીજીનો જન્મ થયો હતો.

૨. 'બચપણ': આ પુસ્તકની લગભગ બધી બાબતો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રાષ્ટ્રનિર્માણને લગતી જ છે. અહીં સૌ પ્રથમ એક બનાવ નોંધવા યોગ્ય છે. કેળવણી ખાતાના ઈન્સ્પેક્ટર જાઇલ્સ નિશાળ તપાસવા આવ્યા હતા. તેમાં તેમણે છોકરાઓને થોડા શબ્દો લખવા આપેલા જેમાં 'કેટલ' (kettle) શબ્દની જોડણી ગાંધીજીએ ખોટી લખેલી. તેમના શિક્ષકે તેમને બાજુના છોકરામાંથી જોઈ લેવા ઈશારો કર્યો પણ ગાંધીજી સમજ્યા નહીં. ગાંધીજીને બીજા છોકરામાંથી ચોરી કરતા કદી ના આવડ્યું અને તેવું કરવા તેવો ઇચ્છતા પણ ન હતા. તેમના માસ્તરના આ ઉપરાંતના કેટલા દોષોની જાણ ગાંધીજીને પાછળથી થઇ. છતાં માસ્તર પ્રત્યે તેમને માન તો કાયમ જ રહેલું. તેવો કહેછે કે, 'વડીલો કહે તે કરવું; કરે તેના આપણે કાજી ન બનવું.' આ સમયે બીજા બે બનાવો બન્યા જે ગાંધીજીના ઘડતરમાં મહત્વના બન્યા. એક તેમણે 'શ્રવણ'નું નાટક વાચ્યું અને 'હરિશ્ચંદ્ર' નાટક જોયુ. આ બંનેથી તેમનામાં માતાપિતાની સેવા અને કોઇપણ પરિસ્થિતિમાં સત્ય બોલવાની ભાવના વિકસી. અહીં રાષ્ટ્રના સારા નાગરિકના ઘડતરમાં સાહિત્યની ભૂમિકા જોઈ શકાય છે.

૩. 'બાળવિવાહ': માત્ર ૧૩ વર્ષની ઉંમરે ગાંધીજીના બાળવિવાહ કરી દેવામાં આવ્યા હતા. અહીં ગાંધીજીએ હિંદુ સમાજમાં વિવાહમાં થતો ગાંડો ખર્ચ અને બાળવિવાહના નુકશાનની વાતો કરી છે.

૪. 'ધણીપણું': અહીં નારીસ્વાતંત્ર્ય, નારીશિક્ષણ, લાજ કાઢવાં જેવી કુપ્રથા જેવી બાબતો ગાંધીજી કસ્તૂરબા સાથેના પ્રસંગો મારફતે આલેખે છે.

૫. 'હાઈસ્કૂલમાં': વિવાહ અને વિદ્યાભ્યાસ બાળવિવાહને કારણે એક સાથે થાય ત્યારે તેના ખૂબજ ખરાબ પરિણામો આવતા હોય છે. આના કારણે જ ગાંધીજી અને તેમના ભાઈનું અભ્યાસનું એક વર્ષ બગડ્યું. આ પ્રકણમાં ગાંધીજી બીજી એક બાબત નવ યુવાનોને જણાવવા માગે છે કે 'ખરાબ અક્ષર એ અધૂરી કેળવણીની નિશાની છે.' ત્યારબાદ તેવો ભાષા વિશે કહે છે કે ઉચ્ચ શિક્ષણક્રમમાં સ્વભાષા ઉપરાંત રાષ્ટ્રભાષા હિન્દી, સંસ્કૃત, ફારસી, અરબી અને અંગ્રેજીને સ્થાન હોવું જોઇએ.

૬. 'દુઃખદ પ્રસંગ-૧': સુધારાની ધગશમાં ગાંધીજી અહીં ભાન ભૂલે છે અને પોતાના દુર્ગુણોવાળા મિત્રને સુધારવાને બદલે પોતે બગડે છે. અને મિત્રના કેહવાથી માંસાહાર શરૂ કરે છે. તેમને લાગે છે માંસાહાર કરવાથી તાકાત વધે અને અંગ્રેજોથી દેશને આ રીતે શક્તિશાળી બની સ્વતંત્ર કરી શકાય. પરંતુ પાછળથી તેમને તેની ભૂલ સમજાય છે. અને તેઓ કહે છે કે મિત્રતા એ સમાન ગુણો ધરવતા લોકો વચ્ચે જ સાજે અને નભે. મિત્રતામાં સુધારાને સ્થાન નથી. મિત્રતામાં એક બીજાની એક બીજા પર અસર થયા વિના રહે નહીં. જેમાં ખરાબ અસર તો પહેલા થાય. સારી બાબતો ગ્રહણ કરવા બદલ પ્રયત્નો કરવા પડે.

૭. 'દુઃખદ પ્રસંગ-૨': અહીં મિત્રના કારણે ગાંધીજી માંસાહાર તો કરે જ છે. પણ મિત્ર એક દિવસ ગાંધીજીને ગણિકા પાસે પણ પહોચાડી દે છે, પરંતુ ઈશ્વર કૃપાના કારણે ઈચ્છા કર્યા છતા પ્રત્યક્ષ કર્મથી ગાંધીજી બચી જાય છે. મિત્રના કારણે પત્ની પર પણ શંકા કરે છે. અને પત્ની પર ત્રાસ ગુજારે છે. આ કૃત્ય માટે ગાંધીજીએ પોતાને ક્યારેય માફ નથી કર્યા. જ્યારે ગાંધીજીને અહિંસાનું સૂક્ષ્મ જ્ઞાન થયું, ત્યારે તેમને સમજાણું કે પત્ની પતિની દાસી નહીં પરંતુ સહચારિણી, સહધર્મિણી છે.

૮. 'ચોરી અને પ્રાયશ્ચિત': ગાંધીજીને બીડી પીવાનો શોખ બાળપણમાં થયેલો એ શોખ માટે થઈને કાકા ના બીડીના ફેકેલા ઠૂંઠા પીધા, નોકરના દોકડા ચોરી બીડી પીધી. અને આપઘાતનો પણ પ્રયત્ન કર્યો પણ તેને સમજાયુ કે મરવું સહેલું નથી. કાકાના છોકરાએ પચિસેક રૂપયાનું લેણું કરેલું તે ચૂકવવાં સોનાનું કડુ પણ કપાવ્યું. અને આ વાતનું દુઃખ થતાં પિતાને પત્ર લખી બધી હકિકત જણાવી પ્રાયશ્ચિત પણ કર્યું. અને તેમને સમજાણું કે માણસ જ્યારે અધિકારી આગળ, સ્વેચ્છાએ, પોતાના દોષનો, નિખાલસપણે ને ફરી કદી તે ન કરવાનો, પ્રતિજ્ઞાપૂર્વક સ્વીકાર કરી લે છે. ત્યારે જ તે શુદ્ધતમ પ્રાયશ્ચિત કરે છે.

૯. 'પિતાજીનું મૃત્યુ ને મારી નામોશી': અહી ગાંધીજી વિષયવાસનાને કારણે પિતાજીના અંતિમ સમયમાં તેમની સાથે તો નથી જ રહી શકતા. પરંતુ તેમની આ વિષયવાસનાને પરિણામ રૂમ તેમનું બાળક પણ જન્મતાના એક-બે દિવસમાં જ મૃત્યુ પામે છે. આના કારણે ગાંધીજી બેવડી શરમ અનુભવે છે. અને આ બનાવથી પ્રેરણા લઈ બાલદંપતિએ ચેતવું જોઈએ તેવું તેઓ જણાવે છે.

૧૦. 'ધર્મની ઝાંખી': અહીં બધા જ ધર્મો પ્રત્યે સમભાવ ગાંધીજીના મનમાં જાગે છે. અને તેવો ઇચ્છે છે કે શાળાઓમાં આત્મજ્ઞાન, આત્મભાનની માહિતી પણ આપવી જોઇએ. અનેક ધર્મગ્રંથો વાંચીને તેમનામાં પરિવર્તન આવ્યું તેમને સમજાણુ કે બાળપણમાં પ્રાપ્ત શુભ-અશુભના સંસ્કારો પાછળથી મોટી અસર કરે છે. અને તેમને એટલું સમજાયુ કે જે અવગુણનો બદલો ગુણથી વાળે તે જ જગતમાં ખરું જીવ્યો ગણાય.

૧૧. 'વિલાયતની તૈયારી': ગાંધીજીના પિતાના ખાસ મિત્ર માવજી દવે ગાંધીજીને વિલાયત જઈ બારિસ્ટર બનવાનું સૂચવે છે. જેથી ગાંધીજી વિલાયત જવા તૈયાર થાય છે. અને માતાને વચન આપી માંસ, મદિરા, અને સ્ત્રીસંગથી દૂર રેહવાની પ્રતિજ્ઞા લે છે. વિલાયત જવા માટે એક સામાન્ય વર્ગને કેવી હાલાકી ભોગવવી પડે છે તેના દર્શન આ પ્રકરણમાં થાય છે.

૧૨. 'નાતબહાર': ગાંધીજી ને વિલાયત જવામાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો તેમણે નાતબહાર પણ કાઢવામાં આવ્યા છતાં તેવો હિમ્મત ના હાર્યા અને વિલાયત ગયાં.

૧૩. 'આખરે વિલાયતમાં': પ્રથમ વાર વિલાયત જતો યુવાન કેવાં કેવાં અનુભવો કરે છે, અને કેવી કેવી મુશ્કેલીઓમાંથી પસાર થાય છે. તે બાબતોનું આલેખન અહીં થયું છે. વિદેશમાં શાકાહારી કાઈ જાજુ મળે નહિં. વળી અજાણી જગ્યા ભાષા જુદી, લોકો જુદા અને જીવનરિતિ પણ તદ્દન જુદી ગાંધીજીના વિલાયતના અવનવા અનુભવો આ પ્રકરણમાં છે.

૧૪. 'મારી પસંદગી': ગાંધીજી સમક્ષ અનેક એવાં પ્રસંગો આવ્યા જેમાં તેમણે માંસાહાર કરવાની ફરજ પાડવામા આવી પરંતુ ગાંધીજી પોતાની પ્રતિજ્ઞા અને પસંદગી પર અડગ રહ્યા. તેમણે ઇંગ્લેન્ડની ગલીઓમાં ફેરિંગ્ડન સ્ટ્રીટ પાસે એક અન્નાહારી વીશી શોધી લીધી. સોલ્ટનું પુસ્તક 'અન્નાહારની હિમાયત' તેમણે વાચ્યું અને જાતે અન્નાહારી રહી બીજાને તેવા બનાવવાનો લોભ લાગ્યો.

૧૫. 'સભ્ય વેશે': ગાંધીજી માંસ નહોતા ખાતા એટલે તેમણે સભ્ય સમાજ સાથે ભળવા બીજા પ્રયત્નો શરૂ કર્યા. જેમાં મોંઘા કપડા સિવડાવ્યાં અને ભાષણનું શિક્ષણ, નાચવાનું શિક્ષણ, વાયોલિનનું શિક્ષણ પ્રાપ્ત કરવા પ્રયત્નો કર્યા અંતે તેમને સમજાણું કે આ બધું મિથ્યા છે. અને અંતે તેઓ વિદ્યાર્થી બન્યા.

૧૬. 'ફેરફારો': તેઓએ પોતાની જીવનરિતિમાં અનેક ફેરફારો કર્યા. તેઓ દર મહિને પહેલા ૧૫ પાઉન્ડ વાપરતાં અને બધા ખર્ચનો હિસાબ રાખતાં આવો હિસાબ દરેક યુવાને રાખવો જોઈએ તેવું ગાંધીજીનું સૂચન છે. તેઓએ પોતાના ખર્ચમાં ઘટાડો કરવા એક જ કોટડી રાખી. તેમાં સગડીથી જાતે રાંધીને જમવાનું બનાવતાં. અને કામની જગ્યાએ ચાલીને જતા. કોટડી પણ તેવી જ જગ્યાએ રાખતાં જ્યાંથી કામની જગ્યાએ ચાલીને અડધી કલાકમાં પહોચી શકાય. આ બધાની સાથે સાથે તેમણે ઇંગ્લેન્ડની મેટ્રિક્યુલેશનની પરીક્ષા પણ પાસ કરી. અને પોતાના આ ફેરફારો વિશે જણાવતાં તેવો લખે છે કે, 'વાંચનાર, પણ, એમ ન માને કે સાદાઇથી જીવન રસહીન થયું. ઊલટું, ફેરફારોથી મારી આંતરિક અને બાહ્ય સ્થિતિ વચ્ચે એકતા ઉપજી; કૌટુંબિક સ્થિતિની સાથે મારી રહેણીનો મેળ મળ્યો; જીવન વધારે સારમય બન્યું; મારા આત્માનંદનો પાર ન રહ્યો.' (પના.નં. ૪૮, ફેરફારો)

૧૭. 'ખોરાકના પ્રયોગો': અહીં ગાંધીજી ઇંડા સુધ્ધાનો ત્યાગ કરે છે. અને પોતાની માતાને આપેલી પ્રતિજ્ઞા વિશે વિચારતા એક વાત કહે છે કે, જગતમાં મોટા ભાગના ઝઘડાઓ કાયદામાં જેને દ્વિઅર્થી મધ્યમપદ કેહવાય છે તેના કારણે થાય છે. તેવો કહે છે કે, સૂવર્ણન્યાય તો એ કેહવાય જે અર્થ સામે પક્ષે સમજ્યો એ જ અર્થ તમે પણ સમજો. અને જો અર્થ એકથી વધારે થતાં હોય તો નબળા પક્ષનો અર્થ માન્ય રાખવો. ઘણી વાર ભાષાશાસ્ત્રીની મદદથી અનેક અર્થો કરીને વ્યક્તિ સામે પક્ષને છેતરતો હોય છે. બીજી એક વાત તેવો કહે છે કે, મૂળ ધર્મી કરતા ધર્મ પરિવર્તન કરીને આવેલો વ્યક્તિ ધર્મનો પ્રચાર પસાર વધુ કરે છે. આ અરસામાં તેમણે અન્નાહારી મંડલી માટે સંસ્થા રચી અને ચલાવી જેથી તેમણે આ એક નવો અનુભવ પ્રાપ્ત થયો.

૧૮. 'શરમાળપણું – મારી ઢાલ': તેવો અન્નાહારી મંડલની સભામાં કે પાંચ – સાત લોકો ભેગા થય જાય ત્યા બોલી ન શકતા. તેમણે પેહલા આ બાબતે ખૂબ સંકોચ થતો. પાછળથી તેમને સમજાણું કે આ શરમાળપણાના કારણે તે ઘણી બધી જગ્યાયે ચૂપ રહીને તેમને લાભ થયો હતો. તેઓ ઓછું બોલતા પણ વિચારીને માપીને બોલતા. આના કારણે તેમણે કોઈ પણ ભાષણ આપ્યા બાદ પાછળથી પસ્તાવું નથી પડ્યું.

૧૯. 'અસત્યરૂપી ઝેર': હિન્દુસ્તાનના યુવાનો વિલાયતમાં પરણેલા હોવાં છતાં પોતાને કુંવારા કેહતા અને ત્યાંની યુવતિયો સાથે સંબંધ બાંધતા. ગાંધીજીને વિલાયતમાં મા જેવી એક મહિલા મળેલી. જે ઈચ્છતી હતી. કે ગાંધીજી તેમની એક પરિચિત યુવતી સાથે પરણે . વાત આગળ વધે એ પેહલા ગાંધીજીએ બીજા હિંદુસ્તાની યુવાનોની જેમ પરણ્યાની વાત છુપાવી હતી તે વાત તેમણે પેલી મહિલાને પત્ર લખી જણાવી અને પોતાનું અસત્યરૂપી ઝેર દૂર કર્યું.

૨૦. 'ધાર્મિક પરિચયો': બે થિયોસોફિસ્ટ મિત્રોના કારણે ગાંધીજીએ અર્નાલ્ડે અનુવાદ કરેલા ગીતા અને બુદ્ધચરિત્રના પુસ્તકો વાંચ્યા તથા એક શાકાહારી ખ્રિસ્તીની ભલામણથી બાઇબલ વાંચ્યુ. આમ અનેક ધાર્મિક ગ્રંથોનું વાંચન કર્યું. તેમને નાસ્તિકતા તરફ અણગમો થયો. અને જુદા જુદા ધર્મોમાંથી તેમણે અનેક સારા ગુણો પોતાના જીવનમાં ઉતાર્યા.

૨૧. 'નિર્બલકે બલ રામ': ગાંધીજી અહીં પૂજા, ઉપાસનાનું મહત્ત્વ સમજાવતા કહે છે કે, તમે ભલે ગમે એટલા ગ્રંથો વાંચ્યા હોય પણ જ્યારે વાસ્તવમાં પ્રત્યક્ષ આફત આવે છે ત્યારે તે ગ્રંથો માત્ર કાગળના થોથા લાગે છે, ત્યારે તો ઈશ્વર જ ઉગારે છે. આ બાબતને સમજાવવા તેઓ પોર્ટસ્મથમાં વેશ્યા પણ નહીં અને નિર્દોષ પણ નહીં તેવી સ્ત્રીના ઘરે રોકાણા હતા ને જે ઘટના બની હતી તે વર્ણવે છે.

૨૨. 'નારાયણ હેમચંદ્ર': ગાંધીજી નારાયણ હેમચંદ્રને વિલાયતમાં મળેલા હેમચંદ્રને ઓળખે તે પેહલા તેમના જ કહેલા વાક્યો જોઈએ. 'તમે સુધરેલા બધા બીકણ છો. મહાપુરુષો કોઈના પોશાક સામું નથી જોતા. તેઓ તો તેના હ્રદયને તપાસે છે.'(પાના.નં. ૬૭,નારાયણ હેમચંદ્ર) નારાયણ હેમચંદ્ર લેખક હતા તેઓ ગુજરાતી, બંગાળી, મરાઠી, હિન્દી વગેરે ભાષાના જાણકાર. અને તેમણે ફ્રેંચ, અંગ્રેજી, જર્મની વગેરે ભાષા શીખી અમેરિકા વગરે દેશો ફરી તે ભાષાના પુસ્તકોનો ભાવાર્થ કરવાનો હેતુ તેમનો હતો. તેવો સાદો પોશાક, સાદું ભોજન અને મોજીલું જીવન જીવનારા એક મોજીલા વ્યક્તિ હતા. અમેરિકામાં તેમને અભદ્ર પોષાક પેહરવા બદલ જેલમાં પણ પૂર્યા હતા. તેમના આવા નિર્ભય વ્યક્તિત્વનાં કારણે જ ગાંધીજીને તેઓ ખૂબ પસંદ આવ્યા હતા. અને તેમની પાસેથી શીખવાનું પણ ઘણું મળ્યુ હતું.

૨૩. 'મહાપ્રદર્શન': ૧૯૯૦માં પેરિસમાં મહાપ્રદર્શન યોજાયું હતું. જેમાં એફિલ ટાવર, પેરિસના સ્વર્ગીય દેવળો ત્યાંની શાંતિ વગરે બાબતો વિશે ગાંધીજી જણાવે છે. ટોલ્સ્ટોયનો એફિલ ટાવર વિશેનો

મત પણ નોંધનીય છે. એફિલ ટાવર જોવા ઉમટતા લોકોને જોઈને ગાંધીજી કહે છે કે, મોહને વશ આપણે પણ બાળક જ છીએ.

૨૪. 'બારિસ્ટરતો થયા - પણ પછી?': બારિસ્ટર થવા માટે બે વસ્તુ મહત્વની છે, એક ટર્મ ભરવી અને બીજી કાયદાની પરીક્ષા આપવી. જેમાં ટર્મ ભરવી એટલે ખાણા ખાવા કૂલ ૨૪ ટર્મ હોય જેમાંથી ઓછામાં ઓછી ૬ તો ભરવી જ પડે. અને બારિસ્ટરની પરીક્ષા ખાસ અઘરી નહીં. કેટલાક લોકો રોમન લો અને ઇંગ્લેન્ડ લોની નોંધપોથી કે ટૂંકા પુસ્તકો વાંચી બે ત્રણ મહિના કે પંદર દિવસના માત્ર વાંચનથી પરીક્ષા પાસ કરતા. પરંતુ ગાંધીજીએ મૂળ પુસ્તકો વાંચી નવ મહિના તૈયારી કરી હતી. જે જ્ઞાન પાછળથી તેમને દક્ષિણ આફ્રીકામાં ખૂબ કામ આવ્યું. ૧૮૯૧માં ૧૦ જૂને ગાંધીજી બારિસ્ટર થયા. અને ૧૨ જૂને ભારત પાછા ફર્યાં.

૨૫. 'મારી મૂંઝવણ': ગાંધીજી બારિસ્ટર તો બની ગયાં. કાયદા બધા આવડે ધર્મજ્ઞાન પણ ઘણું – ખરું પણ આ બધાનો વ્યવહારમાં ઉપયોગ કેમ કરવો? ફિરોજશા મેહતાનું નામ ગાંધીજીએ સાંભળ્યું હતું. તેમના જેવું તો આજીવન નહિ થવાય એમ વિચારતા વકીલ તરીકે આજીવિકા મળશે કે કેમ તેની મૂંઝવણ અનુભવતા ગાંધીજી અનેક જગ્યાયેથી આશ્વાસન અને હિમ્મત મેળવે છે. આમ નિરાશામાં તેઓ આશાનું મેળવણ લઈ ધ્રૂજતે પગે મુંબઈ બંદરે પહોંચે છે. અહીં આ આત્મકથાનો પ્રથમ ભાગ પૂર્ણ થાય છે.

આ આત્મકથાના પ્રથમ ભાગને આપણે બે ભાગમાં વિભાજીત કર્યો હતો. બાળપણ અને યુવાની જેમાં 'ધર્મની ઝાંખી' સુધીના પ્રકરણોને બાળપણમાં સમાવેશ કરી શકાય. અને 'વિલાયતની તૈયારી' થી 'મારી મૂંઝવણ' સુધીના પ્રકરણોને યુવાનીમાં સમાવેશ કરી શકાય છે. અહીં પ્રત્યેક પ્રકરણમાં ચારિત્રનિર્માણની વાત આવે છે. એ પછી બાળપણના પ્રસંગો હોય કે યુવાનીના. ગાંધીજીએ અહીં જે સત્યના પ્રયોગો કર્યા છે. તેને ખપમાં લઈ એક ઉત્તમ રાષ્ટ્રનિર્માણનો પ્રયોગ થઈ શકે એમા શંકાને કોઈ સ્થાન નથી. અહીં ગાંધીજીએ જે પ્રયોગોની વાતો કહી છે, તેનો પરિચય સાંપ્રત સમયમાં દરેક બાળક યુવાનને કરાવવો આવશ્યક છે. કારણ કે ટેક્નોલોજીનાં આ યુગમાં આજના યુવાનો, બાળકો, માં-બાપનો આદર કરતા શીખે તથા વ્યસનથી દૂર રહે અને સત્ય, અહિંસા, સાદગીને પોતાના આચારમાં ઉતારે,

વ્યભિચારથી દૂર રહે અને 'ફેરફારો' જેવા પ્રકરણથી તો એક યુવાનને કેટલું બધુ શીખવા મળે છે. 'મારી મૂંઝવણ' પ્રકરણ તો દરેક યુવાનને તરત સ્પર્શે. કારણ કે એમા દર્શાવેલી પરિસ્થિતિ લગભગ દરેક યુવાનના જીવનમાં જુદા રૂપ રંગ સાથે એક વાર તો આવે જ છે. અને જો આ બધા પ્રયોગોના વાંચનથી ઘડાયેલા નાગરિક જે રાષ્ટ્રમાં હોય તે રાષ્ટ્રનો વિકાસ થતાં કોઈ અટકાવી શકતું નથી. જેમને આપણાં રાષ્ટ્રનિર્માણમાં આગવું યોગદાન આપ્યું છે, એવાં આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની આ આત્મકથા પણ આપણાં રાષ્ટ્રનિર્માણમાં આગવી ભૂમિકા ભજવે જ છે. આમ, રાષ્ટ્રનિર્માણમાં સાહિત્યની ભૂમિકા: 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' સંદર્ભે મૂલવી શકાય.

સંદર્ભ :

૧. ગાંધીજી; (૧૯૨૭) 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા'; પુનઃમુદ્રણ એપ્રિલ ૨૦૧૨,નવજીવન પ્રકાશન મંદિર અમદાવાદ.

69

The Role and Impact of Social Media on Youth: A Comprehensive Review

Dr.Gopalbhai B.Bharvad
Assistant Professor, M.B.Patel College of Education, Sardar Patel University, Vallabh Vidyanagar

Abstract:

Social media has become an integral part of the lives of today's youth, profoundly influencing their behaviors, attitudes, and interactions. This research article aims to provide a comprehensive analysis of the role and impact of social media on youth. Drawing on a wide range of scholarly sources and empirical studies, this paper explores various aspects, including the psychological effects, social implications, educational influences, and potential risks associated with social media use among youth. Additionally, it examines the role of social media platforms in shaping youth culture, identity formation, and social relationships. Through in-depth exploration and critical analysis, this article seeks to enhance our understanding of the complex dynamics between youth and social media in contemporary society.

1. Introduction

Social media has emerged as a ubiquitous and transformative force in contemporary society, profoundly shaping the behaviors, attitudes, and interactions of today's youth. With the advent of platforms such as Facebook, Instagram, Twitter, and Snapchat, young individuals are increasingly immersed in a digital landscape where virtual connections and online interactions play a central role in their everyday lives. This introduction sets the stage for a comprehensive analysis of the role and impact of social media on youth, exploring the myriad ways in which these platforms influence various aspects of young people's lives.

The term "social media" encompasses a diverse array of online platforms and technologies that facilitate the creation, sharing, and exchange of user-generated content. From text-based posts and photos to videos and live streams, social media platforms offer a multitude of ways for individuals to connect, communicate, and express themselves in digital spaces. What began as a novel means of staying in touch with friends and family has evolved into a complex ecosystem that shapes social interactions, cultural norms, and societal trends on a global scale.

The significance of studying the impact of social media on youth cannot be overstated, given the pivotal role that these platforms play in shaping the experiences and identities of young individuals in the digital age. Unlike previous generations, today's youth are growing up in a world where online connectivity is the norm rather than the exception, blurring the boundaries between virtual and offline realities. As such, understanding the dynamics of youth engagement with social media is essential for educators, parents, policymakers, and researchers seeking to navigate the complexities of an increasingly digitized society.

This research article aims to provide a comprehensive analysis of the role and impact of social media on youth, drawing on a wide range of scholarly sources, empirical studies, and theoretical frameworks. By examining the psychological effects, social implications, educational influences, and potential risks associated with social media use among youth, this paper seeks to shed light on the multifaceted nature of this phenomenon and its implications for individual well-being and societal dynamics.

Through in-depth exploration and critical analysis, this article seeks to enhance our understanding of the complex interplay between youth and social media in contemporary society. By unpacking the ways in which social media platforms shape youth culture, identity formation, social relationships, and psychological well-being, this research aims to inform evidence-based interventions and policies aimed at promoting healthier digital habits and fostering a generation of digitally resilient individuals.

In the subsequent sections, we will delve into various aspects of the role and impact of social media on youth, including its psychological effects, social implications, educational influences, role in shaping youth culture, and potential risks and challenges. Through rigorous examination and synthesis of existing research literature, this article aims to provide insights into the complexities of youth engagement with social media and its broader implications for individual and societal well-being.

- Definition of social media

Social media, as defined by Kaplan and Haenlein (2010), encompasses "a group of Internet-based applications that build on the ideological and technological foundations of Web 2.0 and that allow the creation and exchange of user-generated content." This definition highlights the interactive and participatory nature of social media platforms, which serve as virtual spaces for individuals to connect, communicate, and collaborate with others in real-time.

At its core, social media is characterized by its ability to facilitate the creation, sharing, and dissemination of user-generated content, including text, images, videos, and multimedia presentations. Unlike traditional media channels, which are typically characterized by one-way communication, social media platforms enable users to actively engage with content, react to posts, and interact with other users through comments, likes, shares, and direct messages.

Moreover, social media platforms vary in terms of their features, functionalities, and user demographics, catering to diverse interests and communication preferences. From mainstream platforms like Facebook and Twitter to niche communities on platforms like Reddit and Discord, social media offers a plethora of options for individuals to connect with like-minded individuals, form online communities, and engage in discussions on topics ranging from politics and pop culture to hobbies and personal interests.

In essence, social media represents a paradigm shift in the way information is created, disseminated, and consumed in the digital age, democratizing access to communication channels and empowering individuals to amplify their voices on a global scale. By providing a platform for user-generated content and social interaction, social media has become an integral part of contemporary communication and socialization processes, shaping the way we connect, communicate, and engage with the world around us.

- Significance of studying the impact on youth

Studying the impact of social media on youth holds significant importance in contemporary society due to its profound implications for individual well-being, social dynamics, and the future of digital communication. As digital natives, today's youth are among the most prolific users of social media platforms, spending a considerable amount of time engaging with online content and interacting with peers in virtual spaces.

Understanding the impact of social media on youth is essential for several reasons. Firstly, young individuals are particularly vulnerable to the influence of social media due to their developmental stage and susceptibility to external influences. As they navigate adolescence and form their identities, youth may be more susceptible to the pressures of social comparison, cyberbullying, and exposure to inappropriate content on social media platforms (Boyd, 2014).

Moreover, the pervasive use of social media among youth has implications for various aspects of their lives, including their mental health, social relationships, academic

performance, and overall well-being. Research has shown that excessive use of social media can contribute to feelings of anxiety, depression, and loneliness among young individuals, as well as impact their self-esteem and body image (Primack et al., 2017).

Furthermore, as future leaders, innovators, and citizens, the experiences and behaviors of today's youth on social media platforms have broader implications for the digital landscape and societal norms. By studying the impact of social media on youth, researchers, policymakers, and educators can gain insights into emerging trends, challenges, and opportunities in the digital age, informing evidence-based interventions and strategies to promote healthier online behaviors and digital citizenship among young individuals.

- Overview of the structure of the paper

The structure of this research paper is designed to provide a comprehensive analysis of the role and impact of social media on youth, covering various dimensions of this complex phenomenon. The paper is organized into several sections, each focusing on different aspects of social media's influence on young individuals' lives.

Firstly, the paper begins with an introduction that sets the stage for the discussion by highlighting the significance of studying the impact of social media on youth in contemporary society. This section provides context for understanding the complexities of youth engagement with social media and outlines the key themes and topics that will be explored in the subsequent sections.

Following the introduction, the paper is divided into thematic sections that delve into specific aspects of the role and impact of social media on youth. These sections include:

Psychological Effects of Social Media on Youth: This section explores the psychological implications of social media use, including its impact on self-esteem, body image, mental health, and the emergence of addictive behaviors among young individuals. Drawing on empirical research and theoretical frameworks, this section examines the ways in which social media influences young people's perceptions of themselves and their well-being.

